થોડાક અભિપ્રાયો.

પ્રો. રા. બ. રમણભાઇ મહિપતરામ નિલકંઠ પોતાના તા. ૨૧-૨-૧૯૧૬ ના પત્રમાં લખે છેઃ—

"પ્રવાસીના પત્રો" નામે આપે રચેલા પુસ્તકના છુટા ફૂરમા આપે મારા અભિપ્રાય સારૂ મોકલ્યા તે માટે ઉપકાર માનું છું.

એ પુસ્તક આખું વાંચી જવાનો મને વખત મળ્યો નથી અને હાલ વખત મળે એમ નથી, પરંતુ, એ પુસ્તકની સામાન્ય ગોઠવણ હું જોઇ ગયો છું. પત્રવ્યવહારના આકારમાં ઉપયોગી પ્રશ્નોની ચર્ચા કરવાની આપની પદ્ધતિ સારી છે અને આશા છે કે એ પદ્ધતિ આકર્ષક થશે.

ગુજરાતી સાહિત્યમાં અનેક જાતનાં પુસ્તકો દ્વારા વિચાર સમૂહની વૃદ્ધિ થવાની જરૂર છે અને એ કાર્યમાં આવાં પુસ્તકો સહાયભૂત થશે."

રા. સાહેબ ગણુપતરામ અનુપરામ ત્રવાડી સુરતથી પોતાના તા. ૨૮-૨-૧૯૧૬ ના પત્રમાં લખે છેઃ—

"પ્રવાસીના પત્રો વાંચ્યા; વાંચીને આશ્ચર્ય અને આનંદ ઉભયે થયાં : આશ્ચર્ય એટલા માટે કે તમારી નાની ઉમર છતાં તમે ભાષા ઉપર પ્રશંસનીય સત્તા મેળવી દેખાય છે; અને આનન્દ એટલા માટે કે તેમાં વિષય-વૈચિત્ર્ય છે. ભાષા અને વિચાર પરસ્પરને શોભા આપે એમ છે. ભાષા, વિષય પરત્વે પ્રૌઢ અને ગંભીર છે અને વિચાર તો નાના મોટા સર્વેને માટે વિચારણીય-મનનીય છે. + + +"

શ્રીમાન્ મગનભાઇ ચતુરભાઇ પટેલ બૅરિસ્ટર—ઍટ-લૉ પોતાના તા. ૧-૩-૧૯૧૬ ના પત્રમાં લખે છેઃ—

"પ્રવાસીના પત્રો" નાં ફોર્મ વાંચી મને આનંદ થયો. એમાંના વિચાર દરેક અને શિક્ષિતવર્ગને એકંદરે માન્ય થાય એવા છે. ભાષા સરળ અને સાદી છે, તેમજ આવા પત્રોને યોગ્યજ ઠંડા મિજાજથી તે લખાયલી હોવાથી યથેષ્ટ અસર કરે તેવી છે.* આ પદ્ધતિનું સાહિત્ય લખાવાની જરૂર હતી અને તમે એમાં સફળતાથી પ્રવેશ કર્યો છે. એ વિચારો પણ ધૈર્યથી ગુજરાતી વાચક સમક્ષ મુકવાની જરૂર હતી. તમારૂં પુસ્તક ગુર્જર મંડળને પ્રિય થશે એવું મારૂં ધારવું છે. + + +"

---

*"પ્રવાસીના પત્રો" માં પાંચમે પાને વપરાયલી, વાક્યરચનાની "નવી" શૈલીની છાયા પ્રત્યે એઓશ્રીએ પોતાનો સખ્ત અણુગમો દર્શાવ્યો છે. તે જાહેર કરવાની તક મારે લેવી જોઇએ. કે. હ.

શ્રીમાન્ છગનલાલ હરિલાલ પંડ્યા–બી, એ: (ચીફ એજ્યુકેશનલ ઓફીસર.) જુનાગઢથી પોતાના તા. ૧-૩-૧૯૧૬ ના પત્રમાં લખે છે:—

"આટલા દિવસમાં તમારૂં પુસ્તક ("પ્રવાસીના પત્રો") જોઇ ગયો છું. તમારાં બીજાં ગદ્યપદ્યાત્મક લખાણો પણ કેટલાંક માસિકોમાં મ્હારા વાંચવામાં આવ્યાં છે તેથી તમને ઉંચી પંક્તિના લેખક તરીકે તો હું ઓળખતો આવ્યો છું. આ પુસ્તક વાંચ્યાથી તે સંબંધે વિશેષ પ્રતીતિ થઇ. તેમાં સમાયેલા અતિ અગત્યના સંસારિક–સામાજીક વિષયોને તમે સારી રીતે ચર્ચ્યા છે. અને પ્રત્યેક વિષયને લગતા તમારા વિચારો ઘણીજ હિમ્મતથી તમે પ્રજા સમક્ષ રજુ કર્યા છે તે માટે તમને સાબાશી ઘટે છે. ધર્મગુરૂઓ–ધનપતિઓ, નોકરો વગેરેની સ્થિતિ તમે દર્શાવી તેવીજ છે. અને હાલ અપાતી કેળવણી કેવી અપૂર્ણ છે–તે મેળવનારાઓ ઘણે શ્રમે મોટી મોટી ડીગ્રીઓ સંપાદન કર્યા છતાં વ્યાવહારિક દૃષ્ટિયે પોતાનું તેમજ દેશનું કલ્યાણ કરવા માટે કેવા અશક્ત છે એનું તમે યથાર્થ ભાન કરાવ્યું છે. + +"

રા. બ. રાજ્યરત્ન હરગોવિન્દદાસ દ્વારકાંદાસ કાંટાવાળા વડોદરેથી પોતાના તા. ૧૩-૩-૧૯૧૬ ના પત્રમાં લખે છે:—

"રા. કેશવલાલ હરગોવિન્દદાસ શેઠે પ્રસિદ્ધ કરેલા પત્રો મેં ધ્યાનપૂર્વક વાંચ્યા છે. બંગાળી વગેરેમાં પત્રોરૂપે પુસ્તક લખવાની પદ્ધતિ જોવામાં આવે છે. લેખકે જુદા જુદા વિષયોનો સારો અભ્યાસ કર્યો છે અને તે આકર્ષક ને

અસરકારક ભાષામાં વર્ણવ્યા છે. ઠેર ઠેર તેમની સ્વદેશ-હિતેચ્છા ઉભરાઇ જતી જોવામાં આવે છે. ધાર્મિક, રાજકીય, સામાજિક, આર્થિક, અને શિક્ષણની બાબતો સંબંધે તેમણે આપેલા વિચાર—જોકે તેમાંના કેટલાક સંશય પડતા કે વાંધા ભરેલા ગણાય તો પણ તે—મનન કરવા જોગ છે. હાલની જ્ઞાતિ સંસ્થાઓ અને તેમાં ચાલતા દુષ્ટ રિવાજો વિષે ખૂબ ઠોક કર્ત્તાએ માર્યા છે. કેવળ બોલવા લખવા કરતાં હવે આગળ વધી કંઈ પણ કરી બતાવવા માટે લેખકનો કેળવાયલા લોકોને આગ્રહ છે. સ્વયંસેવક થઈ દેશનું ભલું કરવાને વારે વારે ઉપદેશ આપે છે. એકંદરે રા. શેઠનું આ પુસ્તક સર્વને વાંચવા લાયક છે એમ હું માનું છું."

શ્રીમાન્ જીવાભાઇ રેવાભાઇ પટેલ—બી, એ; એલ્.એલ્. બી. (હાલ) ડાકોરથી પોતાના તા. ૩૧–૩–૧૯૧૬ ના પત્રમાં લખે છે:—

"'પ્રવાસીના પત્રો' તેના લેખકના તરફથી અભિપ્રાય અર્થે મળતાં હું તમામ પત્રો સાવકાશ વાંચી ગયો. વાંચવાની સાથે મારી ખાત્રી થઈ કે જે ઉદ્દેશથી લેખકે એ પ્રયાસ આદર્યો છે તે સર્વાંશે સફળ થવોજ જોઇએ. કારણકે પત્રોદ્વારા પ્રદર્શિત થયલા વિચારો જેવા સરળ છે, તેવીજ એ વિચારો દર્શાવવા માટે યોજાયલી ભાષા પણ આડંબર વગરની અને સાદી છે. વળી કેટલેક ઠેકાણે વાક્ય રચનામાં જે નવીનતા માલમ પડે છે તે મને પોતાને તો તેના મોહકપણામાં વધારો કરનારીજ માલમ પડી છે.

અર્થાત્ તેવી રચના Poetic Prose પદ્યાત્મક ગદ્યનો અનુભવ કરાવે છે.

'પત્રો' દ્વારા જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે યથાર્થ અને પૂરતું છે. ધર્મ અને સંસાર સુધારાને લગતા કેટલાક સવાલોના સંબંધમાં લેખકે જે વિચાર પ્રદર્શિત કર્યા છે તે કેટલાક જૂના વિચારવાળાઓને ઉદ્ધત લાગે એવા છે પણ એ વિચાર યથાર્થ નથી એમ તો કોઇથી કહી શકાય એમ નથી. જનસમાજની આંખો ઉઘાડવા માટે તેમજ તેમની કેટલેક અંશે બુઠી થઈ ગએલી લાગણીઓને સતેજ કરવા માટે ચાબખાનો ઉપયોગ કરવાની જરૂર છે. તેવીજ રીતે નવું એટલું બધું સારૂં અને સ્વીકારવા લાયક છે, એવા વિચાર ધરાવનારાઓને પણ ઠેકાણે લાવવાની ખાસ જરૂર છે. તેથી એકંદર રીતે લેખકે જે વિચારો પ્રદર્શિત કર્યા છે તેમા વાંધો લેવા લાયક કશું નથી.

'પત્રો' દ્વારા વિચારો પ્રદર્શિત કરવાનો ગુજરાતી સાહિત્યમાં મારા સમજવા પ્રમાણે આ પ્રથમજ પ્રયોગ છે. પણ લેખકની શૈલી વગેરે જોતાં એ પ્રયોગ લોકપ્રિય નિવડવોજ જોઇએ એમ હું ધારૂં છું. આશા છે કે જનસમાજ આ 'પત્રો' ને વધાવી લેશે. અને તેના ઉત્સાહી લેખકના ઉત્સાહમાં વધારો કરી તેને તેની ધારણા પ્રમાણે બીજા પત્રો સત્વર પ્રકટ કરવાની તક આપશે."

શ્રીયુત્ ભાઇ પ્રીતમરાય વ્રજરાય દેશાઇ-બી. એ; પોતાના તા ૧૧-૪-૧૬ ના પત્રમાં લખે છે:—

"આપના 'પ્રવાસીના પત્રો'નાં ગ્રુફસીટ મળ્યાં છે, તે વાંચી ઘણો આનંદ થયો. પત્રો દ્વારા વિચાર જાહેર કરવાની રીત ગુર્જર સાહિત્યમાં લગભગ નવીન છે.

રાષ્ટ્રિય ઉન્નતિ, સામાજીકસેવા મારફત કેવી રીતે થઇ શકે, તેમાં શી શી મુશ્કેલીઓ છે, શી શી સગવડો છે, તેની કાંઇક ઝાંખી પત્રોદ્વારા થાય છે. અંદર દર્શાવેલા વિચાર હાલના દેશોદ્ધારકો અને આપણા ઉત્સાહી યુવકોના હૃદયમાં ઘોળાતા વિચારો અને તે પાર પાડવાની તીવ્ર ઇચ્છાના પડઘા રૂપ છે; એટલુંજ નહિ પણ કેટલેક અંશે માર્ગસૂચક પણ છે.

રા. અતિસુખશંકરના, ધંધા શોધવાની હાડમારીમાં પડેલા એક ગ્રેજ્યુએટ બંધુના કરૂણરસિક વૃત્તાંતનો જવાબ યોગ્ય શબ્દોમાં વળી અસંતોષી જીંદગીને બદલે એના એ ધંધાઓ કર્ત્તવ્યનિષ્ઠાથી કેવો આનંદ આપી દેશોદયમાં સાધનભૂત થાય એ દર્શાવ્યું છે. સ્વયંસેવકોને ફંડ ઉઘરાવતાં પડતી મુશ્કેલીનું વર્ણન આબેહુબ કરેલું છે અને મારા ધાર્યા પ્રમાણે જો પ્રજાજનોને એ મુશ્કેલીનો કંઈ ખ્યાલ પણ આવશે તોપણ લેખકનો પરિશ્રમ સફળ થયો છે એમ હું માનીશ.

પત્રે પત્રે સ્વદેશપ્રેમ અને દેશોદયની ભાવના દૃષ્ટિગોચર થાય છે અને તે છતાં પણ ભાષા સાદી પણ અસર-

કારક અને પ્રૌઢ છે. જો કે કેટલીક જગ્યાએ ર. વ્હાનાલાલની પદ્ધતિની અસરથી ભાષા કૃત્રિમ થઇ ગઇ છે.

જો હાલના લેખકો વ્હાલા વ્હાલીની નવલકથાઓ અને ચંદાચંદ્રીની કવિતાઓને બદલે આવી જાતનું લોકોત્તર અને લોકપ્રિય સાહિત્ય તૈયાર કરવામાં મન લગાડશે તો તેઓ વધારે સેવા કરી શકશે.

તમારા છેલ્લા પત્રમાં મિત્રોને ઉદ્દેશીને જે ઉદ્બોધનનાં વાક્યો છે તે આપણામાંના ઘણાને ધ્યાનમાં રાખવા જેવાં છે. તેમાંનો નીચેનો ફકરો મને ખાસ પસંદ પડયો છે.

"મિત્રો અત્યારે તો.......યોગ્યતામાં પાસ થશો."
(પાનું ૨૦૧–૨૦૨)

તમારા પત્રોને માટે હું તમને અભિનંદન આપું છું અને આશા છે કે ભવિષ્યમાં આનાથી પણ સારાં પુસ્તકો બ્હાર પાડી સાહિત્યની સેવા કરશો.

શુદ્ધિપત્ર.

(નજરે ચડેલી ભૂલ્યોનું.)

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
(ભૂમિકા)			
૬	૧૭	સોમ	સૌમાં
૬	૨૧	પુસ્તકોમાં	પુસ્તકોમાંથી
૭	૫	માર્દવતા	મૃદુતા
૮	૨૪	સૈ	સૌ
૯	૨	સાધિ	સાધી
૧૧	૧	અહ્યોં	અસરો
૧૧	૧૧	મની	મતની
૧૨	૨૩	આશ્રયયથી	આશ્રયથી
૧૪	૧	Sprit	Spirit
૧૪	૧૬	પગરાણુ	પગરણુ
(આમુખ) ૧	૧	પહોચ્યો	પહોંચ્યો
૨	૧૩	દિપાવે	દીપાવે
૪	૧૨	એમનું તથાપિઃ	એમનુંઃ તથાપિ
૪	૨૨	પ્રસંશાપાત્ર	પ્રશંસાપાત્ર
૫	૨	દિપાવે	દીપાવે
૫	૨	જનનિની	જનનીની
૮	૧	અગે	અંગે
૧૧	૧૨	આણૂ	આણુ
૧૨	૧૭	શીક્ષક	શિક્ષક
૧૨	૨૦	શિખામણ	શીખામણ
૧૩	૩	રામતીથે	રામતીર્થે

૧૮	૧૬	નાઇટસ્કૂલ	નાઇટસ્કૂલ
૨૦	૨	મગરાણુ	પગરણુ
૨૫	૫	આશક્તિ	આસક્તિ
૨૭	૧૨	આદશ	આદર્શ
૨૯	૯	વેપારી વગને	વેપારી વર્ગને
૩૧	૨૦	ખુજવાં	ખૂજવાં
૩૨	૮	દિર્ઘ	દીર્ઘ
૩૨	૧૧	મીઠુાશ,	મીઠાશ,
૩૨	૧૪	પ્રપુર્ણ	પ્રપૂર્ણ
૩૨	૨૩	એતો	તેઓ
૩૩	૧૬	અકકે	એકકે
૩૩	૨૦	ભાયા તો	ભાયાતો
૩૬	૩	હોંસી	હાંસી
૩૭	૧૩	મોંસને	માંસને
૩૮	૫	ક્ષુત્ર	ક્ષુદ્ર
૩૮	૧૪	જનનિનો	જનનીનો
૩૮	૧૯	સ્નેહનો	સ્નેહને
૩૯	૧૬	નુકશાન	નુકશાન
૩૯	૧૯	આક્ર ણુશક્તિ	આકર્ષણુશક્તિ
૪૦	૧૧	લ્હાનાંજ	ન્હાનાંજ
૪૧	૧૪	સ્તુત્ય	સ્તુત્ય
૪૩	૯	ધમ—	ધર્મ
૪૪	૩	આથિક	આર્થિક
૪૮	૨	સારોંશ	સારાંશ
૪૯	૧૯	નિર્દોશ	નિર્દોષ
૫૦	૧૦	પ્રસંશાયુક્ત	પ્રશંસાયુક્ત
૫૦	૧૧	કૂમ	કૂર્મ

૫૭	૧	માગ	માર્ગ
૫૭	૧૫	દિપી	દીપી
૬૨	૬	રોકવામ	રોકવામાં
૬૩	૮	દિનકરમણિએ	દિનમણિએ
૬૩	૧૧	વીતિ	વીતી
૬૪	૧૬	બતાવીયે	બતાવીએ
૬૭	૧૪	આકર્શશે	આકર્પશે
૬૮	૪	જનનિનું,	જનનીનું
૭૫	૨૨	કતવ્ય,	કર્તવ્ય,
૭૫	૨૨	વગનું	વર્ગનું
૭૬	૯	શિખવવા,	શીખવવા
૭૬	૧૩	રાજકિય	રાજકીય
૭૯	૫	સ્પર્ષથી	સ્પર્શથી
૭૯	૧૪	સ્પર્ષથી	સ્પર્શથી
૮૦	૧૦	મોંસ	માંસ
૮૦	૬૫	સ્પર્ષાસ્પર્ષની	સ્પર્શાસ્પર્શની
૮૧	૧૧	લાંચીયા	લાંચીઆ
૮૨	૧૧	કી છે,	ચૂકી છે,
૮૩	૮	'મ્હાત'	મહાન
૮૫	૨	ત	તે
૮૬	૩	અણુપતિત	અણુપતિત્
૮૬	૧૯	પૂવેજ	પૂર્વે જ
૮૭	૪	ડમાવી	દમાવી
૯૧	૨૦	they they	they
૯૬	૨૨	આશકિત	આસક્તિ
૯૭	૧૪	દેશમા	દેશમાં
૯૯	૧૫	અન	અને

૧૦૧	૨૦	અર્વાચિન	અર્વાચીન
૧૦૨	૨	ત્રાંચનાભ્યાસ	વાંચનાભ્યાસ
૧૦૨	૬	અધક્ષ	અધ્યક્ષ
૧૦૨	૨૧	શોચનિય	શોચનીય
૧૦૪	૧	પ્રિયભાઇ	પ્રિય ભાઇ
૧૦૫	૬	સદવ્યય	સદ્‌વ્યય
૧૦૫	૨	પ્રાપચિક	પ્રાપંચિક
૧૦૫	૨૧	શીખ્યા,	શીખે છે,
૧૧૪	૧	અવળા	અવળે
૧૧૬	૧૮	સમાજને	તે સમાજને
૧૧૮	૨	ગણું	ઘણું
૧૧૮	૪	અને	અને
૧૧૯	૩	ઝમાવટ	જમાવટ
૧૨૫	૨	ૃથિ	પૃથિવી
૧૨૭	૨૩	હાંસી	હાંસી
૧૩૩	૭	તથાપી	તથાપિ
૧૩૭	૭	મ	તેમ
૧૩૭	૭	વિનિયમે	વિનિમયે
૧૩૭	૧૯	"મોહની"	'મોહિની"
૧૩૯	૧	સ્વકારીને	સ્વીકારીને
૧૪૧	૨૦	ઉદેશ	ઉદ્દેશ
૧૪૩	૧	પશ્રિમ	પશ્ચિમની
૧૪૩	૨	પહોચી	પહોંચી
૧૪૩	૪	જનનિની	જનનીની
૧૪૩	૪	દિપાવનાર	દીપાવનાર
૧૪૩	૪	કુળ દિપક	કુળ દીપક
૧૪૪	૧૫	ખીને	લખીને

૧૪૬	૨૧	નથી	જ[illegible]
૧૪૭	૨૧	ફોંકા	ફાંકાં
૧૫૨	૨૩	કાલ	કાળ
૧૫૩	૫	મોંસ	માંસ
૧૫૪	૯	પડવાનું	પળવાનું
૧૫૬	૧૩	જોતા	જોતો
૧૬૧	૧૪	વગ	વર્ગ
૧૬૧	૧૭	બળ,	સબળ
૧૬૨	૧૩	કતવ્ય	કર્તવ્ય
૧૬૨	૧૩	સ્થળ	સ્થૂળ
૧૬૩	૪	કતવ્ય	કર્તવ્ય
૧૭૧	૧૪	બણકાં	બણગાં
૧૭૧	૧૯	તૈયારાઓ	તૈયારીઓ
૧૭૬	૧૪	તફાવટ	તફાવત
૧૭૯	૪	ખચ	ખર્ચ
૧૭૯	૧૯	હવ	હવે
૧૮૬	૭	ધર્મ ગુરૂઓને-	ધર્મ ગુરૂઓ[illegible] -
૧૮૬	૧૬	રીત	રીતે
૧૮૭	૧	ઝરમર	જરમન
૧૯૨	૧૮	કુલ દિપક	કુલ દીપક
૨૦૨	૧૯	રાજષિ	રાજર્ષિ
૧૯૫	૬	અનથ	અનર્થ
૨૦૨	૮	મહષિ	મહર્ષિ
૨૦૨	૧૨	ખાત્રી	ખાતરી
(ગ્રંથાન્તે)			
૨૦૬	૮	prospect is	prospects

લક્ષ્મણચંદ્રજી સાહિત્યમાળા.

વર્ષ ૧ લું.] સંવત્ ૧૯૭૨. [કાર્તિક–માર્ગશિર્ષ.
પુસ્તક ૧–૨ જું.] [પ્રવાસીના પત્રો.

તદ્દન મફત જેવા લવાજમમાં સર્વોત્તમ વાંચનનો અપૂર્વ લાભ.

સંવત્ ૧૯૭૨ થી સંવત્ ૧૯૭૬ ના પાંચ વર્ષ સુધી ગ્રંથમાળાનાં પુસ્તકો નજીવી કીંમતમાં મેળવવાની શ્રેષ્ઠ યોજના.

(૧) "શ્રી લક્ષ્મણચંદ્રજી સાહિત્યમાળા" "શ્રી લક્ષ્મણચંદ્રજી કથામાળા" "શ્રી લક્ષ્મણચંદ્રજી સ્ત્રી વાંચનમાળા" "સૌમિત્ર વાર્તાવલિ" આ ચારે ગ્રંથમાળાનું એકંદર લવાજમ રૂ. ૧૮-૦-૦ થાય છે. અને આ હિસાબે પાંચ વર્ષના રૂ. ૯૦-૦-૦ થાય છે. ત્યારે અમોએ પાંચ વર્ષના માત્ર રૂ. ૫૦-૦-૦ લેવાનો નિશ્ચય કર્યો છે.

(૨) એકી વખતે રૂ. ૫૦-૦-૦ ભરનારને આ સંસ્થા તરફથી બહાર પડતી ચારે ગ્રંથમાળાઓ મફત મોકલવામાં આવશે.

(૩) ઉપર મુજબ જે ગ્રાહકે રૂ. ૫૦-૦-૦ ભર્યા હશે ત્હેમને ગ્રંથમાળા ઉપરાન્ત આ સંસ્થા તરફથી કોઇપણ ગ્રંથ અગર માસિક પત્ર પ્રસિદ્ધ થાય તો ત્હેની રાખેલી કીંમતથી હમારા ગ્રાહકોને સસ્તી કીંમતે આપવામાં આવશે.

(૪) કદાપી ગ્રાહક એકી વખતે રૂ. ૫૦-૦-૦ ભરી શકે તેમ ના હોય તો ત્હેણે દર વર્ષે રૂ. ૨૫-૦-૦ ભરી બે વર્ષમાં બે હપતે પુરા કરવા.

(૫) ઉપર જણાવ્યાનુસાર ગ્રાહકે એક વર્ષમાં રૂ. ૨૫-૦-૦ ભરી દ્વિતીય વર્ષના ત્રણ માસ સુધીમાં બીજા હફતાના રૂ. ૨૫-૦-૦ ભરી દેવા.

(૬) ગ્રાહક જો બીજા હફતાના રૂ. ૨૫-૦-૦ દ્વિતીય વર્ષમાં ત્રણ માસની મુદતમાં નહીં ભરે તો પ્રથમ વર્ષના પહેલા હપ્તાના ભરેલા રૂ. ૨૫-૦-૦ ઉપર ત્હેમનો હક્ક રહેશે નહી.

(૭) હિન્દ બહારના ગ્રાહકો પાસેથી રૂ. ૭૦-૦-૦ લેવામાં આવશે.

(૮) વર્ષની શરૂઆત સં. ૧૯૭૨ ના કાર્તિકથી ગણવામાં આવશે.

આ સસ્થા તરફથી પ્રસિદ્ધ થતી ગ્રંથમાળાઓના પુસ્તકમાં જાહેર ખબર આપવાથી સારો ફાયદો થાય છે. જાહેર ખબરના ભાવ એક આનાની ટીકીટ બીડવાથી મોકલવામાં આવશે, બદલાનાં પત્રો, સમાલોચના માટેનાં પુસ્તકો તથા પ્રકીર્ણ વસ્તુઓ, મનીઓરડર, વિગેરે વિગેરે માલીકના નામથી અમદાવાદજ મોકલવું. રિપલાય કાર્ડ અગર ટીકીટ બીડયા સિવાય ઉત્તર મળશે નહી. "સૂચીપત્ર" માટે એક આનાની ટીકીટ બીડવાથી મોકલવામાં આવશે.

લક્ષ્મીશંકર મહાશંકર જોશી.

માલિક—લક્ષ્મણચંદ્રજી સાહિત્ય ગ્રંથાલય, નડીઆદ અને અમદાવાદ.

શ્રી 'નવજીવનાલય' અને વિજળીનું દવાખાનું

આરોગ્ય.

કવિતાનાં નવીન પુસ્તકો.

દીવાને સાગર } સાગરનાં કાવ્યો, ગઝલો તથા શચરો, પ્રેમભક્તિ અને જ્ઞાનવૈરાગ્યનાં ભજનોનો સંગ્રહ. 'કલાપીના કેકારવ'ના જેવડાં લગભગ ૫૫૦ પૃષ્ટનો દળદાર ગ્રન્થ, નારદ 'ભક્તિસૂત્ર'નું ભાષાન્તર તથા સુફીની પરિભાષાના શબ્દકોષ સાથે. જાડા ગ્લેઝર કાગળ અને સુંદર છપાઇ તથા પાકી બંધાઇ. કિંમત રૂપીઆ અઢી.

ખાસ ઉંચી આવૃત્તિના રૂ. ત્રણ.

સ્મરણ સંહિતા } એક કરુણ પ્રશસ્તિ. કર્તા:—નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા બી. એ.

ઉપોદ્ઘાત તથા વિસ્તારી ટીકા લખનાર:—

પ્રોફેસર આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ, એમ. એ. એલએલ. બી.

કાવ્યપ્રસંગમાંનાં ખાસ તૈયાર કરાવેલાં અને બે શાહીથી છાપેલાં દસ ચિત્રો, ઉંચા એન્ટિક પેપર અને મુંબઇના 'ગુજરાતી' પ્રેસની સુંન્દર છપાઇ. ગુજરાતી સાહિત્યમાં સર્વ પ્રકારે તદ્દન નવીનતા. કિંમત રૂ. સવા.

નૂપુરઝંકાર } નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનાં કાવ્યોનો વિસ્તારી ટીકા સાથેનો નવો ગ્રન્થ, કવિતદેવીનાં સુંદર ચિત્ર સાથે. કિંમત રૂ. એક.

કલ્લોલિની } ઇનામ લાઇબ્રેરી માટે મંજુર થયું છે. કિંમત આઠ આના.

હૃદયકુન્જ } "કુંજ"નાં કાવ્યોનો સંગ્રહ. કિંમત રૂ. એક.

જીવનલાલ અમરશી મહેતા,

ઠે. પીરમશાહ રોડ; અમદાવાદ.

પ્રવાસીના પત્રો.

લેખક:—

કેશવલાલ હરગોવિંદદાસ શેઠ.
ઉમરેઠ.

પ્રકાશક:—

લક્ષ્મીશંકર મહાશંકર જોશી.
માલિક–લક્ષ્મણચંદ્રજી સાહિત્ય ગ્રંથાલય
નડીઆદ અને અમદાવાદ.

Printed By Shah Somalal Mangaldas.
at "Gujarat" Printing Press—AHMEDABAD.

Price Rs. 2-0-0, 2200 copies. 1916 A. D.

પ્રસ્તાવના.

અન્ય ભાષાઓના સાહિત્ય કરતાં ગુર્જરસાહિત્ય ઘણુંજ પશ્ચાત જોવામાં આવે છે. તેનું મુખ્ય કારણુ ઉત્તેજનનો અભાવજ છે. કવિ-કાળીદાસ–ભવભૂતિ–બાણુ વગેરે સમર્થ વિદ્વાનોની અમૃતતુલ્ય પ્રસાદી માળવાધિપતિ રાજા ભોજ ન હોત તો એ પ્રકાશમાં કયાંથી આવી શકત! અમોએ પણુ સાહિત્ય માટે જુદા જુદા રૂપમાં બે વર્ષ સુધી યોગ્ય પ્રયત્ન કરેલો. કિન્તુ અમારી અસ્વસ્થતાનો લાભ લઇ અમારે ત્યાં રહેતા નોકરોએ ત્હેનો દુરૂપયોગ કરી દ્રવ્યાદિક સંબંધી અમોને નુકસાન કર્યું. નુકશાન કર્ત્તાઓનાં નામ આપવાની આવશ્યકતા નથી, કારણુ કે ત્હેમનાં કર્યા ત્હેમને યોગ્ય શિક્ષા દેશેજ, વળી ત્હેમની સામે ટંટો ઉપસ્થિત કરવો એ સજ્જનનું ભૂષણુ નથી. આવી અનેક મુશીબતો બાદ તબિયત સુધરતાં "લક્ષ્મણુચંદ્રજી સાહિત્ય ગ્રંથાલય"ની સ્થાપના કરી એ દ્વારા ઉત્તમોત્તમ સાહિત્યો-ગ્રંથ-માળા, છુટક તથા માસિક પત્ર દ્વારા આપવાનો ઉચ્ચ ઇરાદો રાખવામાં આવ્યો છે. સાહિત્ય પ્રદેશ માટે અમોએ અમારા જીવનની પણુ પરવા કર્યા સિવાય આત્મભોગ આપેલો છે. હજુ પણુ અમારી સ્થાપન કરેલી સાહિત્ય સંસ્થાને દ્રવ્યાદિક સંબંધી બીજા વધુ આશ્રયની જરૂર છે. તો એ તરફ કોઇ રાજા, મહારાજા, અગર સખી ગૃહસ્થ પોતાનું ધ્યાન દોરી પોતાની શક્તિ અનુસાર મ્હોટી અગર ન્હાની રકમ ઇચ્છાનુસાર મોકલાવશે તો એ ઉપકારસહિત સ્વીકારવામાં આવશે. આશ્રય વિના સાહિત્યની ઉન્નતિ કદાપી થઇ નથી અને થવાની નથી, આજે આ સાહિત્ય સંસ્થાની "શ્રી લક્ષ્મણુચંદ્રજી સાહિત્યમાળા"ના પ્રથમ પુસ્તક તરીકે "પ્રવાસીના પત્રો" બહાર પાડવામાં આવેલ છે. ત્હેમાંથી મનુષ્ય જીવનને કેટલુંક જોવાનું તેમજ શીખવાનું મળી શકશે. અર્થાત્ ગ્રામ્ય જીવન ગાળતા, અશિક્ષિત લોકની, થોડા શ્રમે અને અલ્પ આર્થિક શ્રયે તથા ફાજલ પાડવામાં આવતા સમયે, શી રીતે સર્વોત્કૃષ્ટ સેવા બજાવી શકાય ત્હેની રૂપ રેખાઃ સાધનો માટેના ઇલાજો, કેળવાયલોવર્ગ ધારે તો પોતાનાં કર્તવ્ય કેવી રીતે સ્હેલાઇથી બજાવી શકે? દેશની ઉન્નતિ વાંચ્છનારો વર્ગ સતત્ પ્રયત્ન અને પુરૂષાર્થ-

દ્વારા ભૂમિના ગૌરવને મૂળની જાહોઝલાલીમાં શી રીતે લાવી શકે ? તે તથા યોગ્ય લોકમત કેળવવાની ધાર્મિક સંજ્ઞાઓ, અન્ધશ્રદ્ધાળુ અને પરભોગીપણુાની ટેવથી પારકી પ્રજાને જોઇ નાહક અંજાઇ જનારાઓને મીઠી ચાબુક—અને ટુંકામાં આપણે આપણું જીવન ઉન્નત, પવિત્ર અને આદર્શ બનાવી શકીએ એવા માર્ગો આ પુસ્તકમાં બતાવવામાં આવેલ છે. પ્રવાસી ભિન્ન ભિન્ન વ્યક્તિને ત્હેનું વલણ તપાસી પત્રો લખે છે, ત્હેમાંજ આ સૌ વિષયોનો સમાવેશ થએલો હોવાથી વાચકને કંટાળો નહીં આપતાં જીજ્ઞાસા વધ્યાજ જાય છે અને વાંચતાં વાંચતાં જે શંકા થાય તેનું પાછળથી સારી રીતે સમાધાન થાય છે. આ સાહિત્ય સંસ્થા તરફથી બહાર પડતી ગ્રંથમાળાઓ તેમ ઇતર ગ્રંથો ઉંચા કાગળ ઉપર છપાવાની સાથે સોનેરી બાઇન્ડીંગવાળા અપાશે; કાચા બાઇન્ડીંગનું તથા કચરાપટ્ટીવાળું કોઇ પણ પુસ્તક બહાર પડાશે નહી. તેમજ નિર્માલ્ય અને નુકશાનકારક પુસ્તકો પણ અપાશે નહી. ઉત્તમોત્તમ ઉચ્ચ કોટિનાં પુસ્તકો બહાર પડશે. વાચક, વિચાર કરો કે યુરોપિય મહાયુદ્ધના મામલાની અંદર વિદેશથી આવતી દરેક વસ્તુઓના ભાવ હાલમાં ઘણુાજ વધી ગયા છે. આ ભયંકર સમયમાં સાહિત્ય સંસ્થાદ્વારા સર્વ શ્રેષ્ટ કાગળો, સ્વચ્છ છપાઇ તેમજ સુન્દર સોનેરી નામનાં બાઇન્ડીંગવાળા ગ્રંથો આપવાનું અમોએ જે સાહસ ઉઠાવ્યું છે, એ તરફ જોઇ સાહિત્યવિલાસીઓએ અમારી યોગ્ય કદર કરવી ઘટે છે. આશા છે કે સુજ્ઞ વાંચકો ઘટતુ કરશેજ ! આ ગ્રંથમાળાનું દ્વિતીય પુસ્તક પણ ટુંક સમયમાં બહાર પડશે. છેવટ આ ગ્રંથમાળાદ્વારા વાર્ષિક મ્હોટા દળદાર કદના પંદરસો પૃષ્ટના પુસ્તકો આપવાનો નિયમ કરવામાં આવ્યો છે.

જગત્નિયંતા આ ગ્રંથાલયમાં "સાહિત્ય સેવા" માટે નવચેતન રેડો. તથા અન્ય પણ મહાન્ સહાનુભૂતિઓની પ્રાર્થના સાથે અત્રે વિરમીશું. इत्योम.

તા. ૩૧ મી જાનેવારી સને ૧૯૧૬ } લક્ષ્મીશંકર મહાશંકર જોશી.

માલિક લ. સા. ગ્રં.

भूमिका.

'પત્રો' પામવાના કોડ લગભગ બધાને હોય છે. પામ્યા પછી તે વાચવા પણ સૌને ગમે છે. આટલું છતાં પત્રવાચનથી બધાને એક સરખી રૂચિ નથી ઉપજતીઃ કેમકે પત્રો જુજવી જાતના છે.

કેવળ ધંધા–રોજગારને અંગે લખાતા વ્હેપારીવર્ગને લગતા પ્રસ્તુત પત્રો નથી, 'લજામણી' ના છોડ જેવી લાગણી ધરાવનારાં હૃદયની વસ્તુવાળા ય નથી, 'વ્હાલ સોયા' અને સુહૃદોમાં લખાતા 'ઇતર સૃષ્ટિ' ની ભાવનાભર્યાં પણ નથી, વરેલી વનિતાના, કે 'વહુ ઘેલા' વરના, ખતપત્રો કે ફારગતીના, તેમ પ્રવાસવર્ણનની વસ્તુવાળા પણ નથી–નથી ઉપદેશાત્મક જ.

છતાં આ છે તો 'પત્રો' જ. અર્થાત્ ઇતિહાસ, વિજ્ઞાન, જીવનવ્રત, નાટક, સંવાદ, નવલકથા, કાવ્ય કે કવિતા નથી જો કે આ સઘળા વિષયો ત્હેના અભ્યાસરસિકોને મન રસિક છે, બોધક છે અને એટલાજ–આનન્દપ્રદ.

પણ આમાં લગાર ભેદ છે, એકને મન જે વિષય રસિક હશે, તે કદાચ બીજાને નથી પણ ગમતોઃ અને પત્રોમાં તેવું કશું નથી. વસ્તુ ગમે તેવી નીકળે, પણ કહ્યું તેમ 'પત્રો' માં સારી સૃષ્ટિ આકર્ષાય છે. દૂરથી આવતા ટપાલવાળાપર દૃષ્ટિ પડે છે, અને ભલ ભલો વ્યવહાર–કુશળ આદમી પણ વિવેક ભૂલી જાય છે, વિવેક ભૂલી ટપાલવાળાને પોતાનો પત્ર પૂછતાં તે સંકોચાતો નથી, પત્ર પૂછે છે અને જો તે મળે છે, તો ઉભો હોય ત્યાં ને ત્યાં–ભર રસ્તા વચ્ચે ઉભો રહી તે પત્ર વાચવામાં તન્મય થઇ જાય છે! પ્રત્યક્ષ કે પરોક્ષ આવા અનુભવ કોને નથી? અને આ આકર્ષણ પેલા પત્રનુંજ–નહિ કે અન્દરની વસ્તુનુંઃ કેમકે વસ્તુ શી છે એ તો જ્યારે વાચે ત્યારે જણાય, પણ આકર્ષણ તો પત્રની ઝાંખીથીજ ઉભરાઇ જાય છે. બેશક અપવાદ બાદ.

આમજ, જુદી જુદી જાતના પત્રો, જેમ તેની કક્ષાને વળગી રહેલી વ્યક્તિને પોતાના ભણી આકર્ષે છે, તેમ આ 'પ્રવાસીના પત્રો' પણ

પત્રોના પ્રતિપાદિત નિયમાનુસાર તેના રસિકોને (અથવા ભોક્તાને) જો આકર્ષે, તો તે પ્રબળ, પત્રમાં ઉતરેલી વસ્તુનું માનવા કરતાં પત્રના **નામનું** જ માનવું મ્હને ઉચિત લાગે છે. અને તેમજ મનાવવા માટેય પણ.

વસ્તુ વાસ્તે આટલું સંકૂચિતપણું એટલાજ માટે, કે ત્રીજા પેરામાં જણાવ્યા પ્રમાણે આ 'પત્રો' જ છે; ગહન વસ્તુનાં તત્વો અને મહત્વ પ્રતિપાદન કરવા સારૂ પત્રોમાં નિબંધનું વિસ્તૃત સ્વરૂપ સમાઇ શકેજ નહિ, સમાવાય તો ગૂંથણીનું રૂપાન્તર થઇ જાય, એટલે પત્રોમાં તો કેવળ તેવા ગહન કે ઉપયોગી વિષય ભણી દોરવા પુરતી દિશાજ દર્શાવી શકાય; મને લાગે છે, લક્ષ્ય ઉપર મારી દૃષ્ટિ ઠરી છે: સહૃદય વાચક તે લક્ષ્ય પારખી શકે તો સારૂં. અને ઇતર ગ્રંથો પેઠે આમાંથી શિક્ષણ પામવાનો સ્વાર્થ રાખવો તો સમૂળો છાજતોજ નથી; કદિ અણવાંચ્છી અને અનાયાસે કંઇકથી વાયુની મૃદુ, હળવી, પવિત્ર અને મીઠી સાથે શીતલ–"ચમચમ" લહરી કોકને ભેટી જાય તો–ભેટી જાય, બાકી બોધ લેવાનેજ યોગ્ય હું બોધ લેવાના કાળમાં, બીજાંને શી રીતે બોધક બની શકુંજ? કેળવાતાં બધાંજ હૃદય જેમ ગ્રંથ રસિક, અભ્યાસક અને શિક્ષિત થવા વિદ્યાની ઉપાસના માંડે છે તેવાં મન્થન મારાં પણ છે, (માનું છું કે શક્તિ ઇશ્વર દત્ત છે ને તે સૌમાં સમ છે. ખીલવવાનો આધાર સ્વાત્મશિક્ષણ પર અવલમ્બેલો છે; જે વધારે ખીલવે તે વધારે મહાન્. જન્મ્યા ત્યારથી પ્રભુના ઘરના કોઇજ મહાન્ નથી, ને નજ હોય, કેમકે ઇશ્વર ન્યાયી છે. તેની ભાવના સમષ્ટિની છે.)

ત્યારે, ભિન્ન ભિન્ન ભાષાનાં પુસ્તકોમાં પસંદ કરેલા એકના એકજ વિષયને લગતા ઘણા (લગભગ ત્રીશેક) ગ્રંથકારોના વિચારો વાચ્યા, તેમાંથી મને પોતાને જે ગમ્યું તે, તથા તેને અંગે બન્ધાયલું મ્હારૂં સ્વતંત્રમત, વળી મત બન્ધાયા પછીના કેટલાક નવા નવા અનુભવો, વિવિધ વાર્તાલાપ, વિવાદ, છુટા છવાયા લખાયલા પત્રો, કહાડેલી અવકાશની તકે, ખુરસીમાં પડયાં પડયાં, કે ફરવા જતાં, સભાઓમાં, પથારીમાં સુતાં સુતાં, કેટલાક

કરૂણાજનક, કેટલાક અફસોસ જનક અને સુખબન્ધે કેટલાક ત્રાસજનક એવા અનેક પ્રસંગો, સંજોગો અને સંસ્કારો દ્વારા ગંઠાઇ ઘડાયલા વિચારોરૂપ, આત્મા જે ફળ–ફુલ પામ્યો, તેની પાંખડીએ નહિ, પણ સૌરભ માત્ર પ્રસ્તુત પત્રોમાં ઉતરી છે એમ નિવેદન કરવાનો મ્હારો આશય હવે સમઝાશેજ.

ઉપરોક્ત સૂચનમાં વપરાયલો 'આત્મા' શબ્દ હેતપુરઃસર છે. આડકતરી રીતે ઓળખાવેલા ભિન્ન ભિન્ન પ્રકારના સઘળા પત્રોમાં કાંઇ આત્માજ નથી ઉતરતો: પત્રોની પંક્તિયો પૈકી અમુક ભાગમાં બુદ્ધિ ઉતરેલી હોય છે, અમુકમાં હૃદય, અમુકમાં આત્મા તો અમુકમાં એ બધાની મિશ્રતાઃ "પ્રવાસીના પત્રો"માં આત્મા છે, આથી કદાચ માર્દવતા ભર્યા (!) હૃદયને એ મોળા પણ લાગે, તથાપિ આત્મા તેવો વિચાર કરવાને ઓછોજ અવકાશ લે છે!

અચૂક, લાગણી, સ્નેહ, ઉમળકા, ઉભરા, લાડ અને અતિ માર્દવ આ સૌ ગુણો એકલાં હૃદયમાં પ્રાધાન્ય પદે તરતા હોય છે, અને એકલી બુદ્ધિના શુષ્ક પ્રદેશ કરતાં હૃદયપથગામી જનસ્વભાવ હજાર દરજ્જે ચઢિયાતો છે, છતાં આત્માનો ધર્મ એથી નિરાળો છે, અને એટલોજ ઉચ્ચત્તરઃ નિડરતા, અભેદ પ્રેમ, સમિષ્ટભાવના, સત્યાવલંબન અને પુરુષાર્થ: આ સાધનો આત્માજ જીરવે છે અને મ્હારી આવી શ્રદ્ધાના બળે, ઉપલ્યા કારણથી આત્માને મેં પ્રથમ માન દીધું છે, આત્મશ્રદ્ધાળુ ને તે પસંદ પડે એટલે પત્યું.

આત્મા, હૃદય અને બુદ્ધિ, તેમજ આ ત્રણે પ્રદેશોનો એક મિશ્ર માર્ગ; તેમાં વિહરનાર વ્યક્તિયો આપણી નજર આગળ તરવરે છે; ઉ. તઃ–

શિવશમ્ભુ શર્માનો ચિઠ્ઠો
ચોખેકા ચિઠ્ઠા,
કાન્ત–કાન્તાના પત્રો,
કમલાના પત્રો.
કવી લિના પત્રો.
વિવેકાનન્દના પત્રો.
રામતીર્થના પત્રો.

પાગલ હરનાથના પત્રો.
ચોપાનિયાંમાં છપાતા છૂટક પત્રો.

ઇત્યાદિ પત્રોને નીરિક્ષણની દષ્ટિથી નિહાળતાં અવલોકનકારને પ્રતીતિ થશે, કે એ બધામાં એકજ વસ્તુ ઉતરેલી નથી, કે નથી એકજ પ્રકારની શકિત.

છતાં પ્રત્યેક, પોત પોતાની કક્ષાને જાળવવા થોડા કે ઘણા ફતેહમન્દ નથી થયા એમ કૉણ કહેશે? 'પ્રવાસીના પત્રો 'ની કક્ષા કેટલી જળવાઇ છે એ તો જ્યારે જણાય ત્યારે ખરૂં; પણ તે પહેલાં મ્હારે કહેવું જોઇએ કે વસ્તુને વિકસાવવા સારૂ વાપરેલી આત્મિકશક્તિ બુદ્ધિના છાંટાથી છંટાયલી છે, પણ એ છાંટા ઘણા નથી, ને જે છે, તેય પણ મૂળ શક્તિના સૌન્દર્યની સેવા દાખલ સમઝાય તો એજ પાંશરૂ છે.

ખાસિયત કે ઇચ્છિા મુજબ લેખકો જેમ પોતાના વિચારોને પ્રકટ કરવા ભિન્ન ભિન્ન રૂપ રચે છે (નિબંધ—કથા—આદિ.) તેમ મ્હેં પણ કર્યું છે, અને મ્હારા ઉપરાંત મ્હારા પૂજ્યોના વિચારોને ' પ્રવાસી ' નામનો પાત્ર, કલ્પનાસૃષ્ટિમાંથી અવતરાવી, તેની માર્ફતે એકાદ—બે વસ્તુ વાચનારી આલમ આગળ નઝર કરી છે. નઝર થયલી વસ્તુનો પાયો ' દેશધર્મ ' ઉપર રચાયો છે; અને એ શબ્દ કોઇને પણ ભડકાવનારો ન નિવડે તો સારૂં. કેમકે ના૦ બ્રીટીશના રૂડા રામરાજ્યની શીળી છાંયા તળે વસનાર આ લેખકની લેખિનીએ એ નામદારનું લવ પણ ભૂંડું વાંચ્છયું નથી, વાંચ્છવા જેવા, એવા પ્રસંગ પણ શા છે? અને કયાં છે? બાકી આમાં જે કંઇ છે, તે આટલુંજ:-

સામાજીક સેવા, સંસાર સુધારો, સ્વમાન, અને દેશદશાની દિશા: (વાનગી તરીકે થોડાક બુદ્ધિના પ્રદેશમાં, તો થોડાક હૃદયવાટિકામાં વિહરનારા પત્રો આવવા દીધા છે. અને આ વાત કે વસ્તુ, હવે કાંઇ અપ્રાસંગિક નથી—એમ તો સૌ કબુલશેજ.

આટલી પ્રસ્તાવના તો, પત્રો, પ્રવાસી અને વિષયની પસંદગીના સમ્બન્ધમાં થઇ; પત્રો જેવા પુસ્તકને લાંબી પ્રસ્તાવના શોભે પણ નહિ, આ

યથાર્થ છતાં પત્રો ઉપરથી દૃષ્ટિ ખસેડી, પત્રોમાં ઘટાવેલી ' દેશધર્મ ' ની વસ્તુનો વિચાર કરાય, તો વધી જતી ભૂમિકા અસ્થાને નહિ લાગે. ત્યારે પવિત્ર આર્યસન્તાન ! વિષયની પસંદગીનાં કારણુ કળવાસારૂ ભારતના ભૂત ઇતિહાસનું સ્મરણુ તાજું કરવા જરા આમ જોઃ—

ભારતનું ગૌરવ પ્રકાશ જેટલું ખુલ્લું છે. પવને નહિ પણુ તેના (ભારતના) પ્રબળે દૂર દૂરના દેશોમાં પોતાના પડઘા તેણે પહોંચાડયા છેઃ ભારતના સંતો અને સંતાનોએ તેના ગુણુ ગાયા છે અને હજુ પણુ ગવાય છે; ભૂમિની દાઝ જેનાં દિલમાં વસી હશે તે તમામ આત્માઓ મુક્ત કંઠે તેની ખુશામત નહિ પણુ પ્રશંસા કરી રહ્યા છે. ઇતિહાસ આટલેથીજ વિરમશે નહિ. ભારતનું ગૌરવ ભારતવાસી ગાય છે એમ નથી, કહ્યું તેમ ભારત કહો કે ભારતીય ભારતિની જાદુઇ અસર પરમુલકીઓમાં ઉંડી થઇ છે, તત્વજ્ઞો, કોવિદો, અને એવા મહાન શાસક તેમજ સંશોધક, જેમ ભગવાનના ગુણાનુવાદ ગાતા હોય તેમ આપણા ભારતવર્ષની શ્લાઘા કરી રહ્યા છે. આપણી ભૂમિના પ્રશંસકોનાં કથન જવલ્લેજ કોઇને અજ્ઞાત હશે અને એમ સમઝી પરમુલકી પુણ્યાત્મનોએ ભારતવર્ષ માટે આંકેલા મતના થોડાક નમૂના અહીં ઉતારીશઃ

પ્રો. એમ. એલ્. જેકોલિયટ ભારતવર્ષને સમ્બોધન કરે છેઃ " પૂજ્ય, કર્ત્તવ્યદક્ષ, પાલક, પોષક ને ઉદ્ધારક જનની ! ત્હારો સદા જય હો. સૈકાઓ સુધી ત્હારા પર ઘણા રાક્ષસી હુમલાઓ થયા છતાં હજુ ત્હારૂં ગૌરવ ઘટયું નથી, સ્મરણુ સુકાયું નથીઃ એવો ત્હારો ઉજવલ યશ છે ! ધર્મ, પ્રેમ, કાવ્ય અને વિજ્ઞાનના પિતૃદેશ ! ત્હારો જય હો. ત્હારી પૂર્વાવસ્થાનાં સુસ્મરણોને અમે અમારા પશ્ચિમ પ્રદેશોમાં અભિનંદશું. " જેકોલિયટની ભારત માટેની ઉપરોક્ત ભાવનામાં અત્યુક્તિનો અંશ સરખો કોઇ ખોળી કહાડવાના નથીઃ વર્તમાનકાળે પણુ વિચારકોને વિદિત છે કે પશ્ચિમની ભૂમિમાં મચી રહેલી આશ્ચર્યજનક છતાં ચેતનહિન એવી વૈજ્ઞાનિક શોધખોળનાં પણુ પ્રેરકતત્વો ભારતનેજ આભારી છે અને જે તેનાં તત્વને યથાર્થ સ્વરૂપમાં અને યોગ્ય સમયે પામે છે, તે શુષ્ક સંશોધનોના દોષથી

મુક્ત પણ થાય છેઃ વળી, લાલા લજપતરાય લખે છે તેમ "પશ્ચિમના વધારે ચળકતા ગ્રહો ઉપર પૂર્વનો તારો ક્યારનોય પોતાનો પ્રકાશ પાથરી રહ્યો છે." જેને આ સિદ્ધાન્તીશબ્દોમાં શ્રદ્ધા હશે એને કશુંજ અસ્થાને નહિ લાગે અને એમ સ્વીકારી જેકોલ્લિયટની બીજી નોંધ નિવેદન કરીશઃ—

" To fathom ancient India all knowledge acquired in Europe avails naught, the study must recommence as the child learns to read and the harvest is too distant for lukewarm energies "

અર્થાત્ 'ભારતવર્ષની પ્રાચીન ગહનતાને કળવા સારૂ યુરપે મેળવેલું બધું જ્ઞાન કશીજ વિસાતમાં નથી; એક બાલક જેમ વાચતાં શીખે, તેમ પુનઃ અભ્યાસનો પ્રારંભ કરવો જોઇએ, અને માઇકાંકલા વિદ્યાર્થીઓને વાસ્તે તો તે અભ્યાસનાં ફળ મેળવવાનો અવસર હજુ ઘણો આઘો છે.' વળી એજ મહાશય હિન્દુસ્થાનને વિદ્યાના પારણા રૂપ ગણે છે, ને 'એ પારણામાંથીજ એક સર્વપૂજ્ય જનનીએ તેના બાળકોને પશ્ચિમના દૂરના છેડા લગણ મોકલીને પોતાની ભાષા, ધારા–ધોરણ, નીતિ, બોધ, સાહિત્ય, તથા ધર્મ આદિ બધું આપણને વારસામાં સોંપ્યું છે' એમ તે કહે છે.

વળી તે આગળ લખે છે કેઃ–"ઈજીપ્શીયન, હિબ્રુ, ગ્રીક અને રોમન રાજ્ય બંધારણમાં મનુના વિચારોનીજ પ્રેરણા હતી, અને હજુ પણ તેની પ્રેરણાનું તત્વ આપણા યૂરોપિયન કાયદાઓની સૌ આન્તરરચનાઓમાં રસાયલું છે." પોતે લેખકો અને હિન્દુસ્થાનને લગતી બાબતોમાં રસ તથા મન્થન બહલાવનારાઓને સલાહ દે છે કેઃ–"તેવાઓએ હિન્દુસ્થાનમાં જઇને, હિન્દુઓની સાથે તેમનાં છાએલાં છાપરાંમાં રહેવું અને વેદોનો તથા મનુએ રચેલા સૂત્રોનો અભ્યાસ કરવો."

પ્રો. મૅક્સમુલર રચિત "હિન્દુસ્થાન આપણને શું શીખવી શકે ?" (What can India teach us ?) એ નામનું પુસ્તક તો હવે પ્રત્યેક દેશહિતૈશીહિન્દીના ગજવામાં ગીતાની પેઠે રમતું હોય છે જ; એમાંથી પાનાં ઉકેલીને જોતાં જોનાર નીચેની નોંધ જોઈ શકશેઃ —" જો કોઇ મને

પૂછે કે કયા દેશની પ્રજાની બુદ્ધિ તથા મગજશક્તિ સૌથી વધારે વિકાસ પામી છે, કઇ ભૂમિનાં સંતાનોએ જીવનના મહત્વના પ્રશ્નો પર દીર્ઘ વિચારને વિચરાવ્યો છે, અને કયાં માનવોએ જીવનના આવશ્યક હેતુઓનાં સ્પષ્ટીકરણ કર્યાં છે તો હું એજ જવાબ આપીશ કે–હિન્દુસ્થાનઃ અને હું જો મ્હારી જાતને પૂછું કે આપણે યૂરપવાસીઓ એકલા ગ્રીક, રોમન તથા કોઇ એવી જાતિ જ્યુઇશના વિચારોમાં એકાન્ત રીતે ઉછરેલા છીએ, તેઓએ કઇ ભાષામાંથી પોતાના આત્મજીવનને અધિક શુદ્ધ, અધિક અર્થ ગ્રાહી, અધિક કલ્યાણક અને વાસ્તવિક માનુષીયજીવન બનાવવા સારૂ બોધ ગ્રહણ કરવો જોઇએ? તો હું પુનઃ પણ હિન્દુસ્થાન ભણીજ આંગળી કરીશ.”

મૅક્સમુલરના એ આખા પુસ્તકમાં આવા ઉંચા મની નોંધો છે. અહીં બધા ઉતારા સમાઇ શકે નહિ. વધારે જોવાની જીજ્ઞાસા હોય તેઓએ તેમાંથી જાણવાનું રાખી આગળ ધપીએ તો મંડુકોપનિષદનું મત આવું છેઃ– ‘હિન્દુસ્થાન એવું શીખવે છે કે જે શીખ્યાથી બીજું સઘળું શીખી જવાય છે.”

સંસ્કૃત ભાષાને લગતું સંશોધન કરનાર બર્નુફ તથા તે ઉપરાંત રૉથ, કૉકસ, થિઓ, વેબર, મૅગેસ્થીનિસ આ સૌ વિદ્વાનો આટલીજ અને આવીજ મુક્તકંઠે ભારતવર્ષની શ્લાઘા કરી ગયા છે; વળી વનસ્ક્રડના નિયમ પ્રમાણે હવે એમ પણ કબૂલાયું છે કે પાઇથેગોરાસ પોતાનો પુનર્જન્મનો સિદ્ધાન્તજ નહિ પણ ગણિતશાસ્ત્ર સુદ્ધાં ઈ. સ. પૂર્વે સોળમા શતકમાં હિન્દુસ્થાન દ્વારાજ શીખ્યો હતો. તત્વવિદ્યાની પદ્ધતિ પ્રથમ મનાઇ હોય, તો તે કપિલની! માણસોમાં આત્માનું–સ્વતંત્ર આત્મતત્વનું અસ્તિત્વ તો કપિલેજ દીઠું હતું; અને જડ તથા ચેતન પદાર્થોને તેણે ઓળખ્યા હતા. ‘તથાપિ, આપણી છેલ્લામાં છેલ્લી તત્વવિદ્યા, આ દેશમાં તેમજ જર્મનીમાં, માણસમાં માત્ર એક ઉચ્ચ રીત્યે સંસ્કૃત થયલી સ્થૂળ વિશિષ્ટતા જૂવે છે,’ એટલેજ–કે કપિલના અનુભવો હજુ દુનિયામાં નથીજ ઉતર્યા.

કઝિન પણ આમજ કહે છે કેઃ—હિન્દુસ્થાનના તત્વજ્ઞાનનો ઇતિહાસ એજ સમસ્ત વિશ્વના તાત્વિકનો સંક્ષિપ્ત ઇતિહાસ.” × × ×

અને એમનાજ શબ્દોમાં કહીએ તો હજુ તેઓ પૂર્વનાં રહસ્યના અભ્યાસી છે; ત્યારે પકત્ર અનુભવની વાતોનો ખ્યાલ આપણે નહિ કરી શકીએ ?

અહીંના અને ઇતર પ્રદેશના સાચા કવિયો—કે જેનામાં જુઠાણાનો છાંટો સરખો સંભાવત્ નથી, તેઓએ પોતાનાં કાવ્યોમાં હિન્દુસ્થાનને નન્દનવન જેવો આલેખ્યો છે અને આ માત્ર સુન્દર ભાવનાજ માનવાની નથી, એવું “ હિન્દુપ્રજાની શ્રેષ્ટતા” નામનો હમણાં થોડુંક થયાં “ સાહિત્ય ”માં છપાતો રા. બ. રાજ્યરત્ન હરગોવિન્દદાસનો લેખ પુરવાર કરી આપે છે.

પણ એક રીત્યે આપણને ઉપરોક્ત નોંધો વર્તમાનકાળે શરમમાં નાખે છે, શરમ એટલી બધી કે, જાણે અત્યારના ઝમાનામાં તો એવાં સોને મઢી મૂકવા જેવાં સૂત્રોને પણ કશાકમાં છૂપાવી મૂકયાં હોય તો સારૂં! કેમકે અધુના સ્થિતિ બદલાયલી જોવાય છે—અને તે શાથી ?

શાથી કે આપણે કોઇ વિચિત્ર વાવાઝોડાંમાં ઘસડાયા છીએ; પશ્ચિમના શેકસ્પિયર કે ટેનીસનને અને તે પણ કેવળ અંગ્રેજી ભાષા સુધરે એવાજ ક્ષુદ્ર ઉદ્દેશથી—વાચવા આગળ આપણે અંહીના શેકસ્પિયર કે ટેનીસનનું નામ લેવામાં પણ હવે ન્હાનમ લાગવા માંડી છે, અલ્બત્ જ્ઞાન અને સત્ય ગમે ત્યાંથી લેવાના ઉદ્દેશ જેના હોય, તેઓ આપણે અંહીના કપિલ, કણાદ, ગૌતમ, પતંજલિ, કાલીદાસ, ભવભૂતિ, બાણભટ, વાલ્મિક, વ્યાસ, દયારામ, પ્રેમાનંદ, અખો કે એવા મહાનોને, ઉજળી ચામડીના ઓજસ (!)માં અંજાતાં છેક ભૂલી જાય નહિ એમ હું માનુંછું, પણ બેશક સાચુંજ છે કે મહાનતા પામવાના આશયથી નહિ પરંતુ મહાન્‌માં ખપાવાની લોલુપતાથી ગાડરીઆ પ્રવાહે ગૂંથાતાં આપણે, આપણને યોગ્ય, શ્રેયઃસ્કર અને ખરૂં, એવું વારસામાં ઉતરનારૂં જ્ઞાન ગુમાવીએ છીએ. (ભાષાની વાત તો નહિજ કરૂં.) + +

વસ્તુસ્થિતિ આવી છતાં, પૂજ્ય ગોખલેના શબ્દોમાં કહું તો:-જે છે તે સ્થિતિમાંથી આપણે આગળ ધપવું બ્હેતર છે. અને અચૂક, કાળના વહેવાની સાથે દુનિયામાં ફેરફાર થયાંજ કરે છે, સ્વામી રામતીર્થે પોતાના એક લેખમાં હિન્દની ફેરફારી સુન્દર રીત્યે આલેખી છે,* અને તે એક અચ્છું આશ્વાસન છે, એટલુંજ નહિ પણ અનુભવ એમ કહે છે કે હિન્દુસ્થાન હજુ મૉળો નથી, મહાત્મા ગાંધીના શબ્દોમાં કહું તો "રોમ ધૂળધાણી થઇ ગયું, ગ્રીસનું નામજ રહ્યું, ફિરઓનની બાદશાહી ચાલી ગઇ, જાપાન પશ્ચિમના પંઝામાં આવ્યું, ચિનનું કાંઇ કહેવાય નહિ. પણ પડયું આખડયું તોપણ હિન્દુસ્થાન હજુતો તળીએ મજબૂત છે." એમના મતને મળતો થઇને, કહેવાનાં મને કારણો મળે છે કે જોનારને ભલે હિન્દનો

---

* એક સમયે જ્ઞાન અને સંપત્તિનો સૂર્ય હિન્દુસ્થાનના આકાશના મધ્યભાગમાં પૂર્ણકળાથી પ્રકાશતો હતો, ઐતિહાસિક દૃષ્ટિયે જોતાં અંતરિક્ષના બીજા તારાઓની પેઠે એ સૂર્ય પણ ધીમે ધીમે પશ્ચિમ તરફ ચાલવા લાગેલો જણાય છે. તે ઇરાન, ઍાસ્ટ્રિયા વગેરે દેશોપર થઇને આગળ પશ્ચિમ તરફ ગયો. મિસર દેશને ત્હેનાં મધ્યાહ્ન કિરણો મળ્યાં, પછી ગ્રીસનો વારો આવ્યો, ત્યાર પછી તેનું મધ્યાહ્ન કાળનું તેજ રોમે અનુભવ્યું. આગળ જતાં તે પ્રકાશે યોગ્ય વખતે જર્મની, ફ્રાન્સ, અને સ્પેનને પ્રકાશિત કીધાં.

છેવટે એ વૈભવ સૂર્યનો ઉજ્જ્વલ પ્રકાશ ઇંગ્લેંડને મળ્યો, વળી સૂર્ય પશ્ચિમ તરફ આગળ ચાલ્યો અને અમેરિકાને વૈભવને શિખરે પહોચાડયું. અમેરિકામાં પણ આ સૂર્ય (પ્રકાશ) પોતાના નિયમ પ્રમાણે પૂર્વ કિનારાના ન્યૂયોર્કથી પશ્ચિમ તરફ જતાં જતાં કેલી ફોર્નિયામાં જઇ પહોંચ્યો: જ્યારે હિન્દુસ્થાનમાં દિવસ હતો ત્યારે અમેરિકાને કોઈ ઓળખતું પણ નહતું, અત્યારે અમેરિકામાં દિવસ છે અને બિચારા હિન્દુસ્થાનમાં દુ:ખ અને દારિદ્રની રાત્રિ પથરાયલી છે. પણ થોભો, વૈભવ સૂર્ય હવે પાસિફિક મહાસાગર પણ ઓળંગવા લાગ્યો છે, અને જાપાન થોડા વખતમાંજ જગતનો એક બળવાન દેશ બનવાનાં ચિહ્નો જણાય છે. કુદરતના નિયમો જો ખરા હોયતો આ જ્ઞાન અને સંપત્તિનો સૂર્ય એક પ્રદક્ષિણા પૂર્ણ કરીને પુન: હિન્દુસ્થાન ઉપર બમણા તેજથી પ્રકાશવો જોઇએ!"

(રામસ્વામી.)

દેહ નબળો જણાય, પણ તેનો આત્મા ઉજળો છે, આત્મામાં નૂર (sprit) છે, તે નૂર દીપાવવાના પ્રસંગો જો લાધે, તો હિન્દ પોતાની મહત્તા સાબીત કરી આપશે: કેમકે તેનાં મૂળમાં હજુ શળો નથી લાગ્યો. તેનામાં શ્રદ્ધા છે, પ્રેમ છે, ધર્મ છે—તે બીજા જીરવી પણ નહિ શકે, (જેવો કે—સોમરસ.) આટ આટલી વિટંબણા ખમવા છતાં તે આટલો ટકી રહ્યો છે એજ તેનું પુરુષાર્થ પ્રદર્શિત કરી આપે છે. ઉંડી દૃષ્ટિથી આવું નીરિક્ષણ કરતાં હિન્દના આત્માને પવિત્ર—અગ્નિ—ની ઉપમા આપવી વાસ્તવિક લાગી છે, માત્ર તે અગ્નિ ઉપર ભસ્મ છવાઇ વળી છે, તેને ઐક્ય અને વિકાસ રૂપ વાયુ વડે ઉરાડી મૂકાય એટલે ભુતકાળનું ભારત ભવિષ્યમાં જોવાને સ્થાને, ધારીએ અને મંડીએ તો વર્તમાનમાં પણ નિહાળીએ: અને હાલની સ્થિતિને નિંધ ગણી કેવળ બળ્યા કરવા કરતાં તે 'નિંધ' શબ્દ છેદાઇ જાય તેવી યોગ્યતા મેળવવા સારૂ કમર કસવી એ બ્હેતર નથી શું?

'પ્રવાસીના પત્રો'માં એજ ઉદ્દેશને આગળ કર્યો છે, અને તેને થોડે અંશે જાળવ્યો છે: 'થોડે અંશે:' કેમકે આ કૃતિ કેવો આદર પામે છે તે જોયા પછી, અને મ્હને મ્હારા પૂજ્યની સલાહ મળે તો 'પ્રવાસીના પત્રો' એ પહેલા પગરણ તરીકે ઘટાવી લઇ તેની પાછળ "પ્રવાસીને પત્રો," તથા "પ્રવાસી અને પત્રો" એમ બે વિભાગનું સાંધણ થશે. પણ એ બધાનો આધાર સઘળા સંજોગો સાનુકૂળ જોવાય છતાં મારા પોતાના મત ઉપર અવલંબી રહેલ છે એટલે અત્યારે કશી પણ આશા નહિજ.

ભુમિકા આટલી લાંબી છતાં હજુ વાચક વાસ્તે થોડાક ધ્વનિ પોતાને ખોળી કહાડવાના અકબંધ અને લુપ્ત રાખ્યા છે તે "પત્રો"માંથીજ પમાશે.

અમદાવાદ.
મકરસંક્રાંતિ: ૧૯૭૨.

કેશવ હ. શેઠ

પ્રવાસીના પત્રો.

“ વિશ્રામઘાટઃ ”
૨૬ : ઑગષ્ટ : ૧૯—
ગોરસ સમયે.

વ્હાલા માસ્તર સાહેબ !

સહીસલામત પહોચ્યો છું; અને જાણે કોઈ નવીજ દુનિયાંમાં ઉતર્યો હોઉં એવું અનુભવાય છે ! અચુક ! આ એજ ભૂમિ; જ્યાં જીવન નવચેતન પામે છે; મહાત્મા બુદ્ધના જીવનની ઝાંખી થાય છે; સાધુ સૉક્રેટીસના સત્યપ્રબળનું સ્મરણ તાજું થાય છે. સ્વામી રામતીર્થનું વેદાન્ત, વીર શિરોમણિશ્રી વિવેકાનંદની દેશદાઝ, અને મહર્ષિ દયાનન્દ દ્વારા વેરાયલા વાતાવરણે સ્થપાયલા “ ગુરૂકુળ ” માંનું ઋષિ જીવન–આ બધું, અત્યારે મારી દૃષ્ટિ સંમુખ તરવરે છે–તે આજ ભૂમિ:

પૂજ્યશ્રી ! વાતાવરણ અહીંનું અનુકૂળ છે, વસ્તી અહીંની માયાળુ છે, વતનીમાં નથી આડંબર, નથી મોહ, નથી લોલુપતાય પણ: સૌના હૃદયમાંથી માયા નિતરે છે, અને બધાં મગ્ન, શાંત તથા ગંગાના પ્રવાહશાં નિર્મળ પ્રવાહી લાગે છે, ખામી એટલી કહેવાય કે કેળવાયલાં અને અનુભવથી ઘડાયલાં હૃદય અહીં ઘણાં નથી–વિરલ છે; તો પણ, મ્હને એમ ભાસે છે કે અહીંની વસ્તીનાં અરિસા જેવાં કે–હજુ પણ કોરા કાગળ જેવાં ગ્રામ્ય–

હૃદયો નાગરિક જીવનમાં નથી નૉતરાયાં એજ ઠીક છે. * * *
હમણા આ વિષે તો ત્યારે આટલુંજ:

પ્રિય ગુરૂશ્રી ! પ્રસ્તુત પત્રનો જન્મ ગાડીમાંથીજ થયેલો માનશો–મતલબકે, પહોચ્યા પછી તરત જ પત્ર લખવાનુ કારણ મ્હને ગાડીમાં બેઠેલા બીજા મુસાફરોના સંસર્ગથી જ મળ્યું છે; હું આપને તે હવે પછી જણાવીશ, અને ખાત્રી છે કે ત્હમારા તરફથી મ્હને સંતોષ સાથે સૂચન અને સંજ્ઞાઓ મળ્યાં જશે.

નહિ કાલથી–પણ આજથીજ દંડ, કમંડલ ને ઝોળી હાથ ધરૂં છું, ત્હમારી હૂંફ, પિતાની કૃપા અને એથીયે વધારે પ્રબળ મ્હારી આત્મશ્રદ્ધાથી તે પિતાના પરિવાર ભેગો ભળી જાઉં છું, આપની આજ્ઞાનુસાર થોડું થશે, પણ સારૂં અને પુરૂંજ; વાંચ્છના મ્હારી–આરંભે તો આ એક છે:– દેશનું વલણ, રૂચિ અને સ્થિતિ કળીને, હતા, તે સ્વરૂપે દેશને દિપાવે એવા આયેડ હકીમના સંશોધનની :

આજ્ઞાંકિત,

પ્રવાસી.

" વિશ્રામઘાટ: "
૨૮ : ઑગષ્ટ : ૧૯ –
સન્ધ્યા સમયે.

પૂજ્યશ્રી !

પત્ર મળ્યું હશે; મ્હને આપના તરફથી મળે, તે અગાઉ પાછો આજે જ લખવા લલચાયલો જોઇ કદાચ ઉત્કંઠિત્ બનશો, કે, કેવળ કાગળો લખ્યાં કરવાની મોહની લાગેલી માની બેસશો, પણ એવું કશું જ નથી; મહાશય! જાણું છું કે કરવાનું ઘણું છે, સમય થોડો છે, ને આયુષ્યદોરી હાથમાં નથી; અને તેથી મ્હારે ખંતપૂર્વક સરિતાના વહેતા સલિલપ્રવાહ પેઠે સતત્ ખીણ, ખાઇ અને ભેખડ કોતરો જેવા વિઘ્નસંતોષી વિકટ પંથ કાપી આગળને આગળ ધપવું જોઇએ છે. આમ સમજવા છતાં મન્દ પ્રવાહે મારૂં શાન્તવહન છે. એનું પણ સબળ પ્રયોજન છે, ને તે, આગળ આપને આપોઆપ સમજાશેજ.

આત્મપ્રિય! માનશો ? અત્યાર સુધી હું અન્ધારામાંજ હતો! અર્થાત્ પરસ્પર પત્રવ્યવહારે, પરોક્ષ અનુભવે, જાહેર મેળાવડામાં વકતાનાં લાંબાં ભાષણોએ અને પરિપકવ અનુભવ વિહોણાં હૃદય, કે જે માત્ર જનરૂચિ તરફ જ વળેલાં છે (જન-રૂચિને પોતાના વલણ પ્રતિ વાળવા પૂરતું આત્મપ્રબળ નહિ) તેઓનાં લખેલાં પુસ્તકોના આધારે, દેશની પરિસ્થિતિનું હું જે

અનુમાન બાંધતો હતો, તે મ્હને હવે પ્રત્યક્ષ અનુભવે ખોટું ભાસે છે. નથીજ; દેશ રક્ષકો નથીજ, ક્યાં છે પાલક, પોષક ને ઉદ્ધારક ! અહહ ! ઉપરથી જે ભારભર્યું જણાય છે એતો આડંબર ! પળે પળે ઝળકતાં તેજ એ તો આગિયાનાં ! સૌન્દર્ય, સ્નેહ, પવિત્રતા અને જ્ઞાન; દયા, ક્ષમા, શાન્તિ અને અમી; ઐક્ય, અને અભેદ પ્રેમનાં દિગ્દર્શન (નહિ–દર્શન) એ વાતોમાંજ ! નથી વર્તનમાં: કર્મવીર ગાંધી, દાદાભાઈ, નામદિપક ગોખલે, સન્તહૃદયી સુરેન્દ્રનાથ, ભારતરવિ રવિન્દ્રનાથ + + + દિક્પાલ ડોલાવે છે કદિ કદિ આ પ્રભુ આત્માઓ: અને અજવાળે છે દિગન્ત આ રત્નોનાં તેજનો અંબાર; નન્દનવનમાં તેથીજ ઉષાનાં દર્શન પામી દિ પ્રકટ્યાની, અમરવેલશી આશા બંધાય છે. વન્દન હો એ પૂજ્યોને, કલ્યાણ કરો પિતા એમનું તથાપિ: હજુ એવા અને બીજા ઘણા સ્વયંસેવકોની જરૂર નથી ? ખામી જણાઇ છે જ. અવનીના આદર્શશા મહાપુરૂષો પૈકી ફાધર ડેમિયન, જનરલ બુથ, બુકરટી વૉશિંગ્ટન, ડૉકટર બરનાર્ડો, સિસ્ટર નિવેદીતા, ડોરા, નાઇન્ટીંગેલ, અને કારપેન્ટર જેવી વ્યક્તિયો અહીં કયારે ?

આશ્રમો સંસ્થાપક અને સમાજોની વ્યવસ્થાપક અહીંની વ્યકિતયોને ભૂલીને આ હું નથી લખતો; એ સર્વમાં વ્હેંચાયલો રહેવાનેજ પિતાએ આ કાયા અહીં ઉતારેલી હું માનું છું. પણ.... પણ રાહ જોઇ જોઇને ડોક દુખી, ત્હોય, અપવાદ બાદ કરતાં હજુ એની એ ભાવના કાયમ જોવાય છે.–એ પ્રસંશાપાત્ર વ્યક્તિયોમાં, કે–મ્હારો સમાજ ! મ્હારી સંસ્થા. મ્હારૂં મંડળ: ઓ સાંપ્રદાયીક ગુરૂમહારાજો ! 'મ્હારૂં' શબ્દ કયા શાસ્ત્રને પવિત્ર બનાવનાર હોઈ, કયા શાસ્ત્રમાં સ્થાન ધરી રહ્યો છે ?

ગુરૂવર્ય ! હવે તો ત્હમારામાં મ્હારૂં ભળીને, બનેલું એક હૃદય, જનનિની કૂખ દિપાવે તોજ:

બન્ધ કરીએ ગ્રંથોનાં પાન ઉકેલવાં, બન્ધ કરીએ મ્હોં, અને બન્ધ કરીએ કીર્તિને પ્રવેશવાનાં દ્વાર: ભાગીએ આત્મામાં આત્માઓ વિસામો લે, એ દરવાજાની ભૂંગળો, ખોલીએ મનના આગળા, અને અનોખી અનુભવની શાળામાં પ્રાણને પધરાવી, જગાવીએ પ્રાણોમાં નવચેતન, લગાવીએ + + ધૂણિ, નાખીએ અર્ડીંગા, અને કરીએ કંઈકિ.

હા ! મ્હારૂં વતન, મ્હારો ગૃહસંસાર, મ્હારા ગ્રામ્યઆચાર, મ્હારા નાગરિકજીવન ગાળતા માન્યવરોના વિચાર, મ્હારા દેશનો વેશ, અને વિશ્વની લીલા.... પ્રભુ ! હચમચાવી દે છે મ્હારા આ રાંક હૃદયને, અને બનાવે છે ક્ષણભર અચેતન:

આપણે કોણ ? કયાંથી આવેલા ? કેમ ? કયાં જવાનું ? અને કોની કને ? આમ સામટા પ્રશ્નોએ મ્હને મનુષ્ય સ્વરૂપનું, અને જીવન એ શી વસ્તુ છે એનું કંઈકિ ખરેખરૂં ભાન તો હવેજ કરાવ્યું છે–વિલાસ છોડી કર્ત્તવ્યમાં પ્રેરાયો ત્યારેજ: ત્યારેજ હવે શુષ્ક વ્હાલસોરી કવિતા ગાવાને સ્થાને આ'વી ગવાઈ જાય છે. ગાવા દ્યો મ્હને, "મ્હને એવું ગાવાના કોડ વ્હાલા:"

"ત્હમારા પ્રેમના પાઠો, ત્હમારી 'વ્હાલુડી' વાતો;
ઘડી છોડી હવે ભ્રાતો ! વિલોકો દેશના સ્હામું.

દુનિયાં પારનાં હાવાં 'ગગનપૂષ્પો' સમાં કાવ્યો;
હવામાં ઉડતા ભાવો ભૂલી, જો દેશના સ્હામું.

ત્હમારાં ટાયલાં થી તો થયેલો દેશ છે છીતો;
સમેટી શુષ્ક-જડ ગીતો જરા જો દેશના સ્હામું.

અભેદે એકતા કયાં છે? લવારો માત્ર મુખનો છે;
અરૂચિ ને અભાવો છે, વિલોકો દેશના સ્હામું.

મટે શાથી મવાલી છન્દ ને લુખા નમાલા ફન્દ;
મટે શાથી અચેતન દ્વંદ જે આ દેશમાં જામ્યું.

નમો નીચા? ચઢો ઉંચા? રહ્યા કે સ્થિર? બેહુદા?
ભલા! એ દેશને પૂછો વિલોકો દેહના સ્હામું.

ત્હમારા ધર્મના પન્થો, તમારા દેશના સન્તો;
ત્હમારા "ખાઉધર" મસ્તો તણા જો આત્મના સ્હામું.

દવા દેનાર આ સૌને હશે કયાં લેખકો ક્હોને;
અમો નિમંત્રુ એઃાંને બીજાંને નવ ગજે નામું.

ગગનથી ઉતરતા ઓ અદૃશ્ય વાયુ! વેરતો રહે આ કાવ્યનાં રજકણુ મ્હારા ભારતબન્ધુઓના હૃદયભુવનમાં.

વિજ્ઞાન અને સાયન્સ સાહિત્ય, બાલ અને સ્ત્રીસાહિત્ય હાસ્ય અને તાત્વિક સાહિત્યના વિકાસ માટે કમર કોણે કસી છે? પૂજ્યશ્રી! કહું? આપણા ધુરંધરોમાંથી વીરલાઓદ્વારા, જર્મનના સંસર્ગે આપણું અસલનૂં પણ હવે ઓપાયલૂં સાહિત્ય અત્ર ન આણી શકાય? શકાય તો માર્ગ કેટલા મોકળા થાય? તપો અખંડ-શશિ-સૂર્ય તપે ત્યાં સૂધી શ્રીમંત સયાજીરાવ, વિજય પ્રવર્તો ચન્દ્રની ચઢતી કળાનુસાર ત્રાતા શ્રી "તાતાનો, દિર્ઘાયુ હો દેવાત્મજશ્રી ગજ્જરનો, માનવીના મન્દિરે પૂજાવ-દયામૂર્તિ

વિદ્યાસાગર અને રાજેશ્વરશ્રી રાનાડેનાં પનોતાં પગલાં: પ્રભુના લાડીલા, ઓ અક્ષરધામવાસી પુણ્યાત્માઓ! વૈકુંઠમાં વિહાર કરતાં જરાક થોભો, અને વ્યોમને આંગણે, વિશ્વલીલા વિલોકવા, ડોકીઆં કરી રહેલા તારલાઓમાં પ્રવેશો, અજ્ઞાત અમારા ભાંડુ ઉંચે ભાળે, તે સમયે સ્થૂળ ચક્ષુમાં, એ ઉડુગણ દ્વારા આંજો તેજ, ને ઉતરો અમ નયનદ્વાર દ્વારા હ્રદયમાં, પછી પરસ્પર અમ ભ્રાતાઓને પ્રેરણાએ પૂછવા દ્યો કે " દેશને શાની જરૂર છે ? "

હા....મ્હારું વતન! મ્હારી ભૂમિ! મ્હારો દેશ! * * *

આપનો,

પ્રવાસી.

"* * *ની વાટયે:"
મંગલવાર:
રાતના નવે.

આત્મબન્ધુ !

પાષાણુને પણ પીગળાવનારો, ત્હારો કફોડી સ્થિતિને અંગે લખાયલો કરૂણુરસભર્યો પત્ર મ્હને વખતસર મળ્યો છે. થોડીક પળો તો હું પણ, વાંચીને જડવત્ બની રહ્યો. (જડ પત્રમાં યે ચેતનનષ્ટ કરવાનું આ શું સામર્થ્ય ?) પણ પછી તો (જાણે) એજ પિતાએ પ્રેરણા ઉતારી હોય એમ, અંતરના ઉંડાણમાંથી પડઘો પડયો:—

આત્મશ્રદ્ધા-બળે પંખી ! વિકાસી પાંખ સ્વાશ્રયે,
જા દોરે દેવ ત્યાં વ્હાલા ! જો આત્મોન્નતિને ચહે.

આમાં કેટલું સત્ય છે તે તું જો, ને મ્હને જણાવ, પછી મનનું સમાધાન થશે અને મ્હને શ્રદ્ધા છે કે આત્મશાંતિયે પણ.

ભાવના વિશુદ્ધ છે ત્હારી-ભાઈ! લક્ષ્મીના લાડકોડમાં તું નથી ઉછર્યો, ને નથી ઉછરતો એજ ઠીક છે, પ્રભુને અંકે પડેલો તું, કેમ જાણ્યું એ પિતા ત્હારી સંભાળ નહિ લેતો હોય ?

નાસીપાસ થવાનું કશુંજ પ્રયોજન નથી; પ્રયત્ન કરનાર કશુંજ ગુમાવતો નથી, દેખીતી રીતે નહિ, તો સૂક્ષ્મ રીતે પણ

કાંઇ નહિ ને કાંઈ નવું પામે છેજ; તું આ નથી સમજી શકતો ? સમય સાધિ થોડીવાર એકલો થા, મનને શાંત કર, સ્વસ્થ કર, અને સ્થિર થા: પછી સમાધિસ્થ થઇને ભિતર ભાગમાં સૂક્ષ્મ ચક્ષુથી જો-દુ:ખનાં વાદળાંમાં રૂપેરી દોરો નથી જણાતો ? " લાખો નિરાશામાં અમર આશા છુપાયલી " નથી ભાસતી ? વિશુદ્ધભાવના, આત્મશ્રદ્ધા, અને પવિત્ર સત્વને શા સારૂં ત્હારાં પોતાનાં (પૂર્ણ) કરતો નથી ? એ ત્રિપુટી વડે શા સારૂં લોકોને ત્હારામાં ખેંચતો નથી ? લોકોમાં તું ખેંચાય એ નબળાઈ કોની ?

છો લોકો ભૂંડું લવે, છો સંસારનું કુડું પડે; ત્હારે લોકોને પૂછીને પગલાં ભરવાનાં છે ? ત્હારે લોકરૂચિને માન આપવાનું છે ? ત્હારે લોકોના વ્હાલા બનવાનું છે—પ્રભુનાં સંતાનોના નહિ ? લોક એક બાજૂ છે, આપણે બીજી બાજૂ છીએ (જો કે પરિણામે તો સઘળાં એકજ છીએ.) અને તેથીજ ભાઈ! " ભૂલી જતાં શીખો " સ્વાશ્રયે, એક પગે અડગ ઉભા રહેતાં ટેવાઓ; મનુબાલકે રચેલી સ્વ સૃષ્ટિમાં મનુબાલકનો ડર શા સારૂં ? ડર રાખો પ્રભુનો-પ્રભુરચિત સૃષ્ટિને માન આપી એમાં વસનારાંનાં; અને કર્યાં જાવ આરંભેલું અનુકરણીય-પવિત્ર કાર્ય, વ્હાલામાં વ્હાલા પરમાત્માના પ્રવાહમાં વહેતાં, વ્હાલામાં વ્હાલો તેનો સ્નેહ પામી, ઋણ મુક્ત બનવા, ભોગ આપ-ભાઈ! **ત્હારી વહાલામાં વહાલી વસ્તુનો:** છોડી દે જગતની વાયકા, તોડી દે દેહના તાર, હોમીદે હવનમાં મોહને, મૂકી દે માયાનો મિથ્યા ભ્રમ, અને ઝીલતો રહે આત્મ ઝલક; પછી પ્રયત્ને થતી કૃતિ ફળો કે ન ફળો, ધાર્યું થાવ કે ન થાવ, જીવન ટકો કે રહો,

ન હો તમા ત્હેની ત્હને–ત્હારે શું ? તું કોણ ? બાળી દે **નિમિત્ત** અને **નામનાની વાસના**, ને પછી જો કે તું કોણ ? વિજય કે પરાજયમાં પછી ગમગિની થવાનું કશું કારણ નથી રહેતું.

અને જેને ત્રિભુવન વન્દી રહ્યું છે, એ ત્રાતા અન્યાયી છે ? નિસ્પૃહી છે ? શા સારૂ એવો સ્વપ્નેય ખ્યાલ હોવો ઘટે ?

પ્રિય ! પ્રત્યેક બાબત **એની** ઇચ્છાને અધિન કરી, ડગલે ને પગલે વર્તનની યોગ્યતા જાળવતાં અને રાખો છો એમ નીતિને નિર્દોશ રાખતાં, વફાદારીથી ફરજ બજાવતાં સમાજને ઉપયોગી થયાં જીવ–વિશેષ શું ? મ્હારા ગુરૂએ આપેલાં ગૂઢ સૂત્રો પૈકી, પ્રસંગ જોઇ થોડાંક ત્હમને મોકલું ?—

" Nothing lies impossible under the whole Universe but it's only that men's minds are not determined. Seek within thyself that ye want, and everything shall meet thee.... Trust in the Lord, with all thine heart, and lean not on their own understanding in all thy ways acknowledge Him...He shall direct thy paths "...

પાછો પત્ર લખજે.

સ્નેહાધીન,

પ્રવાસી.

“ * * ની હવેલી.”
૩૦ : ઑગષ્ટ : ૧૯—
સાયંકાળ.

પૂજ્ય ગુરૂશ્રી !

પત્ર અહૂર્યો મળ્યો, અને અહૂર્યો મળ્યો છતાં અધૂરોજ લાગે છે–અધૂરો ત્હોય મધૂરો છે. અધૂરો એથીજ કહું છું કે ત્રણ ત્રણ વાર વાંચતાં તૃપ્તિ થતી નથી, અને આમ અતૃપ્તિ છતાં અંતરને ઉંડૂં આશ્વાસન મળે છે, આત્માને શાંતિયે પણ: ત્યારે આ તે કેવી કોટિનો કાગળ ?

લખો છો કે “ભાવ અધૂરા નથી, સાધન અધરાં છે,” અને આપનામાં મ્હને શ્રદ્ધા છે એટલે સ્વાભાવિક રીત્યેજ સ્વીકારી લેવાય છે કે “સાધનને સંપાડવાર્થે સાધના કરતા યોગીઓ ઉછરે છે;” આપના આ શબ્દો ફળેલા જોવા હું અતિ ઇન્તેજાર છું; ત્યાં સૂધી મ્હારૂં અસ્તિત્વ રહેશે ?

બાકી એકડાપર મીંડાં ચઢાવાનું તો ક્યારનું યે ચાલૂ થઈ ચૂક્યું છે. “એકડાને અંગે શૂન્યોની કિમ્મત ઘણી છે” આપનું આ વાક્ય મ્હને ઘણું ગમી ગયું છે + + હવે આજ વળી એક બીજી વાતમાં ઉતરૂં, ને તે એ કે, અહીં ઘણા એકડાઓએ (!) મળીને શૂન્ય (?) ને કાષ્ટપુતળાવત્ નચાવ્યા જેવું નાટક ભજવાયું હતું !

હકીકત એવી છે કે, ગઈ કાલે અહીં "પાસ્ટ ઍન્ડ પ્રેઝન્ટ સ્ટુડન્ટ્સ" તરફથી "સોશિયલ ગૅધરિંગ" હતી. "ગૅધરિંગ"ના ઉત્પાદક, ઘણું કરીને, કૉલેજમાંથી–રજા ભોગવવા વતનમાં આવેલા કૉલેજીયન્સ હતા: અને આ'વા છોટા ગામમાં ગૅધરિંગ જેવી લીલા પહેલ વહેલી હોવાથી આખું ગામ એમાં ભાગ લેવા (સબ્સ્ક્રીપ્શન ભરવા) આકર્ષાયું હતું; પૈસા સારી રકમમાં ભેગા થયા, અને 'ગૅધરિંગ' સંતોષકારક રીતે ઉજવાઇ; તેમાં ભજવાયલા 'ડાયલોક' પૈકી એકે, મ્હારૂં ધ્યાન ખાસ ખેંચેલૂં તે આપને નિવેદન કરૂં:—

એક શિક્ષક, એક વકીલ, એક ડૉકટર, એક વે'પારી, એક પોષ્ટ માસ્તર, એક રેલ્વે સરવન્ટ, એક ઇન્જીનિયર, એક લેખક–(નહિ, પણ–ઍડિટર) અને એક ટ્રાન્સલેટર: આમ સામટા પાત્રો ક્રમવાર પ્રવેશ કરતા હતા, અને એક બાંજૂ છેલ્લી પરીક્ષામાં બી; એ. ની ઉપાધિ મેળવેલો એક 'ગ્રૅજ્યુએટ' ગોઠવવામાં આવ્યો હતો.

નવા 'ગ્રેજ્યુએટ'ને કયો માર્ગ (લાઇન) લેવો, તેની એકદમ ગમ પડતી નથી, ત્યારે **શીક્ષક બનવાના ઉદ્દેશથી–પોતાના ઓળખીતા એક શિક્ષકની સલાહ** પૂછે છે, શિક્ષક આપવીતિના અનુભવે રોદણાં રડી, શિક્ષકની નોકરી–ભૂલ્યે ચૂકે પણ ન લેવાની શિખામણ આપતો દૃશ્ય થાય છે, લુખી ફિલસૂફીના ભ્રમમાં પડેલા ભલા આદમી (ગ્રેજ્યુએટ) એ કારણ માગ્યાં, ત્યારે શિક્ષકે જે કારણ રજુ કરેલાં, તેમાંની વાનગી આ રહી:—

"પગાર થોડો, ને ઉપાધિ જબરી, જે આવે તે, અમલ-
"દારપણાના પૂરા (!) વજનથી પૂરો અમલ ચલાવે, જડબેસ-
"લાક" બજાવે, સૂક્ષ્મદર્શકવડે–ઝીણામાં ઝીણી કસુરો કાઢે, કશું
"કહેવાય નહિ; ઉપરીની સમજ ફેર થતી હોય, ત્હોય મ્હાંય
"ટાપશી પૂરાય નહિ, પૂરીએ, તો રિપોર્ટ આવે, મોતીનાં પાણી
"ઉતરવા વખત આવે, ને પાણી ઉતરે તે ઉતરે; પાછાં ચઢેજ
"નહિ–ધોળાં પળિયાં આવે, ત્યારે વળી હેડ માસ્તરનો ચાન્સ
"આવે, પણ ત્યાં સુધીનો સમય ગાળવો એ કામ બી. એ. થ-
"યેલાનું નથીજ. સ્વતંત્ર મગજ, સત્યવક્તા થવાની ટેવ, અને
"વિદ્યા જેટલા બળની અજમાયશ અહીં અમલમાં મૂકી શકાશે
"નહિ, * *" ઇ૦ શિક્ષકના સંભાષણથી ગ્રેજ્યુએટ ગુંચવાય
છે, અને "ન્હાનાં બાળકોનાં કોરા કાગળ જેવાં હૃદયમાં સુસંસ્કાર
ભરવાના આડંબરી હેતુવાળા ગ્રેજ્યુએટ આ વિચારને પડતો મૂકી
"ત્યારે શું કરવું ?" એમ નીચા નમાવેલા શિરવાળા લમણે
હાથ દઈ વિચારમાં પડે છે, અને એટલામાં તેનો મિત્ર–એક
વકીલ મળે છે, અને વકીલની સલાહ પૂછે છે. પ્રત્યુત્તરમાં વકીલે
શું જણાવ્યું ?:—

"જાણું છું કે ત્હમે મ્હારા મિત્ર છો; પણ ધંધાને અંગે
"નહિ, (નવરા પડીએ ત્યારેજ) અને તેથી સલાહ આપૂં તેના
"બદલામાં મ્હને પ્રથમ ફી મળવી જોઇએ....કરૂં શું ? સ્થિતિજ
"એવી છે કે કોઈનું મફત કામ કશુંજ કરી શકાતું નથી ! ખરૂં
"છે કે કેઇસીઝ ઘણા આવે છે—અરે ઘણીવાર જડ્જને 'હેલ્પ-
"રની વૉન્ટ' પડે છે, છતાં હજૂ અમારા કયા ભવના શાપે
"કોણ જાણે 'ગુરૂ દક્ષિણા' જેવી ફી રહી છે! જે ને તે 'ફૂલ

" નહિ તો ફૂલની પાંખડીજ બોલતા ને બતાવતા નજરે ચઢે છે
" અને જે ફરી મળે છે, એવી વર્ષોનાં વર્ષો સુધી (જો માનીએ
" તો) પરમાત્માને ફરી ભર્યાં જઇએ, ત્યાંસુધી કેસને અંગે કરેલાં
" કાળાં ધોળાં, અને ખરાં ખોટાંના પાપથી છૂટી શકીએ એવૂં
" લાગતું નથી. મારા મિત્ર! આ તો મ્હેં મ્હારી 'હીસ્ટ્રી' કહી,
" પણ તેમાં તમને શો લાભ? અથવા ત્હમારા સંબંધી મ્હારે
" કેવી સલાહ આપવી એ એક નોખો પ્રશ્ન છે. કેમકે ત્હમારા
" જેવા દેશહિતચિન્તકે 'વકીલ' થવાની ભાવના સરખી–અરે
" સ્વપ્નમાં પણ શા વાસ્તે રાખવી જોઇએ? કહેશો? વકીલની
" જરૂર ક્યારે? જ્યારે કામ કોર્ટે ચઢે ત્યારે; તો આપસ
" આપસમાં ટંટો થાય, લ્હેણા દેણામાં ગોટાળા વળે; પરસ્પર
" અવિશ્વાસ ઉઠે અને કુસંપ થાય, ત્યારે વકીલને શોધવા દેશવાસી
" નીકળે: તથાપિ ત્હમારા જેવાને દેશ માટે આવી ભાવના રાખવી
" એ ઉચિત છે? દેશમાં વકીલોની વૃદ્ધિ કરવી, એ કરનાર,
" દેશનું હિત વાંચ્છે છે કે અહિત? * * "

આમ, ગરીબ 'ગ્રેજ્યુએટ' ને ચોભીલો પાડી, વકીલ ચાલ્યો જાય છે, ત્યાર પછી ડૉકટરનાં દર્શ થાય છે, અને ડૉકટર એની દાદ શ્રવણ કરે છે; માત્ર એટલુંજ નહિ, પણ પોતાને છાજતી નહિ કિન્તુ રૂચતી સલાહ આપે છે તેનો થોડોક નમૂનો:–
" ડૉકટર થવું એટલે દેશને રોગી બનાવવો! સાહેબ! આપ
" જેવાને ડૉકટર થવાની વાંચ્છના વાસ્તવિક નથી. જાણો છો કે
" ડૉકટરની જરૂર તો ત્યારેજ પડે, કે જ્યારે દેશમાં પ્રજા પીડા
" પામતી હોય. પણ દેશને માટે એવી ભાવનાજ શા વાસ્તે
" જોઇએ? બાકી હા; અમારો ધંધો છે તો મઝાનો, તો પણ

" કહેવું જોઇએ કે 'ડેલી કેસીસ' ની 'પ્રેકટીસ' માંથી મોટી
" મૂડી ઉત્પન્ન થવાની નહિજ. એ તો જ્યારે આંખો મીચીને
" ( ) એવાં–સર્ટિફીકેટ લખવાનું, કે કોર્ટમાં સાક્ષી પૂરાવા
" આપવાનું રાખીએ તોજ ટટ્ટુ નભે. નહિતો ઘણાં ડહેલાં ધૂળ
" થી મેલાં થયલાં રહે છે: * * * "

પછી, " પાજી (જંઈ=પૈસો) ની પેદાશ નહિ, ને ઘડીની નવરાશ નહિ; ખોટી ખુશામતો કરી માન ખટાવવાં, હડકાયલા કૂતરા જેવો અવતાર ભોગવવો, અને માલના વેચાણ સાથે પ્રસંગોપાત્ ધર્મને પણ વેચવો એ કર્તવ્ય વેપારીએ પોતાનું પ્રતિપાદન કરેલૂં, ઉપરાંત " વેપાર એટલેજ અસત્ય " નો મહામંત્ર પણ ઉમેરેલો ! અને તેથી, ભલા ગ્રેજ્યુએટને જો કે સ્વભાવથીજ વેપાર પર તિરસ્કાર હોય એમ જણાતો હતો, છતાં " તીર નહિ તો ટપ્પો " એ ન્યાયે વળી સલાહ માગેલી ત હવે, આ ધંધો પણ મૉળો લાગ્યો એટલે વકીલ, ડૉકટર અને વેપારીની લાઇનને નવ ગજથી નમસ્કાર કરી "ગ્રેજ્યુએટ" પોષ્ટ માસ્તર અને રેલ્વે લાઇન પર નજર દોડાવે છે તો ત્યાંથી આત્મ વિકાસ ન થવાની દેહેશત, જોઇતી સ્વતંત્રતા ન મળવાની સૂચના અને થોડા પગારમાં કામનો બોજો ભારે હોય એવી સંજ્ઞા મળે છે; બાકી રહેલા ઇન્જીનિયર, એડિટર અને ટ્રાન્સલેટર પૈકી ઇન્જીનિયર તરફથી અશાન્ત જીવનજ જન્મ પર્યંત વહન થવાની સ્પેશિયલ સૂચના મળતાંજ 'ગ્રેજ્યુએટ' ભડકે છે અને એડિટ રની સલાહ માગે છે. " આર્યાવર્તમાં માસિકો અને વર્તમાન પેપર્સનાં માન હવે નથી રહયાં, લપડાકે મ્હોં લાલ રાખવું હોય, ઘરનું ગોપીચન્દન ગુમાવવું હોય, કોરા કાગળ ઉપર કાળા અક્ષર

પાડવા હોય (!) અને ' મનિ ઓર્ડર ' માં દરિયાવ દિલ રાખી તરવારની ધારપર રહેવું હોય, તો " પત્રના તંત્રી બનવા લલચાવું; સિવાય નહિ " પ્રસ્તુત જવાબ મળતાં ' છટ ' કહીને " ગ્રેજ્યુએટ " અનુવાદકની ઓથ માગે છે. અને ત્યાંથી વગર વિલંબે કે વગર સંકોચે સેકડો જવાબ મળે છે કે મ્હાય તેવું લખાણ લખો, ગમે તેવા સારા પુસ્તકનો સારો અનુવાદ કરો પણ બુકસેલર્સ ફરમા દિઠ બે રૂપિયાથી વધારે આપવાનો નવો રિવાજ પાડશે નહિ, મ્હને જો કોઇ બીજી બ્હારી કમાવાની બતાવે તો લખવા કરવાનું ભૂલી જાઉં–અરે જળ મૂકું." ઇ૦ અસરકારક શબ્દોથી ' ગ્રેજ્યુએટ ' નું મન ઘણું ગમગિન બનાવે છે અને છેવટ ' ગ્રેજ્યુએટ ' એકલો પડે છે ત્યારે " શું કરવું ? " એની વિમાસણમાં પડે છે, એટલામાં એની પત્ની આવે છે. અને સ્વામીને શોક-નિમગ્ન જોઈ, તેમ થવાનું કારણ પૂછતાં, તે નિવેદન કરે છે. પત્ની જવાબ વાળે છે કે ઘરમાં દંપતી માંથી ગમે તે એક જણ કમાશે એટલે પત્યું. તેમાં આટલો બધો બળાપો શા સારૂં " વગેરે તિરસ્કારયુક્ત શબ્દોથી સ્વામીને માર્મિક પ્રહારે (બળતાને) બાળતી ઘેર લઇ જાય છે. અને આ પ્રમાણે પ્રસ્તુત સીનનો અંત આવે છે.

મહાશય! આર્યાવર્તની સામ્પ્રત સ્થિતિનું રેખાદર્શન કરાવવામાં ' ગેધરિંગે ' જે ચાતુર્ય વાપર્યું છે, તે ખરેખર ખેંચાણ-કારક છે, અને તે માત્ર ખેંચાણ કારકજ! શું આ સીન પૂર્ણ છે? ' ગેધરિંગે ' આટલુંજ કરવું જોઇતું હતું! વકીલ, ડોકટર, વેપારી, એડિટર, અને શિક્ષક વગેરેની વિટબંણા વિદિત કરવામાં આવી, એ કેટલેક અંશે નહિ પણ ઘણે અંશે વાસ્તવિક હોય

એમ હું પણ સ્વીકારીશ: તથાપિ વાસ્તવિકતા દર્શાવતાં તેઓ ગોથું ખાઇ ગયા નથી! મનના સમાધાન માટે મને પૂછવાદો કે પ્રસ્તુત 'સીન' ની રચનાથી જે રહસ્ય તારવી કાઢવા જેવું છે, તે આટલું કે તેથી જ્યાદે ?–" આજ કાલનું કેળવણી ખાતું, એટલે સરકારી નોકરો તૈયાર કરવાનું ખાતું, અને તે પણ તૈયાર થયેલા નોકરોને સ્થાન મળવાના વાંધા અને સાંસા!" (આથી જાસ્તી હોય તો તે જણાવશો) અને જો આપણા આર્ય બન્ધુઓનાં ભેજાંમાં આવુંજ ભૂત ભરાયું હોય, તો એક રીતે તેઓની ભૂલ નથી? અથવા એક તૈયાર થયેલા ગ્રેજ્યુએટને આટલી બધી મનની નબળાઇ શા વાસ્તે જોઇએ! અને 'પોપટીઆ' જ્ઞાને રાતની રાતો વિતાવી, નદીને કિનારેથી ઉતરી, ઉપાધિ લેનાર માટે જેમ કહેવામાં આવે તેમ મૂંગે મુખે કબૂલવા જેવું ખરૂં: નહિતો ગ્રેજ્યુએટ **મગજના** નહિ, પણ ગ્રેજ્યુએટ **હૃદયના** માટે કયો માર્ગ મોકળો નથી ? ભલે વકીલ બનવાના કોડ હોય તો તે **ગોવર્ધનરામ** જેવાનેજ કાં ન પૂછે ?

અને ડોકટર બનવાની અભિરૂચિ હોય તો **આનન્દીબાઈ** જોષીનીજ સલાહ શા માટે ન લે ? શિક્ષક બનવું હોય, તો એથી ઉત્તમ માર્ગજ કયો છે ? એક દેશમાં તો શિક્ષકનોજ મોટામાં મોટો હોદ્દો ગણાય છે, અને તે બાલકોનાજ શિક્ષક તરીકેનો ! સિવાય આર્યાવર્તમાં ભલે હજુ ગાડાં ભરીને પત્રો પ્રકટ થયા કરે, તો પણ શું સાહિત્યની–ખરા સાહિત્યની સમાજમાં ખોટ પૂરાઈ છે ? ત્યારે આમજ સર્વ માર્ગો પ્રાય: સારા નથી ? ડોકટર તરીકે ઓછી આશિષ મેળવાય તેમ છે ? અને એજ રીત્યે વકીલ કે લેખક ઈ. માટે પણ કેમ નહિ ?

કોણ કહે છે કે એ માર્ગ સંકૂચિત, અસત્યાચરણી અને દાંભિક છે! અરે આર્યાવતમાં જ્યારથી વ્યાપાર હુન્નરકળા નષ્ટ થવા લાગી, અને માત્ર દેખાદેખી જુના ધંધા પર જ મરામત કરી રગશીયાં ગાડાં ચલાવવા માંડયાં ત્યારથી દેશના વેશ પલટાયા એમ કેમ ન કહી શકાય ? ' ગેધરિંગ ' એમ કહેવરાવવા માગે છે કે દેશને કશાની કદર નથી ? દેશને કશાની કદર નથી કે કદર થાય તેવું દેશીઓમાં દૈવત નથી ? કોણ કહે છે કે સારા લેખો નથી સત્કારાતા ! કોણ કહે છે કે સત્યાચરણી સ્વચ્છ અને સરસ વ્યાપારમાં વેપારી નથી પોસાતો ? અને એમજ પ્રત્યેકમાં: પ્રસ્તુત વિષય પરત્વે આપનું મત લખશો.

વિ. ' ગેધરિંગ ' નું ખર્ચ બાદ કરતાં બસો રૂપિયાનો આશરો વધેલો, તેના આધારે ' નાઈટસ્કૂલ ' ની સ્થાપના કરાવરાવી છે. તે જાણીને ખુશી થશો, આ સ્કૂલમાં વેપારી વર્ગના છોટા મ્હોટા તમામ ભાગ લઈ શકશે: અને તે ફી સિવાય: ફંડ ખોલ્યું છે એટલે નાણાં આવશેજ એવી વકી છે.

" નાઈટસ્કૂલ " સંબંધી વિશેષ માહિતી હવે પછીના પત્રમાં અ.પીશ, ઉપરાંત કોલેજીઅન સાથે ભળીને કરવા માંડેલી અન્ય પ્રવૃત્તિઓએ પણ:

પત્રાભિલાષી
આપનો,
પ્રવાસી.

રાજનગર : '
૨ : સપ્ટેમ્બર : ૧૯-
સમીસાંજ.

બન્ધુ !

આજ મળેલા કાર્ડમાંનો વિષય મહત્ત્વનો છે. છે કાર્ડ, પણ વસ્તુસ્વરૂપ વિશાળ છે, અને આવાંજ બીજાં કામમાં હમણાં મચેલો હોવાથી તેનો પૂર્ણાંશે જવાબ વાળવાની તક લઈ શકું એવી સ્થિતિમાં નથી, અને તેથી આજ કરકસર કરી, થોડાક મેળવેલા વખતમાં તમને સંક્ષેપમાં લખવાનું લખીશ. સંક્ષિપ્તમાં લખીશ પણ સ્પષ્ટ લખીશ, અને મ્હને અનુમાનવાનું કારણ મળે છે કે, ત્હમને તેથી સંતોષ (શોધશો તો) જડશે.

ભાઈ! કહેશો ? સોની શાને તપવે છે ? સુવર્ણને : નહિ લોખંડને! અને આમજ ઈશ્વર કસોટીપર કોને ચઢાવતો હોય ? ત્હેને જે ગમ્યાં હોય, કે ગમતાં હોય ત્હેને: નહિ બીજાંને: તો પછી વિમાસણ કરવાની ક્યાં રહી ? ' જેમ ઘસાય, તેમ ચન્દન વધારે બહલાય છે ' એને પગલે કાં ન પળવું ? ખરૂં પુરૂષાર્થ, આત્મબળ અને મક્કમપણું આ'વે વખતેજ તરી આવવાનું; વા વંટોળિયાં ભલે ચોગમથી વાય, વૃક્ષ પેઠે અડગ રહેવામાંજ મઝા છે, જોયા કરો, વિષમ સંજોગોથી નિરાશ નહિ થતાં તેને હસો-હસી કાઢો, અને મંડયા રહો ત્હમારા આરંભેલા કાર્યમાં.

ભાઈ ! ત્હને આટલો કોમળ ન હતો ધારતો, હજુ તો ક્યાં ? આતો મંગળાચરણ છે, પ્રથમજ પગરાણ છે. અને ખરૂં છે કે નવા અનુભવમાં ઘડાતાં ઘડીભર ભય ભડકાવે, શંકા અકળાવે અને બેફામ પણ બનવા વારો આવે: પણ હવે ભાર દઇને જણાવું છું કે વધારે સાવધ રહેવાની, વધારે દઢ રહેવાની, અને વધારે સહનશીલ સાથે એટલાજ કર્તવ્યપરાયણ બનવાની ખાસ આવશ્યક્તા છે. સર માધવરાવ ખરૂ કહે છે:—

"Let me warn you, that the world you are "about to enter is by no means as smooth and beauti-"ful as the pencil of youth and hope may have pictu-"red it to your imagination. In reality, it is full of "divergencies, difficulties, disappointments, and dangers. "× ×" And my Brother! besidethis, false lights "will often misguide you, powerful temptations will "lure you, unexpected obstacles will stop you, new "problems will perplex you, envy, jealousy, pride, "and causeless antipathies will assail you. But it is "hoped that the knowledge and virtue which have "been imparted to you heretofore and which you will "strengthen herafter often by self-education will conduct "you, safely and successfully through the world "before you."

પ્રતિકૂળતાને લાવનારી શક્તિયો વિકાસક્રમમાં ઘણી જરૂરની છે એ સ્મરણને જરાયે જુનું ન થવા દો. અને સમય સાધિ; બને તેટલી ધીમી ત્વરાએ વિચારોને અમલમાં મૂકો. ખરૂં તો

મ્હને એજ લાગે છે કે, ત્હમે જેઓને વિઘ્નસંતોષી તરીકે ઓળખાવો છો, તેઓ તો માત્ર નિમિત્તજ વ્હોરી લેનારા છે. બાકી પ્રગતિમાં સામ્પ્રત પ્રવૃત્તિયોમાં, અને પ્રશંસાપાત્ર ત્હમારી–કહો કે આપણી કૃતિયોમાં ઝાંખરાં ઝીટનારા જુદા છે– અને તે બીજા નહિ, પણ પંચાયતો: જ્ઞાતિના કહેવાતા પટેલો, સંપ્રદાયમાં પૂજાતા ગુરૂ મહારાજે, ચપટી ચોખા અને પૈસાના ભૂખ્યા મન્દિરમાં બૈરાં આગળ કથા કહેનારા જોષી પૂરાણીઓ, અને આથી આગળ ધપીએ તો સંકૂચિત દૃષ્ટિથી જોનારા સાંપ્રદાયિક કે જ્ઞાતિના વાહિન્ત્રોરૂપ પત્રકારો, એક તરફી ઈન્સાફ આપનારા અમલદારો, અને મોટાના તેજમાં તણાતા ગૃહસ્થો: માટે પ્રથમ તો આપણે તેમના સ્હામે ભાથું બાંધવાનું છે– અન્યત્ર નહિ. અને જ્ઞાતિબંધારણ મજબૂત થાય, જ્ઞાતિ, સ્વસ્વરૂપથી જ્ઞાત થાય, સંપ્રદાયો વચ્ચે એકતા થાય, દેખાદેખી નહિ, પરન્તુ પ્રત્યેક વ્યક્તિ નવા નવા હુન્નરઉદ્યોગ અજવાળામાં મૂકતાં શીખે, અમી, પ્રેમ અને સ્નેહના પાઠો શીખે, અને કઢંગા રીવાજો નષ્ટ થાય તો ઉન્નતિ કાંઈ આઘી નથી.

શુભેચ્છક

પ્રવાસી.

"સેવામન્દિર."
૩ : ૯ : ૧૯–
રાત્રિ : નવે.

શેઠ સાહેબ !

ઠાવકી સલાહ આપી, વેગળો રહેનારો આપનો સુન્દર કાગળ મળ્યો; માફ કરશો, દયા, દાન અને દીનતા એ વાણીમાંજ માત્ર નથી રાખવાનાં, અને તેથી હું આ પત્રને સુન્દર કહું છું–પત્રને, નહિ એના આત્માને : વિનય અને વિવેક એ લક્ષણો જે પત્રમાં ઉતારવામાં આવ્યાં છે, એ કેવળ સાંસારિક વ્યવહાર પૂરતાંજ મને લાગે છે અને તેથીજ હું આપને મન કદાચ કઢંગો ભાસીશ. ભાસો કે ન ભાસો, મને તેનું કશુંજ નથી; પત્ર લખ્યો છે; તો ત્હેનો વાસ્તવિક જવાબ વાળવા હું લલચાયો છું.

શેઠજી ! "આમ હોવું જોઇએ, આમ કરવું જોઇએ, આમ હોય તો સારૂં" આ બધું આપ કોને સૂચવો છો ? અથવા સૂચના આપવાનો આપનો હક્ક કેટલે અંશે અને કોના પ્રત્યે છે–એનો કાંઇ વિચાર કર્યો હશેજ ! હું આમ લખી એમ કહેવા નથી માગતો કે "મ્હને કહેવાનો આપને હક્ક નથી." માત્ર અધિકાર, કૃતિ, અને ફરજ એ ત્રિપુટીનો સામાન્ય રીતે સઘળી વખતે વિચાર કરવો એ ડહાપણ ભરેલું હોય એમ મને લાગે

છે ? ઉદાહરણ આપું તો, ઉછેદીઆની દોલત, કે દાદાના દાદાની કમાણીથી એકઠી થયેલી દોલત, અથવા આ'વા કોઈ અન્ય માર્ગેથી મળી આવેલ દોલતના ખજાનાને સંભાળવા માટે જેનો જન્મ છે, અને સારો-સમયજ દોલતની ચોકી પાછળ જે વહન કરે છે, એવા એક રખેવાળને, સામાજીક સેવા અદા કરતા સ્વયં-સેવકોને સેવાના અવનવા માર્ગો દર્શાવવા પૂરતું જ્ઞાન હોઈ શકે ? અલબત ! બુદ્ધિ પહોચી શકે, તથાપિ વાતાવરણ; સંસ્કાર અને સંજોગોપર ધ્યાન આપવા જેવું છે-અર્થાત્ ઉપર વિદિત કરવામાં આવ્યો, એ કોટિનો એક રખેવાળ, કે જે, કહ્યું એમ હમેશાં દોલતના દરબાર આગળ દરબારી તરીકેની ફરજ બજાવ્યાં જતો હોય, અને તે ઉપરાંત, મોટી મોટી જમણવારો કરી કીર્તિ મેળ-વવા પાછળ, લગ્નને અંગે લાખો રૂપિયા (દારૂખાનું-ફીસ્ટ, ઈ.) ખર્ચી "વાહવા" મેળવવાની આતુરતા પાછળ, વતનીને રઝળતા મૂકી, જાહેર પેપરોમાં નામ છપાતાં ખોટાં માન ખાટવાનાં મળે, એની ખુશામતોની ખાતર મોટી મૂડીની સખાવતો કરવા પાછળ, નાટય પ્રસંગોમાં, ટીપાર્ટી અને ઈવિનીંગ પાર્ટી જેવા મેળાવડામાં, ધર્મગુરૂ-મહારાજોને નજરાણાં ભરવામાં, જ્ઞાતિમાં લ્હેણાં લ્હાવા-માં, અને વર્ષે દહાડે નવાં નવાં મકાનો, દુકાનો, અને જમીનની લેવડદેવડ ઉપરાત, ગરીબને વ્યાજે પણ નાણાં નહિ ધીરતાં લોન, શેર જેવી 'લોટરી'માં મોટી રકમ રોકવા પાછળ જેનું સતત્ સ્મરણ ચાલતું હોય, તેને સામાજીક સેવા માટેના સરલ માર્ગો શોધ્યા પણ શાના જડી શકે ? અને ન જડે, તો સલાહ પણ શી સારી આપી શકે ? અને આમ હોય, તો પછી તેઓ બીન હકકે, અજાણ્યા વિષયમાં માથું મારનારા કેમ ન કહેવાય ?

શેઠજી ! શું તમે કે શું હું, કે સઘળાય-સૌ સૌની સીમામાં શોભે, (અને સૌ પોતપોતાના ગૃહનાજ રાજા હું તો માનું છું.)

ત્યારે આતો એક ઉદાહરણ માત્ર આપ્યું છે, બાકી આપ મહાનુભાવના માટે મારા જેવો મનુબાલક કશોજ મત ન બાંધી શકે.

શેઠજી ! એટલું તો મને પણ સમજાયું છે કે હવે સામ્પ્રત-કાળનો શિક્ષિતવર્ગ જે કહેવાય છે, તે દેશોન્નતિની યોજના સંબંધી ચર્ચા ઉપસ્થિત કરે છે, તથાપિ જો હું ભૂલતો ન હોઉં તો રંધાતા ચોખામાં આવતા ઉભરાની પેઠે પાછી એટલાજ જોરથી ચર્ચા શમી જાય છે, નથી કોઈ આગળ ધપતું, કે નથી કોઈ ધપનારને ટેકો આપતું : તો પણ એટલું તો મ્હારે કબુલ કરવુંજ જોઇએ કે સલાહકારોની સંખ્યા બ્હોળા પ્રમાણમાં હવે બ્હાર પડી છે ખરી. (પછી સલાહમાં સત્વ હોય, કે કેવળ નિચોવેલા કુચાજ માત્ર !) પણ આ નવો નીકળેલો વર્ગ તો હવે એમજ કહે છે કે આર્યાવર્તને સલાહકારોની જરૂર નથી, કાર્યકારોની છે. અને વળી વધારામાં ઉમેરે છે કે અમે એનીજ સલાહ સાંભળીશું કે, જે અમારા ભેગા સ્વયંસેવક તરીકે ભળી જાય-અને તેનીજ સલાહ સાંભળવાની, પછી અનુસરવાનું તો પાછું વિચારીનેજ.

તો શેઠજી ! આપ જે મંડળ પ્રત્યે લાગણી ધરાવી, સલાહ આપવા અભિરૂચિ ધરાવી રહ્યા છો, એ મંડળ પ્રત્યેની લાગણી, મંડળનાં હૃદયમાં પરિપૂર્ણ ઠસાવવાની ખાતર (ન્હાય તો બીજુ કશુંજ નહિ.) મંડળમાં સ્વયંસેવક તરીકે ન આવી શકો ? અને

મને ખાત્રી છે કે પછી આપની (સલાહ આપવાની) અભિરૂચિ વગર સંકોચે મંડળ ફળાવશેજ. બીડું ક્યારથી ઝડપો છો! આમંત્રણને સત્કારશોજી:

ઘરનેજ સઘળો સંસાર સમજનારા, ગૃહ–સંસારના ષટ્રાગમાંજ દિન-રેન આશક્તિ ધરાવી રહેનારા, અને ગૃહનીજ માયાવી –મોહક લીલામાં રમતાં, મહાન પિતાને ભૂલી ગયેલા એ ધનિકો! જાળ ત્હોડી, કરોળિયા પેઠે–બહાર નીકળો, ચક્ષુ ખોલો, અને જૂવો કે દેશમાં કેટલાં બાળકો ભૂખે, ને તરશ્યે, ભણ્યા ગણ્યા સિવાય, નિરપરાધે અનાથ બાપડાં ઝૂરી ઝૂરી મરી જાય છે! જ્યાં દેશની આવી સ્થિતિ હોય, ત્યાં સલાહ માત્રજ આપવામાં સમયનો વ્યય કરનારનાં કાળજાં કેટલાં કઠોર હશે શેઠજી ! કહેશો? અન્ન પાણી સિવાય જીવ જતો હોય, વિત્ત સિવાય વિદ્યા ગુમાવાતી હોય, માબાપ વિહોણા અનાથ–છાંયા સિવાય મરી જતા હોય, અને નવા હુન્નર કળા ઉદ્યોગો સિવાય સારો દેશ (ખર્ચના ઝાઝા બોજા તળે દબાઈ જતાં) નીરવિહોણા માછલાની પેઠે તરફડતો હોય, ત્યાં, આ સઘળી રચના અવલોકનાર તેઓના રક્ષણ માટે દોડી આવે, કે કિનારે બેસી, ડુબતાને, તારવાની માત્ર મ્હોઢેથી સલાહજ આપ્યા કરે? અરે આ સેવા તો સઘળાંથી થાય તેવી છે, તરતાં બધાનેજ આવડે છે. માટે બુડતાને ન તારે તે શેઠ! શઠ સમજીએ છીએ અમે તો: તરતાં નથી આવડતું, એમ કહેનારા ભળો મંડળમાં અને તરવાનું શીખી શકશો, ધાર્યું હોય તો શું નથી કરી શકાતું? શું અશક્ય હશે? સ્વાર્થ ત્યાગ, સેવા વૃત્તિ, અનુકમ્પા, એકતા, સ્નેહ, અમી, ઉદારતા અને આ’વા આ’વા સૌને મઢી મૂકવા યોગ્ય સદ્ગુણો, તે માત્ર સ-

લાહોમાંજ! મ્હોંમાંજ! કાગળોમાંજ!! શિવ! શિવ! શિવ! "મારૂં વતન, મ્હારા બન્ધુ! મ્હારો દેશ! મ્હારો પ્રભુ! કેટલા છે આ'વી લાગણી ધરાવનારા? ક્યાં છે? જાણતા હો તો બતાવશોજીઃ

ભય રહે છે કે આ પ્રકારના લખાણથી, શેઠજી! હું આપના મનથી ઉતરી જાઉં! અથવા આપને હું મનનો મોળો લાગું, કે મળતાવડો ન ઠરૂં, ગમે તેમ તોપણ, આપ જો શાંત ચિત્તથી વિચારશો, તો સમજી શકશો કે, હમણાં કાર્યકારોની મોટા પ્રમાણમાં જ્યાં સુધી ખામી છે, ત્યાં સુધી, આપ જેવા, લાગણીવાળાઓએ તો તે ખામી પૂરવા મથવાની તક લેવી જોઇએ—નહિ કે સલાહ આપવાની; કેમકે એક વખત એવો આવે, કે સંતોષકારક રીતે સ્વયં સેવકો **તૈયાર** બની જાય, ત્યાર પછી જ્યારે સલાહની જરૂર પડશે, ત્યારે આપણને સલાહકાર મળી આવશેજ, અને એની કાળજી તો આપણા કરતાં પિતાને જ્યાદે છે. ત્યારે હવે, કાર્યકારો બ્હોળા પ્રમાણમાં **તૈયાર** થાય, તો સલાહકાર મળી આવવાની જો શ્રદ્ધાજ છે, તોપછી "આમ કરવું ન જોઇએ, ને આમ થવું જોઉએ" એમ જોઇએ (must) શબ્દથી ફરજ પાડવા જેવી શુષ્ક સલાહ આપવા શા વાસ્તે શ્રમ લેવો તે હું સમજી શકતો નથી; અને જો ફરજ પાડવામાં કશોજ વાંધો ન હોય, તો હ્યોને હું મ્હારી યોગ્યતાના પ્રમાણમાં, મ્હારા દેશબન્ધુઓની ખાતર આપનેજ ફરજ પાડું છું કે, આપની કને જે અઢળક નાણું છે, તેમાંનો નજરમાં આવે એટલો હિસ્સો સામાજીક સેવા ખાતે અર્પણ કરો. આપી શકશો? આપશો, તો એજ બીજ, અમુક કાળે વિસ્તૃત વૃક્ષ રૂપે ફાલશે અને ફળશે, કેમકે સેવા જેવો અન્ય સર્વોત્કૃષ્ટ સન્માર્ગ છેજ નહિ. (ફળની

આશા સરખી તમને જે માન્ય છે તે ગીતામાં રાખવાની ના કહી છે! તેથી તમે કાંઈ અજ્ઞાત છો ?) અને તેને આ શબ્દો સાક્ષી પૂરે છે:—

"They asked a great one, how many ways are "there to god? He said—There are as many ways as "There are atoms in the universe, but the best and "shortest is Service."

તો શેઠજી! *તમારાથી બને તેટલું, બને તેટલાં સાધનોથી બને તેટલે માર્ગે, જ્યાં જ્યાં બની શકે ત્યાં, જ્યારે જ્યારે બને, ત્યારે ત્યારે, અને જેટલાંનું બની શકે એટલાંનું, બની શકે ત્યાં સૂધી ભલું કરો–કરશો? મનુષ્યત્વ જોઇએ તો તે બીજામાં નહિ, પણ આમાંજ રહેલું છે, આત્મ વિકાસ, પ્રભુ કૃપા અને આદર્શ-જીવન ગમે છે? ગમતું હોય તો બીજે ન સોધશો; શેઠજી! આપને આપનામાંથીજ મળશે, પણ તે, છો એવી વૃત્તિથી નહિ, તથાપિ તેથી ઉલટી–એકદમ ઉલટીજ:

મહાનુભાવ! આપનો સલાહવાળો કાગળ, મંડળ સમક્ષ રજુ કરવાની મ્હારી ફરજ–મ્હેં અદા કરી છે, અને એજ રીત્યે, મંડળે જે જવાબ વાળ્યો છે, તે આપને નિવેદન કરવાની ફરજ હું ચૂકતો નથી; તે જણાવે છે કે:—

સલાહ ભર્યો પત્ર મોકલવા અને આપવાની સલાહનો વિચાર કરતાં, લીધેલી તક બદલ, પાશ્ચાત્ય પદ્ધત પ્રમાણે (!) મંડળ આપનો ઉપકાર (Thanks) માને છે; સલાહનો અમલ

---

* "Do all the good you can" નું ભાષાન્તર છે.

તો જાણે ઠીક; તથાપિ તે પરત્વે પૂરતું ધ્યાન પણ ક્યારે ખેંચવામાં આવે, તે સંબંધી સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કેઃ—“આ કરવાનૂં ને આ કરીશ” હમેશાં એવી ગડમથલોમાં ગોથાં નહિ ખાતાં “આ કર્યું.” એવા શબ્દો શેઠજીના વદનકમળમાંથી ઝરવા પામે, હું પૈસાવાળો છું એમ નહિ, પણ મ્હારામાં શું છે? એનો શેઠજી વિચાર કરતાં શીખે, અને આમ હોત, તો આમ કરત–કે કરવાનો હતો; એમ નહિ, પણ જે છે, તે સાધનોથી શું કરવામાં આવે છે? એ જ્યારે દૃષ્ટિગોચર થવા પામે, ત્યારે શેઠજીની સલાહ મંડળના (એમના મનથી લાગતા સ્વચ્છંદી) હૃદયમાં ઉતરશે. અને પ્રસ્તુત વાંચ્છનાઓ ફળે, તેવી મંડળ અપેક્ષા તેમજ ઇન્તેજારી રાખે છે.

રાંક

પ્રવાસી.

મંગલવાર
તા. ૫:
નમતે પ્હોરે.

આત્મદિપક શ્રી માસ્તર સાહેબ!

પત્ર મળ્યું, અને પ્રસંગોપાત આમને આમ પામતો રહું એવી વાંચ્છના છે–ને તે આપ ફળાવતા આવ્યા છો એમ અહોનિશ ફળાવશોજ:

ગઈ કાલે અહીં મેળાવડો હતો, અને ત્હેમાં પ્રાયઃ મ્હારા નિમિતેજ મેળાવડાને લગતી સઘળી વ્યવસ્થા કરાવવાના, કોલેજીયન્સના કોડને માન આપતાં, હું આપને નિયમિત પત્ર લખી શકેલો નહિ; આપને મ્હારે બે બાબત પ્રથમ નિવેદન કરવાની છે, એક 'નાઈટસ્કૂલ' સંબન્ધી, ને બીજી ગાડીમાંની:

'નાઇટસ્કૂલ'માં, મુખ્યત્વે કરીને વે'પારીવર્ગને અને ન્હાનાં બાળકોને દાખલ કરવાનું રાખ્યું છે, શિક્ષણમાં મુખ્ય વિષય ઇંગ્લીશ, અને પછી ઉચું પણ સરલ ગૂજરાતી સાહિત્ય, સાથે ન્હાના ન્હાના હુન્નર કળાદિ ઉદ્યોગો–પ્રયોગ સાથે; આ ઉપરાંત વિદ્યાર્થી વર્ગ માટે ગાર્ફીલ્ડનું જીવન ન્હાના બાળકો માટે બંગાળામાં બહાર પડેલૂં બાલ સાહિત્ય અને વે'પારી

વર્ગમાંથી ભણવા આવતા યુવકો માટે 'અંગ્રેજી વ્યાપારી સીસ્ટમ' વગેરે વાંચવાનૂં હાલ રાખ્યું છે. ધોરણમાં ઘટતો ફેરફાર કરવાનો હક્ક, (ભણનારનાં મન જોઇ, અને સારાના મત માગી,) નીમેલા માસ્તરને અપાયો છે. શિક્ષક જો કે ભાષાનો કેળવાયલો જોઇએ એટલો નથી, તથાપિ હૃદય એનૂં અચ્છું કેળવાયલૂં છે. 'નાઇટસ્કૂલ'ને અંગે ફંડની સ્થાપના થઈ છે; અને આવકના પ્રમાણમાં, શિક્ષણ લેતા અભ્યાસીઓને વર્ષમાં બે વાર મુસાફરી કરાવવાનો નિયમ રાખ્યો છે; સિવાય, રમવાનૂં, ન્હાના ન્હાના પ્રયોગોથી નવી વસ્તુઓ ઉપજાવવાનૂં, ઇનામી નિબંધો લખાવાનું, અને રા. ગોવિંદભાઈ કૃત "ઘરમાં રમવાની રમતો" નામની બુકમાંથી રમતો રમવા વગેરેની જોઇતી છૂટ રાખી છે; હવે આ બધા ઉપરાંત એક ખાસ જે વિષય રહી જાય છે, તે એ કે, અભ્યાસીઓનામાં સ્વદેશ પ્રત્યેની લાગણી ઉત્પન્ન કરાવવી, અને 'સ્વદેશ' એ વસ્તુ શી છે ! એ ચોક્કસ પ્રકારે એઓનાં સંસ્કારી બનતાં હૃદયોમાં ઠસાવવું." આ વિષય માટે જે શિક્ષક જોઇએ તે આપ તૈયાર હોય, તેમાંથી એક અત્રે વેળાસર મોકલાવી દેશો. ત્યારે "નાઇટસ્કૂલ"નું દિગ્દર્શન આ રીતયે પૂરૂં થાય છે. વિરમતાં, ગેધરિંગ કરનાર કોલેજીયન્સનો ઉપકાર માનવાની તક લઉં-કેમકે "નાઇટસ્કૂલ"નું ઉત્તપત્તિ કારણ તો એજ છે.

આ'વીજ કોઈ બીજી પ્રવૃત્તિનું મંડાણ મંડાવાના હેતુથી, ખાનગી ચળવળ ચલાવીને, 'નાઇટસ્કૂલ'ના મકાનમાં એક જાહેર મેળાવડો કાલે ભરવામાં આવ્યો હતો; પણ દિલગીરી સાથેજ જણાવવું પડે છે કે ગામના અગ્રગણ્ય ગણાતા સદ્ગૃહસ્થો-વકીલો,

વૈદ્ય, અને અન્ય અધિકારી વર્ગ ઉપરાંત વે'પારી લોકો—આમ—'વ'થી શરૂ થતા નામવાળાઓની સંખ્યા સારા પ્રમાણમાં આવવા ભાગ્યશાળી થઇ ન હતી. જો કે, તેથી નિરાશા તો નથીજ મળી; બીજું કશુંજ નહિં, તો કેવળ બીજ માત્ર લોકોનાં સાંકડાં હૃદયમાં વેરાવા પામ્યાં છે, એમ હિલચાલપરથી પ્રતીત થતું હતું. મેળાવડાનો મૂળ ઉદ્દેશ "કંઇપણ કરવું" એ હતો, અને વક્તા જૂનિયર બી. એ. એક સંસ્કારી અને શિક્ષિત વિદ્યાર્થી હતા. ભાષણનો વિષય 'સેવા' નામનો હતો, અને જાણીને આપ પણ આનંદ પામશો કે ભાષણમાં તે ભાઈ ફત્તેહમન્દ નિવડયા હતા; અર્થાત્ અવયવોની એકટીંગથી, તાળીઓના ગરગડાટનાં માન આટવા જેવી એમની 'સ્પીચ' ન હતી, પણ બોલાવેલા શબ્દો શ્રોતાનાં હૃદયમાં સારી અસર કરે, અને એ ચિરસ્મરણીય રહે એટલુંજ નહિ, પણ અસલ વૃત્તિમાં અવનવો ફેરફાર થાય, તેવી પદ્ધતિથી, તેવા ભાવથી અને તેવા વલણથી તેમના (અગાઉથી ગોઠવી મૂકેલાં નહિ) વાકયો હૃદયના ઉમળકાથી ઉકલેલાં હતાં. કેટલાંક વાકયો નોંધપોથીમાં ટાંકી મૂકવા જેવાં જે મને જણાયાં છે, તે ફક્ત જોવા ખાતર મોકલું છું. + + + "આપણું વતન, એટલુંજ માત્ર વિશ્વ નથી, ઘણાં વતન મળીને બનેલું એક વિશ્વ, એનો રક્ષક, મહાનપિતા એકજ છે, પિતાનાં આ અને સઘળાં વતન છે, એ અન્ય વતન જોવાં, બુજવાં અને વધારેના વતની બનવું, એ પિતાનો આદેશ છે; યોગ્ય બનવું એથી આપણું જીવન બ્હેતર અને ધન્ય છે.

વધારેનાં વતની શી રીતે થવાય? એકજ વ્યક્તિ વધારેની શી રીતે હોઇ શકે? વધારેની થવાથી કાંઇ હિત છે? થવું શા

માટે ? ઇ. જાણવું એ પ્રથમ અને મહત્વનું છે; અને આનું સમાધાન આપણને આપણું જન્મ મરણ કરી આપશે + + જન્મ જીવન અને મરણ. આમાં નથી જન્મ પણ આપણા હાથમાં, નથી મરણ ઘડી હસ્તગતઃ ધન્ય ઘડી જીવનની છે, અને જન્મ. તથા મરણની વચ્ચે જન્મ પામેલા જીવનને આપણે જેવું બનાવવું હોય, એવાં આચરણે ચરણ ભરવાં: ધ્યાન આપશો કે આયુષ્યની અવધો ટુંકી છે, પણ ત્હેમાંથી જન્મેલા જીવનનાં સ્મરણ દિર્ઘ છે, જેમ સૂર્ય કરતાં ત્હેનો પ્રકાશ વધારે ખ્હોળો જણાય છે કે પુષ્પ કરતાં ત્હેની પરિમલ લાંબી પથરાયલી લાગે છે તેમ. ત્યારે જન્મ અને મરણની વચમાંની સાંકળ જે જીવન, તેને જડ જેવું રાખવામાં મીઠાશ, મઝા અને સુન્દરતા છે, કે તેજોમય ચેતનથી ? તેજોમય ચેતનથી વિભૂષિત જીવન રાખવાની વાંચ્છના વાળાંએ શું કરવું જોઇએ ? સાદું પણ સુન્દર, પરમ પણ પવિત્ર, કર્મથી પ્રપુર્ણ પણ આદર્શ, અને ન્હાયતો ટુંકુ પણ પૂજ્ય જીવન રચવાર્થે શું કરવું જોઇએ ? આને માટે 'સેવા' મૂખ્ય છે. એટલે જીવન સેવામય બનવું જોઇએ.

સેવાના પ્રકાર બે; સેવા કરવાની, અને કરાવવાની; પ્રથમ કરાવવાની, પછી કરવાની. સેવા એટલે શું ? સેવા કોની કરવાની ? કેવી રીતે કરવાની ? આટલું સમજ્યા પછી સેવા કરવાની કેટલા પ્રમાણમાં લાયકાત, તાકાત અને સ્વાશ્રયનું પ્રબળ છે, તે જોવાનું છે અને તેને માટેજ જ્યાં સુધી સેવા કરવા તૈયાર બનેલા ન હોઇએ ત્યાં સુધી તૈયાર બનેલાઓને આપણી સેવા કરવા દો; ભલે એતો આપણી સેવા કરે. અર્થાત્ સેવાના સન્માર્ગોએ દ્વારે, સેવાનાં ફળ ધર્યાં કરે, સેવામય જીવન બનાવે.

અને સેવામય જીવન બને, તે ઘડી ધન્ય સમજી તૈયાર થએલા છીએ એમ શ્રદ્ધા રાખી, આપણા સર્વના એકજ પિતા જે પરમાત્મા છે, તેનાં સન્તાનોની એટલે આપણા આત્મ બંધુઓની સેવા કરવા કમર કસવી.—અરે પરસ્પરમાં જો આમ અભેદતા આવી જશે, તો પછી આપણને સેવા કરવાની પણ ઘણી થોડી રહેશે સેવા માગશો તો પણ કદિ કદિજ ડોકીઉં કરશે. કેમકે એક-મેકની સેવાની હુંફથી અમીનાં ઝરણ એવાં વહેવા માંડે છે કે તે બોલવાથીજ પુરૂં સમઝાશે નહિ. આવી વાતો—પ્રભુના ઘરની વાતો વધારે તો અનુભવથી અને મનન—નીદિધ્યાસનથી સમજાય છે. + + +

ખાવું અને ખેલવું. એટલું તો પશુ પક્ષી માટે પણ છે, ખાઇને માત્ર ખેલવાજ જન્મ હોય, તો શા વાસ્તે હાથ પગ હલાવ્યા સિવાય બેશીજ ન રહેવું? ખાવું. ખવરાવવું અને ખેલ-વું—(એકલશૂરા નહિ, પણ બધા મળીને) એ ખરૂં નથી? અને એમજ પામવું, આપવું અને ભોગવવું એમ નહિ ? + +

સઘળાજ એકકે અવાજે સ્વીકારો છો કે સઘળામાં પ્રભુનો વાસ છે અને પ્રભુ એ સઘળાનો મહાન પિતા છે, ત્યારે પછી પ્રભુનો જેમાં વાસ છે; તેની ઇચ્છાઓ, શકાય તેટલી પૂરી પાડવી —સેવા કરવી—એ આપણો—સઘળામાં પ્રભુનો વાસ છે, એમ સમ-જનારનો ધર્મ નહિ તો પશુ પક્ષીનો હશે? ભલા ભાયા તો! તમારા અન્તરાત્માને પૂછો કે ત્હમે કોણ?

+ + + સૂક્ષ્મ દૃષ્ટિથી અંતરાવલોકન કરો. અને પછી જુવો કે ત્હમારા હૃદય અને આત્માનો વિકાસ કોની હુંફથી થયેલો છે? અન્યની—સમાજનીજ—નહિ કે ત્હમારી પોતાની: અને પોતાની

હુંફથીજ કહેનાર કોઈ હોય, તો તેને, એક તરતના જન્મેલા બાળકને વર્ષો સુધી એક એકાન્ત, શાન્ત અને નિરજન જગામાં ગોંધી રાખો, પછી જોશો કે તે કેવળ અવાચક જેવોજ રહેલો હશે ! ત્યારે જે સમાજની હુંફથી હૃદયાત્માનો વિકાસ થવા પામ્યો છે, એવા એ વિકસિત હૃદયીઓ ! એજ સમાજની બનતી (સીમા ઓળંગીને કરાય તો તે વાદ જૂદી) સેવા કરવામાં સંકોચ રાખવાનું, બદલાની આશા રાખવાનું, અભિમાન ધરવાનું, મોટાઈ ખાટવાનું, કે મુહુર્ત જોવાનું કારણ શું છે તે કળી શકાતું નથી–અથવા કહો કે, કેવળ નીચ સ્વાર્થ વૃત્તિ–કે શઠતા:   +   +   +

'સેવા'ની વ્યાખ્યા છોટાંએ છોટા રૂપમાં અને મોટાંએ વ્હોળા રૂપમાં કરવી એજ ઉત્તમ: સેવા એટલે કોઈની પણ કોઈ જરૂરીઆત પૂરી પાડવી, સેવા એટલે સામાજિક સ્થિતિની સુધારણાને લગતો નિખાલસ યત્ન–શ્રમ: સેવા એટલે જેનાથી ઈશ્વરની આશિષ ઉતરે એ કોટિનાં નિષ્કામ કર્મ: બેશક, ધ્યાનમાં રાખવું ઘટે છે કે સમષ્ટિને છોડી, મોટાંએ વ્યક્તિ પરત્વેની સેવા (ફરજ, લાજ, કે સંજોગોને જ કેવળ માન આપી) કરવી, તે સેવા વાસ્તવિક સેવા નથી: સેવાની આ પ્રકારની વ્યાખ્યા વરવી છે, અને આમ સેવાશબ્દનો ભાવાર્થ કરનારને વિદિત હોવું આવશ્યક છે કે, જીવન જેટલું વિસ્તારવાળું, અને વિવિધતાવાળું છે, તેટલી જ બલ્કે તેથીયે જાસ્તી સેવા પણ, વિવિધ અને વિસ્તારયુક્ત શા વાસ્તે ન હોઈ શકે? * * *

અજાણ્યાને કે ભૂલ્યાં ને માર્ગ બતાવવો, ભૂખ્યાં તરસ્યાં ને સંતોષવાં, શિક્ષણ લેવાની વાંચ્છના વાળાને, જ્ઞાત હોઈએ એટલું ઉત્સાહ અને સ્નેહપૂર્વક તેનું દાન દેવું, દયા અને દીનતાથી હૃદય

ભરેલું રાખવું, પરિચિત જોઈ શકે તેવા હોઈ, હૃદયને સત્યના પ્રવેશ માટે સદા ખુલ્લું મૂકવું, અને સમષ્ટિ સ્નેહમાં વિચરવું આ સેવા સમોવડ અન્ય નહિજ હોય બ્રહ્માંડમાં: + +

ન્હાનપણથીજ ન્હાની ન્હાની સેવા કરવાનો પ્રયત્ન સતત ચાલુ રહે, તો એ પરિણામે ઓછી ઓથ નથી; અરે! એક ન્હાનો ફૂલનો છોડવો, ઝાકળ બિંદુનું, સવિતાનારાયણની પ્રખર પ્રભાથી રક્ષણ કરી શકે છે! અને આ રીત્યેજ ન્હાની સેવા સંબંધી પણ: ત્યારે પુષ્પની પરિમલ સમોવડ, ખિન્નતા નહિ પણ પ્રફૂલ્લતા, સૌન્દર્ય, આત્મવિકાસ, માયા અમી અને સંતોષ–શાંતિ સઘળાં પરિચયમાં આવતાં જનો પર વેરતાં શીખો, અને પછી ત્હમે આ અકારા લાગતા સંસારમાંજ સ્વર્ગીય લ્હાવા અનુભવવા ભાગ્યશાળી બનશો. + +

કંઈ નહિ ને કંઈ પણ કરો, સદાકાળ સ્વસ્થ અને સજ્જ રહો, ઐક્ય, લાગણી અને ભાવના વધારી પરસ્પર શાશ્વતકલ્યાણ વાંચ્છો, જેની દૃષ્ટિમર્યાદા ટુંકી છે, એવા ધનદોને એમના કનિષ્ટ ગૃહ સંસારમાંજ રહેવા દો. (કેમકે જ્યારે ત્યારે તેઓ તણાતા તમારી પાછળ આવશે. સઘળાના પ્રબળ આગળ એક નિર્બળ કુચ્છ બિસાતમાં !) + +

એક દૃષ્ટાંત છે કે, ખનિજને જેની અસર છે, તેની વનસ્પતિને છે, અને વનસ્પતિને જેની થાય છે, તેની પ્રાણીને પણ; પ્રાણીને, તેની મનુષ્યને: અને આમજ સેવાની થોડી અસર, પાણીમાં પડેલા કાંકરાથી પડતાં કુંડાળાં માફક અંતે સઘળામાં ફેલાયા સિવાય રહેશે નહિ. × × ×

અલબત સામાજીક સેવાનું કાર્ય ઉઠાવતાં, આરંભે અનેક વિકટતા નડશે, અણધારી મુશીબતો આવશે, અપમાન, નિંદા, હાંસી, અને વિઘ્નો ખમવાં પડશે, તથાપિ તેજ વિકટતા મધ્યે આનંદ, અને પરિમાણે મોક્ષે દોરશે. માત્ર શ્રદ્ધા જોઈએ. +

ઘણી બાબતમાં ફાંફાં ન મારો અને એકાદ બે વિષય તમારા પોતાના કરી, તે માર્ગે, સંભાળતા પૂર્વક, પસંદ કરવામાં આવેલી નિશ્ચિત મર્યાદા અને યત્નની એકાગ્રતા વડે, અવલોકન, તપાસ તેમજ નિયમિત પ્રયોગથી ઘણુંજ કરી શકાશે. અને તે થોડા શ્રમે:

\+ + + +

લાંબા ભાષણથી શ્રોતાવર્ગમાં કંટાળો આવ્યો હોય એમ જણાતું નહતું. પછી, છેવટ એ આવ્યું હતું કે, ગરીબ પણ ભણવામાં ખંતીલા એવા સઘળી જ્ઞાતિના બાલકોને માટે, પૈસા ફંડ સ્થાપવું, અને આર્થિક સ્થિતિના અભાવે જેઓ ઉચ્ચ શિક્ષણ લેવામાં નાસીપાસ નીવડે છે, તેઓને ફ્રી, પુસ્તકખર્ચ વગેરેનાં નાણાં આપી આગળ ધપાવવા,—પૈસા ફંડનું નામ "વિદ્યોત્તેજક ફંડ" રાખવામાં આવ્યું છે ને તે યોગ્યજ છે.

મ્હને લાગે છે અંહીને માટે તો હાલમાં આટલાં બે વાનાંજ બસ છે; થોડા સમય પછી પાછી આ તરફ દૃષ્ટિ દોડાવશું—અને એમ ધારી આવતી કાલે આ ગામ છોડીશ; જ્યાં જઈશ, ત્યાંનું શિરનામું જણાવીશ.

આપનો
પ્રવાસી.

આનન્દાશ્રમ.

મંગલ-તા. ૯.

ચિ૦ ભાઈ,

પત્ર મળ્યું, કૈંક નિરાશા, કૈંક શોક, કૈંક નિરાકરણ અને કૈંક ઉત્સાહ સાથે સંતોષ પામ્યો છું.

દેશી કારીગરીને ઉત્તેજન આપનારૂં એક મંડળ ત્હેં તૈયાર કરેલું વાંચી હું નિરાશા અને શોક ભૂલી જાઉં છું; ત્હારો આ સ્તુત્ય પ્રયાસ સફળ થાય, અને નિંદ્ય લોકોને મ્હોમાં આંગળીઓ ઘાલવા વખત વેળાસર પ્રાપ્ત થાય; એવી હું અપેક્ષા રાખું છું.

ખરેખર, બંધુ ! તું લખે છે એમ મ્હને પણ આપણા (ટીકાકાર નહિ પણ) ટીકાખોર, નવરા અને નકામાં ટાયલાં કરનારા લોકો પર તિરસ્કાર તો છુટે છેજ, પણ બને ત્યાં સૂધી સહનશીલ બનવાનોજ આ પ્રસંગ છે. બાકી, પારકી બુદ્ધિ પર, પારકી મ્હેનત પર, પારકી મૂડી પર, અને પારકી આશા પર ઝઝૂમનારા આપણા કેટલાક ગૂજરાતીઓ, નથી સમજી શકતા કે, તેઓનામાં રક્ત અને મોંસને સ્થાને કેવી કેવી કચરાળી વસ્તુઓ ભરાઈ જાય છે ! અને એમની આ અજ્ઞાનતાનીજ આપણને દયા આવે છે, અને તેથી તિરસ્કાર, કે ક્રોધની લાગણી પ્રકટાવતાં, દયા અટકાવે છે. એ સારૂંજ છે.

બાપુ ! તું નથી કહેતો, પણ એતો અનુભવજ ઉચરાવે છે કે, દેશીઓના શત્રુ, વિઘ્નસંતોષીઓ કે કુભાંડિકો તે બીજા નહિ, પણ દેશીઓજ છે! હર! હર! હર! જેને આવા લોકોની કશીજ સ્પૃહા નથી હોતી, એવા આગળના ઉપરી અમલદારોના વ્હાલા બનવા, કે એમની કફા દૃષ્ટિ રહે નહિ તેથી, કે પોતાની ક્ષુત્ર નોકરી લાંબાકાળ સૂધી કાયમ રહે, તેવા હેતુથી વિનાકારણ કે નજીવી બાબતોને અંગે આપણાં છિદ્ર ઠેઠ પહોંચાડી દે છે! અરે ન્હાનાં છિદ્રને વૈરાટરૂપ આપી દેતાં અથવા બને તો મહા બુરૂં પરિણામ લાવતાં પતિતાત્માઓ લવ ડર રાખતા નથી! આટલેથીજ અટકતું નથી, પણ કનડવામાં આવેલ વ્યક્તિને જો, સારી સજા થવા પામે, તો તેઓ મહા પ્રસન્ન થયેલા હોય એવા દેખાય છે!! ધિક્કાર હો એવાં નિષ્ઠૂર હૃદયીઓને! અરે દુરાત્માઓ! કેવાં પરાક્રમોથી પ્રફૂલ્લ થઈ ફરો છો ? થોડીક પળો, ત્હમને જન્મ દેનાર જનનિનો, ત્હમારા બન્ધુ વર્ગનો અને ત્હમારો ખ્યાલ કરો. ત્હમારા અવસાન સમયની ઓથ કોણ છે? ત્હમારા સુખ દુઃખના ભાગીદાર કોણ છે? + + +

જે પ્રેમ આપણને રાજકર્ત્રી કોમ શીખવે છે, તે આપણા આર્યોમાં નથી; એ ત્હારૂં લખવું ખરૂં હશે. આપણો વર્ગ સ્નેહને સંકુચિત અર્થમાં ઘટાવી લઈ, બ્રહ્માંડ જેટલા બ્હોળા સ્નેહનો માત્ર ગૃહમાં, કે જ્ઞાતિમાંજ સમાવશે. અર્થાત્ તેઓ સ્નેહ–અભેદનાં અનુભવી નહિ હોય; હોત તો દેશની અધોગતિને સ્થાને ક્યારની ઉન્નતિજ થઈ હોત. અહા! શું સુંદર સૂત્ર ?—

"નિજ દેશનો કે દેહનો નિજ દોસ્તનો કે દેવનો,
"આ વિશ્વનો કે વિત્તનો પરમાત્મ કે અહંમેવનો;

"જે પ્રેમ પ્રગટે અંતરે, તે ઝિંદગીનું ગાન છે,
"બહુ શ્રેષ્ટ વસ્તુ સૃષ્ટિમાં પણ પ્રેમ મંત્ર મહાન છે:"

પૂજ્ય રામસ્વામી પણ આમજ કહે છે:—

"Love is a vital Principle of success, so long as you are in perfect harmony with nature, so long as your mind is in tune with the Universe and you are feeling and realizing your oneness with each and all, all the circumstances and surroundings even winds and waves will be in your favour."

"આ સ્નેહની ઝાંખી ક્યાં? અને ક્યારે?" બન્ધુ! આવા નિરાશાજનક ઉદ્‍ગારો શાને? એ સ્નેહની ઝાંખીજ માત્ર નહિ, પરન્તુ સ્વરૂપ, ત્હમે ત્હમારા મંડળમાંથીજ અનુભવશો; અને મંડળનું એકજ હૃદય હોય, એકજ આત્મા હોય, તો તે ઓછી સંતોષજનક વાત નથી; લખો છો એ પ્રમાણે મંડળ જો પ્રગતિને ચ્હાતું હોય, તો જેટલો વિલંબ થાય, તેટલું હાથે કરી આપણે નૂકશાનજ વ્હોરી લઇએ છીએ એમ હું કહીશ: મંડળનો સમૂહ લઘુ છો હોય, ભલે ઝાઝી સંખ્યા ન હોય, તથાપિ તેથી શું? ન્હાની સંખ્યા, પણ જો એકજ હશે-(બે નહિ હોય,) તો એક એક હૃદય અનેકનામાં આકર્ષણશક્તિ મૂકી શકશે-મતલબ કે અનાયાસેજ મળી જશે અને આપોઆપ, જેને આપણે મેળવવા માગીએ છીએ, તે મળી આવશે. નહિ જાણતા કે આરંભે મોટાં મંડળો હોય, તેથીજ ફતેહ મળે છે. જો નાસીપાસ થવાતું હોય, હાંસીને પાત્ર બનાતું હોય, કે નિંદા સંભળાવા સમય આવતો હોય, તો તેનું પ્રયોજન મંડળના બ્હોળા ફેલાવાનું છે. માટે

આરંભે, તે અને છો, તેટલાજ પૂરતા છો, અને પ્રગતિમાં વળો. વળો, મ્હારી નમ્ર સલાહ છે, પ્રભુની કૃપા છે, આત્માની આશિષ છે, અંતરના ઉંડાણમાંથી પડઘો પડે છે—"ૐ"

ન્હાની સંખ્યા જોઈ, ત્હમને અછોતરૂં લાગે છે, તે માત્ર એક પ્રકારનો મોહ છે; અને તે, ત્હમારે હવે ત્યજવો જોઈએ. બાકી, ન્હાનીજ વસ્તુઓપર દૃષ્ટિ નાખો, અને જૂવો કે કુદરત ત્હેને કાળ જતાં કેવી ઉન્નતિએ પહોંચાડે છે! પ્રભાતના પ્હોરમાં જણાતો બાલસૂર્ય, મધ્યાન્હે પૂર્ણાંશે પ્રકાશી રહેલો હોય છે, કોમળ ચન્દ્ર પૂર્ણિમાએ કેટલો ઉન્નત લાગે છે, શિખરમાંથી ઝરતાં ન્હાનાં ઝરણાં, ધપતાં ધપતાં કેવાં વિસ્તૃત સ્વરૂપમાં આવી જાય છે, ત્હાનાંજ વૃક્ષાંકુર, વેળા વિત્યે ઘટાદાર તરૂના રૂપમાં આવી જાય છે, અને આપણે એક વખત ન્હાનાજ બાળક હતા, તે અત્યારે કેટલી ઉન્નત દશાને પહોંચ્યા છીએ. આ બધું શું સૂચવે છે? પિતાએ રચેલી પ્રત્યેક જડ અને ચૈતન્ય વસ્તુઓ ઉન્નતિક્રમમાં આગળ વધવાને નિર્માયલીજ છે. તેને રોકવામાં આવે તો પણ પરમાત્માએ મૂકેલી ઉન્નતિની ગતિ કોઇથી–કશાથી રોકાઈ શકાઈ નથી–ને શકાશેય પણ?

કહેશો કે આમ છે, તો સારો દેશ શા માટે ઉન્નત થયેલો જોતા નથી! સમાધાનાર્થે લખીશ કે, એક વખત પરોક્ષાનુભવે ઉન્નત જોયો છે, અને હજુ પણ પૂર્વવત્ આપણે પ્રત્યક્ષાનુભવે જોઈ શકીએ–તથાપિ તેમાં માત્ર, પ્રથમ લખી ગયો તેમ, લોકોનો પરભાર્યો પરનો આશરો અને પ્રમાદી સ્વભાવ સ્ખલન કર્તા છે.

સ્ખલન કર્તા કેવળ નિર્બળ તેજ છે, પરમાત્માની પ્રેરણાને

કોઈજ સ્ખલન કરી શકતું નથી, એની પ્રેરણા મ્હારા ત્હમારા જેવાઓમાં જૂવો છો કે ઉતરે છે અને તેથી આપણે ઉન્નતિની આશા રાખી શકીએ તો તે યથાર્થજ છે.

જ્ઞાતિના ધર્મગુરૂઓનું તો નામજ જવા દો; નામ સાંભળતાં પણ 'અરેરે!' બોલી જવાય છે! વિલાસના ભોગી હોઈ કર્ત્તવ્યને ભૂલેલા ધર્મગુરૂઓને શિષ્યોના કલ્યાણનોજ જ્યાં ખ્યાલ ન હોય, ત્યાં તેઓ ઉન્નતિના માર્ગોનો વિચાર તો શાનાજ કરતા હોય! ઉલટા તેઓ તો હવે માર્ગદર્શકને સ્થાને માર્ગકંટક જેવા થઈ પડયા છે; માટે એમનાપર રાખવામાં આવતા આધારને છોડી દો, અને આ બદલાયલા જમાનામાં, સ્વાશ્રયેજ, સ્વાત્મકલ્યાણ સાથે શાશ્વત સુખ શોધી, સ્વદેશને ઉન્નતિના શિખરે પહોચાડવાના યત્ન–શ્રમ આદરો; ત્હમારો ધર્મ જાતેજ શીખી લ્યો, કર્મમાં પોતેજ મંડયા રહો. * * ત્હમે આરંભેલું કાર્ય સર્વાંશે સ્તૂત્ય છે, અને એજ શ્રેય:સ્કરપણ છે: અભિનંદન આપું છું–પ્રભુના વ્હાલા! ત્હને: સફળ હો સત્કાર્યો:

આ પત્ર લખીનેજ હવે અહીંથી બીજે ગામ જાઉં છું: જ્યાં જઇશ, ત્યાંથી જણાવીશ.

પૂજ્ય માસ્તર સાહેબને જણાવેલ છે; ગઇકાલે પૂરતો વખત ન મળેલો હોવાથી પત્ર વિલંબે લખ્યો છે. પુન: નવા જૂની જણાવતા રહેશો.

પ્રભુ સેવામાં વિચરતો

પ્રવાસી.

"શાન્તિસદન"
સોમવાર.
તા. ૧૧

વ્હાલા ભાઈ!

લખનારનું નીચે નામ વાંચતાં કદાચ હું ત્હમને અપરિચિત ભાસીશ; પણ ધારૂં છું કે આ પત્રજ પરસ્પરને પરિચિત બનાવી દેશે:

મ્હને જ્યારે ત્રણેક દિવસપર એક બન્ધુનો 'સ્વદેશી હિલચાલ' સંબંધી પત્ર મળ્યો ત્યારે હું, બદલાતા એટલે સુધરતા જતા વાતાવરણથી (એકંદરે) આનન્દ પામ્યો હતો; પણ તે વખતની મ્હારી ધારણા માત્ર એટલી ટુંકી હતી કે, દેશોન્નતિનાં અંકૂર હવે કૈંક કૈંક ફૂટવા લાગ્યાં છે, તથાપિ, તે ધારણાને સુધારવાનું કારણ મને હમણાંજ ત્હમારા દ્વારા મળ્યું છે મતલબ કે "કૈંક કૈંક" શબ્દને સ્થાને માનવીના મન્દિરે મન્દિર પ્રસ્તુત ચિણગારીની જ્યોત કુમળાં તેજે ઝળહળવા લાગી હોય એમ, આપની પ્રવૃત્તિયોથી મને પ્રતીતિ થવા પામે છે. આજ સૂધી હું મને એકલો ધારતો હતો, તે હવે આપણે બેનું યુગ્મ થયું એમ માનું છું. અને એકમેકના વિનિમયે આપણે સમાજની સેવા સંતોષકારક બજાવી શકીએ એ નિઃશંકજ:

એક વાનૂં લખું? ભય રહે છે કે વખતને અનુસરી મ્હને ડીટેકટીવ માનવામાં આવે! પણ પ્રિય! એવો વ્હેમ નકામો છે. આપ........સાહેબને તો સારી રીતે ઓળખોછોજ (મ્હને એમ માલૂમ પડયું છે) એજ માસ્તર સાહેબનો હું આજ્ઞાંકિત છું; એટલે, આપને હવે મ્હારા સંબંધી જાસ્તી ઓળખાણની જરૂર છે? કશું પૂછવું હોય તો એમને પરભાર્યું પૂછાવશોયે:

ત્યારે હવે થોડૂંક લખૂં:—

યશ આબરૂ અને ફરજને અંગે દાન દાખલ ધર્મશાળાઓ અને સદાવ્રતો બંધાવનાર શેઠીઆઓ, વ્હેપારીઓ અને ધમચુસ્તોને હવે બીજી દિશામાં વાળવાનું કામ પ્રથમ થવું જોઇએ; તાત્પર્ય કે ધર્મશાળાઓ બાંધીને, કે સદાવ્રતો સ્થપાવીને બાવન લાખ વેરાગી બાવાઓની સંખ્યામાં વૃદ્ધિ થવા પામે છે. કાંતો તેઓનાં જીવન ભિક્ષાહારી જ રહેવા પામે છે. અને તેથી કવીશ્વર દલપતરામભાઇના શબ્દો—"રોટલી નાંખી ભીખારી ન રાખો" ખોટા પડે છે. અન્નદાન દઇ તેને હમેશાં મફતનું ખવડાવવાની લાલચ આપવી, એમાં જે દોષ અને પાપ છે, તે ધર્માન્ધો કળી શકતા નથી, કળાવનાર ધર્મગુરૂઓ કુંભકર્ણની ઘોર નિદ્રામાં ઘોરે છે, અને આપણે પણ એમની કોટિના થવા જઇશુ, તો બડિયર થતો દેશ છેક નીચો ઢળી જશે જ.

ત્યારે બતાવ્યા તે લોકેના દાનના માર્ગ બદલવા, એમને ગળે ઉતરે એવી રીત્યની શાન્તપણે કુમળી સલાહ, સૂચન અને સંજ્ઞાઓ આપવી એ વિષય મહત્વનો અને શરૂઆતનો જ હોય એવી મ્હારી નમ્ર માન્યતા છે.

દાનની બદલવાની દિશા તે એ કે ધર્મશાળાઓ અને સદાવ્રતોને સ્થાને, અજાણ્યા અને અવનવા હુન્નર ઉદ્યોગો શિખવા જવા તૈયાર થતા એવા વિદ્વાનો, કે જે આર્થિક સ્થિતિથી જ માત્ર મનના વિચાર મનમાં સમાવી દેતા હોય છે, તેઓને ઇંગ્લેંડ, અમેરિકા કે જર્મન જેવા દેશોમાં નવીન વ્યાપારકળાનું શિક્ષણ લેવા મોકલવામાં દ્રવ્યદાન દેવું. ખરૂં છે કે આ પ્રકારના દાનથી, દોલતવાનોનાં નામ, સંગેમરમરના બોર્ડ પર કોતરાઇ, દિવાલે ટાંકાવવાનો સંભવ નથી! તથાપિ એ ક્ષણિક કીર્તિના લાલચુ, પણ ભોળા—ભલા આદમીઓને આપણે ઠસાવી શકીએ જ કે,

अन्नदानात्परं नास्ति विद्यादानं ततोऽधिकम्

એ ન્યાયે સંગેમરમરને સ્થાને અધિક સ્વચ્છ, શ્વેત, સુંવાળા અને ચિરસ્થાયી પ્રભુના હૃદયમાં, બક્ષાયલા વિદ્યાના દાન તરીકે દ્રવ્યથી મહાન કીર્તિના અમરલેખ કોતરાઇ રહેશે અને તે પેલી ક્ષુદ્ર કીર્તિ કરતાં લાકૂખો દરજ્જે ઉચ્ચ, સ્તુત્ય અને શ્રેય:સ્કર છે.

જાણો છો કે, જ્યાંસૂધી આર્યાવર્તમાં, દેશાટનની દલિલ્લો ફળી નથી, ઋષિકુળ જેવી સંસ્થાઓની સ્થાપના, સંતોષકારક પ્રમાણમાં થઇ નથી, દેખાદેખી ડોળઘાલુઓની લપડાકે મ્હોં લાલ રાખવાની હેવા બદલાઇ નથી, ગાડરીઆ પ્રવાહની પદ્ધતે ચાલતા લોકોના હાનિકારક, અન્ધશ્રદ્ધામય રીવાજોની જડ, મૂળથી ઉખડી ગઇ નથી, ધર્મ અને જ્ઞાતિના ઝગડાઓ શમ્યા નથી, અને સ્નેહ અમી તથા ઐક્યનો પ્રભાવ પ્રભાકરની પ્રભા પેઠે સર્વોસ્થળે—સર્વનાં હૃદયમાં પથરાયો નથી ત્યાંસુધી દેશની ઉન્નતિ અશકય છે.

દેશોન્નતિનાં ભાષણો આપવાં, લેખ લખવા કે ઉપરચોટિયા યત્ન કરવા એ પણ નકામા છે.

ન્હાયતો સંજોગોને જ લીધે પણ–હવે બાલલગ્નની પ્રથા ઓછી થતી જાય છે, અને તેથીજ, આપણે શુભાભિલાષા રાખી શકીએ. કેમકે વિદ્યા અને નૂર, બ્રહ્મચર્યના જ પ્રતાપે પ્રવેશે છે, અને વિદ્યા—નૂરનાં જોમ જામે, તો વિત્ત સાથે આયુષ્યબળ આપોઆપજ પ્રાપ્ત થાય એ નિર્વિવાદ છે. × × × ત્યારે વિત્ત, આયુષ્ય અને બલવાળા હોઇ બ્રહ્મચર્યના પ્રતાપે પાછા આપણે, લુંટાઇ ગયેલ વિદ્યા તથા નૂરને પ્રાપ્ત કરી શકીએ—જો ધારીએ તો: આપણે પવિત્ર આર્યસંતાન છીએ, નથી મ્લેચ્છ, કે નથી જડ પ્રકૃતિમાં જન્મેલા દુરાત્માઓ: પ્રાચીનકાળથી ઋષિ-મુનિઓએ આર્યાવર્તને નન્દનવન સમો બનાવી દીધેલો છે, એ પૂજ્યોનું જ વાતાવરણ હજુ આપણા રક્ત અને માંસમાં રમ્યા કરે છે, તેની કદર બુજવી જોઇતી નથી શું ? જે દેશ કાચા સોના જેવો કહેવાય છે, ભૂમિ જેની રસાળ છે, જ્યાં ધન્યધાન્યાદિ ધાર્યા ઉતરે છે, ઋતુઓ સમાન રીતે જ પોતાનું કાર્ય બજાવ્યાં જાય છે; અને સંક્ષિપ્તમાં કહીએ તો જે દેશને ઇતર કોઇપણ પ્રદેશની ઓથ લેવી પડે એવો નથી. તે દેશના આપણે સન્તાનો શામાટે કેવળ પ્રમાદી થવાનું પસંદ કરતા હોઇશું ?

જગાવો ભાઇ ! સોડ તાણી સૂઇ રહેલા સુસ્તોને જાગ્રત કરવાનું બીડું ઝડપ્યું છે, એ બદલ તમને વારંવાર ધન્યવાદ હો. ફરી એકવાર કહેવાદ્યો કે પરમકૃપાળુ પ્રભુ ત્હમારી સર્વ ખોટ પૂરી પાડો:

મંડયા રહો, અને દીન, દુઃખી, દરિદ્રી તેમજ નિરૂદ્યમી દેશીઓને ધંધે વલગાડો, એમને વાસ્તે પાઠશાળાઓ અને ઉદ્યોગ-શાળાની સ્થાપના કરાવરાવો, અને રખડતા, રઝળતા નિરક્ષર જાતિબન્ધુઓને ઠેકાણે પાડો.

અહા ! મહાત્મા બુદ્ધના ઉદ્ગાર હૃદયમાં અવનવું ચેતન પૂરે છેઃ—

× × × ×

" સહુ પ્રાણી દુઃખમય ભાસે !
" જનતા પીડાતી જન આખે !
" તે સૌની પીડા દૂર કરવા,
" કલ્યાણ જગતમાં ભરવા,
" થઈ પ્રબુદ્ધ ગૌતમ આજે,
" થઇ તપસ્વી તપ ગુરૂ માંડે,
" જગના સૌ આધિ વ્યાધિ,
" હરવા, નવી બુદ્ધિ સાધી
" એ તપમાં બુદ્ધ તપાશે
" નવી યજ્ઞ વેદી મંડાશે,
" પશુ માત્ર હવે ઉગરશે,
" મુજ પ્રીતિ એ હોમે પડશે !
" મુજ પ્રીતિ એકલી હોમાશે !
" બીજું જગત જીવી સુખી થાશે,
" ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર !
" ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !

" મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સૌ ! અંગ સર્વ છો મ્હારાં !
" જન પશુ, જગના કલ્યાણ યજ્ઞ પર હોમું અંગ સૌ મ્હારાં.

" એ નવો મુજ અવતાર ! પ્રિયા ! તે જોઇ દયા દિલ ધરજે,
" એ દયા ધર્મ સ્થાપવા પરિવ્રાજિકા થઇ ઘર ત્યજજે.

" એ મહા ! ધર્મને કાજ ત્યજી પ્રીતિ આજ લુકવી મુજ આંસુ,
" લોહીશ હું જગનાં આંસુ પ્રિયા ! થઇ બુદ્ધ તું પણ ત્યજ આંસુ:

શી લાગણી આ ? + + +

ભાઈ ! ત્હમને મળવા અતિ ઇન્તેજાર છું; તમે અહીં આવો છો; કે હું ત્યાં આવું ?

આપનો કનિષ્ટ બન્ધુ
પ્રવાસી.

"* * * ઘાટ."

શુક્ર: તા. ૧૪.

વડીલશ્રી !

પત્ર વખતસર મળ્યું હતું, પણ સ્થાન બદલવાની ભાંજગડ-માં ભળેલો હતો, તેથી તરત જવાબ વાળી શકયો નથી, સારાંશ માત્ર આજ લખવાની તક લઉંછું, અને હું ધારૂંછું કે દિગ્દર્શનથીજ આપ સમજવાનું સઘળું સમજી શકશો:

મારૂં વલણ, ખેંચાણ અને આશય જો કોઈ પણ દિશા તરફ હોય, તો તે સમાજ સુધારણા પ્રતિજ—અને એટલેજ દેશો-ન્નતિ સંબંધી; આ સુધારણા પૈકી પ્રાય: જે કંઈ અત્યારે દૃષ્ટિ સંમુખ તરવરે છે તે આ છે;—"આપણાં ઘાડી વસ્તી વાળાં શહેર અને કારખાનાં વાળાં નગરોમાં કફોડી સ્થિતિ ભોગવતાં કરોડો ગરીબ માણસોના જીવનમાં ઘટતા નવાંકુરવેરી, એઓને નૂરમય બનાવવા, સાંસારિક જડ રૂઢિઓમાં ઘટતો ફેરફાર કરી, ત્રાસ પામી ત્રાહ્ય ત્રાહ્ય પોકારતા પામર આર્યબન્ધુઓના સં-સારની શુષ્કતા નષ્ટ થાય તેવા ઈલાજો લેવા, જે કોટિની અને પદ્ધતની કેળવણીની ખામી છે, તેનો અમલ કરાવવો, વહેમ અને અજ્ઞાનથી થતી હાનિયો જે રીતે દૂર થાય, તેવા યત્નોની યોજનાઓ યોજવી તેમજ કાયદા અને રાજ્ય બંધારણમાં ઘટતો

ફેરફાર—ઇત્યાદિ, અવનીમાં બે સુમાર બાબતો આપણે ધ્યાન આપવા યોગ્ય પડી છે, અને તેમાંથી જેટલી લેવાય તેટલી લઇ અને તેટલી ને યોગ્ય સ્વરૂપમાં મૂકાયલી જોવી એ કર્તવ્ય હું મારૂં સ્વીકારૂં છું. સિવાય, આર્યબન્ધુઓનો ગૃહ સંસાર હાલ જે હાલતમાં છે, તેના કરતાં વધારે બલ્કે અતિ ઉચ્ચ સ્થિતિ ભોગવવા ભાગ્યશાળી થાય; આપણામાં થતાં લગ્નનો હેતુ વધારે પવિત્ર અને દિવ્ય છે, તે સમજાય, વિધવાઓ પોતાના વૈધવ્યના રહસ્યને ઉંડી રીતે સમજી શકે, આર્ય જીવન જે આધુનિક સમયમાં જોવામાં આવે છે, તે કરતાં વધારે પવિત્ર, સાત્વિક, ઉન્નત, વિશાળ, રસાળ, ઉદાર અને અનુકરણીય બને, શરીર, મન અને આત્મા એ જેમ મનુષ્યના બંધારણના વિભાગ મનાય છે, અને એની મજબૂતી એકમેકની હુંફથી છે, તેમ, ધર્મ, સંસાર અને રાષ્ટ્ર એ બંધારણ એટલુંજ મજબૂત—એકતા અને અભેદ અનુભવતું બને, ઉપરાંત, પ્રભુના નિયમોને અનુસરતાં સર્વ આત્માઓ એના તરફ નમતા રહે એ કાલની આર્ય પ્રજા જોવાની મ્હને તીવ્ર પણ ઉંડી વાંચ્છના છે; અને આ વાંચ્છના કાંઇ સીમા ઓળંગાયલી—કે "આભ જેસી રોટી" બનાવવા જેવી "બડી બડી" નથીજ, ભાવના વિશુદ્ધ, નિર્દોશ અને નિઃસ્વાર્થી છે, તો તે ફળવીજ જોઇએ, એ નિયમ મહાન્ પિતાના ઘરનોજ છે—કાંઇ આજકાલનો નવો નથીજ.

વિશેષ શું ? આપ જેવા વડીલોની ળ્હારથી, ગુરૂશ્રીના હાથથી, મિત્રવર્ગની હુંફથી, પરમાત્મા પ્રત્યેના પ્રેમથી, અને આત્મ શ્રદ્ધાથી કશુંજ કથળવાનું નથી; શ્રમ અને શ્રય જ્યારે ત્યારે ઉગ્યાં છે, ઉગે છે અને ઉગશેજ:

વારૂ ત્યારે હવે એક વાનું હું આપને પૂછું? જીજ્ઞાસાની ખાતર નહિ, પણ ખાસ હેતુથી, અને માન–મોટાઇથી નહિ પણ પૂર્ણ લઘુતાથીજ–કે, અવકાશનો સમય આપ શી રીતે ગાળો છો, કહિ કદિ આપને જન્મ, જીવન અને મરણ સંબંધી વિચારો આવતા હશેજ, તે વખતે આપ કેવા નિશ્ચયપર આવો છો? સંસારમાં આપને શી વસ્તુ સત્ય જણાય છે, અને વસ્તુતઃ શું ગ્રહણ કરવા યોગ્ય લાગે છે?

વયોવૃદ્ધ છો, વાડી વેલો સારી રીતે છે, પૈસે ટકે પૂર્ણ છો, પુત્ર પરિવાર એવો છે કે, આપની જગ્યા સાચવટથી સંભાળી શકે; આપ આ'વી પ્રસંશાયુક્ત સ્થિતિમાંથી હવે ક્યારે નિરાળા હોઇ, ભવાટવિની ધડમથલોને તિલાંજલી આપો છો? કૂર્મ જેમ પોતાનાં અંગ સંકેલી લે છે, તેમ આપ આપની સર્વ વાંચ્છના સંસારપરથી સંકેલી, ક્યારથી પ્રભુનાં સંતાનોની સેવા માટે તત્પર થાવ છો? કાંઈ જણાવશોજી:

નમ્ર સેવક

પ્રવાસી.

"* * * ધાટ."
સોમઃ સન્ધ્યાઃ
સવાસાતે.

પૂજ્ય માસ્તર સાહેબ !

અહીંની બલિહારી તો ઓર છે! ખરેખર, આ કસ્બાના વતનીની અજ્ઞાનતા જોઈ, તેમનાપર દયા આવ્યા સિવાય રહેતી નથી; માનશો? આ લોકથી તો હું છેકજ જુદો પડી જાઉં છું! અગર જો કે આ પણ મ્હારીજ ભૂમિના આર્ય–સન્તાનો છે, છતાં એમને જોઈ, ઘણી વાર મ્હને એમ ખ્યાલ આવે છે કે, અહીં સૂર્ય અને ચન્દ્ર પોતાની પ્રભા ન વેરતા હોય તો સારૂં! કેમકે અહીંની પ્રજાને સૂર્ય ચન્દ્રની ઉદારતાની કદર નથી, અને તેથી જાણે એ બધા અન્ધારી રાતોમાંજ રહેવાનું કેમ ન ઇચ્છતા હોય! કલ્પના એવી થાય છે! અથવા આલંકારિક ભાષામાં લખું તો તેઓ તિમિરસાગરમાંજ ડુબેલા રહે છે! શિવ! શિવ! નથી ભાસતી એઓનામાં અમી, નથી ઔદાર્ય કે નથી આત્મ વિકાસઃ વદન પર નૂર નથી, બોલીચાલીમાં પણ બેહોંશ; અને માત્ર ખાવા પીવામાં બંનીલા છે!

'બાળક એ ગૃહના દેવ છે' મહાશય! આપનું આ સૂત્ર અહીં લાગુ નથી પડતું, અરે અહીંના બાળક તો શું, પણ કિશોર

વયના છોકરાઓ–અથવા આપણા હિન્દના ભવિષ્યના હીરલાઓ(!) ધૂળિયાકોટમાં અને "એન ઘેન દીવા ઘેન" જેવા દાવમાં રમતા દિસે છે, જ્યારે હિન્દની ભવિષ્યની દેવીઓ (બાળાઓ) પોતાનાં દેવ–દેવી જેવાં થઈ પડેલાં રમકડાં અથવા ઢીંગલીઓનાં છાજીઆં લેતી, કે કેવળ "ગોરમા" અથવા "કષ્ટ કાજળી" જેવાં વ્રત કરવામાંજ આતુરતા દર્શાવતી હોય છે! હિન્દના ભવિષ્યના રાજપુત–બચ્ચાઓ તો કાળો ડગલો દેખીનેજ નવ ગજથી ન્હાસવા માંડે છે! અને ટોપીવાળો તે જાણે કોણ!! આ શો પ્રકાર?

કેળવણી, સુધારો અને સાહસને માથે તો મીડું છે! બાળકોને જે કેળવણી અપાય છે, એ તો, બાળક જો રોતો હોય, તો એને છાનો રાખવા "બાવો આવ્યો" કહીને (બચપણથી) બ્હીકણ બનાવાની, કે વ્હાલસોયાં સગાં સંબંધી રમાડતાં હોય, તે વખતે બિભત્સ ગાળો મુખપાઠે કરાવવાની, ચીડીઓ સ્વભાવ બનાવવાની, માર ઝુડ ને સ્હામું બોલવા જેવી ઘણી પ્રકારની કેળવણી મળે છે! અન્ય નહિ: અને બાલિકાઓને માટે તો શિક્ષણનું નામ સરખું લેવામાં પાપ મનાય છે.

અહીંના વતની ધર્મીષ્ટ કહેવાય છે, પણ ધર્મીષ્ટ કહેનારા જોષી પુરાણી જેવાઓજ; વસ્તુતઃ તેઓ ધર્માન્ધ છે, અર્થાત્ ગાડરીઆ પ્રવાહે રગશીઆં ગાડાં ગબડાવ્યાં જાય છે; તેઓમાં નથી ઇચ્છા રહસ્ય સમજવાની, કે નથી પૂણ્યદાન કરવાનીયે પણ: માત્ર અસલથી ધર્મ કરતા આવ્યા છે એમ સમજી–કરની માફક–પૈસા વેર્યાં જાય છે:

પૂજ્યવર્ય! વાત આટલેથીજ અટકતી નથી; દશે દિશાઓમાં માત્ર નવિનતાજ ભરેલી ભાસે છે. એક બાજૂથી એઓનાં આમ

હૃદયનું નીરિક્ષણ કરી હવે બીજી તરફ દૃષ્ટિ કરીએ તો:—ગણુયો ગાંઠયો અહીંનો કારીગર વર્ગ છે, તે, પોતાની કારીગરી કોઈ શીખી ન જાય, તેથી ઘરના ખૂણામાં છાનાં છપનાં કામ કર્યાં જાય છે! વ્યાપારી વર્ગમાં અનુકરણ અને ઇર્ષ્યાજ માત્ર ભરેલાં છે અર્થાત્ એક વ્યાપારી અમુક ધંધામાં ફતેહ પામે, તો બીજો તેજ ધંધો લઇ લે—એ છે અને આથી બન્નેને કસ રહેતો નથી. ઉ. ત. એક વેપારીએ થોડા વખત થયાં ખાંડનું કારખાનું કાઢેલું, અને તેમાં તે સાધારણ સારા પૈસા કમાયો, એટલે તેની સામેની દુકાનવાળાએ પણ ખાંડનુંજ કારખાનું ખોલ્યું અને તેનું પરિણામ એ આવ્યું કે બન્ને જણ મમતના માર્યા સરભર નાણાં સરખાં પ્રાપ્ત કરી શકતા નથી. (આથી એકંદરે ગામલોકને નુકશાન નથી.) પણ એ કે ખાંડનું કારખાનું ખોલ્યું, અને બીજાએ સાકરનું ખોલ્યું હતે, તો ઉભયને કેટલો નફો રહેવાનો સંભવ હતો? પણ એવો ખ્યાલ તો આપણુને:

વળી લોકો, પેલા કારીગરોના હાથના કસબને તો છેકજ છીતકારી કાઢે છે? જાણે અભડાઈ જતા હોય, એમ દૂરથીજ ન્હાસે છે, દેશી વસ્તુ ડોકીઉં કરે, કે તરત બે વેંત ઉંચા કુદે છે, અને હાથમાં લેતા પહેલાંજ "નપાસ" પડે છે, અને જ્યાં આવાં ભૂત ભરાયાં હોય, ત્યાં દેશી ઉદ્યોગને ઉત્તેજન આપવાની તો વાતજ શી કરવાની?

દેશી દવા માટે તો અહીંનો વાંક શા વાસ્તે કાઢવો? એ તો હવે મોટાં મોટાં શહેરોમાંથી પણ તિરસ્કારાઇ ગઇ છે? ખરૂં છે કે વિલાયતી દવાઓ તાત્કાલિક અસર કરતી હશે, તથાપિ તેથી દરદ, મૂળથી નષ્ટ થતું નથીજ અને એથી

ઉલટું દેશી દવાઓ ધીમે ધીમે ફાયદો બતાવે છે, તથાપિ તે હમેશને માટે આરામ આપી શકે છે. પણ આ ભાવના અન્ધશ્રદ્ધાળુઓનામાં શાની ?

ગામમાં ભીખારીની સંખ્યા બ્હોળા પ્રમાણમાં છે, ટ્રેન પરથી ઉતરી રસ્તામાં ચાલતાં; બઝારમાં, મહોલ્લામાં, ધર્મશાળાઓમાં, સદાવ્રતોમાં, અને આટલેજ નહિ, પણ ઘેરઘેર એક બે જણની હાજરી તો હોયજ ! પાશ્ચાત્ય દેશની પદ્ધત પ્રમાણે શા માટે સરકાર એમના માટે ચાંપતા ઉપાય ન લે ? ભીખારીની કરગરતી વાણીથી સાંભળવામાં આવતી ભીક્ષાની માગણીને અંગે વાતાવરણમાં ઘણો બગાડ થાય છે એ દેશને ઓછું નુકશાનકારક નથી; તો તેઓને મીલ વગેરે અનેક અનુકુળ ઠેકાણે પાડવાની ફરજ કોની હશે ? અને આ રીત્યે અનાથો માટેય પણ: જો કે સરકારને ભારે રકમ ભરવી પડે તો તે પણ કેમ ન ભરે ? એકંદરે એ રકમ પ્રજાનીજ છે એમ કોણ નહિ કબૂલે ? આપણું છે, અને આપણને ન મળે તો તેનું કેમ ? + + +

નિશાળ છે, પણ મ્હેતાજી બોથડ છે; એક શિક્ષક ધારે તો ઘણાને શિક્ષક બનાવી શકે એ નિયમ અત્ર અસ્થાને છે, જો અહીં કંઇપણ શિક્ષણ અપાતું હોય, તો નિશાળનું ચાલચલાઉ કામ ઉપાડી લે એવા Monitor ને માથે સઘળુ સોંપવામાં આવે છે. અર્થાત્ ઘરની જંજાળ આગળ નિશાળમાં ભણાવાની તસ્દી મ્હેતાજી થોડીજ લઈ શકે છે. છોકરાઓમાંથી કોઇ શાક, ભાજી, છાશ, ઘી લાવી મ્હેતાજી આગળ હાજર કરે છે, કદિ કદિ મ્હેતાજી બળતણ લેવા, (ઘેર માળિયાપર ચઢાવા) કે કોઈ

બીજું ઘરનું કામ કરવા મોકલી, કૃષ્ણ, સુદામાના વખતના ગુરૂનું અનુકરણ કરવાની સંભાળ રાખે છે.

કેટલું લખીશ ? જમીન અહીંની રસાળ છે, પણ લોકો માત્ર સારો દિન હુકો ગગડાવામાં, ટોળે મળી ટેલટપ્પાં ઠોકવામાં, ઘરનાં છૈયાં છોકરને સંભાળવામાં અને ચાર આનાનો ગોળ લેવા આવેલા એક ગ્રાહક પાછળ અનેકજણ (તાકી રહેલા) તેની પુઠે પડવામાંજ માત્ર મઝા માણુતા હોય છે.

અહહ ! ગામડાંની આ સ્થિતિ તો હવેજ અનુભવાય છે, અને હવે તો એમ ભાસે છે કે પ્રથમજ ગામડાંને ઉજળી દુનિયામાંનું ભાન કરાવવા જેવું છે. એમના જીવનમાં નવચેતન મૂકવાની પ્રથમ ખામી છે. સુખીને કાલે મળીશ. + +

આપનો

પ્રવાસી.

"* * * ઘાટ."
ડીસેમ્બરઃ તા. ૨૫
રાતના નવે.

પૂજ્ય માસ્તર સાહેબ !

પરમ દહાડે આપને આ ગામની સ્થિતિ સમ્બન્ધી પત્ર લખેલો; કદાચ આજ કેટલોક તફાવત જણાશે અને જાણીને સંતોષ પણ પામશો.

માટીનીજ ખીણોમાંથી રત્નો નીકળે છે એનું મ્હને પરમ દહાડે ભાન ન હતું રહ્યું, આજ પ્રત્યક્ષ અનુભવેલું આપને જણાવું:—

ગામના મુખીને હું કાલે મળેલો, અને ગામની સ્થિતિમાં ઘટતો પણ બને તેટલો સુધારો કેમ થઈ શક્તો નથી ? કે કરતા નથી ? ઈ. વાર્તાલાપ ચલાવેલો, મ્હને જવાબ પરથી એમ અનુમાન થયું કે છેક અજ્ઞાનને સારી સ્થિતિમાં મૂકતાં ઘણોજ થોડો કાળ જાય અને થોડો શ્રમ પડે. કે જે મધ્યમ સ્થિતિવાળા માટે તેમ બનવું અશક્ય છે; મુખીના વિચારો પરથી તો મ્હને ચોક્કસ લાગ્યું કે જો, ધ્યાન દઇને કામ કરવામાં આવે, તો ગમે તો વ્હેલી માંડી પણ ફત્તેહ મળી શકે. માત્ર ગામના લોકોનાં વલણને જાણે મળતા હોઇએ એવું લોકોને લાગવું જોઇએ અને

ખરો માગ તો એજ છે કે સમાજ સુધારણાર્થે, પ્રથમતો તેઓના મતમાં મળી જવું જોઇએ. અને પછી જે મત માત્ર મમત ભર્યા, મિથ્યાવાદી કે ભ્રમમાત્રથી ઉપજેલા હોય, તેનુ સપ્રમાણ દાખલા આપવાથી–અને તે પણ એમને ગળે ઉતરે તેવી વાણીથી ખંડન કરી પોતાના વિચારો લોકોને બતાવવા–આમ કરવાથી ધાર્યું પરિણામ આવી શકે એવું મ્હેં મુખીને જ્યારે ઠસાવ્યું, ત્યારે મારા પર પ્રસન્ન થઇ જાણે મ્હારો ઉપકાર માનતા હોય તેવા ભાવે મારી કને વાત કરવા લલચાયા, એટલુંજ નહિ, પણ જે વિચારોની બાંધ છોડ થતી હતી, તેમાં ઉમેરણ થઇ શકે તેવી એક વ્યક્તિને ત્યાં મ્હને તે લઈ ગયા:

અહા! ગરીબ પણ શો સુખી ગૃહસંસાર! સ્વામી! શિયાળાની ચમચમતી તાઢમાં રાતના નવેક વાગ્યાને સુમારે હું મુખીની સાથે એ લઈ ગયા તેને ઘેર ગયેલો, ઘરનું આંગણું વટાવી આગળ ચાલતાં બંને બારણાં અર્ધ ખુલ્લાં અમે જોયાં, અને બારણાં અર્ધખુલ્લાં હોવાથી, બરાબર જોઇ શકાતું હતું કે ગૃહકુટુમ્બ સઘળું ટોળે મળીને બેઠું હતું, વચમાં તાપણી સળગતી હતી, અને મંડળ વચ્ચે વિવિધ વાર્તાલાપ થતો હતો. આ વાર્તાલાપમાં એક વીશેક વર્ષની વયના છોકરાના વિચારો પાણીદાર અને સંસ્કારી હોય એમ દિપી આવતા હતા. કદાચ અમે આ વખતેજ અંદર જશું તો વિચારો શ્રવણ કરવાનો લાભ ગુમાવી બેસશું એમ સમજી કેટલીક વાર સૂધી તો બારણાને પડખે બન્ને જણા ઉભા રહી એક કાને થઇ સઘળું શ્રવણ કરવા લાગ્યા; અહા! તે વખતનો શો "સીન!" કુટુમ્બજાળનો કલ્લોલ, આનંદ, અમી, એમનો શાન્ત સ્વભાવ, અને મીઠા હાવભાવ

બધું આ પત્ર લખતી વખતે પણ મ્હારી દૃષ્ટિ આગળ તરવરે છે, પણ મુદ્દાની વાતોજ આપને હવે જણાવું. અને તે ટુંકામાંજ:

"બાપુ! હવે તો કૉલેજ "ઓપન" થવાના દિવસો ઢુંકડા આવ્યા!

"હમણા તો શાનું જવાય? જવાશે; ભાઈલાલભાઇને ઘેર નાતો છે; ત્યાર પછી જવાનું તો બનશે. ક્યારે જવાનું છે?"

"જાનેવારીની બીજી તારીખે: અને મ્હારે તે તારીખે જવુંજ પડશે. નાતો જમવાની ખાતર રહેવાય? ભણવા વાળાએ એવી લાલચો ત્યજવીજ જોઇએ.

"ખરૂં; પણ આતો ભાઇલાલભાઈ તે આપણુંજ ઘર કહે-વાય! જોને, ત્હારા કાજે તો અડધા અડધા થઈ જાય છે. અને તું જાઉં, તો એમને કેટલું માઠું લાગે?"

"એમ હશે તો હું એકાદ દિ માંડો જઇશ, પણ ત્યારે જેમ હું એમનું મન સંપાદન કરૂં, તેમ એ મારૂં પણ કરશે ને? અવશ્ય કરેજ. કેમકે તમે કહો છો તેમ મારા માટે એ અડધા અડધા થઇ જાય છે!—"

"ખરૂં છે."

"ત્યારે કહો—એ નાતો, ને એક "ચોરાશી" જમાડવામાં કેટલું ખર્ચ થશે?"

"બધા મળીને થશે ત્રણેક હજાર; પણ એને શી કમી છે, એમાં શું? કરેસ્તો—રૂપિયા પચાસ હજારનો ઠામ છે."

"કરેસ્તો" કેમ? પચાસ હજારનો ઠામ છે, અને આવું ખર્ચ કરે તેને યશ ન આપવો? દુનિયા દોરંગી તે આનુંજ

નામ! ન કરે તેની નિંદા થાય, ને કરનારની કદર નહિ! પણ વારૂં ત્યારે પચાસ હજારની પૂંજી છે, તો બસો પાંચસો રૂપિયા મ્હને ઉછીના (વગર વ્યાજે) આપે?"

"ત્હારે શું કરવા છે? ક્યાં આપણી કને નથી? જોજે એવું લવી જતો!"

"મ્હારા વાસ્તે નહિ, પણ મ્હારો એક 'કમ્પેનિયન'-મિત્ર છે, તે આ વખતે 'ઇન્ટર' માં પાસ થયો છે, ને બી. એ. નો અભ્યાસ કરવાનો છે, પણ એની પાસે પૈસાની બહુ તંગાશ છે. સ્કોલરશીપ તો માત્ર પંદર રૂપિયાની મળે છે; ઘરનો છેક ગરીબ છે. જો કે વિદ્યા તો એનેજ વરી હોય એમ લાગે છે. બાપુ! બહુ 'બ્રાઇટ' છે; પણ એ ભલો માણસ પૈસા વગર બહુ સંકડામણમાં આવી ગયો છે—"

"તે કાંઇ એવા માટે પૈસા મગાય ના ને માગીએ તો આપેય ના:"

"કેમ?"

"એમાં શું પૂણ્ય થવાનું હતું?"

"પૂણ્ય?" અરે ઉછીના રૂપિયા આપવામાં પણ પૂણ્યનો સ્વાર્થ જોવાનો રહ્યો? બી. એ. થયા પછી રૂપિયા એમના વ્યાજ સાથે પાછા ફરે.

"અને તે પહેલાં તેનું કાંઈ થાય તો? પેલું, તે દિ પુસ્તક વાંચતો હતો તે યાદ છે ને! "એમ. એ. બનાકે ક્યું મેરી મીટ્ટી ખરાબકી."

"કેવી હલકી ધારણા!! ધારો કે ન કરે નારાયણને તેમ

થયું, તોપણ શું ? વિદ્યાદાનમાં દેવાયલાં નાણાંથી ઓછું પૂણ્ય ? નાણાં પાછાં ન ફરે ત્હોય શું ? **अन्नदानात्परं नास्ति विद्यादानं ततोऽधिकम्** । બાપુ! ત્હમે એમ માનો છો કે આમ ચોરાશી જેવાં જમણમાં રૂપિયા ઉરાડવાથી પુણ્ય થાય છે ? ”

“ ત્યારે નહિ ? બ્રાહ્મણોને જમાડવામાં કેટલું પુણ્ય છે, તે તમે હવે કોલેજમાં ગયા પછી છેક ભૂલી જવાના ને નાસ્તિકજ થવાના—મને ખબર છે. ”

બ્રાહ્મણોને જમાડવામાં પુણ્ય છે. એવું શાસ્ત્રકારનું સૂત્ર હું માથે ચઢાવું છું. પણ કહેશો ? કેટલા બ્રાહ્મણોમાં બ્રાહ્મણપણું છે ? આપણાં શાસ્ત્રોમાં દાન આપવા માટે જે પાત્ર વર્ણવેલાં છે, તેવાં જ્ઞાની, તેવાં તપસ્વી, તેવાં નિસ્પૃહી, તેવાં લાયક તેવાં પવિત્ર અને તેવાં તપોબળ વાળાં પાત્રો છે ? ”

“ છે કે નહિ, તે જોવાનું કામ આપણું નથી, આપણે તો અસલથી પૂણ્યદાન કરતા આવ્યા છીએ, તેમ કર્યા જવું, ને બાપ દાદાની રહેણી કરણી સાચવવી એટલુંજ. ”

“ શું કહો છો આ ? પાત્ર જોઇને દાન દેવાનું શાસ્ત્રમાં નથી લખ્યું ? બાપુ ! એક બ્રાહ્મણને ત્હમે આઠ આના દક્ષણા દાખલ દીધા, ને તેનો તે દારૂ પીએ, તો તમને તેથી પુણ્ય થવાનું કે પાપ ? એક શેઠીઆના છોકરાએ, બોટમાં બેસતી વખતે, બે જણ (ગરીબ જણાતા) ને આઠ આઠ આના આપ્યા; તેમાંનો એક મચ્છીમાર હતો, ને બીજો ભક્ત હતો, મચ્છીમારે મમરા આણી, માછલાંને, પાથરેલી જાળમાં પકડવા નદીમાં નાખવા માંડયા અને તેથી મોટા મોટા મચ્છોના પાણીપર તરી આવવાથી પેલા બોટમાં બેઠેલા શેઠીઆના છોકરાની બોટ એટલી બધી ચકડોળે ચઢી

કે ઘડીમાં ડુબું ડુબું થઈ જતી, તે વખતે દૂરથી ભગવાનની ભક્તિ કરતા પેલા ભક્તે આ પુણ્ય કરનારના પ્રાણના બચાવ અર્થે પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરવા માંડી, અને કહેવાય છે કે એ પ્રાર્થનાના બળેજ તે બચી ગયો!"

"બધુંય ખરૂં, પણ આપણા બાપદાદા કાંઇ ગાંડા હતા?"

"નહિજ; પણ બાપદાદાનો કાળ અત્યારના જમાનાને મળતો નથી, અને તેથીજ સમય, સ્થિતિને સંજોગોને ધ્યાનમાં લઈ પૂણ્યદાનના માર્ગોએ પળવું જોઇએ. જો બાપદાદાનેજ પગલે ચાલવામાં આવે અને જમાનાને અનુસરી ન ચલાય, તો કેટલું નુકશાન થાય એ દાખલાથી તમે સમજશો:—આગળના કેપ્ટન જે બાજુ શઢને રાખતા હોય, તેજ બાજુ આજે પણ રાખ્યા કરીએ, અને પવનની ગતિને માન ન આપીએ, તો વહાણ ડુબ્યા સિવાય રહેશે? કહેશો કે આગળનો કેપ્ટન કાંઇ ગાંડો નહતો, પણ તેમ નહિ, તે કેપ્ટન પવનની ગતિને અનુકૂળજ શઢ ચઢાવતો હતો, અને તે પ્રમાણે એનીજ પદ્ધતે આપણે પણ પવનની ગતિને અનુકૂળ શઢ ચલાવવો એ ડહાપણ ભરેલું અને વાસ્તવિક છે. અને એ રીતે ત્યારે પીપળે પાણી રેડવા જવાનું અને ચોખા નાખવા જવા કરતાં તેજ પાણી તૃષાળુને પાવામાં આવે, કે પરબો મંડાય, અને ભુખ્યા અનાથ કે જે કશુંજ કામ ન કરી શકે તેવા હોય, તેને ચોખાથી સંતોષવામાં આવે, તો તેમાં શું ખોટું? અથવા પૂણ્ય નથી? વળી આ પ્રમાણે મદારી કને ખેલ કરાવી, તે ગરીબ જાણી, તેને પૈસા ઉઘરાવી આપવા; તે કરતાં કોઇ કારીગર નવી શોધો માટે વિદેશ જવા આતુર હોય, તેને ઉત્તેજન આપવામાં વધારે હિત નથી જળવાતું?

અને એમજ ચોરાશી જમાડવામાં હજારો રૂપિયા ઉરાડી દેવાને સ્થાને એજ રૂપિયા સારાં પુસ્તકોની લ્હાણી કરવામાં, કે મ્હેં કહ્યું એમ મારા ગરીબ પણ ભણવામાં બહુ બાહોશ હોય તેવા લાખોને (વિદ્યોત્તેજક જેવાં ફંડ સ્થાપી) નાણાં આપવામાં, આપણા ધર્મમાંથી હજારો જણ વટલાઈ જઈ પરધર્મમાં જતા રહે છે, તેમને સ્વધર્મમાં રાખવા બદલ થતા ખર્ચ દાખલ નાણાં રોકવામ અને પ્રાચીન શોધખોળ કરનાર વિદ્વાન કે જે પૈસા સિવાયજ ગુંચવાયલા રહે છે, તેઓને મદદ કરવામાં ઓછું પૂણ્ય છે?"

"તમને–કોલેજીયનને પહોચી ન વળાય?"

"એવું બોલી શરમાવો ના."

"ખરૂં કહું છું.

"ત્યારે જો ખરૂં કહેતા હો તો, તમે ભણવામાં કેટલોબધો ફાયદો છે, તે પણ કબૂલ કરો છો એમ કેમ નહિ? બાપુ! આપણે તો બોલવાની છુટ છે. એટલે આટલું કહ્યું; અને એકવાર ફરી કહું છું કે, મારી ખાતર અથવા કહો કે પ્રભુની ખાતર પણ ભાઇલાલભાઈ આટલું માને, ને પાંચસો રૂપિયા અનામત ધીરે તેમ કરશો, કરજોજ, અને તે તમારૂં કહ્યું માનશે. ને માનેજ, કેમકે આ રૂપિયા કાંઇ આપીજ દેવાના નથી, પણ જ્યારે ત્યારે વ્યાજ સાથે પાછા મળવાના છે." + +

તા–ક. પત્ર લખતો હતો, તેવામાં ખાસ કારણને લીધે મુખીનો માણસ બોલાવા આવ્યો, તેથી આજે પત્ર ટુંકાવું છું, બાકીનું બપોરે; કે કાલે લખીશ. પત્ર તમે પણ લખશો.

"* * * ધાટ."
ડીસેમ્બર તા. ૨૬.
બપોર પછી.

પૂજ્ય ગુરૂશ્રી!

જણાવ્યા પ્રમાણે અધુરી વાત પાછી અત્યારે લખું છું. મુખીની સાથે જેને ત્યાં હું ગયો હતો, અને જે કોલેજીયનની વાત સાંભળતાં આનંદ થયેલો, તેનુ નામ દિનમણિ છે. ખરેખર તે દિનમણિજ છે.

પછી અમે બન્ને અંદર ગયા. અને પ્રવાસી તરીકે (મ્હને જે રીતે ઓળખે એ રીતે) મુખીએ મ્હારૂં ઓળખાણ કરાવરાવ્યું અને કોણ જાણે કેમ? હૃદયરસની એકતાજ જાણે અહીં અનુભવાતી હોય તેમ દિનકરમણિએ અનિમિષ પણ પ્રફુલ્લહૃદયે મ્હારા સ્હામું કેટલીક પળો જોયાં કર્યું. સઘળા ભાવો હું કળી શક્યો અને એજ રાતે અમે ત્રણ જણ એક અલાયદા ખંડમાં સૂઇ રહ્યા: આખી રાત વાતોમાંજ વીતિ હતી.

મહાશય! 'વેકેશન' વખતે કોલેજીયન્સ કેટલું બધું કાર્ય કરી શકે, તે મ્હને દિનમણિના દૃષ્ટાંતપરથી સમજાય છે, બેશક, બધાજ કોલેજીયન્સ કાંઈ 'શહેરી' તરીકે ગણાઈ લ્હેર ઉડાવનાર હોતા નથી અને આપ જ્યારે દિનમણિની છાની પ્રવૃતિયોથી જ્ઞાત થશો, ત્યારે ખરેખર, તેને ધન્યવાદ આપ્યા સિવાય નહિ રહો.

ગામડાંની સ્થિતિ શી રીતે સુધારવી એ દિનમણિ સારી-પેઠે જાણે છે, અને વાતોપરથી એમ પ્રતીત થાય છે કે તે, દરદ જોઇનેજ દવા દેવાવાળો આંતરવૈદ્ય છે; હું એને શું શિક્ષણ આપું ? કંઇ પણ હું કહું તે પહેલાંતો એણે રજાના દિવસોમાં ન્હાનાં ન્હાનાં ગામડામાં, પોતાના ન્હાના મંડળ સાથે ફરીને જે કાર્યો કરેલાં તે મુખીના અત્યાગ્રહથી મ્હને કહી સંભળાવ્યાં તે જાણી મ્હને મહા આનંદ થયો. આપને માત્ર દિગ્દર્શનજ કરાવું તો:— ગામડાંના લોકોનું વલણ પારખીને, આડકતરી રીતે એમને મળતા થઇને, ચમત્કાર, વ્હેમ, વ્રત, અને અન્ધશ્રદ્ધા સંબંધી કોમળ છતાં સંગીન દલિલો સાથે સ્પષ્ટિકરણ કરી તેમને વસ્તુસ્થિતિથી જ્ઞાત કરવા, વિજ્ઞાન અને સાયન્સને લગતા ન્હાના વિધના પ્રયોગો કરી બતાવી શિક્ષણ લેવાની લાલચો દર્શાવવી, ભજન–ગીત અને સદુપદેશ જેવા સંગીતમય ગાયનવાળાં ફોનોગ્રાફથી અને એ દ્વારા ધર્મ નીતિનો મિષ્ટ ઉપદેશ આપતાં, તેમના હૃદયને પોતાને અધિન કરી નાખવાં, ભણતા વિદ્યાર્થી વર્ગને મેજીકલૅન્ટર્નદ્વારા, મીલ, કારખાનાં વગેરે બતાવીયે તે દ્વારા અને ન્હાના પ્રકારના ઈનામ–રમતો વગેરેથી (ગામડાનાં માયાળુ બાળકોને) માયા આપી ધીમે ધીમે ભણવામાં આગળ ધપવા લલચાય તેમ કરવું; ગામમાં ગૃહસ્થ ગણાતા એવા આગળપડતો ભાગ લેનારા સજ્જનોને ભેગા કરી, કેળવણી, શિક્ષણ અને નાગરિક જીવન એ શી વસ્તુ છે ? તેની દિશા માત્ર બતાવી, ન્હાય તો પગે પડીને, સો સલામો ભરીને અથવા છેક આડા થતા હોય તો “ભાઈ બાપા” કહીને પણ ગામમાં એકાદ ફંડ થાય, અને ન્હાની સંસ્થા સ્થપાય તેવી યોજના કરવી, નિરક્ષર આગળ અનુકૂળ વિષયો વાંચી શકે એવા

મેમ્બરો તૈયાર કરવા, અને માંદાની માવજત કરી શકે એવા સ્વયંસેવકો બનાવવા વગેરે અનેક વાનાં કરવામાં આ દિનમણિએ દોઢ મહિનામાં પોતાનું જીવન અર્પ્યું હતું.

દિલગીર માત્ર એટલાજ પૂરતો થાઉં છું કે પોતાના વતનની આગળ પાછળનાં ગામડાંમાં, પોતાના ન્હાના પણ મજબુત અને એકજ મંડળ દ્વારા આટલું બધું કરી શક્યો, અને પોતાના વતનમાં તેમ કરવામાં, તે પૂર્ણ ફાવતો નથી એનું પ્રયોજન મ્હને મુખીએ બતાવ્યું, તે એ છે કે વતનમાં એનું વજન અંકાતુ નથી! કેવી નવાઈ!!

પણ હવે હું તો આ વતનમાં અજાણ્યો છું, એટલે આ પરભોગી ગામમાં મ્હારાથી તો પગપેસારો થશેજ; અને આમ ધારી અમે ત્રણેજણ કંઈક નવી હિલચાલ કરવા માંડશું.

આપનો,

પ્રવાસી.

" ગૃહસ્થઆશ્રમ."
૯—૧—૧૯
રાતના નવે.

ગંગાસ્વરૂપ પવિત્ર બ્હેન........

માયાળુ પત્ર મળ્યું, વાંચ્યું; એક વાર નહિ પણ ત્રણ વાર વાંચ્યું, છતાં તરસ્યાં લોચન અતૃપ્તજ રહ્યાં:

* * * બ્હેન ! તમે પૂર્વે પતિની છાંયામાં હતાં, હવે પરમાત્માની છાંયામાં આવ્યાં, આવીને પરમાત્માનાંજ સંતાનોની આમ પ્રાણ, કાયા ને પૈસા દ્વારા બનતી સેવા સાધ્યાં જાવ છો જાણી અતિ આનંદ થયો, એક વાર ફરી લખવા દો કે ત્હમારી અનુકરણીય કૃતિથી હું અતિ આનન્દ અને સંતોષ પામું છું.

બ્હેન ! આર્યભૂમિની ઉંડી આશા રૂપ મ્હારાં નિર્મળ ભગિની ! ત્હમે મ્હારૂં પત્ર વાંચવા આટલાં આતુર છો, પણ હું ત્હમને શું લખીશ ? જ્યાં ઉભય એક વિચારમાં રમતાં હોય, ત્યાં કોણ કોને શું નવું લખી શકેય પણ ?

હવે તો મર્ત્ય સ્વામીને સૂક્ષ્મદૃષ્ટિથી હૃદયમાં નહિ પણ આત્મામાં પધરાવેલા રાખી, સતત તેની ઝાંખી કરતાં, પ્રથમના

શિયળવૃતને કાયમ રાખી, સેવાનાં વ્રત આદરો છો એમ હમેશાં એનું અસ્તિત્વ રહે, તેવું કર્યાં જાવ; જજો, બ્હેન ! સેવાસદનમાં જવાનું લખો છો તો જશો; એમનાં સંસ્થાપક ખરેખર, પૂજ્ય છે, એમની હુંફમાં રહી તમે ઘણું સારૂં કરી શકશો. અને હાં; જાવ, ત્યારે સાથે તમારી સ્થિતિમાં આવેલ અન્ય ભગિનીઓને પણ લેતાં જશો, સેવાસદન જોવા ખાતરજ માત્ર નહિ, પણ સેવા કરવા ખાતર **તૈયાર** બનાવીને સાથે સાથે દોરશો.

જાણો છો કે સંસારમાં, સંસારી તરફથી મળતી કીર્તિ એ માત્ર દોરંગી દુનિયાનો પોલોજ થાંભલો છે, અને તેથી કીર્તિને સ્થાને પિતાની પ્રીતિ પામવાનીજ અપેક્ષા રાખતાં, અન્ય મલીન વાસનાને ત્યજી શોક અને મોહને સરાવી દઈ, સ્નેહ અને કલ્યાણજ બધે વેરવાની ભાવના (રાખો છો એમ) હમેશાં રાખીને બીજાંને રાખતાં શીખવશો. અથવા વિશુદ્ધ ભાવનાનું તેજજ એવું છે કે એ પોતેજ બીજાંને પોતા તરફ આકર્ષશે.

બ્હેન, સેવાનો તો અધિકારજ પ્રથમ ત્હમને-તમ જેવાંને પહોચે છે. જેમ પુરૂષાર્થનો પુરૂષોને છે તેમ: ત્હમે સાધવી મૈયાઓ તો તપસ્વિનિ છો, "દયાની દેવીયો છો, ક્ષમાની મૂર્તિયો છો." તપ કરવા તત્પર થયેલ તેજોમય ભગિનીઓ ! (અરે ! વિધવા શબ્દ નથી બોલી શકતો કેમકે સંસારગૃહની વિધવા એ પ્રભુના ઘરની સધવાજ છે.) ગાળો-પ્રભુમય જીવન ગાળો, મીરાંબાઈનાં ગીત ગાવ, સમજો, અને એને અનુસરો. ન્હાનાલાલનું વાક્ય અત્યારે સ્મૃતિમાં આવે છે-" સૌ વિધવા ધર્મ દિક્ષા લે, તો મ્હારા દેશમાં સાધ્વીઓનાં વન વાધે, સરસ્વતી, ધન્વન્તરી, ને પ્રભુનાં મંદિરો

સ્થપાય," વિધવાઓ, પરિપક્વ વિધવાઓ પુનર્લગ્નને ભૂલી, તમારી પેઠ, પ્રભુનાં પુત્રી બની, સંસારની માતા બને, અનાથને આશરો આપે, સંસારમાં તપ કરતી જોગણ પેઠે સંસારમાં જનનિનું, વૈદ્યનું, ગુરૂનું, અને ફીરસ્તાનું કામ કરતાં શીખે, શીખેને શીખવાડે, અને પ્રભુનાં વ્રત આપવા, બોધવા, પામવા તૈયાર થાય, દુ:ખમય જીવનને કર્તવ્યમય બનાવી, સ્વાર્થનાં રૂદન ભૂલતાં પરમાર્થનાં હાસ્ય વેરવા ભાગ્યશાળી બને અને સૃષ્ટિજીવન પવિત્રતામાં પથરાયલું રહે, તો હું મારો આશય સફળ થયો માનું......બ્હેન ! છેવટ આ એક યાચના, અને તે એ કે, જ્યારે જ્યારે મ્હારી જરૂર પડે, ત્યારે વગર સંકોચે મ્હને સેવાનો ભાગીદાર બનાવશો. વિશેષ શું ? બ્હેન ! તે પિતામાં શ્રદ્ધા.

"ઈન્દુકુમાર" વાંચ્યા છો એ સારૂંજ છે; અન્દર નેપાળી જોગણનું પાત્ર સુન્દર આલેખ્યું છે. અર્થાત્ ત્હમને કંઈક માર્ગ-દર્શક છે. તે જોયું હશેજ.

આપનો ન્હાનો ભાઈ,

પ્રવાસી.

“ સેવામન્દિર ”
૧૩ : ૨ : ૧૯–
મધ્યાહ્ન.

મે. સાહેબ !

માફ કરશો, મ્હને ત્હમારો પત્ર નીરસ લાગે છે, હેન્રી ફ્રોસેટને જ્યારે અન્ધાપો પ્રાપ્ત થયો, તે વખતે ત્હેના પર ઘણા મિત્રોના દિલાસાપત્રો આવતા હતા, પણ એથી તો ફ્રોસેટના બળતા હૃદયમાં ઘીજ હોમાતું હતું ! આમ શાથી ? સાહેબ ! કેમકે પત્રમાં, આશ્વાસન મળી શકે એવી વસ્તુ નહતી, માત્ર આત્માની નિર્બળતા, શબ્દોની ગુંથણીવાળાં નકામાં ટાયલાં અને “ અરેરે ” જેવા શબ્દોમાં ઉતારેલા નિસાસાજ હતા.

કદાચ આથી આપને ખોટું પણ લાગે, તથાપિ હું શું કરીશ ! મ્હારો એમાં ઇલાજ નથી. કેમકે આપનું લખાણજ મ્હને વરવું લાગે છે. એટલે સ્વાભાવિક રીત્યે જે લખાઇ જવાય, ત્હેને હું દબાવી શકું શી રીતે ?

આપ ભારતની દુર્દશા વર્ણવી રોદણાં રડતાં ચિન્તાતુર બની રહો છો અને તેથીજ મ્હને વધારે કંટાળો તો આવે છે; આથી ભારતની સ્થિતિ સુધરે ખરી ? રોદણાં રડવા કરતાં,

ચિન્તાતુર રહેવા કરતાં અને નિશાસા નાખવા કરતાં, દેખાતી હોય, એ દુર્દશાને સારી દિશામાં વાળવા કાં મન્થન કરતા નથી ? આપ એમ્, એ. છો ! ધારો તો શું ન કરી શકો ?

લખો છો કે:—રામ ચાલ્યા ગયા, મનુ, યાજ્ઞવલ્કય, અને પારાશરની ખામી બતાવો છો, વિક્રમ, હરિશ્ચંદ્ર, કાળીદાસ અને ભવભૂતિને પુનઃ પાકવાની રાહ જોઈ બેઠા છો ! ! (માત્ર રાહ જોઇનેજ !) પૃથુ, પ્રતાપ, અકબર, શિવાજી, ભોજ અને બાજીરાવ કયાં ગયા ? એમ પૂછોછો, સીતા, દમયંતી, અહલ્યા તારા અને દ્રૈપદી જેવાના દાખલા ટાંકી આજ એઓની વિભુતિ સરખી આપ નથી દેખતા(!) તેથી છેક લમણે હાથ દઇ બેઠા હો એવી સ્થિતિમાં આવી જાવ છો, કર્ણની ઉદારતા, ભીમનું બાહુબલ, ભરતનો ભ્રાતૃભાવ, શ્રવણની સેવા, રાજપુતનું વીરત્વ, ધર્મનું ધર્મરાજ્ય; વસિષ્ઠનું ગૌરવ, અને મુનિયોના પરોપકારનું સ્મરણ કરાવી ખૂબ ગમગિન થાવ છો. પણ આટલી દિલગીરી શામાટે ? તેથી શું વળશે ? મ્હને લાગે છે ત્હમને ત્હમારી ભુમિમાંજ શ્રદ્ધા નથી, અને તેથીજ ત્હમે એને (ત્હમારા શબ્દોમાં) ભસ્મિભૂત જોતા હશો બાકી ભલે તમે ન માનો, પણ મારી તો દૃઢ માન્યતા છે કે ભરતખંડ પૂર્વની જાહોઝલાલીથીજ અત્યારે પણ વિભૂષિત છે, માત્ર આપણે તે જાહોઝલાલીપરનો પડદો ખસેડી નાખવા બળ સાધન અને યત્ન સંપન્ન થવું જોઇએ છે. જે ભૂમિ એક વખત કળાઓની ખાણ હતી, ધનનો સાગર, અન્નનું ક્ષેત્ર, અને ઓજસનો અંબાર હતી. તેની તેજ આ ભૂમિ અત્યારે પણ એ બધાથી યુક્ત છે; પણ તે ત્હમને ત્યારેજ વૈભવ ભોગવાવશે, કે જયારે ત્હમે કુસંપનાં બીજ ત્હમારાં

ગૃહક્ષેત્રમાંથી વવાતાં નાબુદ કરશો, તે ત્યારેજ તમારી પૂર્વની જાહોઝલાલી ત્હમને બક્ષશે કે જ્યારે ત્હમે આત્મબળે-સ્વાશ્રયી બનશો. ખરી રીતે તો ભૂમિનું નૂર કે ભૂમિનું ગૌરવ કશુંજ ઘટયું નથી, પણ આપણામાંથીજ આપણે સ્વહસ્તે ઘટાડયું છે અને હજુ આત્મશ્રદ્ધા હિન બની ઘટાડયાં જઇએ છીએ ! દર્શાવ્યા એવા પૂર્વના રાજા, ને મહાપુરૂષો વિલય પામ્યા, તોપણ તેમની પ્રસાદીનું અસ્તિત્વ છે–હજુ પણ જેવું ને તેવું તાજુંજ છે; શામાટે તેમના સ્થૂળ દેહને યાદ કરી કર્તવ્યવિમુખ હોવું જોઇએ ? એ દેહ ગયેલો પાછો તો ફરવાનોજ નથી, તો વર્તમાનનેજ ભૂત સમજી ભૂતની સ્થિતિમાં વર્તમાનને લાવવા યત્ન કાં ન કરવો ! કર્તવ્ય કરવામાં આવે, તો જેનું સ્મરણ છે, જેની વાંચ્છના છે, ને જે જોવું છે, તે સઘળુંજ આપોઆપ મોજુદ થશે. પ્રભુ ન્યાયી છે:

તા. ક:—એક 'એમ્, એ.' સુધી પ્હોંચેલુ તમ હૃદય પ્રસ્તુત પત્રને યોગ્ય ન્યાય આપશે એવું ઇચ્છતો–

કૃપાભિલાષી

પ્રવાસી.

"+ + + સદન"

મંગલવાર.

મહાશય!

પત્ર મળ્યું; પૂછો છો કે હું કયા ધર્મનો અનુયાયી છું? મને કહેવા દો કે પ્રથમ તો આ પ્રશ્નજ મ્હને વિચિત્ર લાગે છે. બાકી મૂળે હું તો ધર્મજ એક માનું છું, જો પરમાત્મા બે હોય, જો પિતા બે હોય, જો સત્ય બે હોય, તો ધર્મ બે હોઇ શકે—અન્યથા નહિ, અને હોય તો સમજાવશો—આપનો ઉપકાર થશે:

ત્યારે કયા ધર્મનો છું એમ નહિ, પણ આપના પૂછવાનો હેતુ કયા પંથનો છું—કયા સંપ્રદાયનો છું એવો હશે, અને આમ પૂછતા હો, તો હું જણાવીશ કે વ્યાપાર લઇ બેઠેલા એવા કોઇપણ સંપ્રદાયનો હું અનુયાયી નથી, જે ધર્મગુરૂ એમ કહેતા હોય કે પ્રસ્તુત સંપ્રદાય મ્હારો; અર્થાત જ્યાં "મારા" પણાનું મમત્વ છે ત્યાં હું નથીજ, પછી ભલે પુષ્ટિમાર્ગ હોય, કે સ્વામી નારાયણનો હોય, રામાનુજ હોય, કે સ્માર્ત હોય, થીઓસોફી હોય, કે સમાજીષ્ટનો હોય, જૈની હોય કે ક્રિશ્ચીયન હોય અથવા ઈતર કોઇ પેટાભાગનોય પણ:

વસ્તુતઃ સઘળાં સામ્પ્રદાયીક ધર્મનાં તત્વ એકજ હોય, એમ મ્હને આજ સૂધીના અનુભવે પ્રતીત થયું છે એટલે હુ

એકંદરે આપનાથી નિરાળો તો નથીજ, અર્થાત્ સનાતન ધર્મનાજ અનુયાયીમાંનો હું પણ એક છું, તફાવત માત્ર એટલો ખરો કે, જે ગુરૂ, સંપ કરવાનું શિક્ષણ આપી, સંપ કરાવતાજ હોય, સ્ત્રી શિક્ષણ માટે પોતાથી બનતી બધી પ્રકારની કોશિષ કરી રહ્યા હોય, બાલલગ્ન જેવાં લગ્નોને નાબુદ કરાવી, યોગ્ય વય સુધી બ્રહ્મચર્ય પળાવી વ્યક્તિને બળપૂર્ણ બનાવી બહાદૂર કરવાનો બોધ જ્યાં બોધાતો હોય, વિવિધ હુન્નર ઉદ્યોગોના માર્ગ જે મોકળા કરાવતા હોય, પરદેશ ગમન જેવી છૂટ આપવા ઉપરાંત, જ્ઞાતિ પ્રતિબંધના અઘટિત ઝગડાઓ, જે નિવારવા કમર કસી રહ્યા હોય, પરમાર્થના ઉત્તમ પાઠો વ્યક્તિનાં હૃદયમાં ઠસાવી શકતા હોય, ખુશામત, પ્રમાદ અને પ્રપંચ, સાથે ઈર્ષ્યા, પરાશ્રય અને કુસંપનાં બીજની જડ, મૂળથી ઉખેડી નાખવા યત્ન યોજી રહ્યા હોય, અને આટલું છતાં, જેને ગુરૂપણાનો ગર્વ ન હોય, તેવા ગુરૂના આ'વા ધર્મનો હું અનુયાયી છું.

સર્વને આ નગદધર્મના અનુયાયી થવાનો સ્વતંત્ર હક્ક મહાનપિતા તરફથીજ બક્ષાયલો છે; અને રામસ્વામી, કે વિવેકાનન્દ જેવા મહાન પુરૂષો એજ ધર્મના પ્રબળે અત્યારે પરમાત્માના સંતાન તરીકે પૃથ્વિમાં પૂજાય છેજ. અનેકવાર વન્દન હો એ પૂજ્યોને:

વારૂ; આપને આ ધર્મ ગમશે ? + +

નમ્ર સેવક
પ્રવાસી.

"* * આલય."
આદિત્ય,
તા. ૧૯-૧-૧૯—

આત્મપ્રિય સજ્જન !

કૃપાપત્ર મળ્યું; ઉપકાર થયો, બેશક આપ જેવાનાં પત્રો પામવામાં હું મ્હારૂં અહોભાગ્ય માનું છું:

દેશોન્નતિને સારૂ સમાજ સુધારણા સમ્બન્ધી આપે જે ચળવળ ચલાવવા માંડી છે, એ ખરેખર સ્તુત્ય છે. આમાં આપ મ્હારૂં મત-અને સલાહ માગો છો પણ મ્હને લાગે છે મ્હારા તરફથી આપને કશુંજ નવું ભાગ્યે મળી શકે અથવા હું તો આપ જેવાની પાછળ અનુસરનારો છું, આપને સૂચના આપવાને હું યોગ્ય છું કે નહિ એ પ્રશ્નને આજ્ઞા પ્રમાણે, અત્યારે કોરાણે કરૂં તો, "પત્રમાં કેટલીક બીના લખો" આપની આ આજ્ઞાનેજ માથે ચઢાવવી પડશે.

મહાશય ! આટલું તો આપ પણ સ્વીકારો છોજ કે અદ્યાપિ પર્યંત 'આત્મત્યાગ' નાં દૃષ્ટાંત ખ્હોળા પ્રમાણમાં દીપી આવ્યાં હોય તો તે આર્યભૂમિમાંથીજ; તથાપિ મ્હને કહેવા દો કે, સંસ્થાઓ સ્થાપી, સામાજીક સુધારણા સંબંધી સઘળો કાર્યક્રમ વ્યવસ્થિત શી રીતે કરવો એ ગણિત તો પશ્ચિમના સંસર્ગે શીખાયું છે !

ખરૂં છે કે ધાર્મિક વિષય, સાહિત્ય અને તત્વજ્ઞાનના વિષયો વગેરેમાં આપણા પૂર્વના પૂર્વજો ઘણા આગળ ધપેલા હતા, પણ રાજ્યદ્વારી વિષયમાં તેવું કશું જણાયું નથી, અને ત્યારે, પ્રસ્તુત વિષયને ખાતરજ, (તથા તે ઉપરાંત નૈતિક સાંસારિક અને ઔદ્યોગિક ઉન્નતિ અર્થેય પણ) હવે તો આપ જેવા કેળવણી પામેલા વિદ્વાનોએ બહાર પડવું જોઇએ એવી મ્હારી નમ્ર માન્યતા છે; કેમકે કેળવાયલાં હૃદય સિવાય, આત્મ-શિક્ષણે, ઉંડા નીરિક્ષણના અભ્યાસીઓ સિવાય મજબૂત, અડગ તેમજ વિસ્તૃત વિચારમય મગજ સિવાય દેશ વાસીઓની ખરી પરિસ્થિતિનું ભાન થવું અશક્ય છે, અને આ અશક્ય હોય તો દરદીને અનુકૂળ દવા પણ ક્યાંથી મળે? અને અનુકૂળ દવા સિવાય કશીજ અસર થઈ શકે ના. સ્પષ્ટ લખવાની જરૂર હું નથી જોતો, કેમકે આપ સઘળું સમજો છો; ત્યારે ટુંકામાં પાદરીઓની પેઠે આન્તર સન્યસ્ત ગ્રહી ઠેકાણે ઠેકાણે ફરીને, પાદરીના અનુયાયી બનતા હિન્દુઓને હિન્દી ધર્મ કર્મ અને મર્મનું ભાન કરાવી હિન્દી પ્રજાની સંખ્યામાં (થતા ઘટાડાને સ્થાને) વધારો કરવો, તેઓની જરૂરીઆતો પૂરી પાડવા અડગ પગે તૈયાર રહેવું, અને હિન્દમાં વસતી હિન્દુ, મુસલમાન, પારસી ઈ. કોમો "હું હિન્દુ છું, કે પારસી છું" એમ નહિ પણ, "અમે હિન્દી છીએ" આમ સમજીને બોલતા બને તેવા પ્રકારનો ઉપદેશ આપવા કહો કે એક્તા કરવાની ખાહેશ પૂરી પાડવા પ્રયાસ આદરવો એ કર્તવ્ય, કેળવણી પામેલા વર્ગનું પ્રથમ હોય એમ હું માનું છું.

દેશાભિમાનનાં વાજાં ઠામેઠામ વગડે છે, દેશાભિમાનને

લગતાં ભાષણો થાય છે, ગીત ગવાય છે, અને કોલાહલ પણ થાય છે. તથાપિ તે પ્રકારનું અભિમાન એ ખરૂં અભિમાન નથી. ખરૂં અભિમાન માત્ર શબ્દોમાં, બોલમાં, ગીતમાં, કે ભાષણમાં નથી, ત્યાં તો કેવળ પડઘાજ છે, અને ખરૂં અભિમાન–દેશના ગૌરવનો ખરો ગર્વ તો જેનામાં હશે, તેની નસેનસમાં રમી રહેલો હશે, તેના હ્રદયમાં હશે તેનો આત્માજ તેમય હશે અને કવચિતજ લાગણીના ઉભરારૂપે તેની વરાળ મુખદ્વારા બ્હાર નીકળી જતી હશે: તો મહાશય! ખરા અભિમાનના પાઠો શિખવવા, રાજકીય શિક્ષણ આપવા વીણી વીણીને પાત્રને એકઠા કરવા, અને અધૂરાં પાત્રને પૂર્ણ બનાવવામાં કેળવણી પામેલા વર્ગનું કર્તવ્ય સમાયલું હું માનું છું.

મારા ધારવા પ્રમાણે મંડળ બે ભાગમાં વ્હેચાય તો સારૂં, એક પ્રજાને રાજકિય શિક્ષણ આપે અને બીજું, તેની સામાજીક, આર્થિક, નૈતિક અને માનસિક સ્થિતિ સૂધારે: પેટા ભાગમાં, નાણા પ્રકારનો, જાહેર નોકરી બાબત, રાજ્યના મિત્ર બનાય તેવી કોટિના વર્તમાનપત્ર પ્રકટ કરવા (અને તેના ગ્રાહકો મેળવવા) બાબત, ગામડાંના લોકોના જીવનનો વિકાસ થાય, તેઓ ખેતીનું સાહિત્ય સમજે તે બાબત, કઢંગા તહેવારોએ થતી ઘેલછા નષ્ટ કરી તેને સ્થાને સારો પાયો નાખવા બાબત, ઉડતા રોગોથી બચાવવા (સારવાર કરવા) બાબત અને આવી અન્દરની ન્હાની ન્હાની બાબતોને હાથમાં લે, તેવા સ્વયંસેવકો, છૂટા છૂટા વેરાયલા રહે તેવી વ્યવસ્થા ઉતારવી એ, આરંભેલા કાર્યમાં સરલતા પાડનારી ઉત્તમ યોજના હું માનું છું:

+ + + એ મહાત્માનું તો નામ વાંચતાંજ આપોઆપ

આત્મા ઢળી પડે છે, હૃદય એના ખોળામાં લળી પડે છે; ખચિત ગોપાળકૃષ્ણ–તે ગો–પાળજ નિવડયા છે; વન્દન હો અનેકવાર એ નિષ્કામ કર્મયોગીને: " સર્વન્ટસ્ ઓફ્ ઈન્ડીઆ સોસાયટી " સ્થાપ્યાની ખબર જાણી હું ઘણો હર્ષ પામ્યો છું. અને આત્માને તાઢક વળી છે; આપ પણ મંડળ સાથે ત્યાંજ મેમ્બર તરીકે ગોઠવાવાના હશો:

અહા ! દયાનંદ સ્વામીએ આર્યસમાજ સ્થાપી, રામમોહનરાયે બ્રહ્મોસમાજ સ્થાપી, વિવેકાનંદે રામકૃષ્ણ–મીશન સ્થાપી, દાદાભાઈ અને હ્યુમે મળી કોન્ગ્રેસ સ્થાપી, રાનાડેએ સંસાર સુધારા પરિષદ્ સ્થાપી, અને તે ઉપરાંત રમાબાઇ રાનાડે, ન્હાની બ્હેન ગજ્જર અને જમના બેન સક્કઇ વગેરે બ્હેનોએ સ્વ જીવન દેશને અર્પી જે કાર્યોનો આરંભ કર્યો છે, એ બદલ ખરેખર સારો દેશ એમના આભાર નીચે દબાયલો છે, અને હમણા વળી આપણા પૂજ્ય ગોખલેએ " હિન્દ સેવકસમાજ " ની સ્થાપના કરી આપણને અધિક ઋણિ બનાવ્યા છે. આ બધાં ઋણનો યત્કિંચિત બદલો તો ત્યારેજ વળ્યો હું માનું કે જ્યારે આપણાં જીવન હિન્દીમય હોઇ કર્તવ્યમય બને: પ્રભુ આ વાંચ્છના પાર પાડો. અસ્તુ:

* * *

આપનો તાબેદાર

પ્રવાસી.

"વિશ્રામઘાટ"
૨૫ : ૧ : ૧૯—
સન્ધ્યા.

વ્હાલા માસ્તર સાહેબ!

પત્ર મળ્યું: "ગાડીમાંની વાત" હું વિસ્મૃત તો નહતોજ થયો, જો કે તાઢી પડી હતી, અને ત્હેને તાજી કરાવી એ ઠીક-જ થયું છે:

ગુરૂશ્રી! એ વાત અંત્યજ વર્ગને લગતી છે; હકીકત એવી હતી કે, હું ગાડીમાં બેઠો, તે વખતે મ્હારા ડબામાં ત્રણેક અંત્યજો આવીને બેસવા લાગ્યા, મ્હારી કનેના પેસેન્જર્સમાંથી તેમને ન બેસાડવા બદ્દલ બનતી કોશિષ તો કરી, પણ બારણા આગળજ હું બેઠો હતો એટલે ખુલ્લૂ મૂકેલું બારણું તેઓ બંધ કરી શક્યા ના. (બન્ધ કરવા આવે, અને અંત્યજોને અડકે, તો અભડાઇ જાય આ એમને દે'શત હતી.) અને તેથી માત્ર મોઢેથી જેટલું બોલાય તેટલું બોલીને તાઢા પડયા; 'તાઢા પડયા' એમ લખવાનો હેતુ એટલોજ કે તેમનું કશું વળ્યું ના. અને અંત્યજો મ્હારી બેઠક પાસે બેઠા.

પણ બેઠા પછીયે પેલા લોકોનો બડબડાટ ઓછો થયેલો નહિ; "સરકારે શી આભડછેટ ઘુસાડવા માંડી છે ? અંત્યજો સારૂ

શા માટે જૂદા ડબા ન રાખે ?” ઇ૦ લવારો મ્હારાથી વેઠાયો ના, ત્યારે મ્હેં ધીમેથી કહ્યું કે, સરકાર તો સર્વને સરખો ન્યાય આપે છે; ત્હમારી પેઠે પક્ષપાત કરતો નથી, અને જેનો ધર્મ અભડાઈ જતો હોય, તેઓને વાસ્તે પગે ચાલીને જવા માટેના માર્ગ ખુલ્લા છે; જો ત્હમે આ લોકોના સ્પર્ષથી અભડાઈ જતા હો, એમ ત્હમારાં શાસ્ત્રોમાં લખ્યું હોય, તો શાસ્ત્રનાજ સૂત્રાનુસાર તેઓની સાથે બોલતાં પણ અભડાયલા છો, અને તેથી ત્હમારે સ્નાન કરી પવિત્ર (!) થવું જોઇએ.” વગેરે સંભાષણથી એમનો બડબડાટ બન્ધ થયો, ત્યારે મ્હેં બેઠેલા અંત્યજો તરફ દૃષ્ટિ નાખી:

આ ત્રણે જણે બિલકુલ સ્વચ્છ વસ્ત્ર પહેર્યાં હતાં, એટલુંજ નહિ પણ વાતચિતપરથી જણાયું કે એટલાજ એ અન્દરથી પણ સ્વચ્છ હતા. છતાં આપણા અન્ધશ્રદ્ધાળુ લોકો શા માટે એમનામાંથી મળતો લાભ ગુમાવતા હશે ? અંત્યજના સ્પર્ષથી અભડાયલા ગણી, પહેરેલાં વસ્ત્રો સાથે પોતાનો દેહ પાણીમાં નાખે, અને વીસ પચીસનો રંગીન કસબી ફેંટો હોય, તે મુસલમાનને અડકાવી આવે, એટલે બધું પાવન થયું એમ માને એ ન્યાય કોના ઘરનો ? અથવા એજ અંત્યજ ખ્રીસ્તી થઇ જાય, અને ‘સાહેબ’ બનીને ધર્માધની દુકાને કોઇ ચીજ લેવા આવે, તો ત્હેને ત્રણ મણ રૂની રજાઇપર બેસાડે; આ પણ બુદ્ધિની વિચિક્ષણતા કે બીજું કાંઇ ?

શું વિષ્ટા તાણવાનું કામ તેમને અગાઉ સંપાયલું, તેથી લોકો તેમને અડકતા નથી ? હાલ કયાં સઘળા અંત્યજો તેમ

કરે છે? ક્યાં ચારસો ચારસોના હોદ્દાપર નથી? અથવા ઉપરનો ધંધો સ્હવારના પ્હોરમાં કોણ કરતું નથી, શા માટે લોકો તેમના ડાબા હાથને બરતરફ કરીને સેવા સન્ધ્યા કરતા નથી? ન્હાનાં છોકરાંની મા દિવસમાં કેટલીવાર તે ધંધો કરતી હોય છે! આથી શું? ધંધાની વખતે ધંધો, પણ જ્યારે તેમાંનું કશું ન હોય, ત્યારે તો હલકું વાતાવરણ, કે રોગી જીવ કોઈના અંગમાં ભરાઈ જવાની ઓછીજ ધાસ્તી છે. છતાં, એમનાથી દૂર ને દૂર શા માટે લોકો રહે છે? કેમ કશું સબળ પ્રમાણ આપતા નથી?

ઢેડ ભંગી જેવો કસબ કરનારા કન્યાવિક્રયી, મદ્ય માંસ ખાનારા, લાંચીયા, વિશ્વાસઘાતી, ખુશામતિયા અને કાળાં ધોળાં કરનારાની સાથે કેમ વ્યવહાર રખાય છે, ત્યાં રોટી અને બેટીની આપ લે શા માટે બન્ધ થતી નથી? અને નાહક, વગર પ્રયોજને ને વિના સમજે આ નિર્દોષ, ઉદ્યોગી અને ઉપયોગી વ્યક્તિયોને અછાજતો દંડ શા માટે દેવાય છે? આ વર્ગ સાથેના સ્પર્ષાસ્પર્ષની છૂટી થશે, તોજ દેશની ઉન્નતિ માટે પૂરતું બળ પ્રાપ્ત થશે. ઇત્યાદિ અનેક વિચારો મગજમાં ઉતરતા હતા; અને આ વિચારોમાં મ્હને કશોજ વખત જણાયો ન હતો.

આપનો
પ્રવાસી.

"આદિત્ય."
(ઊતાવળમાં.)

પૂજ્ય માસ્તર સાહેબ!

એક વખત મ્હેં.......ગામને છેક નીચી પાયરીમાં મૂકી દીધું હતું, પછી ત્હેમાંથીજ દિનમણિ જેવું રત્ન લાધ્યું, આજ વળી એથીયે જ્યાદે પ્રશંસા કરવાની તક લીધેલી જાણીને, આપ મ્હારા ઉતાવળીઆ સ્વભાવે એકદમ બન્ધાતા અનુમાનને હસશો અને પુનઃ આનન્દ પણ પામશો:

હવે મ્હને ચોક્કશ અનુભવ થયો કે, ગામડાના લોકો બહારથી ગમે તેટલા મેલા જણાતા હોય, અને વર્તનમાં અવ્યવસ્થિત તેમજ જાડી બુદ્ધિના જણાતા હોય, તથાપિ એઓ ઘણે અંશે ભોળા, નિખાલસ મનના, દયાળુ અને પરોપકારી હોય છે; અને આ કોટિના લોકો કે જે છેક નીચી પાયરીમાં હોય છે તેને એકદમ સારી સ્થિતિમાં લાવતાં, લાવનારને ઝાઝો શ્રમ પડી શકે નહિ, કે જે શ્રમ મધ્યમ માર્ગીઓ માટે સહેવો પડે છે.

મહાશય! બીજેજ દિવસે અહીં એક ભવ્ય—પણ ગામના પ્રમાણમાં, મુખીના પ્રમુખપણા નીચે એમને ચૉરે મેળાવડો કરવામાં આવ્યો હતો, અને લૅકચરર તરીકે દિનમણિ હતો. દિનમણિના સ્વાભાવિક છટાદાર અને અસરકારક ભાષણે લોકનાં પીગ-

ભેલાં હૃદયને ભાષણના ટેકા રૂપ થોડુંક મ્હેં બોલી, અધિન કર્યાં હતાં.—અધિન કર્યાં હતાં એમ કહેવાનું તાત્પર્ય એટલુંજ કે, ભાષણની થએલી અસરને અંગે ઘણા જણે 'સંસાર સુધારા'નો સવાલ ભિન્ન ભિન્ન રીતે ઉપાડી લીધો હતો; અર્થાત્ કોઇએ બાલલગ્ન નહિ કરવાની, કોઇએ સર અવસરે થતા જ્ઞાતિ-ભોજન વખતે સ્થપાતા વિદ્યોત્તેજક ફંડમાં સ્થિતિના પ્રમાણમાં અમુક રકમ ભરવાની, સન્તાનો (પછી પુત્ર હોય વા પુત્રી) ને બને ત્યાં સુધી વધારે ભણાવવાની, ગામમાં પંચની એક લાય-બ્રેરી બનાવવાની તથા આવી અનેક બાબતોની પ્રતિજ્ઞાઓ લેવાઇ હતી. ફંડની સ્થાપના પણ આ વખતેજ થઈ હતી, અને લગ-ભગ ચારસો રૂપિયાને આશરે રકમ ભરાઈ કી છે. + + આપનો કાલે પત્ર મળશે એમ માનતો–

આપનો

પ્રવાસી.

"* * * ની વાડી."
રવિવારઃ
રાત્રિ—

પૂજ્યશ્રી !

વૃત્તાન્ત વિલક્ષણ છે, હતાશ બનાવનારો છે: મ્હને તો કાંઈ નથી, પણ બિચારા કોઇ કાચા-પોચા સ્વયંસેવકનું ગજું નથી કે, તે આ ગામમાં ઉઘરાણું કરી શકે ! ફંડની માલિકી, તેને એકઠું કરનાર-સ્વયંસેવક-ની તો છેજ નહિ, નંધાયલાં નાણાં ભરપાઇ વસૂલ કરવા સારૂ થતી તન-તોડ મહેનત ફંડના સંગીનપણા માટે અને તેનો ઉપયોગ કરનારને માટે છે; છતાં જે વિટંબણા વેઠવી પડે છે એ વિસરી જઇ, ભર સભા સમક્ષ 'મોટા ભા' અથવા 'મ્હાત' બની મ્હોટે ઉપાડે નંધાવેલી રકમો હવે ઉઘરાવા જતાં તે મહાશયો (!) કેવા વિચિત્ર જવાબ વાળે છે તે જોવા જેવા છે !

ગામમાં સંભાવિત ગણાતા + + + નામના ગૃહસ્થને ત્યાં હું સ્હવારમાં ગએલો, અને પોતાના હાથે ભરેલી રકમવાળું કાગળિયું એમના આગળ ધરતાં અતિ રાંકભાવે મ્હેં એટલું જ કહ્યું કે,—"હવે ધક્કો ન ખાવો પડે તો સારૂં." સ્વામીન્ ! આટલું બોલતી વખતે જાળવેલો મ્હારો વિનય તો ક્યાંય લય થયો અને ગૃહસ્થ ઘુરકીને, હાથમાંના કાગળને નીચે ફેંકી દઈ

બોલ્યા કેઃ—" અત્યારમાં શું દાટયું હતું તે આવ્યા છો ? કાંઇ કામ ધંધો છે કે નહિ ? તમે નવરા એટલે સ્હામાય તેવા ? " વગેરે સૌ સાંભળી રહ્યો, આ પ્રકારની સેવા વખતે હૃદય મજબૂત અને પેટ ઉદાર રાખવા મ્હને ત્હમે ટેવ્યો છે એટલે ભિંત પર પટકાયલો દડો પાછોજ પડે, તેમ એમના શબ્દોએ મ્હને કશી અસર કરી નહતી. મારી શાન્તિ અને સહનશિલતામાં કશોજ ફેર નહતો પડયો, પરન્તુ કેટલીક વાર એમ પણ બને છે કે એકની શાન્તિ, કોઈ ક્રોધીને વધારે ક્રોધે ભરાવે છેઃ અને આ ગૃહસ્થને પણ એમજ થયું ! અર્થાત્ ફરીથી કઈ વખતે આવવું ! "આપ સવાર સિવાય બીજે વખતે મળતા નથી તેથી હું અત્યારમાં આવેલો" આટલું કહીને જવાબની રાહ જોતો ઉભો રહ્યો એવામાં તો શેઠે પાણીચું પકડાવ્યું કે "આપવા માટે રૂપિયા લખાવ્યા ન હતા ! "

ત્યારે બોલવા વાસ્તે સાવજનિક ફંડમાં નાણાં નંધાવનાર ગૃહસ્થને ઘેરથી પછી × × વકીલને ત્યાં ગયો ત્યારે મને અને મારા હાથમાંના કાગળિયાને જોઈ, વળી તેમના આંખો ચાર થઈ ! મંગલાચરણ જ નકારનું મંડાયલાનો મને મોહક વિચાર તો થયો હતોજ, પણ તે વિચાર ' મોહક ' હોવાથી મ્હેં તેના પરથી દુર્લક્ષ કર્યું અને વિવેકભ્રષ્ટ વકીલના હાથમાં કાગળિયું આપી જવાબ કે નાણાંની રાહ જોતો હું પાસે પડેલી ખુરશી પર બેઠો.

" ફંડ માટે મીટિંગ મળ્યે આજ મહિનો થયો, અત્યાર સુધી નાણાંનું ઉઘરાણું કેવું ? આ તે ફંડ સ્થાપવાની દાનત છે ? મ્હને ઘણા આ'વા આ'વા અનુભવો થયા છે. ફંડના નિમિત્તે

નાણું ઉચાપત કરી જનારા જગત્‌માં ઓછા નથી, અને હમણાં ગઈ કાલે-કે પરમદહાડેજ મ્હને મી. + + + મળ્યા હતા, તે કહેતા હતા કે ફંડની વ્યવસ્થા વેડફાઇ ગઇ છે, અને મીસ્ટર! આજ વળી ઉઘરાણું કરવા નીકળેલા ત્હમે કોણ છો?" વગેરે શબ્દો જ્યારે, પાથરેલા ઉદાર હૃદયના વિશાળ પટમાં પડ્યા, ત્યારે મને માલમ પડ્યું કે વકીલ સાહેબે હાથમાં કેટલીક વાર કાગળિયું ધરી રાખેલું, તે વસૂલ થયલાં નાણાં જોવા નહિ, પણ નકાર ભણવાના ઇશ્યુ શોધવા!

"ઘણે ઘેરથી નાણાં વસૂલ કરવાનાં હોવાથી સહેજ મહિનો વ્યતીત થાય, તેથી કાંઈ નિસ્પૃહાનો આરોપ આવતો નથી, અને આપને ફંડની અવ્યવસ્થિત સ્થિતિ વિષે જે મહાશયે કહ્યું હોય, તેમનો મને મેળાપ કરાવશો?"

મારી આ'વી નમ્ર યાચનાનો અસ્વીકાર કરી વકીલ સાહેબે તોછડાઈથી જવાબ આપ્યો કે, મ્હારે બીજું કામ છે, અવકાશે વિચાર કરશું-હમણાં તમે અહીંથી જાવ.

હવે વળી નવો વિચાર શો કરવાનો હશે? તેનું સ્મરણ કરતો કરતો ડૉ. + + + ને ત્યાં હું પહોંચ્યો, ડૉ. ના ટેબલપર પચીશેક રૂપિયાની ઢગલી પડેલી જોઇ મ્હને આશા બન્ધાઈ, હું બેઠો, એકાદ 'કેસ'ના કામથી પરવાર્યા પછી મ્હેં સાહેબ (!) ના હાથમાં કાગળિયું ધર્યું. પણ કાગળિયું તો મારા હાથમાં રહ્યું, અને પોતાની દૃષ્ટિનેજ જરાવાર તસ્દી દીધી. ઉપર ઉપરથી બધું જોઇ રહ્યા પછી સાહેબે મને પૂછ્યું કે-કેમ? શું છે? આ સાંભળી એકવાર હું તો આભોજ બની ગયો? જે કંઇ હતું, તે

કાગળમાંથી વંચાય તેવું સ્પષ્ટ હતું! છતાં મ્હને પૂછવાનુ શું કારણ હશે? હું જરા આ'વા વિચારમાં હતો, એટલામાં આવેશ ભરી દૃષ્ટિથી એમણેજ બોલવું શરૂ કર્યું કે:–શું અમારી અણુપતિત આવી? હજુ આટલા બધાનાં બાકી નાણાં છે, તે તો લાવો. મ્હારે ત્યાં છેલ્લે આવતાં શું થતું હતું? અમારા પૈસા ક્યાં જવાના હતા! સાળી દુનિયાજ એવી છે. આંગળી આપે ત્હેનો પોંચો કરડી ખાવાનો આ તે શો ધન્ધો!" વગેરે શબ્દો હું કાન તળે કાઢી નાખું તે દરમિયાનમાં નાંધેલા દસ રૂપિયા પછડતા ફેંકીને મ્હને "જાવ"–"ચાલ્યા જાવ" કહી, જવાનો હુકમ કર્યો: મહત્વાકાંક્ષીઓની મૂર્ખતાને હસતો હું ત્યાંથી વિદાય થઇ રા. + + + પટેલને ત્યાં ગયો.

"ફંડની થતી ગેરવ્યવસ્થાથી હું અજાણ્યો નથી. બળાત્કારે સભા વચ્ચે નાણાં ભરાવે, તો પોઝીશનની ખાતર અમારાથી કંઈ બોલાય નહિ, બાકી અમે હવે ફંડોમાં નાણાં ભરવાનાજ શપથ લીધા છે: ડાહ્યા હો તો છાનામાના તમેય આ છંદ છોડીને કોઈ બીજો ધંધો માંરો કે બે પૈસા ઘરમાં આવે, નહિ તો નકામી નામોશી વ્હોરવી પડશે–હું તો ખરૂં કહું છું."

આમ વગર માગી સલાહ આપીને સલાહમાંની શંકા પૂરતી મ્હારી વિજ્ઞાપ્તિના સાંભળ્યા પૂર્વેજ પોતાની 'પોઝીશન' પ્રમાણે ત્યાંથી કઇ રૂમમાં ભરાઈ ગયા તે ફરી દર્શનજ ન થયાં, અડધો કલાક તપ્યો અને છેવટ થાકીને ત્યાંથી વિદાય થયો.

આપ + + + ને તો સારી રીતે ઓળખોછોજ તે હાલ બહારગામ × × × ને હોદ્દે છે, અંહી આવેલા ત્યારે સાઠ

રૂપિયા ફંડમાં ભરેલા, અત્યાર સુધી એમનો મનીઓર્ડર નહિ આવવાથી લગભગ ત્રણેક પત્રો લખ્યા, છતાં કશો જવાબજ ન મળે ? ખુલ્લે ખુલ્લી ના પાડતા હોય તો શું ખોટું ? એથી અમને નિરાંત, ને ગાદી તળે કાગળો ડબાવી મૂકવાની એમને પણ નિરાંત થાય !

પણ મામલો આટલેથીજ નથી અટકતો; બઝારમાં × × × શેઠની દુકાને ગયો ત્યારે તેમણે વળી કોઈ ખુબીથી ગોળે વિંટાળીને વાત કરી ! કહ્યું કે–“ આપને જાતે કેમ આવવું પડયું ?” બીજાને નહિ ગાંઠેલા, ને બાપડા ધક્કા ખાઈ ખાઈને થાકેલા, ત્યારે હું ગએલો એ એમની સ્મૃતિ બહાર તો નહિજ હોય! છતાં મને પૂછયું ત્યારે મેં પણ સાચું સાચુંજ કહી દીધું કે, સખ્ત તાપમાં બહુ ફરવાથી દિનમણિને જરા જ્વર આવ્યો છે એટલે ‘એક પંથ, ને દો કાજ’ સમઝી હુંજ આવ્યો.”

સ્વામીન્! શી વાત કરૂં ? આ’નો ઉલટો અર્થ કરીને શેઠજીએ વલણ વાળ્યું કે–“ ત્યારે તો મ્હારે તેને જોવા આવવું જોઇએ, ને ત્હમે જાવ, હું જોવા આવીશ, તે વખતે જરૂર લેતો આવીશ ! ! ”

કોઈ કહે કે “ પહોંચતા કરીશ, ” કોઈ કહે કે “ગુમાસ્તો આવે ત્યારે” કોઈ કહે કે “હમણાં નથી” આ’વા ઢંગધડા વગરના વાયદા સાંભળી મ્હારે એમને હસવા કે દિલગીર થવું ?

વસ્તુસ્થિતિ આ’વી છે: સરકારના દંડની દાદ પડતા પહેલાં ઝીલી લેનારા, ફરજ, લાજ યશ કે મમતથી મોટી મોટી સખાવતો કરનારા અને જેમાં દયા, પરોપકાર તથા સેવાનો સમાવેશ

થયો છે તે પ્રકારનાં આવા ફંડોમાં ભરેલી રકમો આપતી વખતે નેપાળો ગળ્યા જેવું મ્હોં અને સ્વભાવ કરી નાખનાર કહેવાતા સદ્‌ગૃહસ્થો કે પ્રતિષ્ઠિત મહાશયોને સંકૂચિત દૃષ્ટિવાળી સ્વાર્થાન્ધ દિશાથી હવે જૂદી દિશાએ દોરવા વાસ્તે આપને ઘટતું કરવાનો સમય જતો કરવા જેવો નથી. વિશેષ શું ?

આપનો

પ્રવાસી.

"* * ની હવેલી."

* * ફળિયું

તા. ૧-૧૨-૧૯—

પૂજ્ય માસ્તર સાહેબ !

આજે આપનું પત્ર કદાચ...ગામ ગએલ હશે, ઓચિંતુ અહી આવવાનું થયલું હોવાથી હું ખબર કરી શકેલો નહિ. અહીં ત્રણેક દિવસથી એક વ્યાસજી કથા કહે છે. લોકોને તેની પદ્ધત, તેના વિચારો અને વસ્તુ એટલું બધું ગમી ગયું છે કે ગામ ગામના લોકો સાંભળવા આવે છે. કથામાં એવું શું રહસ્ય છે, તે જાણવા હું ઇન્તેજાર થયો, અને એક મિત્રના પત્રથી, વધારે ઉત્કંઠા ઉત્પન્ન થઈ; ગઇ કાલે રાતે હું કથામાં ગયો હતો, અને મ્હને ઘણું શ્રવણ કરવાનું અને શિખવાનું મળ્યું.

મહાશય ! આ કથા ન હતી **રામયણમાંની** કે ન હતી **મહાભારતમાંની**: ન હતું **ઓખાહરણ** કે ન હતું **એકાદશી મહાત્મ્ય**: ન હતી **કૃષ્ણલીલા** કે ન હતું **હરિશ્ચંદ્ર**, **ચન્દ્રહાસ**, **દેવયાની**, **નરસિંહમહેતા**, **મીરાંબાઇ** અથવા **નળ—દમયંતીનું** આખ્યાન: પણ આ બધાથી કોઇ જૂદીજ કોટિની કથા હતી, અને એનું નામ "ગાડરીઓ પ્રવાહ" હતું! મ્હેં તો કથાનું આવું નામજ આજ સાંભળ્યું !

નાટકી રાહોથી, નાટકી એક્‌ટીંગથી, લાંબી રાગ રાગણીઓથી અથવા ઉંચા થઇને—

" મારો મારો સંભળાય–મારો મારો સંભળાય,

ધરતી લાગી જવા ને ઉથલપાથલ થાય–હા-હા-હા-હા. "

આમ તાલ સાથે ધમાલ અને ધુન મચાતી ન હતી. પરન્તુ, પવન વગરના તોફાન વગર નદીનાં નિર્મળ પાણીનાં જેમ શાન્ત રીતે વહન થયા કરે છે, તે પ્રમાણે, મૃદુ ભાવે, સપ્રમાણ, સ્નેહાળ હૃદયે, હસતે વદને, અને કથા કહેનાર પોતે પણ જાણે શ્રોતામાંનોજ એક હોય એવી પદ્ધતે " ગાડરીઆ પ્રવાહ " વિષયે જનરૂચિ અનુસાર બોલતાં બોલતાં, જનરૂચિને પોતાની રૂચિનો સ્વાદ ચખાડી શ્રોતાવર્ગને પોતાનીજ રૂચિનો રસિયો બનાવતો !

કથા કહેનાર કને એક ન્હાની સારંગીજ માત્ર હતી, પણ એની હૃદય સારંગીનોજ ધ્વનિ એવો સુકોમળ અને આકર્ષક હતો કે કથાનો આરંભ થતાંજ એકદમ શ્રોતાવર્ગ શાન્ત થઇ ગએલો ! ખરેખર, આટલી શાન્તિ તો પોલિસનાં દંડણાંથી પણ ફેલાય ના ! અને દશે દિશાએ માત્ર કથા કહેનારનોજ ધ્વનિ રમી રહેતો હતો, એ જે કાંઇ કહે, તેમાં કોઇને શંકા થયા જેવું જણાય, તેની પછી થોડીજ મિનિટોમાં શંકાના સમાધાનના શબ્દો ઉચ્ચરાતા હું શ્રવણ કરતો. આ શી એની ખુબી !

ત્યારે કથામાંથી મેળવેલી વસ્તુના સ્મૃતિમાં રહેલ ભાગમાંથી થોડુંક આપને હવે ઉતારી મોકલું—

પ્રથમતો " ગાડરીઆ પ્રવાહ " નો એણે એવો અર્થ કરી

બતાવ્યો કે:—સારાસારનો વિચાર કર્યા સિવાય, કેવળ દેખાદેખી-થી કાર્યમાં ઘસડાવું, અથવા કારણ જાણ્યા સિવાય અસલથી કરાતાં હોય એમને એમ કાર્યો કર્યા જવાં અને આનું નામજ અન્ધશ્રદ્ધા.

પણ આ વર્તનથી આત્માનો વિકાસ થતો નથી. બુદ્ધિ જડ રહે છે, શ્રમ અને સમયનો નિરર્થક વ્યય થાય છે અને જેટલું હિત માનવામાં આવે છે એટલી હાનિજ થાય છે. કદાચ તાત્કા-ળિક હાનિ થયેલી નહિ અનુભવાય પણ પરિણામ તો એજ આવવાનું:

+ + + આ પછી એક શ્લોક કહી સંભળાવ્યો હતો. (**पुराण मित्येव साधु सर्वम्**-વાળો;) અને તેનો ભાવાર્થ એવો સમજાવ્યો હતો કે:—

ખરૂં શું, અને ખોટું શું ? તેનો વિચાર કરી, બન્નેમાંથી જેટલું ઉચિત હોય, તેજ સાધુ પુરૂષો સત્કારે છે, પણ મૂર્ખ લોકો તો, જે બીજાએ કહ્યું, તેજ સારા તરીકે સ્વીકારી લે છે અને આમ સ્વશક્તિનો ઉપયોગ ન કરનારા, તે પ્રસ્તુત શ્લોકા-નુસાર મૂર્ખ ઠરે છે: ત્યારે મૂર્ખ બનવાનું કોને વ્હાલું લાગે ?

+ + વળી મહાત્મા બુદ્ધની સુચના નિવેદન કરેલી કે:—

Do not believe in anything because it is said; not in tradition, because they they have been banded down from antiquity, nor in rumours as such; nor in writing by sages, because sages wrote them nor in fan-cies that we may suspect to have been inspired in us

by a Dave nor from inference drawn from some hap-pazard assumption we may have made nor because what seems to be an analogical necessity nor ou the merre authority of our teacher or master. But we are to believe when the writing, doctrine or saying is corroborated by our own reason and consciousness.

પછી એક રમૂજી ઉદાહરણ આપેલું;

" વૈષ્ણવની નિત્ય નિયમ પોથીમાં એવું જણાવ્યું હશે કે, સેવા કરતી વખતે શિખા બાંધવી, અને પિતામ્બર કે કંતરાણ જેવું, ધોયેલું સ્વચ્છ વસ્ત્ર બે છેડે પાટલી વાળીને પ્હેરવું: આ નિયમને અનુસરીને એક ભગવદ્ ભક્ત હમેશાં સેવા કરતો, પણ એ ઘણો ગરીબ સ્થિતિનો હોવાથી પિતામ્બર લાવી શકેલો નહિ, અને તેથી ઘરમાં અસલના વારાનું એક ટુંકુ કંતરાણ સેવા વખતે પહેરતો, કંતરાણ ટુંકું હોવાથી બે છેડે પાટલી વળતી નહિ, અને નિયમ પ્રમાણે વાળવી તો પડેજ, ત્યારે એ એમ કરતો, કે જુદા ભણીની પાટલી વાળતો, પણ વાળીને (ખોસતો નહિ–) છુટીજ મૂકતો–અને આમ કરવાથી એને ટુંકા કંતરાણથી સારી રીતે નભતું, કાળબળે એ દેવલોક પામ્યો, અને નશીબનો બળિયો એનો દીકરો બે પૈસા સારા કમાયો, કમાયો એટલે તો રાચરચીલું નવું લાવ્યો, અને સાથે સાથે એક લાંબા પ્હોળા પ્હનાનું પીતાંબર પણ ખરીદ્યું. ખૂબી તો એ હતી કે, પોતે પણ પિતાની પેઠે કાછડી છૂટી મૂકીનેજ સેવા કરવા બેસતો. એકવાર એના મિત્રે આ જોયું, ત્યારે તેમ કરવાનું કારણ પૂછ્યું. " બાપદાદા કરતા આવ્યા છે એમ હું પણ કરૂં છું–કાંઇ આ નવું

નથી." આવો જવાબ સાંભળી મિત્ર ચકિત થઈ ગયો, અને બાપદાદાની સ્થિતિથી જ્યારે એને માહિતગાર કર્યો, ત્યારે ખરે-ખર એની આંખો ખૂલી, અને જરા ચોભીલો પડયો હોય એવો થઈ ગયો. પછી તો સેવા કરવા બેસતી વખતે પિતામ્બર પહેર-વાની રીત એણે બદલેલી! * *"

આમ દાખલા દલિલોની મિશ્રતાથીજ, દેવ દર્શન જવાનાં કારણો, તેથી થતી અસર, અસર કેવા ભાવથી જવામાં કેવી થાય, એકાદશી અને એવાં અનેક પ્રકારનાં વ્રત કરવાનાં કારણ, તેથી થતા લાભ હાનિનો રહેતો પોતાના વર્તનપર આધાર, પુણ્યદાન-ના નવા જૂના માર્ગો, સાંસારિક વ્યવહારોમાં કરવા જોયતા ફેર-ફારો, ઈ૦ અનેક વિષયો પરત્વે લંબાણથી પણ રસિક વાણીથી બોલતો, અને આમ કરવામાં જરા પણ ઉતાવળો થતો નહિ, ગભરાઈ જતો નહિ અને જે કાંઇ કહેવાનું, તે મુદ્દાસર ટુંકામાં અને રસભરી શૈલીથી, સ્હામા આદમીને ગળે ઉતરે એવી રીતે-જ બોલતો:

આમ આરમ્ભેજ ધર્મ અને નીતિનો પ્રસંગ કાઢી, આજ-કાલ જેનું સામ્રાજ્ય કહેવાય છે એ સ્ત્રીઓનાં હૃદય પર પોતાના શબ્દોની સારી છાપ પાડયા પછી, સંસ્કારથી ઘડાતાં હૃદય તરફ એણે દૃષ્ટિ નાખેલી; અને ખરેખર! એ શ્રવણ કરવામાં મ્હને ઘણીજ રમૂજ પડી, માનશો? અત્યારે–પત્ર લખતી વખતે પણ એટલોજ આનંદ પામું છું!

શરૂઆતનું એક આ સૂત્ર સોને મઢી મૂકવા જેવું મ્હને જણાયું કે:—વંશપરંપરાને વળગી રહેવું, અને દેશકાળને

અનુસરતા ફેરફાર કરવા આ બે નિયમોથી જીવિતની ઉન્નતિ અથવા વૃદ્ધિ થાય છે અને એટલેજ દેશની: અને મહાશય! આપણે ઘણીવાર વાતોમાં ને વાતોમાં દિલગીરી સાથે હસતા હતાજ કે:—સ્મૃતિ અને કાયદાઓને માટે આપણે લોકો નહિ, તથાપિ તે આપણા માટે છતાં, સંજોગાનુસાર એમાં કશોજ ફેરફાર કરવાની તસ્દી લેતા નથી! લોકો પોતાની ખુલ્લી આંખે નિહાળે છે કે હિન્દુસ્થાનની નદીઓના પટ આજે બદલાઇ ગયા, અરફ પડવાની જગ્યાઓ બદલાઇ ગઇ, જંગલને સ્થાને ક્ષેત્રો થયાં, દેશનું સ્વરૂપ પલટાઇ ગયું, રાજ્યપદ્ધતિ પણ બદલાઇ, વતનીનો વર્ણ પણ બદલાયો, અને એ લોકો પણ ઘસાઈ ગયા, છતાં કેવળ ભૂતકાળની રૂઢિયોને અને તે પણ વગર પ્રયોજને અને કારણથી જ્ઞાત થયા સિવાય ઉદાર દિલથી માન આપવામાં આવે છે! આમ પાછળ જોતા જોતા આગળ ધપવાની આ સ્થિતિ કેટલી દયાપાત્ર અને ખેદજનક છે!!

ખરેખર, આપણા લોકોમાં જો કોઈ પ્રકારની શ્રદ્ધા હોય, તો તે શાસ્ત્રોમાં નહિ, ધર્મમાંયે નહિ, પણ કેવળ આગળની રૂઢિયોમાંજ! અફસોસની વાત છે કે, આપણાંજ શાસ્ત્રો અને ધર્મોમાં પાશ્ચાત્ય પ્રજા, પ્રયોગોદ્વારા અને પ્રેકટીકલ રીત્યે શ્રદ્ધા ઠસાવે છે, અને જ્યારે એ લોકો "ભૂતનું અસ્તિત્વ સ્વીકારવા લાગ્યા, ત્યારે પાછા આપણા લોકો ઠેકાણે આવ્યા! ભીમસેન જેવાની કથા 'હંબગ' ગણાતી, પણ 'સેન્ડો' અને 'રામમૂર્તિ' જેવા પાક્યા, ત્યારે 'હંબગ' શબ્દ વિસારે પાડવા લાગ્યા, અને એજ રીત્યે શેતબિન્દુ પર બન્ધાયલી રામના હસ્તકની પાળ (પૂલ) માટેય પણ. સિવાય વિમાન, વગેરે: આ શી આત્માની

નિર્બલતા ? શંકા થાય છે કે આ નિર્બલતા, મનોબળની શિથિલતા અને ચિત્તની અવ્યવસ્થતાનું કારણ કદાચ તમોગુણી ખોરાક ન હોય ! શું અન્ન તેવા ઓડકાર ન હોઈ શકે ? આને માટે ગીતામાંથી કયાં ટેકો નથી મળતો ? હર ! હર ! હર અનિયમિત ચ્હા-ભૂસું-અને હોટલમાંની મિજલસથી ગરમાગરમ એવો 'અપટુડેટ' આપણો આજકાલનો યુવક વર્ગ અડધા અડધા તોલાની ત્રણેક રોટલીમાંતો "હોઈયાં" કરતો હોય છે ! અને તેટલાથી પણ કદાચ અપચો થાય તો ગાંધી કે વૈદ્યના ઘરની દેશી દવાને બદલે (સ્પીરીટથી સુગન્ધમય !) વિલાયતી દવાથી હોજરી ભરપુર બનાવી દેવામાં જરા પણ આચકો ખવાતો નથી! જે ભૂમિ, જોઈતું ઘી જેવું સર્વોત્તમ સાધન પૂરૂં પાડે છે, અમૃતની ઉપમાને પાત્ર નિવડેલું બળ પૂર્ણ દૂધ મફતના ભાવે આપે છે (વિલાયતી દવાની માફક નવટાંક પાણીના બે અઢી રૂપિયા કિમ્મત નથી !) સિવાય, જુવાર, ઘઉં, અને ચણા, મકાઈ ને મગ જેવો સઘળો સાત્વિક ખોરાક પૂરો પાડે છે છતાં લોકો શા માટે તેનો અનાદર કરી, જીવતાં ભસ્મિભૂત કરનારા, અથવા કેવળ હાડપિંજર રાખનારા તમોગુણી ખોરાકને જ પસંદ કરતા હશે.

માફ કરશો, પૃથક વિષય પર અનાયાસે ઉતરી જવાયું; પણ શું કરૂં ? અંતર દાઝે છે તો લખું છું. અને માત્ર લખાને જ બેસી રહેવાના તો હવે કસમ લીધા છે. + +

પછી કથા કહેનાર સજ્જન (હવે હું એમને વ્યાસજી નહિ કહી શકું) સાધુઓ ઉપર ઉતર્યા હતા. થોડાંક વાકયોની

વાનગી:—જેમ ખાબોચિયાના પાણી ઉપર લીલી ગોદડી અથવા શેવાળ વળે છે, તેમ સારા દેશમાં સાધુઓજ પથરાઇ રહ્યા છે! અને એમની સંખ્યા લગભગ બાવનલાખની અંકાય છે! અગર જો કે થોડાક સરવરને શોભા આપનાર, શેવાળ પરનાં કમળ જેવા હશે. તથાપિ ત્હેમાંના ઘણાખરા તો રોગોત્પાદક લીલ જેવાજ હોય છે. અને આમ છે તો, પાણીના વહન રૂપ કર્તવ્ય અદા કર્યાં જવાની આવશ્યક્તા છે, પાણી વહેશે તેની સાથે સેવાળ આપોઆપજ વહી જશે. + + આ કોટિના સાધુઓને એક દમડી સરખી પણ નહિ આપવા વિષે સખ્ત શબ્દોમાં ઉમદા વિચાર એમણે દર્શાવ્યા હતા. "બધેજ પૈસાની જરૂર છે. પૈસાનીજ મારા મારી છે; પૈસા સિવાય ડગલું પણ નહિ ભરી શકાય, પૈસાની 'વેલ્યુ' આજના જમાનામાં ઓછી નથી, પૈસાને અંગે વિદ્યા જે શોભા આપે છે, તેવી, એકલી નથી જ આપતી, માટે એવી અમૂલ્ય વસ્તુ (પૈસા) નાહક નામના સાધુઓને આપી દેશોના: આપીને ઉલટા ઈશ્વરના અને દેશના અપરાધી થશો ના" વગેરે ઘણું સારૂ સૂચન કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી સંપ્રદાયો સંબંધી થોડુંક કહી સંભળાવ્યું હતું, આટલો ઉતારો કરી લીધો છે:—

આજકાલના કહેવાતા ધર્મગુરૂઓ સંપ્રદાયને નામે-ધર્મની પ્રણાલિકા ચલાવી, પોતપોતાનો વ્હેપાર આદરી બેઠા છે; પોતાનું જીવન બહારથી તેજોમય, ડોળ દમામ વાળું, ખાધેપીધે મજબુત અને આરોગ્ય તેમજ વૈભવી રાખવામાં આશક્તિ ધરાવતા નામના વગરના નામના ધર્માચાર્યો, એમના અનુયાયીના

જીવનની કશીજ કદર અને ફિકર કર્યા સિવાય પોતાનો સંપ્રદાય લાંબાકાળ સુધી ટકી રહે તેની ખાતર કેવાં અનર્થ ભર્યાં શિક્ષણ આપી, ધર્મને નામે ધતિંગ ફેલાવી રહ્યા છે એનો ઘણાજ થોડાને ખ્યાલ છે અરે ખ્યાલ સરખો કરવામાં પણ પાપ છે, અથવા ગુરૂને કશી શંકા સરખી પણ પૂછવામાં મહા પાપ છે એવો ભ્રમ જ્યાં ઠસાવી દીધો હોય, ત્યાં બિચારા ભલા અને ભોળા લોકોનું શું ચાલે ?

મૃત ભૂતકાળની નિર્જીવ વિધિયો તથા ધર્મના નિમિત્તે શિખવવામાં આવતા વ્હેમો પર અન્ધશ્રદ્ધા અર્થાત્ “ **तस्मात् शास्त्रं प्रमाणंते** ” આ સુંદર તત્વના નામ નીચે “ આધ્યાત્મિક આત્મઘાત ” થાય છે !

કેટલું શરમ ભરેલું છે કે, ઘણા વખતથી ગાઢ સંબંધમાં આવેલા એક હિન્દીને, હિન્દુસ્થાનનો મુસલમાન જેટલું ચ્હાતો નથી, તેનાથી ઘણે દરજ્જે દૂર દેશમા પડેલા કોઇ વિદેશી તર્કીને તે ચાહી શકે છે ! સ્માર્તમતના પોતાના પડોશીને ધિક્કારની દૃષ્ટિથી જોનાર એક વૈષ્ણવ દક્ષિણ આફ્રિકામાં વસતા મુસલમાનને કેમ વધારે ચ્હાતો હશે ! એથી ઉલટૂં અહીં વૈષ્ણવને મુખેથી દરજીની દુકાને આટલું કપડું શીવ; એમ શીવ શબ્દનો ઉપયોગ પણ કરી શકાતો નથી આનું શું કારણ ? ‘ શીવ ’ બોલવામાં આટલો પ્રતિબંધ કોણે કરેલો અને કેમ કરેલો ? ઉપરચોટિયા જ્ઞાનથી સ્વાર્થસાધક ધર્માચાર્યોએ આ રીતે દેશનું ઓછું સત્યાનાશ વાળી દીધું છે ? સામ્પ્રત શાસ્ત્રીય શોધોનાં ઉત્તમ અને લાભકારક પરિણામો જેની જાણમાં આવ્યાં નથી, એવા કોઇપણ ધર્મગુરૂને પોતાના ભોળા ભક્તો ઉપર આજીવિકા ચલાવવાનો હક્ક નથી.

+ + આ પછી ગીતાના આધારે સરલ ફીલસુફીથી શિવ, વિષ્ણુની એકતા વગેરે પ્રતિપાદન કરવામાં આવી હતી.

પછી, દેશમાં દીનતા અને દારિદ્રનો આટલો બધો ઉપદ્રવ થવાનાં કારણોમાં દેશ, કાળ અને સત્પાત્રનો વિચાર કર્યા સિવાય આપવામાં આવેલાં દાન છે એમ દાખલા દલિલોથી પૂરવાર કરી આપ્યું હતું.

સિવાય બીજા ઘણા વિષયો સમય પ્રમાણે ચર્ચ્યા હતા; પછી જ્યારે કથાની પૂર્ણાહુતિ થઇ, અને લોક વેરાવા લાગ્યા, ત્યારે હું આ સજ્જનને મળ્યો; એમણે મ્હને ઘેર આવવાનું સંજ્ઞાથી જણાવી, અહીં (કથાના સ્થાને) અન્ય વાત ન કરવાનું સૂચવ્યાથી આજે ઘેર ગયો હતો. તે વખતે એઓશ્રીએ દર્શાવેલા વિચારો હવે પછીના પત્રમાં આપને નિવેદન કરીશ.

આપનો

પ્રવાસી.

" * * ની હવેલી. "

* * ફળિયું.

તા. ૨-૧૨-૧૯—

પૂજ્ય માસ્તર સાહેબ !

કથા કહેનાર વ્યક્તિ કોણ હોવી જોઇએ, એ અનુમાનથી હું સમજી શકયો હતો, પણ ત્હેની ખરી ખાતરી તો પરિચયેજ પડી.—

આ સજ્જન પણ, એક આપણા વર્ગમાંનોજ છે, અને એમણે મ્હને જે બધું જણાવેલું તે હવે સંક્ષિપ્તમાં આપને લખું:—

આપને જ્ઞાત છે, એ, સેવા સદન પર ચાહના રાખનાર પેલાં વિધવા ભગિની (કે જેનો મારા પર ત્રણેક દિવસ પર પત્ર હતો. આ સાથે એ પત્ર પણ મોકલું છું.) દ્વારા, આ પ્રકારની હરિકથા કહેવાય છે, અર્થાત્ પોતાના સ્વામીના અવસાન પછી, એણે એની ખ્હોળી મૂડીનો જૂદા જૂદા માર્ગે સદ્વ્યય કરવામાં સામાજીક સેવા અદા કરવા માંડી છે. રકમનો અમુક ભાગ, દર્દીઓની સારવાર માટે, અમુક ભાગ હોસ્પીતાલ ખાતે, અમુક ભાગ અનાથાશ્રમ, વિધવાશ્રમ, સેવાસદન અને વનિતા વિશ્રામ ઉપરાંત ખ્હેરાં મુગાંની શાળા ખાતે, અમુક ભાગ નવી શોધો વાળા સાહિત્યના ગ્રંથોની પ્રસિદ્ધિ ખાતે, અને અમુક

ભાગ હરિકથા ખાતે કાઢયો છે. હરિકથા કહેનાર લગભગ દશેક જણ નીકળ્યા છે. તે તમામને પગાર મળે છે. એટલે જ્યાં જ્યાં કથા કહેવામાં આવે છે ત્યાંથી પાઇ સરખી પણ લેવાતી નથી. (આતો મ્હેં પ્રત્યક્ષ પણ જોયું હતું કે આ સજ્જને કોઇના તરફથી કશુંજ લીધું ન હતું, ચોખા ઈ. દાણા આવેલા, તે લુલાં લંગડાં અને અપંગોને વ્હેંચાવી દીધા હતા. સાંપ્રતકાળમાં ખરી આસ્થા અને આકર્ષણ આનાથીજ થાય.) સ્કોલરશીપનો માર્ગ કેમ વિસ્મૃત થયાં હશે, તે કાંઇ સમજાયું ના: મ્હેં આ બાબત સજ્જનને પૂછયું પણ હતું, અને એમણે,...ભગિનીને સ્મૃતિમાં લાવવા બદલ પત્ર લખવાનું જણાવ્યું છે.

સ્વામીના મરણ પછી ચિતામાંજ સ્વામીની પાછળ ભોગ આપી પોતાને સતી તરીકે કહેવરાવવાની રૂઢિ તો હવે નષ્ટ થઈ છે, પણ સ્વામીના મરણ પછી સ્વામીના સુક્ષ્માત્માને સ્વહૃદમાં પધરાવેલા રાખી આ...ભગિની પેઠે, આ પ્રકારનો ભોગ આપી આદર્શ સતી નિવડવાનાં અનુકરણ આપણી આર્યમહિલાઓ કરે તો નન્દનવન કેવો ફાલે અને ફળે ?

ભણીને નોકરીજ લેવાની જેની ટુંકી દૃષ્ટિ છે, એવા ઘણા આર્યો દૃષ્ટિગોચર થાય છે, અને એવાનાથી આમ હરિકથા દ્વારા કશોજ ફેરફાર થઈ શકે કે કેમ ? એ સવાલ શંકાસ્પદ સ્થિતિ ભોગવે છે; તથાપિ મ્હારે કહેવું જોઈએ કે, આ સજ્જન જેવા સેવકો લાધવા મુશ્કેલ છે, બલ્કે આવા વિરલજ હશે. કેમકે વાતો પરથી મ્હને પ્રતીતિ થઇ કે કેવળ અમુક અમુક વિષયોજ મુખ પાઠે કરીને તૈયાર થયેલા હૃદયમાંનું આ હૃદય નથી; પણ વાંચ-

નના બ્હોળા અનુભવે સંસ્કારથી પરિપકવ થયેલું વિસ્તૃત હૃદય છે. કયાં કેવી રીતે કેવા વિષયો ઘટાવી દઇને "હરિકથા" કહેવી એ આ યથાર્થ સમજી શકે છે, દેશની સ્થિતિનો એમને ખરો અનુભવ છે, અને તેની કેમ ઉન્નતિ થાય એની પણ એમને માહિતી છે. હૃદય તો એવાંજ જોઇએ. પછી ભ્હાય તો ભલે, તે નોકર કહેવાતા હોય.

એમના વિચારોની સ્ફુટ નોટ મ્હેં મ્હારી નોંધ પોથીમાં ઉતારી લીધી છે. આપને અમુક ભાગ આ સાથે જોવા મોકલું છું.

પાશ્ચાત્ય પ્રજા જેમ અહીંની બ્રહ્મ વિદ્યાને પોતાની કરી લે છે, તેમ, વીસમા શતકના ઋષિ કુમારો એ, તેમના ભૌતિક શાસ્ત્રને પોતાનું કરી લેવાનું છે, + + ×

રામસ્વામીની ભાવનાનુસાર "જીવન સંસ્થા" સ્થાપવાની આવશ્યકતા છે; સંસ્થાપક (કાર્યવાહક) મળી આવશે. અને એનો કાર્યક્રમ આ પ્રમાણે:—ધાર્મિકતત્વજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર, અને ઐાદ્યોગિક શાળા: આમ ત્રણ ભાગ વ્હેંચાયા પછી પ્રત્યેકના પૃથક્કરણમાં ઉતરીએ—

(૧) **ધાર્મીક તત્વજ્ઞાન:**—આમાં "કમ્પેરેટીવ રીલીજીયસ અને ફીલોસોફીના અભ્યાસનો પ્રથમ સમાવેશ થાય, આ સંસ્થા ઉમેદવારોને પરસ્પર વિરોધી પ્રાચીન તેમજ અર્વાચિન ધર્મ અને તત્વજ્ઞાનનો અભ્યાસ એકાદ પ્રામાણિક મતે શાન્ત ન્યાયાધિશની પેઠે શાન્તિથી, નિષ્પક્ષપાતપણે, નિર્વિકાર મનથી, કરવામાં મદદ કરી શકે.

બને ત્યાં સુધી વિદ્યાર્થીઓએ સ્વ શક્તિના વિકાસ ખાતર, મનનપૂર્વક વાંચનાભ્યાસ સ્વાશ્રયે ચલાવવો એજ બ્હેતર છે, અને જ્યાં જ્યાં જરૂર પડે, ત્યાં ત્યાં તે તે વખતે દિશાઓ બતાવવી એ કામ અધ્યાપકનું ખરૂંજ: પછી વંચાયલા વિવિધ વિષયો પરથી ઉદ્દભવેલા વિવિધ વિચારોનો પરસ્પર વિનિમય કરવા હમેશાં મુકરર કરેલા વખતે અધ્યક્ષના ઉપરીપણા હેઠળ મળવાનું રાખવું; અને તેમાંથી તત્વ તારવો કઢાવવું: આથી ઉચ્ચ જ્ઞાન પામવાની સાથે પરસ્પર શ્રેષ્ટ–શુદ્ધ ભાવના અને સંપમાં પણ વૃદ્ધિ થાય;

(૨) **ભૌતિકશાસ્ત્ર**—આમ ધર્મ અને તત્વજ્ઞાન દ્વારા પરસ્પર " કો–ઓપરેટીવ મેથોડ " નું નવા વિદ્યાર્થીઓમાં ચેતન મૂકયા પછી, તેમના અભ્યાસક્રમમાં વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વિદ્યાશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, વગેરે વિવિધ શાસ્ત્રો શીખવવામાં આવે, અને આમ અનેક શાસ્ત્રના નિયમિત અધ્યયને જે અંગે પુસ્તકશાળા, પ્રયોગશાળા અને વેધશાળા વગેરે પણ સ્થપાયજ × + વિજ્ઞાનશાસ્ત્રના પ્રસાર સિવાય લોકોની ધાર્મિક અજ્ઞાનતા અને સંકૂચિત દૃષ્ટિ નષ્ટ થશે નહિ.

(૩) **ઔદ્યોગિક શાળા**:—હિન્દવાસીઓ, પોતાની જરૂરીઆતો તરફ પૂરતી દૃષ્ટિ નહિ કરતાં હજુ પોતાના શિક્ષણના વિષયોનો આધાર સરકારનીજ પસંદગી અને પદ્ધત પર રાખી રહ્યા છે, એ શોચનિય સ્થિતિ નાબુદ કરવા માટે યેલ, હાર્વર્ડ સ્ટેન્ફર્ડ અને ચિકાગો તથા ફિલીપ્પાઇન જેવાં દૃષ્ટાંતોને દૃષ્ટિ સંમુખ રખાવી, હિન્દને જેની ખરી ખોટ છે એવા ઉદ્યોગ, હુન્નર

કળાના અભ્યાસનું કામ આ સંસ્થાના ક્રમમાં ભેગેભેગું આરંભાવું જોઇયે + × આ સજ્જન સૃષ્ટિની જુદી જુદી જાતો વચ્ચેનું સામ્ય અને સાધર્મ્ય શોધી કાઢવું એ ઇશ્વરની પ્રેરણાઓ અને તેની ઇચ્છાઓને માન આપવા જેવું લેખે છે. અને આ કોટિની સંસ્થાને દેવાલય જેટલીજ પવિત્ર સ્વીકારે છે.

તા. ક. આપનું પત્ર મળ્યું છે, તે વિષે હવે પછી—

આપનો

પ્રવાસી.

"પૂર્ણાશ્રમ."

શનિવાર.

સાયંકાળ.

પ્રિયભાઈ!

પત્ર મળ્યું:

લખો છો કે "સુખ શામાં છે? કશામાંજ નથી–ધન, સાધન, સંતતિ, સંપત્તિ અને સંસારની કોઇપણ વસ્તુમાં નથી." ખરેખર, આ હું સ્વીકારૂં છું, પરન્તુ આપનાથી જુદી રીત્યે: ખરૂં છે કે, સંસારમાં આપે ગણાવી, એવી કોઇપણ વસ્તુમાં સુખ નહિ હોય, તથાપિ તે તે વસ્તુમાં આશક્ત થવાથીજ ખરૂં સુખ–તે વસ્તુના ખરા તત્વને આપણે પામી શકતા નથી, આથી ઉલટું વસ્તુને ચુંથી નહિ નાખતાં, તે આપે એટલુંજ એમાંથી લેવાની વાંચ્છના–કહો કે સંતોષ રાખવામાં આવે, તો અનુભવ સિદ્ધ વાત છે, કે આપણે ઇચ્છાનુસાર સુખ ભોગવવા ભાગ્યશાળી બની શકીએ. અને હવે આપ સમજી શક્યા હશો કે, વસ્તુપર આશક્ત થવાથી નહિ; પણ વસ્તુને આશક્ત બનાવવામાંજ સુખ સમાયલું છે. દાખલા તરીકે જેમ પશુને પશુત્વમાં, પક્ષીને પક્ષીત્વમાં તેમ મનુષ્યને મનુષ્યત્વમાં: નહિ કે મનુષ્યને પશુત્વમાં:

ધર્મ, જ્ઞાન, અને બુદ્ધિવિકાસ ઉપરાંત સદ્વર્તનનાં સાધનો મનુષ્ય માટે ખુલ્લાં છતાં, તેના પરથી દુર્લક્ષ કરી, પ્રાપંચિક, ક્ષણિક અને મોહ મુગ્ધ વિષયોમાંજ મચ્યા રહેનાર મનુષ્યને પશુત્વમાં હું ઘટાવા લઉંછું, અને પશુ કરતાં મનુષ્યનો અવતાર દુર્લભ એટલાજ પૂરતો સ્વીકારૂં છું કે, જે પશુ માટે નથી, તે મનુષ્ય માટે છેઃ છતાં તેનો સદ્વ્યય ન કરે, તો સ્પષ્ટ છે કે તે સુખ અનુભવી શકે ના.

બન્ધુ! આ હું તમનેજ ઉદ્દેશીને નથી કહેતો પણ સામાન્ય વાત થાય છે, શું તમે નહિ માનો કે આર્યાવર્તની પડતીનાં કારણજ આર્યોના સ્વધર્મ પરત્વેનો અભાવ-એજ છે? અને એટલેજ પશુવૃત્તિઃ

હું માનીશ કે વિદ્યા અને જ્ઞાનનાં વાવાઝોડાંમાં હમણાના કેટલાક વિદ્વાનો ઘસડાય છે એ ખરી વાત, પણ બુદ્ધિબળ, વિદ્યા ને જ્ઞાન, તમામ સદ્વર્તન સિવાય લુખાં થઇ પડે છે અને એ કશુંજ દારિદ્ર ફીટડી શકતાં નથી, એ આપણે જુની આંખે જોયા કરીએ છીએજ. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, નેપોલિયન મહાન છતાં મનુષ્યત્વહિન હોવાથી તે પરાજય પામેલો. શું આર્યોની આંખ હજુ નહિ ઉઘડવાની?

સુખની લાલસા રાખનાર આપણા હિન્દવાસીઓ પશ્ચિમની પ્રજાનું ખોટું અનુકરણ કરી, તમ્બાકુ, ચ્હા અને 'વાઇન'નો ઉપયોગ કરતાં શીખ્યા, એટલુંજ નહિ પણ તમામ પ્રકારની ફેશનની ફિશીયારીમાં ગર્ક થઈ જાય છે આ શો ગજબ! પણ એમને વિચારવું ઘટે છે કે શા ઉપર અને કોના ઉપર

આ કોટિની 'એટિકેટ' રખાય છે! જ્યારે ઈંગ્લંડની પ્રજા વર્ષે પાંચ અબજ રૂપિયા વ્યાજના મેળવે છે ત્યારે ત્હમારો હિન્દુસ્થાન ઉલટા પંદર કરોડ રૂપિયા વ્યાજના ભરે છે!! વ્યાજ અને દેવામાં ડુલતા દેવાદારના દીકરાઓ પોતાના ચારિત્રને અછાજતો અંગપોષાક, ખોરાક અને મુલાકાતોમાં ખર્ચ ન કરતા હોય, તો તેઓનું ખોટું દેખાય? કોને ખોટું દેખાય? જોનારને? જોનારને લાગતું હોય, તો તે આંખો બંધ કરી દે; તેમાં તમારે શું? અને તમારૂં ખોટું દેખાતું હોય, તો ધાર્યાં ખર્ચ કરવા માટે–એટલી આર્થિક સ્થિતિ સંપાદન કરવા માટે શક્તિનો પ્રથમ ઉપયોગ શા માટે નથી કરતા? અને જે રસ્તે શક્તિનો પ્રથમ ઉપયોગ કરવાનો છે, તે રસ્તો ભૂલીને, અથવા તે રસ્તાપર બેપરવા રાખીને બીજો સરલ થઈ પડેલો શોખનો રસ્તો પકડવામાં આવે અને એને પરિણામે લખો છો તેમ–"સુખ ન અનુભવો" તો તેમાં દોષ કોનો?

સન્ધ્યા, ગાયત્રી અને સૂર્યપૂજા તો ક્યારનીયે પ્રાચીન ઋષિયો પાસે મોકલાવી દીધી છે, ટીલાં ટપકાં કરેથી શુ થવાનું હતું? આવા ઉદ્દગારો ઠેકાણે ઠેકાણેથી સંભળાય છેજ, ઉપવિત, લગ્ન, શ્રીમંત, મરણ, શ્રાદ્ધ, વાસ્તુ વગેરેની વિધિયો તો હવે પુસ્તકોમાંજ રહી છે! ધર્મ ક્યાં છે? ધર્મ પુસ્તકોમાં કે ગાજર ખાઉ ગો–પાલકોમાં? તમે તમારા ધર્મને વખાણો છો, તેથી હું થોડોજ ખુશી થયો છું, કેમકે ધર્મને વખાણીને પાછા એવી શંકા લાવો છો કે એ ધર્મ મને સુખી બનાવતો નથી!" કેવી હલકી ધારણા? ધર્મ પ્રમાણે કર્મ કરનાર સુખી ન થાય એવું તો હું આપની પાસેજ સાંભળું છું. મેરબાની કરીને

તમારા વખણાતા ધર્મનું કમાડ ઉઘાડો, અને પછી તમે તમારૂં હૃદય ઉઘાડો. પછી ધર્મના પુસ્તકમાં પ્રતિપાદન કરેલા નિયમો સાથે તમારાં કર્તવ્યોને સરખાવી જુવો એટલે માલુમ પડશે કે આપને સુખ મળે તેવાં કર્તવ્ય આપે કેટલાં કર્યાં છે? સુખ કે દુઃખ સમજવાની ખરી ચાવી તો આમ પોતાનીજ પાસે છતાં શા વાસ્તે બીજા આગળ પોતાની હલકાઈ હાથે કરીને પાડવી? જો કે હું તો તમારા ભાઈ જેવોજ છું.

આહાર, નિદ્રા, ભય, ને મૈથુન તો સર્વ પ્રાણીમાં છેજ, આથી જ્યાદે વસ્તુ જે છે, તે ધર્મની, અને તેને પણ જો આમ તરછોડવામાં આવે, તો પછી મનુષ્ય પશુની પેઠે પીડા પામે એમાં તે પોતે વગોવા લાયક છતાં શા માટે નાહક ધર્મને વગોવે? ધર્મહીન મનુષ્યને ધર્મને વગોવાનો અધિકાર પણ શાનો હોય? વગર સમજે અને વગર કદરે ધર્મને વગોવનારાઓ અને સ્વધર્મપર અભાવ કરનારા સાહસિકો (!) પરધર્મમાં સુખ સમજી, પોત્તાનો ત્યજતા પહેલાં પરધર્મનાં મૂળ તો જુવો! તમારા ધર્મના નિયમોને અને નીતિને નિંદ્ય, બીન જરૂરી અને 'હંબગ' તરીકે સ્વીકાર્યા પહેલાં, તમે તેનું ઉંડુ અધ્યયન તો કરો અને તેમ કર્યા પૂર્વેજ પરધર્મ સારો એમ માની લેનાર કેટલા અજ્ઞાન અને ઉતાવળીઆ કહેવાય છે, તેઓ કેવી હાંસીને અને સંકટને પાત્ર થાય છે તેતો તપાસો.

એક વૃક્ષપર બેઠેલું પંખી, પોતાની ડાળી છોડી બીજી ડાળીએ જશે, તોપણ વૃક્ષ તો એકનું એકજ છે અને તે એ સમજી શકે, તો પછી સ્વ-પરનો ખરો ભેદ તેને જ્ઞાત થયા સિવાય રહે નહિ, અને નહિ તો એક ધર્મથી વિમુખ થયેલો પરધર્મ તેને

સ્વીકારી શકેજ નહિ. (ભલે પરધર્મી સ્વીકારે–પણ વસ્તુતઃ ધર્મ તો નહિજ) તો પછી "અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ" થવાય તેનો ખ્યાલ કરવો ઘટે છે! + +

કેટલું સંકૂચિતપણું! ભાઇ! આપણે આ'વી દૃષ્ટિથી શામાટે જોવું? એ મહાત્મામાં કસુર છે એમ પૂરવાર કરી આપનાર આપણે કોણ? કદાચ કસુર જેવું લાગે તે વાત જૂદી: બાકી મોટાની કસુરો છોટાં શું સમજી શકેજ? એક ફિલોસોફરે કહ્યું છે કે:—જો કદિ કદિ મહાન્ પુરૂષો ભૂલ ન કરતા હત, તો નિંદ્ય લોકો ભૂખે મરત. × × × અથવા બીજી રીતે પણ, આ અચૂક ધ્યાનમાં રાખો કે, "મહાત્માઓની વિચિત્રતા, ડાહ્યાઓની ભૂલ અને સમર્થ ચિન્તકોનો દુરાગ્રહ" એમાંથી તો આપણને ઘણું શીખવાનું મળે છે* ત્યારે મ્હારી નમ્ર વિજ્ઞપ્તિ આપને છે કે; મુખમાં જે જાય છે, તે નહિ, પણ તેમાંથી જે બહાર નીકળે છે તેજ આપણને હિત કે હાનિકારક નિવડે છે અને તેથી, વિચાર પૂર્વક, ટુંકમાં ઉદ્ગારો અતિ કિમ્મતી છે તેમ સ્વીકારીને, અને બોલેલા શબ્દો પાછા ખેંચી લેવા ન પડે, પણ તે શબ્દો અન્યને ઉંડી અસર કરે, તેવી રીતે બોલવાનું અને લખવાનું, તેમજ વર્તવાનું રખાય તો હું સંતોષ પામું: દુઃખી બનાવનાર અને આવેલાં સુખો છીનવી લેનારજ શબ્દો છે. આ શું આપ નહિ સમજી શકો?

---

* "યુધિષ્ટરનું અસત્ય કથન"વાળા વિષય પરત્વે બે મહાન વ્યક્તિયો દ્વારા જો ચર્ચા ઉપસ્થિત ન થઇ હત, તો વાચકને તે ચર્ચાને અંગે જે ઘણું નવું જાણવાનું મળ્યું તે મળત, કે કેમ? અથવા ક્યારે મળત, તે સવાલ હતો.

કે. ઉ.

કોણુ જાણે કેમ? "સંસારમાં સંસારીને કશી વસ્તુમાં સુખ નથી" જ્યારે આ વાક્ય મ્હેં વાંચ્યું ત્યારે હું પ્રથમ તો હસવુંજ ખાળી શકયો ના! હું રહું છું, તે મકાનની સામે સુખડીઆની દુકાન છે, તેણે વેચવા મૂકેલી બરફીની કંથરોટ પર નરી માખીઓ બેઠી હતી. બેઠીજ ન હતી, પણ ગળપણ ચૂસતી હતી, થોડીવાર પછી મ્હેં જોયું કે એજ માખીઓ, ત્યાં થઈને પસાર થતા ભંગીના માથાપરના ટોપલાપર પાછી ઉડીને બેઠી! ભાઇ! સંસારીનો સ્વભાવ આ માખીના જેવો છે; અર્થાત્ સદ્બોધરૂપી સાકરરસ ચૂસે છે ખરા, પણ પાછા બીજી લાલચો દૃષ્ટિગોચર થતાં, તે તરફ આકર્ષાય છે અને સદ્બોધને ત્યજી દે છે—કે વિસારી દે છે. પરન્તુ મધમાખી રૂપ ચારિત્રમય વ્યક્તિયો તેમ નહિ કરે; એ તો સતત્ મિષ્ટ રસનેજ ગ્રહણ કર્યાં જવાની! ત્યારે સુખની વાંચ્છનાવાળાએ માખીની પેઠે નહિ, પણ મધમાખીની પેઠે વર્તવું એવું કશું આપને નથી ભાસતું?

"સ્પ્રીંગવાળું ઓશીકું ભાર આવે, ત્યારે દબાયલું રહે છે, પણ ભાર ઓછો થતાંની સાથે પાછું હતું તેવુંજ ઉંચું થઇ જાય છે (કૂદી જાય છે.) સુખની મિથ્યા લોલુપતા રાખનાર સંસારી પણ, આમજ ધર્મોપદેશમાં ભળેલા હોય, ત્યાં સુધી નમેલા અને નિયમમાં રહે છે, તથાપિ ઉપદેશમાંથી મુક્ત થતાં પાછા મૂળ સ્વભાવમાં આવી જાય છે," અને આ કોટિને ક્યાંથી વિશુદ્ધ સુખની ઝાંખી સરખી પણ થવા પામે?

અગ્નિની ભઠ્ઠીમાં હોય ત્યાં સુધી અગ્નિના રંગ જેવા લાલ, તથાપિ બહાર નીકળ્યા પછી કાળાજ થનાર લોખંડ જેવા અસર

અને કદરહિન મૂર્ખ મનુબાલકો! "**मन एव मनुष्याणां**" વાળા સૂત્રનો સિદ્ધાન્ત સમજીને સત્કારી લ્યો, ઉચ્ચ ભાવના રાખો, પવિત્ર જીવન પામો અને સદ્દવર્તનવાળા રસમય જ્ઞાનથી હૃદય ભરો, પછી જોશો કે સુખ ત્હમારી સેવામાં સતત હાજર રહે છે કે નહિ? × × ×

વધારે પડતું લખાયું હોય,
તો તેટલા પૂરતી ક્ષમા ચ્હાતો
પ્રવાસી.

" * * પાવુકા. "

૨૦ : ડીસેમ્બરઃ ૧૯—

સમીસાંજ

વ્હાલા માસ્તર સાહેબ!

પત્ર મળ્યુંઃ જાણે જ્ઞાનના તો ઘુંટડે ઘુંટડાજ ન પીતો હોઉં! કેટલો આભાર? કેટલો ભાવ! નમસ્તે–નમસ્તે પૂજ્ય સ્વામીન્!

+ + સરખેજ, શાહ આલમનો રોજો અને પાવાગઢ કરતાં તો અહીં વધારે જોવા જાણવાનું મ્હને મળ્યું; સ્વામીજી! મશીન સિવાય, ટ્રેનની અનુકૂળતા સિવાય, આજની કહેવાતી આટલી બારિકાઇ સિવાય, કરોડો રૂપિયા વેરીને કરાતી શોધો અને શિક્ષણ સિવાય (!) પૂર્વના આર્યોએ–કારીગરોએ જે કોતરકામ અને ઇમારતોની ગોઠવણ વ્યવસ્થા ઉતારી છે તે ખરેખર, ઘડી ભર અચેતન બનાવી મૂકે તેવી છે! ખુબી એછે કે અહીંની મસ્જીદમાં કોતરી કાઢેલા ભાગો, એક બીજાને મળતાજ નથી આવતા–અર્થાત્ દરેકમાં નવી નવીનતા મૂકેલી છે, ઘણા પત્થરો ખંડીએર જેવા થઇ પડુ પડુ કરી રહ્યા છે; અમે તેનાથી બ્હીને જોતાંજ એકદમ વેગળા ખશ્યા ત્યારે અમારી પાસેનો ભોમિયો કહે કે શું કામ ભડકો છો! આ તો આમને આમ વર્ષોથી લટકી

રહેલ છે ! શો ગજબ ! ઘણા વાવાઝોડાં અને વરસાદના ઝપાટામાં પણ, આગળના પૂર્વજોના આત્મપ્રબળ પેઠેજ અડગ રહી ટક્કર ઝીલી રહેલા પથરાઓ અસલની મજબુતાઇ માટે દૃષ્ટાંત રૂપ નથી શું ! અહા ! તે વખતની માટી પણ કયાં છે ? ઈંટો પણ કયાં છે ? કોતરાયલા સંગેમરમર પણ કયાં છે ? અને આટલાં વર્ષો સુધી અસ્તિત્વ ભોગવે એવી ઈમારતો પણ બનાવનાર આજના દેશી નહિ તો વિદેશી કારીગરો કયાં હશે ! પૂરતા સાધન સિવાયજ અમદાવાદથી મહેમદાવાદ સુધીનાં ભોંયરાં બનાવનારા લોકો, આજના જમાનામાં સાગરમાં તારનાં દોરડાં નાખનાર કરતાં ઉતરતા કોણ કહી શકે ? કયાં તે સમયનું જાદુ (!) સંશોધન અને કયાં આ સમયનું કસી કસીને તારવી કઢાતું તત્વ?

+ + + આ ભવ્ય જાહોઝલાલી કયાં જતી રહી ? પૂર્વના બાદશાહો અને રાજપુતો પણ અત્યારે અહીં નથીજ ! આ એમના મકાનોમાં બુટ પહેરીને ફરાય છે. છે કોઇ અક્ષર સરખો ઉચ્ચારનાર ? એમનું સર્વસ્વ કેમ લુંટાઈ ગયું ! નિશાની સરખી પણ જ્યારે ત્યારે નાશ થશે ! શું બાકી ખાતે રહેશે ? જળ ત્યાં સ્થળ ને જંગલ ત્યાં મંગલ એમ બધું પલટાઈ જશે ચિરસ્મરણીય શું રખાયું છે ! શાહો અને રાજપુતોનો પ્રાધાન્ય આશય શો હતો ! હર ! હર ! સાયન્સ–વિજ્ઞાનને અનુસરીનેજ રચાયલા સનાતન ધર્મ માટે તેમણે શું કર્યું હતુ ! લાખો રૂપિયા શામાં વેરી નાખેલા ? વૈભવમાંજ ! શુષ્ક ફરજમાંજ ! મમતમાંજ ! અહહ ! એક વખત એવો હતો કે અહીં બાદશાહ બેસતો, આજ વખત એવો આવ્યો છે કે એ જગ્યા ગંદો ફકીર સાચવે છે ! × +

દાંડી ઉપર ચઢયા, છેક ટોચે ચઢીને બેઠા. અમે શુ જોયું ? વૃક્ષ, વેલા, છોડવા, મનુષ્ય, પશુ પક્ષી, નદી, નાળાં, ભેખડો. ઉંડાં કોતર, અને ઉચા ડુંગરા : પણ આ બધું દૃષ્ટિને **સમાન** દિસતું–ને સમાનભાવ પ્રકટાવતુ હતું ! ખરેખર, જ્ઞાને ઉચ્ચ ચઢેલ (વિકાસ પામેલ) સાધુ પુરૂષને મન જેમ સઘળાં સમાન લાગે છે, તેમ અમને પણ આટલે ઉંચે ચઢયા ત્યારે સઘળું સમાન લાગતું હતું ! આ વખતે અમે સૃષ્ટિસૌન્દર્ય સાથે એકતા અનુભવતા હતા. ઘણા ઘણા વિચારો ઉદ્‌ભવતા હતા. અને આનન્દમાંજ પિતાની ઝાંખી પામતા હતા. આ નદી, પરાર્થેજ જીવન વહન કરે છે, આ વૃક્ષો, પરાર્થેજ ફળ રૂપ રહે છે, આ પુષ્પો, પરાર્થેજ ખીલે છે, આ સૂર્ય પરાર્થેજ તપે છે, આ કોયલ પરના આનંદ વાસ્તેજ ટહુકે છે. આ વાદળું પરાર્થેજ વરસશે અને આમ સઘળીજ વસ્તુઓ પરાર્થે જીવન ગાળવા વાળી જણાતાં છતાં સ્વાર્થી લોકો વગર સમજ્યે સંકૂચિત દૃષ્ટિથી પોતાના સાંકડાં કુટુમ્બને કેમ વળગી રહેતા હશે ? એક વાર એમને આ "સીન" બતાવવો જોઇએ. બેશક, મનુષ્ય, જ્યારે પરમાત્માએ રચેલ સૃષ્ટિને ભૂલી, પોતાની આગવી સૃષ્ટિમાં (વગર હકકે) સૂત્રધાર બનવા જાય છે, ત્યારથીજ તે વિવિધ વ્યાધિયોનો ભોગ થઈ પડે છે એમાં શું સન્દેહ ? * * જોકે અહીંના લોકો કુટુમ્બને વળગી રહે છે એ ખરૂં, પણ ભ્રાતૃભાવ તો એમનો વિસ્તૃત દૃષ્ટિમય છે, દૃષ્ટિ એમની સર્વ પ્રત્યે માયાળુ છે અને વિશેષે કરીને ન્હાનાં ગામના લોકોમાં માયા, અમી, સંપ અને વિવેક વગેરે નીતિ તો જોવાય છેજ, એટલે કહેવાની જરૂર નથી કે:–અહીંના વતની ઉંટની ગતિ પ્રમાણે નહિ પણ હાથીની ગતિ પ્રમાણે ચાલે છે.

અપવાદ દાખલ અમુક વર્ગ અવળા માર્ગે વળેલો છે, તથાપિ તેથી બહુ દિલગીરી નથી થતી, કેમકે છેક નીચી પાયરીમાં ગયેલા, અને પ્રાપંચિક બાજીમાં બાહોશ બની ગયેલાઓનાં એકંદરે મગજનો વિકાસ તો થયેલોજ છે. ખરૂં છે કે એ વિકાસ વળે છે બીજી દિશાએ: તથાપિ તે નિંદ્ય દિશામાંથી સ્તુત્ય દિશા તરફ વાળવામાં આવતાં એમની શક્તિનો ઘણો સારો ઉપયોગ થવાનો સંભવ છે. બલ્કે મદદગાર તરીકેય પણ:

અહીં મને એક મકાન ભાડે મળ્યું છે, જોકે સ્ટેશન પરથી ઉતરતાંજ ગોર મહારાજો ચોપડા લઇને સામા આવેલા હતા, તથાપિ મ્હારે કહેવું જોઇએ કે તે ડાકોરના બ્રાહ્મણો જેટલા કઠોર, મૂર્ખ અને છેક બેશરમા ન હતાજ. અને તેથી મ્હને તેઓ પ્રત્યે દયા અને માનની લાગણી સહેજ થયાં જાય છે; આ બ્રાહ્મણો કે અહીંના વતનીમાંથી મ્હેંને કોઇજ ઓળખતું નથી મારી કને વાત કરતાં પણ પૂરતી છૂટ લેતા નથી, હું શું કરવા આવ્યો છું તે પણ અનુમાન કોઈ કરી શકતું નથી છતાં એટલું જાણી ગયા હોય એમ લાગે છે કે હુ કોઈ બીજા જેવો સન્યાસી નથી: પરમહંસ તરીકે કેટલાક મને માને છે પણ મનમાં વ્હેમ રહેતો હોય એવું અનુમાન કરવાનાં કારણો મળે છે.

કાલથી શું થાય છે ? તે તો હવે પછીસ્તો:

આપનો

પ્રવાસી.

... ...

શુક્રવાર, તાઃ ૨૦

બપ્પોર.

પ્રિય આત્મબન્ધુ !

પત્ર સાથે મોકલાવેલ પુસ્તકો મળ્યાં: પુસ્તક સમ્બન્ધી આપ મ્હારૂં મત માગો છો ? હું શું લખીશ ? સાહિત્યનો વિષય મ્હારો નથી, મ્હેં સાહિત્યને ખેડયું નથી તેમ નથી તેનો ખરો અભ્યાસી યે પણ: છતાં, આપનો અત્યાગ્રહ અને મારો મત માગવામાં આપનો કંઇક હેતુ છે, એમ લખો છો, તેમ હિત જણાવો છો તો મારી દૃષ્ટિયે જે જણાયું છે, તે લખીશ:

પુસ્તકનું કદ હાથ શોભાવે તેવું છે, તેના પાકા પુઠા પરના સોનેરી અક્ષરો આંખને ઠારે એવા સુશોભિત છે, પુસ્તક માટેના કાગળો ઉંચા છે, અને બંધાઇ તેમજ છપાઈ પણ એટલીજ સુન્દર છે; આમ બાહ્ય સ્વરૂપનું અવલોકન સર્વાંશે સારો મત આપનાર નિવડે છે, હવે તેના અંતર સ્વરૂમાં ઉતરૂં ?

મ્હને લાગે છે કશું ન લખું તોજ સારૂં ! માફ કરશો. પણ લખાઈ જવાય છે કે પુસ્તકના શરીર જેટલો તેનો આત્મા સુન્દર નથી ! કદાચ આવા એકદમ અપાતા મત પરથી આપ ઉતાવળીઓ સ્વભાવ સમજી મને હસી કાઢશો. તેમ થાય તો પણ

મને તેનું કશુંજ નથી પણ મ્હને જે જણાય, તે કહેવામાં હું સત્યનો પક્ષ કરવા વાળો મ્હને પોતાને માનું છું.

હવે એના ક્રમમાં ઉતરૂં, તો જેટલા પ્રમાણમાં વસ્તુસંકલના ચિતરાયલી છે, તેટલા પ્રમાણમાં વાક્યરચના અને શબ્દોનાં સ્થાન ગોઠવાયેલ નથી; મહાપુરૂષનાં વચનો, અવતરણ અને કાવ્યો ઈ. જે પ્રસંગોપાત મૂકાયાં છે; એ મૂખ્ય વસ્તુથી, ભાવથી અને ઉદ્દેશથી નિરાળાં પડી જાય છે, શબ્દોનો સંગ્રહ અને તત્વની મૂડી ખ્હોળા પ્રમાણમાં નહિ હોવાથી મહાપુરૂષનાં ઉતારેલાં વચનો, ઉલટું, લેખને છેક ઝાંખો પાડી દે છે! અને જાણે બીજાનાં સૂત્રો અસ્થાનેજ ઉતરાયાં હોય એમ એકદમ ભાસ થાય છે. આમ કેમ હશે? તે વિચારતાં કદાચ માલમ પડે ખરૂં:

વસ્તુ સારી નથી, 'હુતો, હુતી ની વાતો તો ગામે ગામ ઘણી ગવાય છે, હિન્દુસ્થાન જો આવી વાતોથી સુધરવાનો હત, તો ક્યારનોયે સુધરી ગયો હત! મ્હને તો આજકાલનાં, શુક્રવારની ગુજરીને માટે નિર્માયલાં નોવેલ્સ કરતાં, આપણા શામળભટ્ટની વાતો સારી લાગે છે! અર્થાત્ શામળભટે (અને એવા બીજા જૂના કવિયોએ) વાર્તાઓ લખેલી, તેમાં નવીનતા હતી, સમાજને તાદૃશ્ય ભાન કરાવનાર હતી અને રસ પડે તેવી શૈલીથી અન્દર બોધ ઘટાવી દીધેલો હતો. જ્યારે આજની વાતોમાં તો જૂની વાત પર ગીલ્ટ ચઢાવ્યા જેવું જોવાય છે. જ્યાં ને ત્યાં પ્રેમની વાતો, સુધારાની વાતો, અને વનવગડાની વાતો. કેમ લાંબી દૃષ્ટિ નથી પહોચતી તે એકદમ સમજાતું નથી: હિન્દુસ્થાનને કેવાં નોવેલ્સની જરૂર છે? સમાજને કઇ દિશા તરફ

વાળવો છે, તેનો વિચાર લેખકો કરે છે? અરે-પોતે કઈ દિશા તરફ વળે છે તેનું પણ ભાગ્યેજ ભાન રહેતું હશે!

નવલકથાઓ ઘણી લખાઇ, અને લખાય છે; કેટલી કથાઓએ સાહિત્યમાં વધારો કીધો? શિક્ષિતવર્ગમાં સત્કારાઈ, કેટલી કથાનાં પ્રસિદ્ધ પત્રોમાં અવલોકન આવ્યાં? કેટલી કથાઓએ નવા રસ્તે દોર્યા? સરસ્વતીચન્દ્ર ન જન્મ્યો હત, તો તેનું અનુકરણ કરવાનું લેખકોને ક્યાંથી મળત? પણ સરસ્વતીચન્દ્રના પ્લૉટનું અનુકરણ કરનારા લેખકો "નવલકથા" નું સ્વરૂપ ઓળખે છે? પૈસા નહિ તો લુખી નામનાની ખાતર સમાજની ઉન્નતિના બાહ્ય ઉદ્દેશે અન્દરથી સમાજને અવનતિને માર્ગે લઇ જનારાઓને, લૂટારા અને લેખકનો દાખલો ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

કહેવાય છે કે એક લુટારૂ, અને એક લેખક, બન્ને ધર્મરાજાના દરબારમાં દાખલ થયા, ત્યારે લૂંટારૂ કરતાં લેખકને વધારે સજા થઈ; લેખકે બચાવ ખાતર કહ્યું કે મ્હેં તો પરચુરણ પુસ્તકોમાંથી કેટલાક વિચારો ચોરીને, કેવળ ગુજરાન માટે અમુક વર્ગનું ધ્યાન ખેંચાય, તેવા લેખો લખેલા; પણ લૂંટારૂએ તો મરતાં સુધી લુંટફાટ કર્યા કરેલી છતાં એને ઓછી સજા કેમ?

ધર્મરાજા તરફથી જવાબ મળ્યો કેઃ—

લૂટારૂના અવસાન પછી, હવે એ કુકર્મ કરવા કરાવાથી મુક્ત થયો છે, અને ત્હારૂં ખોટી અસરો અને અન્યનું અહિત કરનારૂં પુસ્તક જ્યાં સુધી અવનીમાં અસ્તિત્વ ભોગવશે ત્યાંસુધી લોકોને નુકશાન થવાનું છે, અને તેથીજ તું મૂવા છતાં જીવતા તરીકે હોઇ લોકોને ખોટા માર્ગે દોરનાર ઠરેલ હોવાથી વધારે સજાને પાત્ર નિવડે છે * *

ઘણું મ્હોટું અને ઘણું થોડું લખાય, પરન્તુ ઘણું નવું અને ગણું સારૂં લખાય તોજ એકમેકનું હિત જળવાય અને લેખકના લેખ, લેખકનો વારસો દિપાવે; આટલા માટે બ્હોળા અનુભવની, અને બ્હોળાના પરિચિત થવાની પ્રથમ જરૂર છે-પણ 'ચકલા ચકલી' જેવી વાતો માટે તો એવું તેવું કશુંજ જોઇએ ના:

ભાષા વર્ણસંકર અને આડંબરી છે; મને લાગે છે ઘણી ભાષાના ઉચ્ચ જ્ઞાનની જાહેરાત માટે કદાચ આ પ્રકાર યોજાયલો હશે; પણ મ્હારી નમ્ર માન્યતા તો એવી છે કે, અતિ ઉંચા શબ્દોની ગૂંથણીથી ભાષાની ખીલવટ ઝાંખી પડી જાય છે, અને ભાવાર્થ શિથિલ બની જાય છે-અને એની સાથે લેખકની કદર પણ હલકી અંકાય છે. એક વિદ્વાને ખરૂં કહ્યું છે કે:—લોકોત્તર સાહિત્ય ઉત્પન્ન કરવાના આડંબરમાં તણાઈ સંસ્કૃત, અંગ્રેજી અને પર્શયનમય અઘરી ભાષા લખવામાં મોટાઈ માનવાનો આ વખત નથી, જનસમૂહ અત્યારે અજ્ઞાનતામાં ડુબેલો છે, એમને ઉન્નત કરવા માટે જે સાહિત્ય ગ્રંથો લખાય, તે સરલ, સ્હેલી, અને ઝટ સમજી શકાય એવી સંસ્કારી ભાષામાં લખાવાની ખાસ જરૂર છે. * * *

નાટક અને એમાંનાં ગીત પણ આટલાંજ નીરસ લાગ્યાં છે, નાટક લખતા પૂર્વે નાટક લખવાનો હેતુ અને નાટકનો ખરો અર્થ સમજાયો હોય એમ લાગતું નથી. સામાજીક દૃશ્ય ચિતાર ખડો કરી, સમાજને સુધારણાની પ્રગતિએ પહોચાડવાની નાટ્ય-કારોની ભાવના વર્ષો થયાં નષ્ટ થઈ ગઈ છે, એટલે આજે

વધારે શું લખવું ? ફોનોગ્રાફમાં ગાયન કેમ ઉતરે ? વાટેને ઘાટે ગાયનો કેમ ગવાય ? "વન્સમોર" વધારે કેમ થાય ? હસાહસ અને શૃંગારરસની જમાવટ વધે તો આર્થિક પ્રાપ્તિ સારી થાય માટે તે પ્રત્યે ખાસ લક્ષ કેમ અપાય વગેરે વાંચ્છનાને લઈ લખાતાં અને ભજવાતાં નાટકોએ હિન્દ ગૃહસંસારનું સત્યાનાશ વાળી દીધું છે! નાટયકારો નથી જાણતા કે આ કોટિનાં નાટક એ કેવળ ક્ષણભર ઝળકતા તારા જેવાં છે, નાટયકારોને જનસમાજની ક્યાં પડી છે ? નાટયકારોને નાટકની વસ્તુસ્થિતિ જાણવાની પણ કયાં પરવા છે ? હોય તો માલતીમાધવ, ઉત્તર રામચરિત, કાન્તા, વિક્રમોર્વશિય, અને શાકુન્તલ જેવાં નાટકોમાં કયારનો વધારો થયો હત, શ્રવ્ય નાટક તરીકે ગણ્યાંગાંઠયાં અને દ્રશ્ય તરીકે આંગળીને વેઢે ગણાતાં નાટકોમાં વૃદ્ધિ કરનાર કાદમ્બરી, સાવિત્રી, અને સરસ્વતીચન્દ્ર જેવાં નાટકો આજની રંગભૂમિપર ભજવાતાં છતાં કશોજ ઉમેરો થયો નથી આનું શું કારણ ? મૂળ્ય ગાયનોને બાદ કરીને બોલું તો, ગદ્ય પણ પદ્યમાંજ બોલવાની પદ્ધત, હરતાંફરતાં હરિગીત, ને દોહરામાં પ્રાસ મેળવીને બોલવાની ન્યુસ્ટાઈલ પ્રેક્ષકને કેવી અસર કરશે ? ખરૂં છે કે આથી તાળીઓનો ગરગડાટ થાય, પણ તેની સામે શંકા ઉદ્દભવેજ કે શું હરતાંફરતાં આમ સંગીતદ્વારા વાતો થતી હશે ?

આ પ્રમાણે 'સીન સીનેરી' માટે પણ છે; આપના મિત્રે અન્ય નાટકકારોનું કેવળ અનુકરણ કર્યું છે. અને સમજ્યા હશો કે અનુકરણ એટલે વગર વિચારે એકનું જોઇને જ બીજા જેવું કરવું તે. અર્થાત્ નૃસિંહ મ્હેતા જેવાના મકાનમાં 'ફરનીચર' અને એને રહેવા જેવી ત્રણ માળની હવેલી બતાવવામાં આવે છે,

તેમ તમારા મિત્રે પણ કર્યું છે. ભપકાદાર પોષાકથી, અને ઝળહળતી જાહોઝલાલીવાળા અન્ય અલંકારોથી પ્રેક્ષકનું મન તરત ખેંચાય એ ખરૂં; તથાપિ આવી ન છાજે તેવી કૃત્રિમતા કરવાથી નાટકની મૂળ વસ્તુને હાનિ પહોચે છે તેનો વિચાર કાંઈ કરવો ઘટે છે.

આપના મિત્ર આ દૃશ્ય નાટક કોઈ કંપનીને આપવાનાજ છે? હશે; આપે તો કોઈ એવી કંપનીને ન આપે તો સારૂં– કે જેના એકટર્સ છપનીઆ કાળમાંથી ખીચડી સાટે ખેંચી લાવેલ ભીક્ષાહારીનાં સંતાન હોય! અરે જેને ઉચ્ચાર કરવાનું ભાન નથી અને જોડણી સરખી સ્પષ્ટ બોલી શકાતી નથી, તેવાને હરિશ્ચન્દ્ર અને રામ જેવાના પાઠ ભજવવા આપનાર નાટ્યકારો તે મહાત્માઓને કેટલો અન્યાય આપે છે!

આટલું લખ્યા પછી નાટકની વસ્તુપર ઉતરૂં તો, પ્રસ્તુત વસ્તુ દેશકાળને અનુકૂળ નથી. મારા ધારવા પ્રમાણે તો હવે માલતી માધવ, અને શાકુન્તલ જેવાં ચિત્રોની પણ રંગભૂમિ પર થોડીજ જરૂર છે, હાલના જમાનામાં તો પ્રતાપ, ભિષ્મપિતામહ, મૈત્રેયી ને ગાર્ગી, અને જનક, બુદ્ધ, જેવાને યોગ્ય પાત્રો અને યોગ્ય નાટ્યકારો દ્વારા રંગભૂમિમાં ઉતારવા ઉપરાંત સમાજમાં સુધારાને લગતી ચલાવવા યોગ્ય ચળવળવાળાં સાંસારિક ચિત્રો ખડાં કરવાની ખાહેશ છે–અને આને માટે આપના મિત્ર જેવાને તસ્દી નહિ લેવા દેતાં સાક્ષર કોટિમાં ખપતા સુજ્ઞ મહાશયોને શ્રમ લેવા દેવામાં આપણને કશુંજ પાપ લાગવાનું નથી.

આ મત મ્હારૂં છે, અને 'મ્હારૂં' કહેવામાં એ રહસ્ય

બતાવું છું કે હું સાહિત્ય વિષયનો ઉપાસક નથી માટે દર્શાવેલ દિશા ભૂલ પૈકી જે મારી સમજફેરની હોય તે મ્હને પાછી આપશો તો ઉપકાર થશે. બીજાએ કહ્યું હોય, તે પરથી આપણે ખરા તરીકે માની લેવું નહિ, પણ વસ્તુતઃ જે યથાર્થ હોય, અને આપણું મન કબૂલ કરે તેનેજ ખરૂં માનવું એ સારૂં છે.

શુભેચ્છક

પ્રવાસી.

"સેવા મન્દિર."

શનિવાર—તા. ૨૧.

સૂર્યાસ્ત કાળ.

પ્રિય સુહૃદ !

પત્ર મળ્યું, પાસ થયો જાણી મ્હને જે આનન્દ મળ્યો તે જણાવાની જરૂર હું જોતો નથી; આવા મંગલ સમાચારે મ્હારે ત્હને શું અને શા વિષે લખવાનું હોય ? બે બોલ એટલાજ કે ભૂતકાળની સ્થિતિ ભૂલવી નહિ, વર્તમાનકાળને ગુમાવવો નહિ અને ભવિષ્યને હસ્તગત કરવો:

તને લખવા જેવું શું છે ? જાણે છે કે ગરીબના ઝુંપડામાંથી રત્ન તરીકે તું ઝળકયો છે, પણ એ પ્રતાપ લોકોનો માન, પરભારે પૈસે રત્ન તરીકે અંકાવાનો સમય લાધ્યો છે, તેજ ભૂતકાળ નહિ ભૂલવાનો હું કહું છું—અર્થાત્ ઉછીના દામથી વિદ્યાને પોતાની કરી, મેળવેલી ડીગ્રીને લોકોમાં વ્હેંચાયલી રાખવી—(કેવળ પોતાની જાત માટેજ નહિ) એ ફરજ ત્હારી છે.

નિષ્ફળતાથી જેમ કદિ ગભરાયો નથી, તેમ ફતેહથી નહિજ ફુલાય એમાં સન્દેહ આણવા જેવું છે જ નહીં,—અને આપણા હિન્દના મહાન્ દાદાના શબ્દાનુસાર, હવે પછી જીંદગીની લડાઈ-માં પ્રવેશતાં, પ્રવેશ્યા પછી, આડે આવતાં અનેક અંતરાયોથી

જરા પણ "નિરાશ થઇશ ના, ધૈર્ય ગુમાવીશ ના, અને સંપૂર્ણ ઐક્યથી જોડાતાં દુઃખ આવો કે સુખ આવો છતાં જરા પણ વિરમ્યા વગર જે સ્વાર્થત્યાગ કરવો પડે તે સર્વ કરીને પણ જ્યાંસુધી ઇચ્છીત કાર્યે હસ્તગત કરી, ફળે નહિ, ત્યાંસુધી મંડયા રહેવું." નદીના વહનની પદ્ધત, ગિરિ પેઠે અડગ રહેવાની ટેવ, વૃક્ષ પ્રમાણે ફળતાં નીચા લચવાની ટેવ, અને ચન્દન કે કંચન પ્રમાણે વધારે ઘસવાટે વધારે હિત કરવાની—અપકાર પર ઉપકારજ કરવાની ઉદારતાને જરાપણ લક્ષ બહાર નહિ રાખવામાં સમાયલું હિત ત્હારાથી ક્યાં અજ્ઞાત છે?

વધારા તરીકે આટલૂં ઉમેરીશ કે, સઘળી વસ્તુ પ્રત્યે પ્રેમ, અને કોમળતા તથા સમસ્ત વિશ્વને આત્માના શુદ્ધ જીવનમાં, તેમજ તે જીવનથી મળતા આનન્દમાં ભાગ લેતું કરવાની તીવ્ર અભિલાષા રાખવાથી આપણે આપણું જીવન ઉન્નત કરી શકીએ એટલૂંજ નહીં, પણ ત્હારા હૃદયમાં દેશોન્નતિની રમી રહેલી ભાવના ફળવાનો માર્ગ તે આજ છે; કેમકે સ્વાર્થત્યાગ અને સેવાનો સમાવેશ આમાંજ થાય છે. અને ભારતના ભાવનામય આદર્શો પણ આ એજ છે. સ્વાર્થત્યાગ સાથે સેવા બન્ને બને, તો દેશમાં અવનવો ફેરફાર ફેલાયા સિવાય રહે ના: લોકો કહે છે કે અમે અમારી ભૂમિને ચ્હાઇએ છીએ. અને આમ કહીને લવારો કરે છે કે "પણ તે, જેવી હોવી જોઇએ તેવી સ્થિતિમાં નથી." આમ બોલનારા કેટલૂં સારૂં ચાહી શકે છે તે સ્પષ્ટ જણાઈ આવતું નથી? શા માટે જેવી જોઇએ તેવી સ્થિતિમાં નહી હોવાથી ભૂમિ પ્રત્યે મન ઉતારી નાખતા હશે? જેવી છે તેવીને કેમ ચ્હાતા નથી? ખરૂં ચ્હાવાનું તે આમાં છે કે પહે-

લામાં ? પણ આ તમને શીદ લખું ? મ્હને તો દૃઢ ભરૂંસો છે, કે હિન્દનો ઉદ્ધાર આપણને પૂજ્ય છે એવા હિન્દ પુત્રોથીજ થવાનો છે; ભલે કુરકુરીઆં ભસે તેથી શું ? પ્રભુના ઘરના સાચના સિપાઇને કોઇની પણ શી પરવા ? નિર્ણયાનુસાર અડગપગે ઉભા રહી, હૃદયનિષ્ટ હોઈ, કર્તવ્ય પરાયણ થઈ મેળવેલાં સાધનદ્વારા કરવાયોગ્ય વસ્તુ સાધ્ય ક્યારથી કરવા તૈયાર થાવ છો ?

પુસ્તકો અને એમાંની ‘ થીઅરીઓ ’ બીજાંને માટે રહેવા દેશો તો સારૂં છે; કેમકે એથી હવે કશું સરવાનું નથી; લોકોનાં હૃદયને જાગૃત કરવાનો ઉચ્ચત્તમ માર્ગ તો એ છે કે આપણું જીવન શુદ્ધ રાખવું, આપણું ચારિત્રજ ‘ થીયરી ’ અને પુસ્તકો-માંનુ લખાણ પ્રદર્શિત કરી આપશે, વ્યક્તિગત, આકર્ષક અને વકૃત્વશક્તિવત્ લોહચુંબક–ચારિત્ર જેવું અન્ય નથી–પણ આતો તું જાણેછેસ્તો:

ત્યારે આટલુંજ બસ છે કે, જીંદગી ત્રણ અવસ્થામાં વ્હેંચાયલી ભલે રહે–હાસ્યપાત્રતા, વિરોધતા, અને સ્વીકાર્યતા, કેમકે તે સિવાય કરવાનું છે, તે સંગીન અને ચિરસ્મરણીય કરી શકાય ના:

ઉપયોગી જાણી, નિષ્કામ કર્મયોગી ગોખલેનાં થોડાંક વાક્યો ઉતારી પત્ર પૂર્ણ કરીશ.

સામ્પ્રત જેવા બારિક સમયે, જે અગત્ય છે, તે સાધારણ પ્રેમની નહિ, પણ માતૃભૂમિને માટે ઉચ્ચ પ્રકારના પ્રેમની છે: કે જે પ્રેમની ખાતર જાતિ ભોગ આપવામાંજ આનન્દ મનાય, આપણામાંનાંજ માત્ર પૂરતાં થઈ પડે એટલાં મનુષ્યોજ એવા

દેશપ્રેમમાં બંધાઈ, પોતાની જનનિની સેવા અદા કરવા માટે પોતાનાં જીવન અર્પણ કરે, તો આ પૃથ્વિ ઉપરની કોઇપણ શક્તિ આપણને ઉન્નત થતાં પાછળ રાખી શકે ના:

ત્યારેજ આપણે ખરી કીર્તિ જાણી શકીશું, કે જે એક વખત જોયા પછી તેના તરફથી દૃષ્ટિ ખસેડવાની ઇચ્છાજ થશે નહિ: ત્યારેજ સર્વ શંકાઓ અને વ્હેમો દૂર થશે, અતિશયોક્તિ અદર્શ થશે અને આપણું ભારતવર્ષ **ધીમે ધીમે** પણ **દૃઢપણે** આગળને આગળ વધતું જશે: અને તે હાલતે પહોંચશે કે જેનું આપણે રાત્રે સ્વપ્ન જોવું જોઇએ અને દિવસે તેના ઉપર પુખ્ત વિચાર કરવો જોઇએ.

ત્હમારો સાચો સાથી,

પ્રવાસી.

" * * સદન. '

સોમઃ તા. ૨૩ઃ

પ્રભાત.

ભાઈ !

પત્ર મળ્યું: સમાજસુધારણાને લગતી ચળવળ ચલાવવા માંડી છે લખ્યું તે જાણી ખુશી થયો: પણ ધ્યાન આપશો કે સુધારણામાં ચાલુ જમાનામાંનો નિંદ્ય અને નકલી સુધારો સમાઈ જાય નહિ: બકરી કાઢતાં ઉંટ ન પેસે એ બદલ આ બારીક સમયમાં બહુ ધ્યાનપૂર્વક કામ કરવાનું છે એને માટેજ હજુ વધારે પરિપકવ અને અનુભવવૃદ્ધ મહાશયની મદદે કાર્યારંભ કરવો મ્હને બ્હેતર લાગે છે.

ત્હમારી પ્રવૃતિ જોઇ ખરેખર આનન્દ પામું છું, અને હૃદય ત્હમને ધન્યવાદ આપે છે. ત્હમે કાર્યમાં સંભાળપૂર્વક રહેશો તો ઘણું સ્તુત્ય કામ કરી શકશો: પણ જે બે વાતો કહેવા જેવી છે તે એટલી કે કહેવાતો સુધારો કરી, સુધારકો(!)માં ખપાવાય, તેવી વ્યક્તિયોનું મંડળ તૈયાર કરશો નહિ.

જાણતા હશો કે, કહેવાતા સુધારકો માટે કેવું કેવું કહેવાય છે: 'નાસ્તિક' જેવા શબ્દોને ભૂલી જઇએ તો પણ બીજું ઘણું ગવાય છે.

" કોટ, કોલરને ન્હાનો પ્યાલો
ને વધુ કરે તો હાથ ઝાલીને ફુટપાથ પર ચાલો."

આટલામાં ત્રણ ભુવનનું સુખ અને બીજો બધો ધણડકો—આમ લેખકો લખે છે! અને આ એજ લેખક વળી આગળ ધપીને બોલે છે કે:—" સુધારાને નામે પાયા વગરના ધોરણુપર ઘોડા દોડાવીને મોટી મોટી ડંફાશો મારવામાં આવે છે, ને તેથીજ, મનુષ્ય જીવનમાં બોજો, તૃષ્ણા અને સ્વચ્છંદપણાથી વર્તવાની વૃત્તિયોનો પ્રવાહ વહ્યાં જાય છે; નિરંકુશતાથી છુટાપણું કહેવડાવતાં શિખવાય છે, જનસમાજના સુનિયમોનો ભંગ, ને મનસ્વીપણે જોખમદારીની દરકાર ન કરવી તેને સ્વતંત્રતામાં ઘટાવી દે છે. ઇશ્વરયુક્ત મનુષ્યત્વને પશુપણામાં ખેંચી જવું, તેમાં ગુણજ્ઞપણું ગણાવ્યું છે, સ્વાર્થ પરાયણતાને ધર્મની ગાદીપર બેસાડેલ છે અને 'શ્રી'માં સર્વસ્વનો સમાવેશ કરવામાં આવે છે. * * આ પ્રકારની વાયકા આપણા સુધારાના માર્ગમાંથી ન જન્મે, તે બદલ ઘણું ધ્યાન આપવાનું છે.

અને, મ્હને ખાત્રી છે કે આપ જે જે સુધારા કરવા માગો છો, તે તે, તમામ અન્ધશ્રદ્ધાળુ સમાજની ભેગા રહીનેજ કરવાના હશે. રખે નિરાળા પડી જતા! કેમકે તેમ કરવાથી, તમારા પર આસ્થા બેસશે નહિ, તમારી પરવા પણ તે નહિ રાખે, અને ઉલટો સમય સાથે શ્રમ નિષ્ફળ નિવડશે.

માટે કરવાયોગ્ય સુધારો, સમાજના ભેગા ભળીને, તેમને મળીને, અને રૂચિકર દવા ગળે ઉતરાવીને, જરા પણ કંટાળ્યા સિવાય, ઠપકાથી, અપમાનથી અને હાંસીથી હાર્યા સિવાય, શાન્ત

સ્વભાવથી, ઉતાવળ કર્યા સિવાય–ધૈર્યથી, પણ ખંતથી, અને આસ્તે આસ્તે પણ સતત્ પ્રયત્ને હૃદયને પ્રવૃત્તિમય બનાવી દેશો:

મારી આ નમ્ર સલાહમાં–જેટલી અનુકૂળ લાગે, તેટલી, મ્હને એક તમારો આત્મબન્ધુ ગણીને (સલાહકાર નહિ) સ્વીકારશો તો સારૂં છે. મારા યોગ્ય જે કંઇ અને જ્યારે જ્યારે કામ આવે તે વિના સંકોચે ફરમાવશો–હું કરીશજ. કાર્ય કરવા જન્મ છે અને મ્હારે કામ કરતાં કરતાંજ મરવાનો નિશ્ચય છે: પ્રમાદથી, શઠતાથી કે શેઠાઇથી બેસી રહેતાં નહીંજ:

આપનો

પ્રવાસી.

શુક્રવાર: ૧૯—

........પુર.

રાતના નવે.

પૂજ્ય....નીં પવિત્ર સેવામાં,

સવિનય નિવેદન:—

પત્ર મળ્યું હશે, પણ નથી પહોંચ કે નથી જવાબ: કારણ કળાતું નથી; શારીરિક તથા માનસિક સ્થિતિયે સ્વસ્થ તો હશોજ અને એમ કલ્પીનેજ પાછો આજ આ સાથે એક બીજો પત્ર બીડું છું. **સ્વામીન!** પહેલાના પત્ર ભેગો આ'નો પણ નિકાલ કરી નાખો તો સારૂં.

એ પત્ર, એક જાણીતા........શેઠનો છે, "વ્હેપારી માત્ર જુઠ્ઠા" નું કહેણુ ખોટું કરી આપનારનો છે; એક સત્યનિષ્ઠ વ્હેપારી તરીકેની ખૂબ ખ્યાતિ પામનારનો છે; દેશાન્તરને મ્હોં માગ્યો માલ પૂરો પાડનારનો છે.

પ્રિય! એમનો પત્ર ઉકેલશો એટલે સઘળું સમજાશે: એમના દ્રવતા દિલની દાદ સામે આંખ આડા કાન કરવા જેવું નથી એમ ખસૂસ જણાશે.

"એ શેઠનો મ્હારાપર પત્ર ક્યાંથી? એ મ્હને ઓળખે શાના? ખુલ્લા મનથી મ્હને આટલું બધું લખે શાના?" વગેરે

અનેક વિચારો આપને થશે–જાણી, (આ સાથે બીડેલા) પત્રના જન્મનું મૂળ કારણ સંક્ષેપમાં નિવેદન કરૂં ? મ્હને લાગે છે તેથી આપની કંઈક વિશેષ સરલતા જળવાશે:—

આપની આજ્ઞાનુસાર, જ્યારથી જાહેર જીવનમાં પમાતાં પ્રલોભનોને ભૂલીને, વ્હાલામાં વ્હાલી વસ્તુના ભોગે મ્હેં આ પ્રકારનું જીવન ગાળવા માંડ્યું છે, ત્યારથી, સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં સ્વામીન ! હું "છાનાં" રહેવાને સ્થાને વધારે "જાહેર" માં આવતો હઉં એમ માનવાનાં અનેક કારણો પૈકી આ શેઠના પત્રનું તો મોજૂદ છે. 'ગનેહુને' એમને મ્હારૂં (=હૃદયનું) ઓળખાણ પડ્યું અને મ્હને પ્રથમજ એક વિસ્તૃત પત્ર લખેલો–એ પત્ર પણ 'વ્હેપાર' ને અવલમ્બી લખાયલો હતો,–અપરિચિત પત્રને મ્હેં આદર આપ્યો અને માગણી પ્રમાણે ઘટતો જવાબ વાળેલો: તેનું ટુંકામાં દિગ્દર્શન કરાવી જાઉં:—મ્હોળો વ્હેપાર ખેડનારનામાં મુખ્યત્વે કરીને **સાહસ**, **ધૈર્ય** અને **પૈસો**–આટલાં વાનાં જોઇએ: ઉપરાંત વિશાળ ધોરણ ઉપર ધંધાને સ્થાપી તેમાં લક્ષને પરોવાયલું રાખવાની સત્તા જોઇએ, દેશ દેશાવર ખાતે, કેવળ કાગળના ટુકડે ધીરધારની છુટથી (વ્હેપારની સરલતા સારૂ) ચારિત્ર બળ અને ચતુરાઇ જોઇએ, ઘણી ન્હાની ન્હાની બાબતોનો ભોગ આપવાની ઉદારતા જોઇએ, **વિશ્વાસ** અને **સચ્ગુરી** જોઇએ..........

આ'વી નરી સૂચનાઓ જ નહતી લખી; પણ, ગુરૂવર્ય ! મ્હને ક્ષમા આપશો–શેઠજીના વ્હેપાર પ્રત્યેના અતિ વલોપાતને અંગે, સહસા મ્હારાથી જે લખાઈ જવાયલું તે આ રહ્યું:—

..........દેશી કારીગરીને ઉત્તેજન આપનારની સંખ્યા એકઠી

કરનારૂં ત્હમારૂં વ્હેપારી મંડળ ક્યાં ગયું ? ઉભા કરેલા મોટ-મોટા ભાષણ કર્ત્તાઓનું શું થયું ! ઠેકાણે ઠેકાણે ફરી, દેશી વસ્તુઓની પરિશોધ ચલાવનાર, નવી નવી ચીજો બનાવનાર, અને પશ્ચિમ સાથે સ્પર્ધામાં ઉતરવાની અભિરૂચિ ધરાવનાર હવે કોઇજ નથી રહ્યું ? વાણીને વર્તન દ્વારા સિદ્ધ કરી આપનાર હોંશીલો વર્ગ, ગમે એવો હોય ત્હોય સ્વદેશી માલ વાપરનાર મમતીલા મહાશયો, અને 'અમે દેશ સેવક હોઇ તન, મન અને ધનથી બને એટલી દેશની સેવા અદા કરીએ છીએ' એવી ભાવના રાખ-નારા 'સહીલંકાઓ' શું નામનાજ હતા ? આ સૌ ભલાઆદમી વાતો કરનારજ હતા ? કે વસ્તુસ્થિતિ, અને સાધનસંપન્નથી અજ્ઞાત હતા ? શેઠજી ! ઉભરો આમ અકાળે શાથી શમી ગયો તે લખશોજી.......

મહાનુભવ ! આ પત્ર સાથે આપને જે પત્રની નકલ મોકલું છું એ પત્રનો જન્મ ઉપયુક્ત ઉશ્કેરણી દ્વારા થયેલો છે એ હવે આપને, આટલા દિગ્દર્શન પરથી સ્પષ્ટ થશે: અરેરે ! જ્યારે આ ઉશ્કેરણીના જવાબ રૂપ મ્હેં શેઠનો પત્ર વાંચ્યો, ત્યારે મ્હારા મનની ઉશ્કેરણી સમ્બન્ધીની મ્હને ભૂલ સમઝાઈ, અને શેઠના અનુભવસિદ્ધ-માર્મિક લખાણે મ્હને, બેશક, શરમાવ્યો: સંતોષ એટલા પુરતો પામું છું કે મ્હારી થયેલી ભૂલના પરિણામે (શેઠજીના પત્રદ્વારા) નવું નવનીત મેળવી શકાયું છે !

" વ્હેપાર શું કરવો ? શાનાથી કરવો ? ક્યાં કરવો ? શી રીતે કરવો ? તગાવી, રિલિફ ફન્ડ, એકટ-કર તથા બીજાં હાંસલ: આમ અનેક માર્ગે રોકાઈ જતી મૂડીને-વસ્તુત: સરકાર સાચવી મૂકે છે ! પૈસાની છૂટ મળે નહિ, પછી સાહસ અને

સહનશીલતા તે શા કામની? લખો છો એમ **સાહસ, ધૈર્ય** અને **પૈસાની** ત્રિપુટીમાંથી એકવાનું ખંડિત થાય એટલે બાકીનાં બેથી પાયો લૂલો પડી જાય છે! મ્હોટી વાત મૂડીની છે, એના વગર મોટા પાયા પર વેપાર નભી શકતો નથી, અને હકીકત આમ હોવાથી પશ્ચિમના વ્હેપારી સાથે હરિફાઇમાં ઉતરવાની અનેક હરકતો આડયે આવે છેઃ દેશી હુન્નર અને કળાઓને કોક બીજી દિશામાં ઘસડી ગયું છે, આથી, મને કે કમને સોના-મ્હોર સટે લોખંડના સાંચા સંગ્રહવા પડે છે-અરે, મૂડીના અભાવે એની પણ અછત રહે છે, મંગાવનારને મળતું ઉત્તેજન, એનું મન જાણે છે, કદાચ કમીશન-એજન્ટ્સ કમાતા હોય તો કોણ જાણે, બાકી બાપડા શૅર હોલ્ડર્સની સ્થિતિથી તો સૌ અનુભવી, માહિતગાર હશે! રેંટીઆ અને શાળો સંપાડવાના કોઈ મહાનો વિચારો વેરે છે પણ ચાલતા કાળમાં દેખાઇતી રીતે સારા વણાટના પ્રમાણમાં જે સસ્તાપણું જોવાય છે, એવું આપણા જૂનાહસ્ત સાંચાઓ-થી થાય નહિ, એટલું ઉમદા વણાટકામ પણ બને નહિ, એથી તો બ્હેતર છે કે, મીલ્સ ચાલુ રહે, અને **અમેરિકાની** પદ્ધત પ્રમાણે અહીં મીલ્સની વ્યવસ્થા અને નફાની વ્હેંચણીમાં સુધારો વધારો થાય; એજન્ટ્સ અને મીલ માલિકો ઉપર શૅર હોલ્ડર્સનો જાપતો રહે, કારખાનામાં તૈયાર થતો માલ બ્હોળા પ્રમાણમાં કઢાવવાની કોશિષ કરવા કરતાં સારો કઢાવવાની કાળજી રખાય, મજુર વર્ગને કામના પ્રમાણમાં નહિ પણ કામની સફાઈના પ્રમાણમાં પગાર અપાય, પગારથીજ પરવારી નહિ જતાં તેમનાં ન્હાનાં બાલ બચ્ચાં વાસ્તે અમુક રકમ અલાયદી કાઢવામાં આવે. (આથી એમને કામ કરવાની હોંશ વધે) અને

વર્ષે દહાડે નફાની વ્હેંચણી વખતે અમુક હિસ્સો મજુર વર્ગ સારૂ મોંખો પાડી તેમને પગાર ઉપરાંત તે વ્હેંચી આપવામાં આવે, તો જતે દહાડે મીલ ઉદ્યોગ હાલના જેટલો હાનિકારક રહે ના. પણ અત્યારે તો આ ભાવના માત્ર છે.

મહાશય ! સૌ સમજે છે કે દેશમાં ઘણું ઘણું છે, ખનીજ પદાર્થની યે ખોટ નથી, જોવા જતાં મજુરી પણ સસ્તી છે તથાપી ત્હેને ખીલવી, વ્હેપારની ઉપયોગિતા માટેની યુક્તિયો સારૂ અનુકૂળ વિદ્યા અને મુડી માટે ફાંફાં મારવાં પડે છે. મ્હોં વિકાસી, માર પડે તે વેઠી લેવો એ બ્હેતર, પણ કોની મગદુર છે કે કોઇ 'ચું-કે ચાં' કરી શકે?

અનાજ, કરિયાણું, જાડું સૂતર; કપાસ-રૂ, અફીણ, કસ્તુરી, હીર, ઉન, વગેરે વસ્તુઓ ખાસ્સી કાચા સોના જેવી છે, પણ જ્ઞાન, સાધન અને ઉત્તેજનના અભાવે એ બધું પરમુલકના લોકને લૂંટી લેવા સારૂ આપણે આપણા દરવાજા ઉઘાડા રાખી મૂકીએ છીએ! હર! હર! જુલ્મ છે.

એની એ વસ્તુઓ અંહી તત્વ વિહોણી હોઈ પાછી ફરે છે. ખરૂં છે કે તે મઠારેલી હોય છે, તેના અંગપર ઓપ ચઢેલો હોય છે પણ આત્મા વિનાનાં ખોખાં હોય છે, એ ખોખાંને પણ ખરીદાય છે ને વ્હેપારી વિત્ત વેરીને મરવા જેવો થાય છે, ખરીદનારની પણ અન્દરખાનેથી એજ સ્થિતિ અનુભવાય છે, ગોરનું તરભાણું તો ભરાય છેજ-પણ પરાયાંને કાં દોષ દેવો? દોષ આપણા દેશનો-આપણો અથવા ઉંધી કેળવણી દ્વારા બુદ્ધિને જડ બનાવનારનો તો નહિ હોય? ગમે એમ પણ આટ આટલી મહેનત અને માથાફોડ, (Botheration) છતાં 'તંગાશ' થી

દહાડા કહ્હાડવા દોહ્યલા થઇ પડયા છે.

નીતિમત્તાની શિથિલતા, સાખનો ઘટાડો, નિતરતી પેદાશ પર સરકારના સખ્ત અંકૂશનો સપાટો, આ બધું ગરીબાઇની ખાઈમાં ઉતારનાર હોય એમ અનુભવાય છે પછી ' લાગણી ધરાવનારા ' શું કરે-મરે ? સૌ, સૌનાં પેટ સંભારે, ત્યાં એકલો અર્ધ કેળવાયલો વ્હેપારી વર્ગ કોના તણો ?

સારા ભણેલા-ગણેલા, કાયદાના જાણકાર, અને મોટ-મોટા પદ્વિધરોની કને ફરનાર તરીકે અમ લોક જેને ઓળખીએ છીએ તે પણ આ તર્ફ કશું લક્ષ ખેંચે ના, અમારી મુશીબતો, સંકડામણ અને ટુંકામાં હેવાલ જાણવામાં એમને અહુંક આવે, ને પોતાના મનથી ન્હાનમ સમજે, તો અમારાથી કાંઈ એમને સજા થઈ ? રાજ્ય હમારૂં નથી. અને એજ સાલે છે. " સાલે છે " નો માયનો બીજો કશો નહિ, પણ એટલું જ કે રાજ્યકર્તા કોમ વાણિજ્ય વૃત્તિમાંના કરાર અને રાજ્યના તેજમાં વગર કારણે આંજી નાખે છે-અમે સમજીએ છીએ કે ન્યાયી બ્રિટીશ સરકારને-પોતાને-વ્હેપાર કરનારી ગોરી પ્રજા કને કશી નિસ્બત નથી, અને નિસ્બત નથી છતાં સતાવનાર રાજ્યના બ્હાને મ્હોંમાં ડૂચો મ્હારી મનગમતી લુંટ ચલાવે છે, અને અમલોક બ્રિટીશના માનની ખાતર અસલ પ્રમાણે ઔદાર્ય જાળવી રહીએ છીએ. એટલે એ વધારે ફાવી જાય ! પણ ક્યાં સુધી જોયા કરશો નવા તમાસા જૂનાં નેત્રે ?

અને મહાશય ! ' દેશી કારીગરી ' વાળાના સ્હામું આમ ગર્ભિત વાણીથી શા સારૂં બોલતા હશો ? પોતે જ કહેશો કે એ વર્ગને આપના મંડળ તરફથી કેટલી હૂંફ મળી હતી ? પર-

સેવાના રેલા ઉતારી પેદા કરેલા પૈસાવડે, પાલકે ભણાવીને વિદ્વાન બનાવેલા વિદ્વાનો (!) એ ‘ સ્વદેશી માલના ઉત્તેજન’ માં કેટલાં નાણાં આપી, તેમના પાલકોનું મન, આ માર્ગે ઋણ વાળતાં સંતોષ્યૂં ? સમ્પાદન કરેલી વિદ્યાનો વ્યય ક્ષુદ્ર નોકરી સિવાય બીજા માર્ગે કરનાર વર્ગની સંખ્યા કેટલીક મ્હોટી છે ? ખૂબી તો જૂવો, કે વિદ્યા પામેલા વિદ્વાનો નોકરીજ કરે, અને જે પ્રકારની વ્યાપારિક વિદ્યાની જરૂરીઆત હોય, તેવી નહિ પામેલ એવા–એટલે વિદ્યાને સ્થાને વિત્તવાળા (પૈસાદારો) મહાન ધંધાધારી છે ! ! ત્યારે હવે કહેશો ? કહેવાતો શિક્ષિત વર્ગ, દેશની ઉન્નતિના કારણભૂત વ્હેપારના વિકાસને અંગે તેની સફલતા સારૂ, ન કસે તનને, ન વાપરે કેળવાયલા મગજને (હૃદય તો બુઠૂં જ હોય છે) કે ન ગણગારે હૃદયની લાગણીને તેમાં અમારો શો અપરાધ ?

મહાશય ! લખનાર લખીને છૂટે છે, બોજો હળવો કરવાનો ભાર હવે વાંચનારને શિર છે ! માટે, આપ તો મહાન છો, વિચારશીલ છો, તો ઘટતું કરશો; સરકારમાં સંભળાવવા જેવું લાગે, તે ત્યાં સંભળાવશો, ને આપસઆપસમાં મદદ કરવી ઘટે તો તે કરશો. વિશેષ શું ?”

પૂજ્ય શ્રી ! આ પ્રમાણે નકલ ઉતારીને બીડું છું તેનો સમયસર અમલ કરશો, અને પાછલા પત્રનો પણ જવાબ વાળશો. બનશે તો કાલે....જઈશ, માટે પત્ર ત્યાંજ લખશો તથા બીજું કાંઈ પણ.

આપનો,

પ્રવાસી.

પુણ્ય મંદિર.

તા. ૨૫.

મીo........અલી !

જાણીને સંતોષ પામશો કે આપના પત્રને મ્હેં સહર્ષ વધાવી લીધો છે–અને "વધાવી લીધો છે" એટલે પત્રમાંનું લખાણ મ્હને ઘણું ગમ્યું છે એવો અર્થ આપે ઘટાવી લેવાનો.

આપની મુસલમાન કોમ અમારા હિન્દુ ગૃહસંસારની રીત-ભાતથી ભલે ભિન્ન ભાસે, તથાપિ આપણું રૂધિર તો એકજ ભૂમિમાંના અનાજનાં તત્વથી ઉછળી રહ્યું છે. આપણે એકજ જનેતાના પુત્રો છીએ અને આપણો આત્મા પણ એકજ છે. શરીરના ઘાટ જૂદા હોય, પહેરવેશ અને બાહ્ય ડોળ જૂદો હોય, તેમજ રૂઢિને અંગે આચારમાં તફાવત જણાય તેથી શું ? હું નથી ધારતો કે આ પ્રકારના–સાંસારિક રીત રિવાજ વગેરેથી આપણ વચ્ચેનું આત્મઐક્ય નોખું પડી જાય ! આમ શા માટે થાય ? તેજ હું તો સમજી શકતો નથી ! અલબત ! હાલ થોડા સમયથી ઉભય કોમ વચ્ચે અમુક અંશે ભેદનો પડદો પડતો ક્વચિત્ જોવાય છે. તથાંપિ જો હું ભૂલતો ન હોઉં તો તેનું કારણ આધુનિક સુધારો અને પેલા "મોહની" વાળા સુધકોની ખાલી ભંભેરણી જ હશે. પણ આપણે એઓનાં પ્રલોભનોથી કે વ્હેમ વગેરેથી જરા પણ ભરમાઇ જવું જોઇએ નહીં.

અમ લોકોથી અજાણ્યું નથી જ કે પરદેશથી વસાયત થયા પછી આપની કોમ લગભગ હજાર વર્ષથી આ ભૂમિને પોતાની માનીને તેનું ગૌરવ જાળવવાના અનેક યત્નો–તન મન તેમજ ધનથી–કર્યાં જાય છે. અને ભૂમિના ભલામાં જ પોતાનું જિગર જોડેલ છે. અરે–અમે પણ અંહીના કયારે મૂળ વતની હતા ? અમે પણ પરદેશી જ હતા, માનવંતા સાહેબ ! આપ લખો છો એમ આપણે પરસ્પર હૃદયના વિનિયમે આત્માના ઐક્યનો પ્રબળ પ્રભાવ પ્રભાકરની પ્રભા પેઠે સર્વત્ર ફેલાવીએ એમ હું પણ વાંચ્છતો હતો અને તે દિવસની રાહ, રોજ રવિ ઉગ્યે જોયા કરૂં છું, આજ આપનો આ પ્રકારનો–મન માનતો પત્ર વાંચી મને જે આનંદ થયો છે એ શબ્દમાં ઉતારવા કલમ શક્ત નથી.

ખરૂં જ છે કે જે ભૂમિમાં આપણો જન્મ થયો છે, જે ભૂમિમાં આપણું જીવન બંધાય છે, અને જે ભૂમિમાં આપણે અવસાન પામવાની આશા બાંધી શકીએ છીએ એજ ભૂમિમાંના આત્માઓ (પછી તે ગમે તે જ્ઞાતિ તરીકે ઓળખાતા હોય પણ તે) ને એકમેકે પોતાના અંગ તરીકે માનવામાં સઘળા ઉદયની આશા છે. નકામા નારદવેડા કરાવનારનામાંની આંધળી શ્રદ્ધા રાખવામાં નથીજ.

કોઈ “ મોહની ” ભર્યો મદારી વર્ગ હિન્દુ અને મુસલમાન વચ્ચે ધર્મનાં ખોટાં ધતીંગ ઊભાં કરી વિરોધ ઉત્પન્ન કરાવવા મથે, તો આપણે, કાષ્ટપૂતળા પ્રમાણે (જેમ કોઈ નચાવે તેમ) નાચવું શા વાસ્તે ? આપણા ધર્મનાં સિદ્ધાન્તો અને રહસ્યો અદેખી ઈતર પ્રજા શું સમજે ? વસ્તુતઃ અમારા અને તમારા ધર્મનાં તત્વો જૂદાં નથી, પણ એક છે અને આ અમે સારી

પેઠ સમજીએ છીએ—આમ જ અમારા ધર્મને માટે આપનામાંથી ઘણા ઘણું માન આપે છે એ પણ અમારી જાણ બહારની વાત નથી જ. ધંધો આદરી બેઠેલા ન્હાના પ્રકારના સમ્પ્રદાયો સાથે મૂખ્ય—મહાન ધર્મને શી નિસ્બત છે ? નિસ્બત નથી છતાં પણ એ પ્રકારના "વાડા" ઓથી જ ઉભય કોમ વચ્ચે કલહનાં બીજ રોપવાનો કદિ કદિ સંભવ રહે છે અને તેથી એવા સમ્પ્રદાયોથી સાચવીને ચાલવાનું અથવા સમ્પ્રદાયમાં ઘટતો સુધારો કરવાનું તો આપણે ચુકવું જોઇએ નહિજ.

બાકી અમારામાંનાં ત્યાગી, યોગી, મહાત્મા પુરૂષો, અને ભક્તોની સ્પર્ધામાં ઉતરી શકે એવી સંખ્યા આપનામાંથી ઘણી મળી શકે તેમ છે. ઇતિહાસજ્ઞોને તે સારી પેઠે જ્ઞાત છેઃ ભક્તિ, સેવા, સાત્વિક વૃત્તિના લાભ, પ્રાર્થનામાંની તન્મયતા, તેથી અનુભવાતો પરમાનન્દ, પારમાર્થિક વૃત્તિનો નિયમ, સત્યાવલંબી હોવાનું સૂચન, સાચને માન આપવાની સંજ્ઞા, અને દયા, ક્ષમા તેમજ અહિંસા વગેરે સંબંધી કોણ કહે છે કે આપનાં પવિત્ર પુસ્તકોમાં નથી પ્રતિપાદન કર્યું ?

માન્યવર ! અમે આ બધું સંપૂર્ણ અંશે સ્વીકારીએ છીએ જ. અધુરા, ઉછૃંખલ, અને કેવળ અજ્ઞજનો જેમ આવે તેમ લવે તો તેઓનાં મુખ બંધ કરવા જવાતાં નથી. કહેવત છે કે મારતાનો હાથ પકડાય, પણ બોલનારની જીભ પકડાતી નથી, અને એ ન્યાયે કદિ દોરંગી દુનિયા અમુક પ્રકારનાં ક્ષુદ્ર કારણોને લીધે એક બીજાની નાહક નિંદ્ય વાતો કરે તો તેથી શું ?

કહેવાય છે કે કેટલાક બાદશાહોએ ઘણો કેર વર્તાવેલો,

આ આડકતરી રીતે હું સ્વકારીને કહી શકું કે અમારા 'શાહો' પણ કાંઇ બધાજ શીવાજી કે પ્રતાપ જેવા પાકયા નહતાઃ અને એથી ઉલટું જેવા પ્રતાપ શિવાજી થયેલા, તેવાજ અકબર પોતે "સવારના પહોરના નામથી" નામાંકિત છે. ટુંકામાં એ બધી ગઈ ગુજરી ભૂલી જઇએ અને આપણે આપણી વર્તમાન સ્થિતિ સામું જોઇને ખોટાં અનુમાન બાંધી બેઠેલી પ્રજાના આપણી વચ્ચેની એકતા કર્તવ્ય દ્વારા દર્શાવી આપવાનો પ્રસંગ, સાધન સંપન્ન હોઇને હસ્તગત કરીએ, તો સરજનહાર રાજી થઇને આપણામાં એની અમી ઉતારેઃ

આત્મપ્રિય સજ્જન! પત્રવ્યવહારની પ્હેલ કરી છે, તો હવે પ્રસંગોપાત લખતા રહેશો અને મને આશા છે કે મારી ચાલુ પ્રવૃત્તિયોમાં આપના પત્રો મને ઘણા મદદગાર નિવડશે.

આપના પત્રોનો અભિલાષી.

પ્રવાસી.

સેવાશ્રમઃ
તા. ૨૭.

સાક્ષરવર્યશ્રી...........ની સેવામાં—

અનિવાર્ય કારણોને લીધે આપની માયાળુ માગણીનો ઘણી જ નમ્રતા અને દિલગીરી સાથે અસ્વીકાર થાય છે. પણ તે ન છૂટકે જ:

આપ આપની આ પ્રકારની પ્રવૃત્તિઓમાં પરિપૂર્ણ ફતેહમંદ થાવ એમ અન્તઃકરણપૂર્વક ઇચ્છું છું અને દયાળુ પિતાને પ્રાર્થું છું ય પણઃ

મહાશય !

મારા પ્રત્યેની આટલી બધી મમતા માટે હું આપનો અત્યંત ઉપકાર માનુંછું; પણ કહેશો કે આપ મારી કનેથી "કાંઈ" લખાવીને શું નવું પામવાના હતા ? આટલો બધો આગ્રહ મ્હારા જેવા પર શા સારૂં ? આપ જેવાના આગળ હું કોણ માત્ર ?

મહાશય ! વિદ્યાની ખીલવણી અને સાહિત્યની વૃદ્ધિ માટે આપ યોગ્ય જ લખો છો: એક ફિલોસોફરે કહ્યું છે કે દેશની ઉન્નતિ ઇચ્છનારે તે દેશમાં પંડિત–કવિયોની સંખ્યા કેટલા પ્રમાણમાં છે તે જોવું; સંક્ષેપમાં સરસ્વતી દેવીના સાચા ભક્તો

તૈયાર થવાની આપણા દેશમાં ખાસ અગત્ય છે-અને આ વાત મહત્વની છે:

સમર્થ રાજ્યદ્વારીઓ કે સમૃદ્ધિવાન શ્રીમંતો કરતાં પણ મહદ પદ પ્રાપ્ત કરનાર વિદ્યા વિલાસીજનો જે દેશ (પાશ્ચાત્ય પ્રદેશ) માં ઝળકે છે તે દેશ અત્યારે કેટલી ઉન્નતિના શિખરે પહોંચેલ છે એ વાત જાણીતી છે; એથી ઉલટું આપણા દેશમાં નજર કરીએ તો અંહીના હિનત્વવાળા, કંગાલ અને માન, મમત કે નજીવી મૂડીએ સરસ્વતીને વેચનારા ભિક્ષાહારી એવા વિદ્વાનોના પ્રબળ પ્રતાપે આપણો દેશ કેવી સ્થિતિમાં છે તે વાત પણ અનુભવથી જ્ઞાત છે !

બેશક, સાહિત્યની કદર શ્રીમાનો દ્વારા યોગ્ય રીતે અંકાય, અને વારસામાં ઉતરી આવેલી સાહિત્યોપાસકોની દીનતા, **શ્રીમાનો શ્રીના દાનથી** ભાગે, તો (આ પ્રકારના ઉત્તેજનથી) પછી થાય છે તેમ કેવળ માન, મમત કે નજીવી મૂડીથી સારૂં સાહિત્ય વેચાય નહિ; અને પછી સરસ્વતી દેવી શાપ આપતાં પણ અટકે જ ! અને આમ થાય તો પછી સૌન્દર્ય અને સમૃદ્ધિ પણ આપોઆપ ચાલી આવે.

આ બાબતમાં આપણે પાશ્ચાત્ય પ્રદેશનું અનુકરણ કરવા જેવું છે; ત્યાં વિદ્યાની વૃદ્ધિ દ્વારા દુનિયાં ને લાભ મળે તેવા ઉદ્દેશથી, વ્યાપાર કળા, શિલ્પકળા, રસાયનકળા, ખગોળ શાસ્ત્ર, વગેરે વિવિધ વિદ્યાના સંશોધક તેમજ ઉપાસકોને રાજાઓ, શ્રીમાનો અને સામાન્ય પ્રજા સંતોષકારક શ્રય આપે છે, વિવિધ કળાનાં વિવિધ મંડળ સ્થપાય છે, તે દ્વારા નવાં નવાં સંશોધન

થાય છે, પુસ્તકો છપાય છે અને સાહિત્યને પ્રયોગો દ્વારા અમલમાં પણ મૂકાય છે.

આપને તો આ સઘળું વિદિત છેજ; છતાં લખાઈ જવાય છે—એ માત્ર અંતરમાં સળગતી ઉંડી ચિણગારીને લીધેજ! દાઝ ન થાય? મહાશય! એક દિશામાં સાહિત્યનું ઉંડું ખેડાણ થાય છે, ખેડાણ માટે ઔદાર્ય તત્પરાયણતા, આગ્રહ, સાહસ અને ઘડી વાર ચકિત બનાવે એવી એવી મહાભારત યોજના યોજાય છે, ત્યારે બીજી બાજુ (અત્ર) નો ધનદ વર્ગ "સાહિત્ય"ને પૂરું ઓળખતો પણ નથી જોર બળે કોઇ કશા પુસ્તકની અર્પણ પત્રિકા આપે, કે કોઈ એકાદ પેપર મોકલાવે તો પોતાની મહત્તાના માર્યા કદાચ કમને સ્વીકારે પણ એને માટે અભરાઈ તૈયારજ કરી મૂકી હોય! અરે ધનવાનો! તમે તો બસ, પૈસો હોય તો કરો જમણવારો! નચાવો રાંડો, ઉડાવો માલપાણી, ખચિત્ત ખાનપાનને ખાતર જીવન નિર્માણ હશે!

કેટલો બધો પ્રમાદ! કેટલી સંકૂચિત દૃષ્ટિ! કેટલો બધો ખાઉધર સ્વાર્થ! આ સ્વાર્થે, આ પ્રમાદે, અને આ સાંકડી દૃષ્ટિયેજ સારા દેશનું સત્યાનાશ વાળ્યું છે.

ગોરી ચાલક પ્રજા, આપણા તરફની ભાષા ઇત્યાદિથી થયેલ સિદ્ધિયોના પ્રતાપે મહા સમર્થ તત્વચિન્તકો તરીકે ખ્યાતિ પામી સ્વર્ગીય સુખ ભોગવી રહેલ છે, તો હજુ પણ આપણને આપણા વેદ, પુરાણ, દર્શન, સ્મૃતિ, કાવ્ય, નાટક, લેખ શિક્ષા વિષે પૂરી માહિતી પણ નથી! માહિતી મેળવવાની તમા પણ નથી. અથવા કહો કે શ્રીમાનો સાધન-સંપન્ન પણ નથી થવા દેતા:

જ્યારે પશ્ચિમ પ્રજા ઠેઠ આરબી, ફારસી, હિબ્રુ અને ઈજીપ્શીયન સુધી પહોચી વળી છે.

મારા દેશના, મારી ભૂમિનું ગૌરવ જાળવવાની તીવ્ર અપેક્ષા વાળા, જનનિની કુખ દિપાવનાર કુળદિપક મ્હારા પૂજ્ય વિદ્વાનો! આપને જોઈતી ઓથ, રજવાડામાંથી કે ધનદ વર્ગમાંથી ન મળતી હોય, તો પણ પ્રભુની ખાતર નાસીપાસ ન થશો: તે પિતામાં શ્રદ્ધા રાખો—એ શ્રદ્ધા પેલા નઠોર હૃદયોમાં ઉતરશે અને એઓનાં કઠોર કાળજાં પીગળશે. તમને તે શ્રય આપશે. શ્રદ્ધાની લાંબી વાટ્ય જોવા છતાં પણ પૂરો સત્કાર ન થતો હોય તો—શું ? ભલા ભારતવર્ષ! તારા અસાધ્ય કષ્ટને તારામાં જ સમાવી દે! તું તારા વાદથી જ ત્હારો ઉચ્છેદ કર!

અહુહુહુ! પણ આવી અકળામણ શા સારૂં? શ્રદ્ધા! સરસ્વતી દેવીમાં, ભલી આર્યભૂમિમાં, ભુમિરક્ષક પરમાત્મામાં શ્રદ્ધા: શ્રદ્ધા, ધૈર્ય અને અડગ નિશ્ચયે ઉત્સાહપૂર્વક સતત્ પ્રયત્ન કર્યાં જાવ પ્રભુ ન્યાયી છે!

સા. સભા ખાતે રૂ..........નો ચૅક સ્વીકારશો.

નમ્ર સેવક

પ્રવાસી.

xxx સ્ટેટ
સન્ધ્યા:
૩૦–૨–૧૯—

ચિ. ભાઈ......

ખુશીમાં તો હશોજ, ઘણા વખતથી તમારો પત્ર ન હતો, તેથી ચિંતા અને શંકા થતી હતી. આજ સંક્ષેપમાં પતાવી દીધેલો ત્હમારો પરબિડિયામાં, પણ એક ન્હાનોજ કાગળનો ટુકડો મળ્યો, તેથી ખુશી થયો છું.

નવાઇની વાત કહેવાય કે ઘણે દહાડે પત્ર લખ્યો, તોપણ લખવાની કાંઈ વસ્તુ ન મળી! હશે, ભાઇ; તમે કશું ન લખશો, પણ મ્હારે તો મારી ફરજને પણ માન આપીને લખવાનું હશે તે લખવુંજ પડશે. જીવું, ત્યાં સુધી તો ત્હારી કાળજી મ્હને હોયજ; બે આંખો મિંચાયા પછી શું થાય છે તે અમારે જોવાનું નથી.

આજના ત્હમારા કાગળ પરથી મ્હને એમ સમજાય છે કે મારા ઠપકાથી તમને માઠું લાગ્યું છે: માઠું લાગો કે ન લાગો, પણ મને જે જણાય, તે ત્હમને કહેવુ જોઇએ એમ હું માનું છું તેમાં તમારે માઠું શા સારૂં લગાડવું જોઈએ? લખવામાં મારી જ્યાં સમજફેર થતી હોય, તે બાબત તમે સ્પષ્ટ રીતે ખીને,

મારી માન્યતા ખોટી છે તેમ સિદ્ધ કરી આપવા શા વાસ્તે ઉત્સાહ ધરાવો નહિ ?

મને ખબર છે કે, તમે હવે પુખ્ત વયે પહોંચ્યા છો, અને તેથી નિયમ પ્રમાણે મ્હારે તમને માઝા પૂર્વક સંજ્ઞામાંજ બે શબ્દો કહેવા જોઇએ. તથાપિ જે માઝા અને નિયમને હુ માન આપવાનો વિવેક કરૂં, તેમ તમે મારા પ્રત્યે વિવેક રાખો છો ? આમ લખીને હું કાંઇ તમારી કનેથી માન કે અછાજતી (હોય તો) આજ્ઞાઓ પળાવવાની માગણી નથી કરતો, પણ અંતકાળે તમારા પિતાએ, તમારા માટે મને જે શબ્દો કહીને તમારી સુંપરત કરી છે તે શબ્દોનેજ માન આપવાનું હું કહું છું. ગત પત્રમાં, તેમજ આજના પત્રમાં તમને જે કાંઇ કડવાં (લાગે તો) વચન આપું છું, તે, મારા પર આવતા ઉપરા ઉપરી કુટુમ્બ વર્ગના પત્રોની પરિસ્થિતિ વિચારીનેજ. બાકી મ્હારો સ્વભાવતો વળી એવો પણ છે કે, સંભાળીને નહિ ચાલનારને વાગે એટલી ઠોકરો વાગવા દઉં: કેમકે જાતશિક્ષણ જેવી અન્યથી અસર નથી થતી એમ હું માનુછું. પણ સંજોગોને અનુસરીને મારે હાલ એ નિયમ તમારી ખાતર દૂર કરવો પડયો છે.

કહો ત્યારે—પૂછું એનો ઉત્તર આપશો ? પશ્ચિમની વિદ્યા ભણીને છેકજ એ વાતાવરણમાં ઘસડાઇ જતાં, તમે તમારી કેટલી ઉન્નતિ કરી શકયા ? અત્યાર સુધીમાં, ભણતાં પડેલો પૈસાનો ખાડો કેટલો પૂરી શક્યા છો ? ભણી ગણી, તૈયાર (!) થઈને ઉઠી ગયે હાલ ત્રણ વર્ષ થઇ ગયાં, કયા સારા વર્ગમાં પ્રતિષ્ટા પામ્યા ? શા નવા વિચારોને જન્મ આપી, કોઇને કોઈ પણ ભલી રીતે મદદગાર કે ઉત્તેજક થયા ?

અનુકરણ કરવામાં એક્કા છો એનો તો મને ગળા સુધી ભરૂંસો છે. પણ જે અનુકરણ થાય છે, તે, ભાઈ! ખોટાં થાય છે; પેન્ટ, કોલર ને ટાઈ; હોલબુટ, ચાંપ અને સ્ટીક, વગર પ્રયોજને પેબલનાં ચશ્માં, સીગરેટ, ચહા મને (વખત) (સાંભળેલું ખરૂં હોયતો) ટોનિક–વાઈનના ઉપયોગ વગેરેના છન્દઃ–આ બધું શા માટે? કોની પૂંજી ઉપર?

તમે એક સ્વતંત્ર ધંધાધારી નથી, કોઇ ઑફિશિયલ વર્કના ભાગિયા નથી, નથી ત્હમારા ચારિત્રની પડતી પ્રામાણિક સર્જ્જનોમાં છાયાઃ માન, મરતબો અને આબરૂની બાબતથી તો તમેય જ્ઞાત છો. ઘરનો મોભો જાળવવા, સંસારને સુખી બનાવવા, અને બીજાને દૃષ્ટાંતરૂપ બનવા તમારે આવો મદારીનો વેશ લઇ બેસવાનું છે? ખરૂં છે કે આથી લોકોમાંથી અમુક વર્ગનું ખેંચાણ તમારા તરફ થાય છે; તમે લોકોની જીભે ચઢયા છો લોકોમાં તમે (ગમે તે રીતથી) ખ્યાતિ મેળવી શકો છો પણ ભાઇ! આમાંથી તમને તમારા કલ્યાણનો માર્ગ મળવાનાં ચિહ્ન સરખાં જણાય છે?

હું નથી કહેતો કે પશ્ચિમનું અનુકરણ ન કરોઃ અનુકરણ કરો, પણ કરવા યોગ્ય કરોઃ ભાવના ઉચ્ચ રાખીને કરોઃ જૂવોને, તમારી ભાવના સદાય નોકર તરીકે રહીને નોકરી કરવાની છે! ને નોકરી ઉપર આટલી બધી બાદશાહી ધમાલ! અરે અમેરિકા ભણી તો નોકર (Servant) શબ્દ પણ વપરાતો નથી ત્હાયતો વીસ વીસ હજાર માણસ એક ખાતામાં કામ કરતા હશે, તો પણ તે બધા "હેલ્પર" નામે ઓળખાય છે. "નોકર" શબ્દ ઉપરજ જેને તિરસ્કાર છે! ભાઇ! તમે આ અનુકરણ કરવા કેમ લલચાતા નથી?

આપણા અહીંના કહેવાતા ધર્મગુરૂઓ માટે તમે ડહાપણ ભરેલું લખો છો: ખરૂં છે કે, એ લોકો મહાન્ બનીને બેસે છે. ખરૂં છે કે (તમારા શબ્દોમાં જ કહું તો) ધોળકા સુધીનું જ્ઞાન છતાં પણ વારસામાં ઉતરેલા અધિકારે તેઓ ગાદીનશીન થઇને ગુરૂ બની જાય છે અને ધર્મગુરૂ તરીકે ઓળખાય છે. ધર્મગુરૂની ભાવના રાખવા કરતાં ધર્મ સેવકની રાખવી એજ ઉત્તમ છે. શેઠ તરીકે નહિ, પણ સેવક બનીનેજ કર્ત્તવ્યપરાયણ થવું જોઇયે છે. હું તમારા આ વિચારને સહર્ષ વધાવી લઉં છું. પણ શંકા રહે છે કે આ વિચાર કદાચ બીજાનાજ તમે (મને કાગળ લખવા ખાતર) ઉપાડી લીધા હોય ! આ માત્ર અનુમાન છે અને તે કદાચ ખોટુંજ હોય ને તમે આટલા ઉચ્ચ આશય સુધી પહોંચી ગયા હો તો હું મારાં પણ અહોભાગ્ય માનું છું. આપના પિતાને સ્વર્ગમાં પણ આથી સંતોષ મળશે, અને મને કરેલી સુંપરત ફળી સમઝીને તમને અને મને ઉભયને એ આશિષ આપશે અને આ ઓછું ? કે પછી ધર્મગુરૂઓને નિંદવાનું પ્રયોજન મને ઉતારી પાડવાનું તો નહતું !—આ તો જરાક વિનોદ)

વારૂં, પાછો અનુકરણ ઉપર ઉતરૂં: અધુરા અધુરા ત્હોય ઇતિહાસજ્ઞ છો, એટલે જાણતા હશોજ કે આપણા પૂર્વજોએ ભૂતકાળ સારી–અતિ ઉચ્ચ સ્થિતિમાં રહીને પસાર કર્યો છે. આપણે એ બધી પુરાણી વાતોથી ફુલાઈ જઇને વગર બળે, વગર સાધને અને વગર યોગ્યતાએ પૂર્વજોના વંશનો ફીંફો ધરાવી નસ્કોરાંમાં ગંધ રાખી ફરીએ છીયે ! વારૂં શા સારૂ ? એ પૂર્વની જાહોજલાલી હવે નથી, હતી, ત્યારે પણ આપણે તો જોઈ નથી ! ભોગવી નથી ! છતાં ભૂતકાળનેજ સંભારીને, અને

હવે કળિયુગ આવ્યો છે એટલે બધાની મતિ ભ્રષ્ટ થવાનીજ— માટે મહેનત કરીને સુધારણાના યત્નો યોજવા બધા નકામા છે એવો "વ્હીમ" ભરાવી લ્હેરી લાલા બનીને ફરવું એ કયા પ્રકારનો પુરૂષાર્થ ? જરા ઝીણવટથી નજર કરશો તો તમારા ખોટા અનુકરણને તો તમારી પશ્ચિમની પ્રજા પણ હસે છે. તમે અજ્ઞાની છો એવું હાથે કરીને શા માટે એમને જણાવો છો ? અનુકરણ કરવું હોય, તો એમનુંજ કરો, પણ તે ઉચ્ચ ભાવના રાખીને કરો: અર્થાત્ એ લોકો ભૂતકાળ ભૂલી ગયા છે, ને હવે ભવિષ્યકાળને તમારા ભૂતકાળ જેવો બનાવવા ચોવીસે કલાક પ્રયત્નો કરી રહ્યા છે.

હું પૂછું છું કે તમે પણ ભૂતકાળની ભાવના સ્મરણમાં રાખીને ભૂતકાળ જેવોજ ભવિષ્યકાળ બનાવવાનું એ પશ્ચિમનું અનુકરણ કરો તો તે બ્હેતર છે, કે દેશકાળ–ને વાતાવરણ જોયા સિવાય, બાપદાદાના સુવર્ણ દાગીના વેચીને, તેની કોલર–ટાઈ ને ચામડાના પટા પહેરવાનાં અનુકરણ કરવાં સારાં છે ?

જાણો છો ? સ્વેઝની નહેર આગળ "લાફાયેટ"નું એક પુતળું છે. તેની નીચે શું લખ્યું છે ? લખ્યું છે કે:–"પશ્ચિમ ! ત્હારા માટે પૂર્વ ખુલ્લું છે." તમે જે શિક્ષણ શાળામાં મેળવ્યું છે, તે શિક્ષણનો અંહી ઉપયોગ કરવાથી આ સૂત્રનો ગંભિર ભાવાર્થ નહિ સમજી શકો. જો હૃદયના એકાદ ખૂણામાં પણ મૂળની–આર્યાવર્તની ભાવનાનો અંશ ભરાઈ રહ્યો હોય તો કરો વિચાર કે એ મહાપુરૂષ આમ લખીને શું કહેવા માગે છે ?....

ઇમિટેશનભાઈ ! ખુબ ધ્યાનમાં રાખો કે, જે પ્રજાનું તમે ડગલે ને પગલે વગર વિચાર્યું અનુકરણ કર્યાં જાવ છો અને

'નવું' એટલું બધુંજ બાપનું કરી બેસો છો, તે પ્રજા તમારી ભાવનાને વળગી રહેલી નથી. ખાવા પીવાને ખેલવાનો જમાનો એ માનતી નથી.

મને ખાત્રી છે કે જો એ પ્રજાનો સારી રીતે પરિચય પડે, તો તમે તમારો ડોળઘાલુ આડંબર છોડી દો: એ પ્રજા પોતાનો અવકાશનો વખત કેમ ગાળે છે? એમનું લક્ષ્ય શામાં રહેલું હોય છે? હમેશાં નવી નવી શોધો કરવામાં, નવી શોધોથી રૈયતનું મન રંજન કરીને સારી કમાણી કરવામાં, વિદ્યાનો સદુપયોગ કરવામાં. પણ આ બધું તમે માનશો? શ્રદ્ધા છે?

શ્રદ્ધા ન હોય તો એમના સહવાસમાં આવો—અરે તમારા જેવા પ્રમાદી, પ્રતિષ્ઠાહિન અને કૃત્રિમતા રાખનારાઓને એ સહવાસી બનાવે કે કેમ એ એક પ્રશ્ન છે..........

થોડાજ મહિનામાં હું*** પ્રવાસે નીકળવાનો છું. તે પહેલાં તમારી સાથે બેશીને મારે કેટલાક દિવસો વાતો કરવામાં વિતાવવાના છે તો ક્યારે અંહી આવો છો? કે ફરી પત્રથી પૂછાવવું પડશે?

શુભેચ્છક.

પ્રવાસી.

× × × નગર.

શનિવાર.

તા. ૧૩.

સાહેબ !

પત્ર મળ્યું: વાચતાં જન્મેલા વિચારોને અવલંબી, આપને મ્હારે જે જણાવવું જોઇએ તે જણાવા દ્યો:

મહાશય ! મ્હને તો આ એક મિથ્યા ભ્રમ લાગે છે ! "પારકે ભાણે મ્હોટો લાડુ" જોનારાની ઘેલછા માત્રજ લાગે છે; ઘડી ભરનાં સ્વપ્ન જોઇ નાહક લલચાઈ જશો ના; એ તો બધા નાટકના પડદાજ માત્ર છે—સઘળી કૃત્રિમતા છે—અરે ઢાંગ કે ઉદ્ધતાઈ છે. આટલો બધો મોહ શા માટે ? રેલ્વે, તાર, ટેલીફોન અને એવી એવી કહેવાતી નવી શોધોના પગ પેસારામાંજ સુધારાની ફતેહ થયેલી માનો છો ? જરાક ઝીણું કાંતશો તો કળી શકશો કે એ ફત્તેહોની અન્દરના ભાગોમાં નરી શુષ્કતા, અને અજ્ઞાનતાજ ભરાયલી છે: લખો છો કે "આપણી સંસ્કૃત, વિદ્યામાં પારંગત હોઇને જર્મનો એજ સાયન્સના પ્રતાપે આજ અવનવી અજાયબીઓમાં ગરકાવ કરી નાખે છે." વારૂ; આટલું લખીને અવાક્ શા સારૂં થાવ છો ? ધારો તો લખી શકોજ કે

કરાવરાવે છે કે ચન્દ્ર કને દીવા કરાવરાવે છે–વગેરે: પણ કહેશો કે આથી રંજિત થવા જેવું શું છે? આગલા જમાનાથી ઉંધી રીતે સાયન્સનો ઉપયોગ કરનારી એ પ્રજા ખરેખર મ્હને તો ઉંધે રસ્તે દોરવાયલી લાગે છે! સાયન્સના સંશોધને એ આપણને શું શીખવાડતી જાય છે? એજ કે ઇશ્વરનું અસ્તિત્વજ નથી! અને બીજું સૃષ્ટિ સૌન્દર્ય (કુદરત લીલા) માંનો અપ્રતિમ આનન્દ છીનવી લેછે: રાવણની રાવણતા શું એમનામાં નથી ઉતરી? અરે રાવણ તો આવું ન હતો ઠસાવતો!

બેશક, સાયન્સના આવા દુરૂપયોગ છતાં પણ દેખીતા કેટલાક લાભ હશે, પણ એ લાભ એવા નહિ કે જેવા તમે પત્ર લખવામાં જણાવો છો: તમારાજ શબ્દો ટાંકું, તો વીજળીના દીવા અને નળનાં પાણીમાં આપ ઘણી સગવડ અને સરલતા સ્વીકારો છો; પણ સાહેબ! બીજી બાજુ જરાક દૃષ્ટિ દોડાવી જોશો તો લાભના કરતાં નુકશાનનું પ્રમાણ વધારે પડતું જણાશેજ. અરે એક 'નજીવો' ખ્યાલ કરો કે એજ દીવા અને એજ પાણી, જે તમને આપે છે, તે અમુક પ્રસંગને અનુસરીને અપાતું અટકાવે, તો ત્હમે કેટલા કલાક જીવી શકશો વારૂ? પાણી અને દીવા જેવી વસ્તુમાં પણ તમે પરવશ નથી બન્યા? આવી આવી અનેક બાબતો આપણી નજર તળે છે; અને મ્હને તો દીવો મૂકયે પણ મકલાવા જેવું કારણ નથી જડતું: પાણીની થોડીક સરળતા સાચવતાં સુરાખારથી શરીરની સરળતા બગાડવી (અને એજ પ્રમાણે દીવાથી આંખ્યોના ઘટતા તેજ સંબંધી) અને વળી પરાધિન સ્થિતિ સ્વહસ્તે વ્હોરી લેવી, તે કરતાં ત્હમારા મીઠા, જઠરાગ્નિ પ્રદિપ્ત રાખે તેવા અને તન્દુરસ્તી જાળવનારા સ્વતંત્ર

કુવા શા ખોટા વારૂ ? તેમજ દીવેલના દીવાથી મળતી આંખને ઠંડક; કદાચ આજ કાલના ડોકટરી વૈદ્યામાંથી તમે નહિ સમજી શકો ! કેમકે એક મહાપુરૂષના શબ્દોમાં કહું તો સામ્પ્રત કાળની ડોકટરી વિદ્યા એ ખરેખર એક પ્રકારનું મેલું જાદું છે ! અરે–દુર્ગુણ, દુઃખ અધોગતિ અને ગુલામગીરી એ બધું આજ કાલનાં શેરીએ શેરીએ સુંઠની કાંકરીએ ગાંધી બનેલા પેન્ટ, કોલરને ટાઈના ભપકાથી સુશોભિત દેખાતા ડોકટર્સનાં દવાખાનાંથીજ છે ! કદાચ આ તમે એકદમ નહિ માનો, પણ શબ્દોમાં ચોક્કસ વિશ્વાસ રાખજો કે જો નપુશકત્વ ન્હાશ કરનારી દવાઓ, ક્ષયરોગ નષ્ટ કરનારી દવાઓ, અને કૌવત આણનારી દવાઓ (ટોનિક !) નો રાફડો ન ફાટયો હત, તો આપણા દેશમાં થોડાજ ક્ષયના રોગથી, કે નામર્દાઈથી અથવા કમતાકાતથી પીડાતા હતઃ

મારૂં કહેવું તો એવું છે કે, એ પ્રજાને એમની પ્રકૃતિ પ્રમાણે પ્રવૃત્તિયોમાં મચ્યા રહેવા દો: અને આપણે આપણા ઋષિ મુનિયોએ દર્શાવેલી દિશા તરફજ વળીએ તો સારૂં. પછી જોશો કે આપણે નહિ, પણ તે પ્રજાજ પોતે આપણાં અનુકરણ કરવા લલચાશે, એમના દુરૂપયોગને ભૂલી સાયન્સના આપણા સદુપયોગને ગ્રહણ કરવા લલચાશે–અરે લલચાયેલ પણ છે ! ઉ. ત. આપણે જોઇએ છીએ કે શવને દાટવાને સ્થાને આપણા રિવાજ મુજબ એ લોકો દહન કરવાનું પસંદ કરવા લાગ્યા છે: “ દાટેલા શવમાંથી ક્વચિત્ રોગીષ્ટ જંતુ ઉત્પન્ન થવાની દેંશતને લીધે પૂર્ણ વિચાર કરીને શવને દહન કરવાની રૂઢી આપણા પૂર્વજોએ પ્રચલિત કરેલી તે અત્યારે–થોડાક કાલ આપણી રૂઢિને હાશ્યપાત્ર ઠરવીને પણ, હવે તે પ્રજા–કહો કે–લજવાઇને

પણ ગ્રહણ કરવા લાગી છે ! ! મદ્ય અને માંસથી મળતાં માઠાં પરિણામની પ્રતીતિ થવા લાગી, ત્યારે તે લોકો, ગીતાને માન આપીને હવે શાક-ભાજી તેમજ અન્નાદિક આહાર પસંદ કરવા લાગ્યા છે: અને તે, જ્યારે મદ્યના પીણાથી જડતા મળતી જણાઈ તથા માંસના ખાણાથી પશુમાંની પશુવૃતિયો ઉતરી આવતી જણાઈ ત્યારેજ:

એ પ્રજાની આટલી બધી પ્રશંસા શું સમજીને કરો છો એજ હું તો કળી શકતો નથી: અલબત ! ધારો કે તેઓ રોજ નવું નવું અનુભવ્યાં જતી હોય, તથાપિ તમને તે અનુભવેલા-માંથી જે ઉચ્છિષ્ટ અન્ન આપે છે તે તમારા હિન્દુગૃહસંસારને અનુકૂળ છે ? તે દેશને અનુકૂળ પ્રવૃત્તિયો પુસ્તકો દ્વારા ત્હમને સોંપવામાં આવે, તેથી તમને શો લાભ ? લાભ એટલો તો ખરોજ કે માત્ર વાચીને અમુક પ્રકારનો અચંબા ભર્યો આનન્દ મળે ! સામાન્ય વર્ગને ભલે આવો આનન્દ મળતો હોય, બાકી મહાશય ! મ્હને તો એવા ઠાઠ માઠમાંથી એવો બોધ મળે છે કે ગમે તેમ કરીને નવી નવી શોધ ખોળના ભડાકાથી ભભૂકી ઉઠીએ દિન પ્રતિદિન ભોળી પ્રજાઓને દબાવી પાડવી અને આગળ વધીને પોતે મોટા મહાત બનવું. અને આ હેતુ પાર પાડવાર્થેજ મોટાં રાજ્યો સૈન્ય અને નૌકા ખાતાં પાછળ અઢળક દ્રવ્ય અને તે પણ બારોબારિયું-વેડફી દેવામાં આવતું હશે ! ગરીબ લોકોનો આથી ઓછો મરો થાય છે ? આપણા પ્રાચીન પૂર્વજોનું ‘ સ્વરક્ષણ ’ માટેનું શિક્ષણ આ પ્રકારનું હતું ! નહિજ; એ તો નૌકા સૈન્યને બદલે પોતે પોતાની ઇન્દ્રિયો તેમજ વાસનાઓપર જીત મેળવ-વાનું આત્મબળમય શિક્ષણ આપતા:

જે હસે તેને હસવા દો. અજ્ઞાન પ્રજા અમારી ગુપ્ત પ્રવૃત્તિયોને નિવૃત્તિ માની લઈ ભલે અમને પ્રમાદી કહે; પણ અમને એમની કેવળ બાહ્ય વિશ્વમાંજ રસ અને સુખ શોધતી પ્રવૃત્તિયો પસંદ નથી. મુદ્દલેય પસંદ નથી ! અમે અમારી કહેવાતી નિવૃત્તિની દિશા દ્વારાજ આન્તર (નહિ બાહ્ય) વિશ્વમાં રસ અને સુખના નિદાનને શોધી, વિશ્વ માત્રને તેમાં વિસ્મય પમાડશું. આધુનિક પાશ્ચાત્ય પ્રવૃત્તિયોથી બાહ્ય વિશ્વમાં વિક્ષિપ્ત ચિત્તવાળા નિર્વેદના ભોગ થઇ પડેલાઓને અમારે કશુંજ કહેવાનું નથી. રાનાડે, ગોખલે, ગાંધી, ઘોષ, વગેરેને પગલે પડવાનું અમને વધારે સુન્દર લાગે છે અને એ કહે છે તેમજ " કાન ખુલ્લા મૂકી, મુખને બન્ધ કરી " કરવાનું કર્યાં જવામાંજ મઝા છે: એમાંજ અમે અમારૂં શ્રેય: સ્વીકાર્યું છે.

રાંક

પ્રવાસી.

× × × નગર:

* * સુદ બીજ:

ચઢતે પ્હોરે.

પૂજ્ય માસ્તર સાહેબ !

આપનો ન્હાનો પણ ગભિર પત્ર મળ્યો; લાંબો વખત વાટય જોવરાવી અને ત્યાર પછી આજ પત્ર પામ્યો, ત્યારે ન્હાનોજ ! વિષય મહત્વનો ચર્ચ્યો છે, અને તે ટુંકામાં પણ રહસ્ય પૂર્ણ છે–છતાં દિલગીર છું કે હું આજનો આ ટુંકો પત્ર યથાર્થ સમજી શકતો નથી; લંબાણથી લખવાની વસ્તુ ટુંકામાં ઘટાવી દીધી હોય તેથી, કે લખેલું સમજ્યો હોઉં, અને હું જે સમજ્યો છું, તે વાસ્તવિકજ હોય, તો મારા લખેલા પત્રનો ભાવાર્થ ન્હાયતો આપે ઉલટો કર્યો હોય તેથી ! ઉભયમાંથી એક તો લાગે છેજ; જે તે હવે સ્પષ્ટ થશે.

જૂવો ત્યારે; નિવેદન કરેલી બીજી બાબતો પૈકી સ્વરાજ્ય સંબંધીનાં સાધનોને લગતી, દેશમાંની અશાન્તિનાં કારણો અને તે અશાન્તિ દૂર કરવાને લગતી, તેમજ ત્રીજી પ્રજાકીય કેળવણીને લગતી–આ ત્રણ બાબતો વિષે હું પુનઃ આપની પાસે વાત કરી જાઉં: હું ધારૂં છું કે પ્રસ્તુત વિષયોને મૂળથીજ ફરી ઉપાડવાની કશી જરૂર નથી, કેમકે આપણે તે વિષે વિશેષ ભાગે એક મત

થયેલા છીએ અને તેથી, આપના આજના પત્રમાંથી જે કાંઇ વિરોધી તત્વ–મ્હારી અલ્પ દૃષ્ટિને—લાગ્યું છે, એ તત્વોવાળા વિષયના ભાગનું પિષ્ટપેશણ કરૂં ?

મહાશય ! મ્હારૂં મત વિગ્રહ કે દુરાગ્રહ કરવા કરાવવાનું છેજ નહિ, આપ શા પરથી આજ આમ કલ્પી શક્યા વારૂ ?

ગણિતનો હિસાબ ગણનાર જો જરાક અવળી દૃષ્ટિયે દોરવાય, તો દાખલો એનો અવળોજ ઉતરે: આ નિયમ પ્રમાણે કદાચ હું આપની મ્હારા માટેની ધારણા માટે માની લઉં ! મતલબ કે હમણાનો ઉપાડેલો વિષય રાજ્યદ્વારી હોવાથી કદાચ આપની સમજફેર થઈ હોય, તો એ બનવા જોગ ખરૂં, પણ એકવાર ફરી લખવાદ્યો કે હું....દાઝનાં ઝનૂનથી બણગાં ફૂંકનારના વાતાવરણમાં નથીજ ઘસડાયો: એવી એકે પણ વસ્તુ હું નથી જોતો કે જે સત્યાવલંબીને ઘેરી શકે.

મહાશય ! મારી મૂળથીજ આ તકરાર હતી, અને હજુ પણ છે; વારંવાર હું એકજ નિયમ પકડી રાખું છું કે સત્ય અને જ્ઞાન કોઇનો બાપિતો માલ નથી, એને જાણવાની અને પામવાની જીજ્ઞાસા સર્વને છે (અને હોયજ) હું તે જાણવા અને પામવા માટે મથું, તો તેમાં કોનો અને શી રીતે દ્રોહ કર્યો કહેવાય ? "ન્યાયને હાથ પગ ભલે ન હોય" પણ ન્યાયમાં ઈશ્વર તો હોવોજ જોઇએ, અને જે ન્યાયમાં ઈશ્વર નથી, તે ન્યાય, ન્યાય શી રીતે ઠરે ? ન્યાય ન ઠરતો હોય તો અન્યાય કરનારનાથી ડરવું એ મનની નિર્બળતા નહિ ? અને "અન્યાય આદરનારને પૂછનાર કોઈજ નથી" આમ જે માનતા હોય, તેને વાસ્તે "સત્તા આગળ શાણપણ નકામું છે" એવી કહેવતો છો રહી,

મ્હને તે લગારે નથી ગમતી: અરે સત્તા કોની ? શરીર બળની ? અન્યાયની ? અધર્મની ? ઝૂલ્મની ? કે સત્યની-પ્રભુની ? જ્યાં સત્યની અને પ્રભુની સત્તા વસે છે, ત્યાં ક્ષુદ્ર પ્રાણીનું શાણપણ ખરેખર, નકામું છે. પણ આ પ્રકારની સત્તા આગળ વપરાતા શાણપણને હું તો નિરર્થક ટાયલાં તરીકે લેખું છું; એ કોટિની સત્તા સમક્ષ મ્હારે કશીજ વરાળ કહાડવી જોઇએ નહિ, પણ એથી ઉલટી દિશામાં મ્હને જે જે શંકાઓ થાય, તે તે તમામના સમાધાન માટે (નહિ કે પ્રસંગ અને યોગ્યતા વગર ઉતરી પડવા) સીમામાં રહીને ઘટતું કરવું એમાં હું કશુંજ ખોટું કરતો હોઉં, એમ મને લાગતું નથી.

લોકો જેને પરોપકારી તરીકે ગણીને અન્ધશ્રદ્ધાએ પૂજ્ય દૃષ્ટિથી જૂવે છે, તેની આંખો ઉઘાડવી એ મારી ફરજ છે, એવી યોગ્યતા હું આપના તરફથી મેળવી શક્યો છું, આપ એ યોગ્યતાનો દુરૂપયોગ થતો તો નથીજ જોતાને ? ભૂલ ભલા ભલાની થાય છે, અને કદાચ વખત છે-હૃદયની ઉંડી લાગણીને નહિ રોકી શકવાથી સીમા ઓળંગી ગયો હઉં, તો આપ મ્હને ટકોર મારો-આપ સવેળા સૂચના કરો. એ આપનો ઓછો ઉપકાર નથી. ત્યારે મ્હને જણાવશો કે મ્હેં તે દિવસના ભાષણમાં કયા શબ્દો વધારે પડતા વાપર્યા છે ? જે પ્રજાને પરોપકારી સમજીને લોકો એમનું ચરણામૃત પીવા કાલા ઘેલા બની જાય છે, એ લોકોને શું સમજવું નથી જોઇતું કે પખાળવામાં આવતા ચરણો કમળ જેવા કોમળ, વિશુદ્ધ અને પવિત્ર નથી પણ તે કચરાળા છે; અને લગાડેલી મોહનીથી જો ન સમજે, તો સમજનારે સમજાવવું જોઇએ નહીં કે એ લોકો મૂષક પેઠે મીઠા બનીને

પોતાનો વ્હેપાર વધારવા, પોતાની પ્રથા પાથરવા, પોતાની પદ્ધિનુ અસ્તિત્વ ચિરકાળ ટકી રહે, તે પ્રકારનાં ઉંડાં મૂળ ઉતારવા અને અહીંનાં સાધનોની તપાસ કરી ભોમિયા થવા ઉપરાંત અહીંની બુદ્ધિ અને અહીંના પૈસા વડે બધી બાબતનો મોભો જાળવવા આ તરફ ખેંચાઈ આવેલા છે. હિન્દુસ્થાન તો જાણે એમને હવા ખાવાનો બગીચો ! મ્હારી આ માન્યતા ઉપર· છલ્લી નથી, પણ રૂઢ છે, આપ એને શી રીતે ઉતારી પાડો છો તે હું આજના પત્રથી યથાર્થ નથી સમજી શકયો. મ્હને વધારે સ્પષ્ટ રીતે લખો. બાકી કહેવાનો મારો જે ઉદ્દેશ છે, અને જે વસ્તુને નષ્ટ કરવા કરાવવા મન્થન ચાલે છે તે વસ્તુ માયા—મોહ-નીના સમ્બોધન વાળીજ છે. હું બીજું કંઈજ માગતો નથી એક પ્રકારની લગાડવામાં આવતી "મોહની" જ ખેંચી લેવાય એટલે પત્યું. આ માગણી માટે આપણે અધિકારી નથી ? પૂજ્યશ્રી ! અનુભવતો આપને પણ છેજ કે અહીં અમલ કરનાર કોઇ વ્યક્તિ નથી, પણ વસ્તુતઃ ખેંચી લીધેલી આપણીજ શક્તિ—આપણાપર અમલ (....) ચલાવ્યાં જાય છે—ખોટું છે આ ? ત્યારે હવે શિથિલ રહી, સદા સંકૂચિત દૃષ્ટિ રાખી અને આંખમીચામણાં કરીને મૂગા પ્રહાર શા સારૂં વેઠાય છે ? વિના પ્રયોજન એવા પ્રહારો વેઠવા એ ઇશ્વરના નિયમનો અનાદર કર્યો કેમ ન કહેવાય ?....

આપણા શિરસ્તેદારો જૂવો, આપણા ઇન્સ્પેકટર્સ જુવો, આપણા ડેપ્યુટી કલેકટર્સ જૂવો અને ટુંકામાં આપણો અમલદાર—આધિકારી વર્ગ જૂવો, તેઓ પોતાનો હોદ્દો—કે પદ્ધિ જેટલી જાણે છે, તેટલી પોતાની સત્તા જાણે છે ? સત્તા જાણતા હોય, તો તેનો સદુપયોગ કેટલો કરે છે ? કેવળ ઉપરી અધિકારીનાં મન

રંજન રાખવામાંજ સત્તા અને પદ્ધિ–માનનો સમાવેશ કેમ ન થતો હોય! તેમ સારો દેશ અનુમાન બાંધે છે!

પગારમાં વધારો કરવા પ્રશંસાનાં ગાડાં ભરવાં જોઇયે, ઉપરીના વહાલા બનવા બીજાં ગમે તેવાં કાળાં ધોળાં થાય તેની તમા નહિ, સંતોષ, સુખ અને આનન્દ જાણે સઘળો પોતાને અધિન કરી લેવાનો અંધ સ્વાર્થ સાધવા માટે ન સરજાયેલ હોય એવો અમલદાર વર્ગ મૂગે મુખે ઉપરીના અસહ્ય ઠપકાને સહેવા માટે સાગર જેટલું ઉદાર ઉદર બનાવે છે, તેનું પ્રયોજન માત્ર “મોહની” છે. અમલદાર વર્ગને મળતો ઠપકો લોકો જવલ્લેજ જાણે છે. એટલે તેનું કંઇ નહિ, લોકોની સલામોમાં એ વર્ગ સ્વમાન અને આબરૂ સમાયલી જાણી રહ્યા છે એનું કારણ બીજું કાંઇ નહિ પણ પેલી “મોહની” જ હોય એમ હું માનું છું. મહાશય!

હું અહીં રહું છું, તે ગામની મ્યુનિસિપાલીટીએ ગામમાં ચોરી ન થવા બદલ જે યુક્તિ રચી છે, એ જાણવા જેવી છે. પ્રથમ તો ગામમાં ચોરી કોના દ્વારા થવા પામે છે તેની બારિકાઇથી તપાસ કરવામાં આવી, અને માલમ પડ્યું કે ગામના ‘વાઘરી’ લોકો દ્વારા ચોરીઓ થવાની દે’શત જણાય છે, આ બાતમી મળતાં મ્યુનિસિપાલીટીએ એ લોકોનેજ રાતની ચોકી કરવા માટે નિમવામાં આવ્યા. ખરૂં છે કે આથી ચોરીનો ભય ઓછો રહે. પૂજ્યશ્રી! આ સૂત્ર અમલ કરનારી પ્રજાએ સ્વીકાર્યું છે કે! આગળ પડતો ભાગ લેનાર કોઇ હોય, કોઈ ટક્કર ઝીલી રહે તેવો હોય, કોઈ ઠેઠ પહોંચી વળે તેવો હોય, કોઇનામાં નવી હિલચાલ શરૂ કરવાનું આત્મબળ હોય અને કોઈ

વસ્તુસ્થિતિ પ્રકટ કરી શકે તેવો હોય, એવી એવી વ્યક્તિયોને મહદ પદ આપવાની "મોહની" શંકરની મોહિની કરતાં પણ કોઇ ઑર નથી ? કોઇ એડવાકટ જનરલ થયો, કોઈ હાઇકોર્ટનો જજ્જ નિમાયો, કોઇ ધારાસભામાં મેમ્બર થયો, કોઈ દુભાષિયો બન્યો અને આમ જૂદા જૂદા હોદ્દાએ નીમાતા ઐકયને વિખેરી નાખવાની મોહનો વળગાડતાં એ મજબૂત સ્થંભો શળેલા દેવદાર જેવા બની જાય છે અને ફરજને અંગે પછી એક અક્ષર પણ બોલી શકતા નથી. આ તે મોહની કે મૂષક પણું ?

આથી ઉલટું સ્વસાધનો એકઠાં કરીને, પ્રજાની શક્તિને ખીલવવામાં એ મહદપદધારી વડાઓ જો પોતાનું જીવન અર્પણ કરે, તો તેથી કેટલો લાભ થાય ? પણ જ્યાં આ પ્રકારનો ઉપદેશ કરવા માટે મુખબંધ ત્યાં કરવું શું ?

આપણો પૈસો આપણને અમુક સંસ્થાના જન્મથી મળે, તેમાં પાછો પગ પેસારો ત્રાહિતનો થવા દેવો એ દેખતા ડોળામાં આંગળી ઘાલવા જેવું નથી ! મ્યુનિસિપાલીટી ગામની કેમ ન થાય ? દવાખાનાં ગામનાં કેમ નહિ, સ્કુલ ગામની કેમ નહિ ? એને માટેનો ખર્ચ કોણ ઉપાડે છે ? મળતો ગ્રાન્ટ એ શું મદદ દાખલ છે ! બિલકુલ નહીં. આ બધું ગામનું થાય, તો એની સ્થિતિમાં કેટલો ફેરફાર થાય એ કળી શકાય તેમ સહજ છે.

પેટ પાકયું ત્યાં પાટો કયાં બાંધવો ? સ્વામી ! આ હું નથી બોલતો, પણ બળતરા બોલે છે. અરે લખો છો એવું ખાતું આપણે સ્વપ્ને પણ અનુભવીએ છીએ ? કહેશો ? પ્રમોશનની લાલચે ઉતરતો નોકરીઆટ વર્ગ કેવા નજીવા ગુન્હાઓને મહા-ભારતરૂપ આપી દઇને અછાજતી સજાને પાત્ર ગુન્હેગારોને

ઠરાવે છે ? આ વાત આપનાથી અજાણી છે ? સાત રૂપિયાનો પોલિસ હદ ઉપરાંતનો જુલ્મ ગુજારે, તેની દાદ કોણ બરાબર રીતે સાંભળે છે ? પણ આમાં સરકારનો શો દોષ ? સરકારને દોષ દેવામાં આવે તો એ એક મોટો અપરાધજ થાય, દોષ આપણા કર્મનો છે–આપણાજ વર્ગનો છે.

આપણી પ્રજાને અર્થશાસ્ત્રનું શિક્ષણ હજુ કયાં મળ્યું છે ? "બાપ લાખ ચાળી, અને બેટા વ્યાજમાં ડુલે" એવી ઉદારતા હજુ જ્યાં ને ત્યાં જોવાય છે ! કાલે પણ અમારે એજ બાબત પર સંભાષણ થયું હતું કે અંહી પાકતા રૂને પ્રમાદી હોઇ, પરદેશ મોકલાવવું, ને ત્યાંથી તૈયાર થઇને આવે તે કાપડ પરિધાન કરવાની–રાજા જેવી–પ્રભુતા શા વાસ્તે લોકો રાખે છે ? કોના ઉપર રાખે છે ? શા માટે તે રૂ ને સ્વદેશમાંજ રાખીને સ્વદેશમાંજ સારૂં કાપડ બનાવતા નથી ? બધા આમ કરવા લલચાય, અને ઉત્તેજન મળ્યાં જાય તો દેશનો ગરીબ ગણાતો વર્ગ કેટલો બધો પોશાય ? આ પ્રમાણેજ શેલડીનાં ખેતરો માટે છે, ખાંડની મીઠાશ જોઇએ તો સ્વદેશી જેટલી બીજા કશામાં નથી, છતાં તેના પર ઓછું દુર્લક્ષ અપાય છે ? વારૂ શાથી ? છે કોઈ બળ, પ્રયોજન આપનાર ? કારણમાં પ્રમાદ નિરૂદ્યમતા અને ઇર્ષ્યા સિવાય બીજું શું મળી શકશે ? પરદેશી મીઠા માટે પણ આવીજ તકરાર હું લઇશ, અને ઠીકરા જેવાં તેમજ વૈદ્યક નિયમાનુસાર જતે દહાડે અમુક પ્રકારના ઉંડા રોગ ઉત્પન્ન કરાવનાર ઇનેમેલ્ડ નામની ધાતુનાં વાસણનો ઉપયોગ કરવાનું કારણ કોઇ આપી શકશે ? તાંબુ, પીતળ, અને વધારે પૈસા હોય તો સુવર્ણ ચાંદીનાં વાસણ છોડીને આ વાસણની વપરાશનું કારણ પેલી "મોહની" કે બીજું કાંઈ ? અરે દેશીઓ ! !

દેશીઓને વિચારવું જોઇએ કે રાજ્યકર્તિ કોમને આપણે રાજ્યને અંગે કાયદા વગેરેને માન આપવું એ આપણી ફરજ છે, પણ જ્યાં જ્યાં અને જ્યારે કોઈ વેપાર તરફ વળે, ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેઓએ વેપારના નિયમોને માન આપવું જોઇએ છે. ને તેમ ન કરે, ને વ્યાપારીક વૃત્તિ (વણિક વૃત્તિ) માં જેટલી લુચ્ચાઈ માલમ પડે, તેટલી નિડરપણે દર્શાવીને સત્ય તત્વ પામવામાં જરાપણ સંકોચ ધરવો જોઇતો નથી. મારી આ પ્રકારની માન્યતામાં હું શું ખોટું કહું છું ? ભર બજાર વચ્ચે એક વક્તા મદ્યપાન નિષેધ વિષયે ભાષણ આપે, અને તેની અસર લોકોપર થાય, તો પેલા ગરીબ દારૂના પીઠાવાળાની કેટલીક ગ્રાહકી તૂટી જાય એ વાત ખરી, પણ આથી કાંઇ ભાષણકર્તાએ અન્યાય કર્યો કહેવાય નહિ.....

કર્ત્તવ્યનો સંકૂચિત દૃષ્ટિથી અર્થ કરનાર ભલે સ્થળ સ્વાત્મોન્નતિથી સંતોષ પામી કર્ત્તવ્યથી મુક્ત થયેલ માને, મને તે માન્ય નથી: હું તો એમજ સ્વીકારી બેઠો છું કે, સદાકાળ કર્ત્તવ્ય એકનું એક નથીજ રહેતું: અગર જો કે પારમાર્થિક નિશ્ચય એક રહે, પણ એ નિશ્ચય માટેનો માર્ગ (કર્ત્તવ્ય) એક નથી પણ અનેકજ છે, અને તે અનેકનો અનેક વખતે પ્રસંગાનુસાર ઉપયોગ કરવાનો છે. એક વખતે મરણ એજ કર્ત્તવ્ય હોય, તો બીજી વખતે જીવવું એજ કર્ત્તવ્ય હોઇ શકે છે, અને એમજ એક કાળે તરવાર કર્તવ્ય હોય, તો એક કાળે કલમ કર્તવ્યમાં છે, એક ટાણે જીવ લેવામાં તો બીજે ટાણે જીવ આપવામાં કર્ત્તવ્ય સમાયલું હોય છે. રાજ્યભક્ત બનવામાં સાચું કર્ત્તવ્ય સમાયલું છે, તો દેશ સેવક બનવામાં પણ તેનો સમાવેશ

થાય છે. અને દેશસેવા દ્વારા રાજ્યભક્ત થનાર થઈ શકે છેજ. કર્ત્તવ્યનો સાર કેવળ વૃદ્ધિ અને ઉન્નતિનો માર્ગ, તે નિશ્ચેષ્ટતામાં કે વિચાર નિમજ્જનમાં નથીજ; કરવું, ગતિ આપવી, લેવી એજ કર્ત્તવ્યનો સાર છે. નવી કેળવણી પામતો આજકાલનો ઉછાંછળો વર્ગ સ્વ અને સ્વ સંબંધીની પુષ્ટિના અર્થ પૂરતું કર્ત્તવ્ય માનીને બેસી રહે, તો હું તેમ નજ થવા દઉં. મારાથી એવી સુસ્તતા અને અજ્ઞાનતા શી રીતે ખમી શકાય? કર્ત્તવ્ય ભાવનાને સારી રીતે ન સમજવામાં આવે, ત્યાં સુધી સઘળું મંથન તે પાણી વલોવવા જેવું કે તેથી વિશેષ?

(અપૂર્ણ)

આપનોજ

પ્રવાસી.

+ + + નગરઃ
લાભ પંચમી.
ઉદયે.

પૂજ્ય માસ્તર સાહેબ !

'કેળવણી'ને લગતા સવાલમાં હું આપનાથી કેટલીક રીતે જૂદો પડું છું, તે આજના પત્રથી જણાશે:

લખો છો કે આજકાલ વેપારી વર્ગનાં બાળકોને જે કંઈ કહેવાતી તાત્વિક કે વૈજ્ઞાનિક કેળવણી મળે છે, તેથી ભાગ્યેજ વ્યાવહારિક તેમજ અનુભવમાં આણી શકાય તે પ્રકારનું જ્ઞાન મળે છે. આપના આ વિચારોને હું સર્વાંશે મળતોજ છૂં: આપણે જોઇએ છીએ કે "બી, એ. અને એમ. એ:"ના અક્ષરની ડીગ્રીવાળાઓની થતી કદરનું પરિણામ માત્ર "નોકરી" જ રહે છે. (અપવાદ બાદ) અને આનું કારણ માત્ર એજ હોઈ શકે કે હાલની કેળવણી મગજને કેળવે છે–હૃદયને નહિ ! વિજ્ઞાન અને સાયન્સને લગતી કહેવાતી ઉંચા પ્રકારની કેળવણી પામ્યા છતાં પણ પામનારાઓમાંથી આપણા તરફના કેટલા વિદ્વાનો પોતાના હાથે એને લગતાં કામ ઉપાડી લેવાની શ્રેષ્ટતા વ્હોરી લે છે ! વૈજ્ઞાનિક તેમજ તાત્વિક કેળવણીનો ઉપયોગ પ્રત્યક્ષ

વ્યવહારમાં નથી કરી શકાતો એ શાથી ? પ્રજાને સાનુકૂળ કેળવણી નથી તેથીજ; આપણા દેશમાંના પદાર્થો અને વસ્તુઓ દ્વારા જ્ઞાન કેળવવામાં નથી આવતું તેથી.

પૂજ્યશ્રી ! મારા દર્શાવેલા વિચારો તે આ પ્રકારના છે કે આથી પૃથક પડે છે ! "પ્રજાની શારીરિક, માનસિક તેમજ સામાજીક જીંદગીની જરૂરીઆતો સાથે નિસ્બત ધરાવતી ન હોય, એ કેળવણીને શા માટે પ્રજાકીય કેળવણી કહેવી ? અર્થાત જે સાયન્સના વિષયોનું શિક્ષણ આપવામાં આવે, તે વિષયો ઘણે અંશે પ્રજાની કુદરતી જીંદગીમાં ઉત્પન્ન થતા કુદરતી વિચારો તેમજ અવલોકનશક્તિ ઉપર ઉંડી અસર કરીને આચારમાં મૂકતાં અશક્ય લાગે તે પ્રકારની કેળવણીની પાછળ નાહક "પ્રજાકીય" શબ્દ શા વાસ્તે ઉમેરવો જોઇએ ?

ભૂગોળ તેમજ ભૂસ્તરવિદ્યાનું જ્ઞાન પ્રથમેજ પાશ્ચાત્ય પ્રદેશને લગતું આપવાની હું તો કશીજ આવશ્યકતા જોતો નથી: એથી ઉલટું એ શિક્ષણ દેશીઓના દેશના વિસ્તાર તથા હવા પાણીને લગતું આપીને ઋતુના ફેરફારો, વરસાદનું પડવું તેમજ હવામાં થતા ફેરફારો વગેરે—અને તે પણ—પ્રજાના પ્રત્યક્ષ અવલોકન દ્વારા શીખવવામાં શ્રય, સમય અને દ્રવ્યના વ્યયની સઘળી સફળતા સમાયલી હું માનું છું.

સ્વદેશમાંનાં વિશ્વ વિદ્યાલયો, પ્રજાની આજુ બાજુની આબોહવાને અનુસરતી જીંદગીની વિદ્યા અવલોકનની પદ્ધતિએ શિખવવાની શરૂઆત થાય, તેમજ વનસ્પતિવિદ્યા અને પ્રાણી વિદ્યા તથા વૈદ્યકશાસ્ત્ર વગેરે પણ આપણા દેશને અનુકૂળ વસ્તુઓના જ્ઞાને શિખવાય તો પ્રજાકીય કેળવણીનો હેતુ ઘણે અંશે

નહિં પણ થોડે અંશેય ખર આવે ખરો: આટલું તો આપ સ્વીકારી લ્યો છોજ કે “ જે કેળવણી પ્રજાકીય ધોરણને અવલમ્બીને આપવામાં આવતી હોય, અને જેનો આશય પ્રજાનું ભવિષ્ય સુધારવાનો હોય, એવા પ્રજાના પ્રતિનિધિયો-કે જે કેળવણીનો કાબુ પાછો પોતાના હાથમાંજ હોય એવાની માર્ફતે અપાતું શિક્ષણ “ પ્રજાકીય કેળવણી ” નું નામ ધરાવી શકે: ” ત્યારે હવે મ્હેં નિવેદન કરેલી વ્યાખ્યા તેમજ સ્વરૂપમાં શો ઓછો તફાવત આપને જણાયો ? શું ? છેલ્લાં પચાસ વર્ષથી આ દેશમાં સ્થાપિત થયેલી અને આપણને આપવામાં આવતી વિદેશીના હાથની વિદેશી કેળવણી આપણા ઉપર મુજબના ધોરણને અનુસરતી છે ! એકાદ ન્હાના ધોરણમાં ચાલતી અંગ્રેજી ચોપડી ઉઘાડીને જોશું, તો શું જણાય છે ? એજ કે એમાંના પાઠો આપણા માટે રચવામાં આવેલા નથી, પણ ઉજળા છોકરાઓ માટે રચેલા છે. તે ભૂમિને યોગ્ય રચેલા છે: શંકા થાય છે કે “ સ્કાઈલાર્ક ” જેવું પંખી, જો ઇન્ડિયામાં થતુંજ નથી, તો તેનું લાંબુ લાંબું વર્ણન કરવા કરતાં “ કકુ ” (કોયલ) સંબંધી સારી રીતે લખવામાં આવે તો ખોટું શું ? અને આમજ આપણા દેશની વિવિધ વનસ્પતીઓ માટે સમજવાનું છે: “ સ્વેલો-સ્વેલો ” ગોખી મરવામાં કેટલું ઉંડું અને ઉત્તમ હિત જળવાય તેવું જ્ઞાન મળવાનું હતું તે હું સમજી શકતો નથી !...........કેવળ શબ્દોના જ્ઞાનની કેળવણીને શું કરવાની ? વસ્તુના મૂળ સ્વરૂપની કેળવણીને સ્થાને યાદશક્તિને ખીલવનારી અને સમજશક્તિને ભૂલાવનારી કેળવણીનું પરિણામ શું આવવા પામે છે એ આપનાથી ઓછુંજ અજાણ્યું છે. આપણે આથી તો માનસિક શક્તિને

બુઠ્ઠી બનાવનારા નિવડીએ છીએ, તેમજ નૈતિકઝિંદગી કળા કૌશલ્યની તથા ધાર્મિક ઝિંદગીમાં પણ આપણુને ઘણું ખમવું પડે છે-પોકાર સર્વત્ર સંભળાય છે પણ કાન દઇને કોણ સાંભળે છે? અનુભવસિદ્ધ વાત છે કે હાલની કેળવણીથી કેળવાયલા ઓનું સદ્‌વર્તન-કે વર્તન-એ પાશ્ચાત્ય રૂઢિયોને માન આપતું થયું છે. આગળ ધપીને કહેવા ઘો કે આપણી માણસાઈ, આપણામાંનું નૂર, આપણો પુરૂષાર્થ, અને આપણો જુસ્સો સઘળું શિથિલ કરાવી નાખનાર હોય, તો તે હાલની કેળવણીજ છે. અને તેને "પ્રજાકીય કેળવણી" ના ખરા સ્વરૂપમાં આણવા માટે સવેળા ઘટતું કરવું જોઇએ.

મહાશય! અહીંનો સમજુ વર્ગ શું શીખ્યો છે? કહું? ઓક અને દેવદાર જેવાં યુરોપિયન લાકડાના વૃક્ષોને ઉછેરવા લલચાય છે, જ્યારે આપણા દેશનાં આંબા, કદમ, આસોપાલવ ચંપો, તથા બકુલ અને એવાં અન્ય પ્રકારનાં વૃક્ષોને વિસરી જવા લાગ્યા છે! પરદેશી જાનવરો અને પક્ષીઓની રીતભાતો તેમજ ટેવોની તપાસ કરવાને આપણુને નવું જ્ઞાન મળે છે, અને આ શિક્ષણના પરિણામે આપણા દેશનાં જાનવરો વગેરેના તેવા અભ્યાસ તરફ આપણે છેકજ દુર્લક્ષ કરતા જઇએ છીએ. આપણાં અહીનાં પક્ષીઓ કે જેઓ આંબાની અમરાઈમાં પ્રાતઃકાલે ન્હાના પ્રકારનાં મધુરાં ગીતવાળા ટહુકા કરી પોતાની નિર્દોશ રમતોદ્વારા આપણી માનસિક સ્થિતિમાં દૈવી માધુર્ય રેડતાં, તે હવે આપણુને નથી ગમતાં! લીલા ઘાસથી, અને ખીલી રહેલી લીલી વનસ્પતિથી અતિ રમણીય લાગતાં ખેતરો, ડાંગરનાં લોળિયાંથી સુશોભિત કયારડાઓ, વિવિધ પ્રકારનાં વૃક્ષોની ઘાઢી ગુફામાંથી

આવતી શીતળ–મંદ પણ મીઠીપરિમલમય લહરીઓ અને એવું એવું આપણને જાણે કશુંજ અસર કરી શકતું નહોય, તેમ લાગે છે. કેમકે બચપણથીજ આપણે ઉંધી કેળવણીથી બુદ્ધિના બુઠા બનીએ છીએ.

અનુમાન શું બાંધવું? ન્હાય તો આપણાં સિદ્ધાન્તોનું ખરૂં રહસ્ય કેળવણી આપનારો વર્ગ યથાર્થ રીતે સમજી શકતો નહોય, ને તેથી આપણને અનુકૂળ કેળવણી આપતાં ખંચાતો હોય, અથવા સઘળાં તત્વો સારી રીતે સમજી શકેલ હોવા છતાં, માગીએ છીએ એ પ્રકારની સંતોષકારક "પ્રજાકીય કેળવણી" નહિ આપવાનું કારણ રોટલા ખાતા રાખવાનું તો નજ હોય! હું આ ચોક્કસ રીતે તો શી રીતે કહી શકું? પણ બીજું શું સમજવું? અત્યારે મારા મગજમાં બીજો કશોજ ખ્યાલ નથી આવતો.

આપણી પ્રજા રોટલા ખાતી અથવા એથી વિશેષ રૂ કાંતવાના કે સાબુ બનાવવાના અથવા લોટ દળવાના કારખાના માટે જ સરજાયલી નથી. શા માટે એવી ટુંકી દૃષ્ટિથી આપણે જોઇને બેસી રહેવું જોઇયે? અરે જે મગજ આપણો વર્ગ કામ કરી શકે છે, તેવાં થોડાંજ મગજ દુનિયામાંથી મુકાબલા માટે મળશે! પણ ભલાં મગજને ખીલવવાના માર્ગ મોકળા કોણ અને કયારે કરશે તે એક ગંભીર પ્રશ્ન ખરો.

આપનોજ
પ્રવાસી.

× × × નગર:
ઇલેક્શનના દિવસ પછી:
બાર વાગે.

માન્યવર મહાશય !

પત્ર મળ્યું: વખત આવે સાથે લાગું ઘેરાઈ જવાય; લાગણી ઉશ્કેરાય, ત્યારે સામટી ઉશ્કેરાય, આવે ત્યારે ચારે બાજૂથી ચઢી આવે; પણ મ્હને ત્હેનું કાંઇજ નથી: મહાશય ! આપને જે લાગે તે જણાવો, તેમાં આટલી બધી નમ્રતા અને અહંક શું કામ ધરાવવી, જાણુતા નહિ હો કે આ પ્રકારનું પત્ર ત્હમારા સુદ્ધાં મ્હને સાતમી વાર પ્રાપ્ત થયું છે ! અને જ્યારે પહેલીજવાર એક મહાશય તરફથી પત્ર મળેલો, અને જેટલા ઉમળકાથી, જેટલી ઇન્તેજારીથી અને જેટલી શાન્તિથી હું તે ઉકેલતો, એની એજ સ્થિતિ પણ અત્યારે મ્હારામાં જન્મ પામે છે. મ્હને લાગે છે આપ આ જાણીને ખુશી થશો. અને આપે લખેલા પત્રનો શાન્તિથી સત્કાર થયેલો છે એમ પણ હવે ધારવાનું કારણ પામી શકશો.

અસલથીજ ટીકા ખમવા માટે કાળજાને ઢાલ બનાવી છે. અને લાયક ટીકાને સ્થાન આપવા ઉદર સાગર શું ઉદાર કરેલું છે; કેમકે મ્હને મ્હારા ગુરૂશ્રી (માસ્તર સાહેબ) એ ખુબ

ઠસાવ્યું છે કે ટીકારૂપ દોહન–મન્થનથીજ ખરૂં તત્વ તરી આવશે માટે ટીકા થાય એતો સારી.

" અભિમાન " ના મ્હારા આપેલા રૂપને હવામાં ઉડતું માનનાર મહાશયોને મ્હારા વન્દન હો, હું તો હજુ પણ એમજ કહું છું કે ભૂમિ પ્રત્યેના ખરા ગૌરવની વ્યાખ્યા જે હું કરતો આવ્યો છું તેજ યથાર્થ છે, અને મ્હારી સમજફેર જેને જણાય, તેણે સકારણ–પ્રબળ દલિલોથી પ્રદર્શિત કરવું જોઇયે. કેવળ લુખી ટીકા પર હું દુર્લક્ષ કરૂં છું. મહાશય! કપોળકલ્પિત દલિલો ઉપજાવી કાઢવી, અને માત્ર સાંભળનારની લાગણીને ઉશ્કેરી, સ્હામાનો સિદ્ધાન્તને મમતની ખાતર ખોટો ઠરાવવા સારૂં સાંભળનારની બુદ્ધિની આંખ્યમાં ધૂળ નાંખવી, એ ભૂમિનું ગૌરવ વધારવાનું વાસ્તવિક લક્ષણ હોય એમ હું તો નથીજ માનવાનો: દેશકલ્યાણનો આશય નહિ ફળવાનું કારણજ આ પ્રકારનું જુઠાણું છે!!

વારૂં; એ ટીકાકાર મહાશયોના હૃદયનું તાજું દૃષ્ટાંત ત્હમારે જોવું છે? એમનાજ શબ્દોને થોડાક વાર માન આપીએ અને એ જે પ્રકારની સ્વદેશાભિમાનની વ્યાખ્યા કરે છે એ વ્યાખ્યાને એ મહાશયો કેટલું માન આપે છે એ ત્હમે ન જોયું....ચુંટણીના દિવસો કાંઇ જુના થઈ ગયા! મ્યુનિસિપાલ બોર્ડોમાં, ધારાસભામાં તેમજ ન્હાની કચેરીઓમાં, બઝારમાં–અરે–ઘરના ખુણામાં અને સર્વત્ર અનેક રીત્યના આડકતરા ગેરઇન્સાફ થાય છે, દ્વેશ બન્ધાય છે: ક્લેશ નિપજે છે અને કુસંપમાં વૃદ્ધિ થાય છે એ બધો પ્રતાપ કોનો? " ચુંટણી " માં ચુંટાવાનું તે આ પ્રકારના ભોગ આપીને? આ પ્રકારના ભોગ આપીને ચુંટાયલા મહાશયો મ્હારી સાથે " અભિમાન "નો સ્પષ્ટાર્થ

કરવા આવે છે ? મને કહેશો કે જે મૂળની જડ આપણે ઘસીને કાપી નાખવા વાંચ્છીએ છીએ, તે જડના બળમાં ઉલટું ઉમેરણ કરનાર હોઇ ચુંટણીમાં ચુંટાનાર ભૂમિના ગૌરવને જાળવવાનું ભૂલીને–હિન્દુસ્થાનને હાનિજ કરે છે કે બીજું કાંઇ ? આશામિયોને દબાવી, જોર બેળે મત મેળવનારનામાં કયા પ્રકારનું દેશાભિમાન હોવું જોઇયે ! “ઇલેકશન” નું પરિણામ દાવા નંધાવામાં સમાય એ દેશાભિમાન કેવું ? આવી ધમાલો જે દેશોમાં થતી હોય, ત્યાં છો થાય, મહાશયોને જો અંતઃકરણની લાગણીથી તેમની ભૂમિનું ગૌરવ વધાર્યા કરવું હોય, તો તેને માટે આ માર્ગ સારો નથી; મમત, સાઠમારી અને પ્રાપંચિક લાગવગ વાળી શાહુકારી એ સુધરેલી શાહુકારી છે અને તેવા શાહુકારોને અમારા અર્થ, કટુ લાગે તો અમે શું કરશું ? ઉપયોગી સત્તાનો ધ્વંશ, કામનો ગુંચવાડો કે બગાડો, અને સમાજના સ્નેહનો વિક્ષેપઃ આવાં ફળ પેદા કરનારાઓ, નકામાં બણુકાં ફુંકવામાં, કૃત્રિમ નિશાનીઓ ફેરવવામાં, લાંબાં લચરક ભાષણનાં ભરણાં ભરવામાં, અને ટાપટીપથી શણગારેલાં નાટકમાંનાં પુતળાં જેવા લેખો લખવામાં ભલે દેશ પ્રત્યેની લાગણી પ્રદર્શિત કરી પોતાને સંતોષ મળ્યો સ્વીકારે–અમને તે માન્ય નથીઃ ખરૂં દેશાભિમાન કે દેશના ખરા ગૌરવનાં પોષણ માટેની તૈયારીઓ કરનારા મૂગા હોય છે, એમનાં હૃદય રસિક હોય છે, સ્વભાવના શાન્ત હોય છે અને સાત્વિક વૃત્તિથી નિમિત્ત–નામનાને ભૂલી જઈ, ભુમિના પ્રેમ ખાતર ભૂમિ પાછળ સ્વજીવન અર્પણ કરી “દેશાભિમાન આવું હોય”–ભૂમિનું ગૌરવ આમ જળવાય–એમ અનુકરણીય દૃષ્ટાંત, અનુભવે બેસાડે છે. આ વ્યક્તિયોમાં અને પ્રથમનામાં

તફાવત એટલો કે એક અભિમાનનો અર્થ કર્તવ્ય દ્વારા કરી બતાવે છે. જ્યારે બીજી, લુખી રીતથી લખીને (અને તે પણ ખોટોજ) બતાવી સ્વફરજ અદા કરી માને છે.

પત્રાભિલાષી.
પ્રવાસી.

* * * સ્ટેટ:

......બંગલે:

૭-૩૦.

શ્રીયુત ન્હાના સાહેબ !

આજ્ઞા પ્રમાણે એકાદ દેશી રાજ્યના દરબારનાં દર્શન કરી આવ્યો-ખરેખર, દર્શનજ કરી આવ્યો-મતલબ કે મૂડીની માગણી નથી કરી ! રાજકુમારો માટે અને ધર્મ ગુરૂઓના થનાર વારસ બાલકો માટે એમ બે શાળાઓ નવી યોજનાથી સ્થાપવામાં મ્હેં પ્રત્યક્ષ અનુભવ્યા એ કોટિના ઠાકોર કનેથી રૂપિયા લેવા મ્હને ઠીક ન લાગ્યા: અલબત ! એમના પ્રમાદી અને વ્યસની પૈસાનો ઉપયોગ તો સારા રસ્તેજ કરવાનો હતો, તથાપિ વિચાર એવો થયો કે સારા માર્ગે વાપરવાનો પૈસો સારાના હાથથી-કદરદાન કનેથી મેળવવો એજ વધારે ટકાઉ છે: કદાચ મ્હારો આ સ્વતંત્ર મત આપને ન પણ ગમે, તથાપિ શાન્ત ચિત્તે એકવાર મ્હારૂં સઘળું સાંભળી જાવ, ને પછી મારા આ મત માટે જે કંઇ વિચારવું ઘટે તે વિચારો તો સારૂં.

મહારાજ ! મ્હેં જોયું કે આપણાં દેશી રાજ્યો પૈકી કેટલાંક તો માત્ર કહેવાતાં રાજ્યો છે, એવા રજવાડાના આધારે ઝઝુમતા હો, તો હવે વિચાર કરજો: કેમકે ઉઠા સુધી ભણેલા

તખ્તારૂઢ ઠાકોરોનાં રાજ્યો નામનાં છે, એમનો અમલ પણ નામનો છે એમનો કાર્યભાર અને હોદ્દો પણ નામનો છે મને તો બધું પોલમ્‌પોલ લાગ્યું છે.

માનશો ? સદ્‌ગત્‌ ગોવર્ધનરામભાઇએ સરસ્વતીચન્દ્રના પહેલા ભાગમાં ચિતરેલો કારભારાનો ચિતાર પ્રત્યક્ષ અનુભવનો હોય એમ લાગે છે ! બુદ્ધિધન જેવા કારભારીની ખોટ પડી ગઇ છેજ; અને તેથી કહેવાતા ભોજના દરબારમાં કાળીદાસની કદર નથી અંકાતી, અકબરની સભાનાં તો હવે સ્મરણજ રહ્યાં છે, 'બીરબલ'ની વાનીઓ એક દિવસના સ્વપ્ન જેવી ભાસે છે. હવે તો પ્રતાપે ય નથી અને એના ભામાશા જેવા કાર્યભારી પણ ક્યાં છે! અરે ચન્દ જેવા કવિના પણ સાંસા !!

મહારાજ! શું લખું ? ઠાકોર કહેવાયા એટલે–કસુંબાપાણી તો જાણે ઠીક, પણ–બ્રાન્ડીની બાટલીઓ અને નાચનારીઓ તો જોઇએજ ! પ્રદેશ રસાળ હોવાથી સારો પાક ઉતરવા છતાં ઠાકોર સાહેબો દેવામાં કેમ ડુબેલા હોય છે એનું કારણ જાણવું લગીરે વસમું નથી. ગામની ધમાલ હવાલદારને હવાલે અને પોતાના મન્દિરના વૈભવ નોકર ચાકરને અધિન ! ઠાકોર સાહેબનું આખું યે અંતઃકરણ શઠરાય જેવા કાર્યભારીને અધિન અને શઠરાયનું સર્વસ્વ જીવન કાળાં ધોળાં કરવામાં સમર્પણ !!

ખરૂં છે કે ન્યાયી બ્રિટીશના રામરાજ્યમાં ગામના ગામડીઆઓની બહુ દેખરેખ ન રાખવામાં આવે ત્હોય કશી હરકત નહિ ! અથવા ઠાકોર પોતે અમરીશ રાજાના અવતાર હોય !

જાણવા જેવી નવી બાબત તો એ છે કે, ઠાકોર સાહેબ

ગાદીએ આવ્યા પછી પોતાને છાજતું ભણવા એક મ્હેતાજી રાખે છે! ખરૂં છે: જ્ઞાન તો તાજું જ સારૂં:

હા........વ્યસન, પ્રમાદ અને અછાજતા વૈભવોથી પરવશ બનેલા આ કોટિના ઠાકોરો, જો બરોડા, ઉદયપુર, ભાવનગર, ઇડર, દરભંગા, મૈસુર વગેરે સ્ટેટ ને પગલે પળવા આંખ ઉઘાડે, અને સર્વવાતમાં "મુખ્ય રાજ્ય"નું અનુકરણ કરવાનું છોડી દે, હાથમાં છે એટલા પણ આર્યત્વને સંભાળી રહે, અને પોતે પોતાની પદ્વિની લાયકાત સમજી પોતાના તાબાનાં ગામની લગામ સ્વહુસ્તગત કરે, તો પૂર્વની જાહોઝલાલી પાછી પામવાની આપણે આશા રાખી શકીએ–અરે; જો આ મહારાજો (!) એ પ્રસંગની રાહ જોતા હોય, તો કોણ જાણે એવા પ્રસંગ તો અસંખ્યવાર એમની દૃષ્ટિ સંમુખ થઇ પસાર થયા હશે! પણ વ્યાઘ્રના જેટલા પ્રમાદ પ્રબળ આગળ કશું ભાન હોય ત્યારે ને?

પ્રવાસી.

× × × નગર:
સાયંકાળ:
૬-૩૫.

પૂજ્ય માસ્તર સાહેબ !

પત્ર મળ્યું: મ્હારા ઉતાવળીઆ લખાણવાળા પત્રે આપને ગુંચવ્યા હોય એમ લાગે છે! સ્વામીન્! આપ લખો છો એવો લેશ પણ આશય નથી: એવાં આચરણ એતો ગાંડાઇ છે! વિવાદગ્રસ્ત વિષયમાં પ્રતિસ્પર્ધિ કને કશી વસ્તુ ન રહે, ત્યારે ગાળોના વરસાદમાં પોતાનું જોર અજમાવે એજ બતાવી આપે છે કે હવે એની પાસે બચાવની દલિલ નથી! આપનામાંથી પામેલા શિક્ષણને ઉંધે રસ્તે દોરીને હું કયા ભવમાં તે પાપથી મુક્ત થાઉં? મહારાજ! મારા લખવાનો ભાવાર્થ, આપના સમજવાથી તદ્દન ભિન્ન છે. મારા શબ્દોમાં વિશ્વાસ: વિશેષ શું?

હું એમ કહેતો હતો કે (બીજા કશાથી નહિ, પણ) આપણા પ્રત્યેના વિનાકારણ અવિશ્વાસને લીધેજ ના. સરકારને ભારે ખર્ચના બોજામાં ઉતરવું પડે છે. અર્થાત્ સરખી શક્તિવાળા દેશીઓને મૂકી અંગ્રેજોનેજ મોટે હોદ્દે નિમવા, લશ્કરમાં પણ ઉભય પ્રજા વચ્ચેનો તફાવટ અતિ તીવ્ર રાખવો, આ વગેરેની વ્યવસ્થામાં વપરાતા જબરા પગારોથી અને ઇંગ્લેન્ડમાં આપણા

દેશને નામે ચાલતા અનેક વ્યૂહમાં વ્યય કરવો પડતો હોવાથી, ભારે પેન્શનોનો બોજો ઉઠાવવાથી આ દેશનો રાજ્યતંત્ર હોવો જોઇયે તે કરતાં ત્રિગુણુ કે ચતુર્ગુણુ કીંમતવાળો થઇ પડયો છે; અને આ બધાનું કારણુ ગમે તો આપણી લાયકાત ન હોય, કે લાયકાત છતાં વિશ્વાસ નહોય:

વારૂં; એક તરફ રાજ્યતંત્રના ખર્ચમાં આમ વધારો છે, ત્યારે બીજી તરફ કરનો ભાર વધતો જાય છે! વળી ત્રીજી બાજુ અનેક પ્રકારનાં કારણોથી પ્રજા નિસ્તેજ થતી જાય છે. અધુરૂં હશે તે, શસ્ત્રહીન થતાં પ્રજા, શૂર, પરાક્રમ, સ્વાર્પણુ, સ્વાતંત્ર્ય, સ્વાશ્રય વગેરે અનેક ઉદાર ગુણો વિહીન બની છે! આ તે કયા ભવના શાપ કોના દ્વારા નડે છે!!

બીજું બધું ગમે તેમ હતું; પણુ કહેશો! પ્રાચીન આર્ય વ્યયવસ્થામાં આ પ્રકારના પ્રસંગો અને અશ્રદ્ધાનાં બીજ સરખાં પણુ હતાં? અશ્રદ્ધાથી ચલાવાતો રાજ્યતંત્ર કેવી સ્થિતિમાં ટકી રહેવાનો વારૂ?

મળેલ સુખશાન્તિ અને નિર્ભયતા બદલ નામદારનો આપણે મુક્તકંઠે ઉપકાર માનવાનો એ ખરૂં; પણુ કહેવા દો કે આ આભાર તળે દબાઈ રહેતાં ફરી ઉઠવાજ ન પામીએ એવી હાલતમાં આવી જવાય એ શું? સતી થવાનો ચાલ બંધ કરવા બદલ, તેમજ દુધ પીતીની રૂઢિ વગેરેને માટે આપણે નામદારનો જેટલો ઉપકાર ન માનીએ એટલો ઓછો છે. તો પણુ એક રીતે આપણે એમ તો કલ્પી શકીએ કે આ રીવાજો, તે પ્રસંગે ન અટક્યા હત તો કોઇ બીજાના નિમિત્તે પણુ ભવિષ્યમાં બંધ તો થાત! કેમકે ખોટાના આયુષ્યની અવધો કાંઈ લાંબી નથી હોતી!

પણ આ બધી વાતો હમણા કોરાણે કરીએ, અને કેવળ વર્તમાન વિષય પર દૃષ્ટિ દોડાવીએ તો:—

રાજ્યના સ્વરૂપમાં, કાયદાના ધોરણોમાં, ધર્માચારના વિષયોમાં, કર તેમજ રાજ્યખર્ચના ભારના સંબન્ધમાં, અવિશ્વાસની નીતિના નિસ્તેજ કરનાર ફલપ્રસંગમાં, રાજા પ્રજા વચ્ચેના મહદંતરથી થતી બે દાદીની વાતમાં અને આવા આવા અનેક વિષયોમાં આપણને સંતોષકારક સુધારો વધારો કરવા દેવા પર લક્ષ ખેંચાય, અને ઉપર ઉપરથી થોડીક બાબતો મળે તેના આધારે આખા દેશની–કુટુમ્બ, ગૃહ, મંડળ, વગેરે સર્વની સ્થિતિનું કલ્પિત વિવેચન કરવાનું, અને અધુરાં અનુમાને અવળપંચક બેસાડવાનું ન બને, તો એકમેક વચ્ચે વિશ્વાસ અને સ્નેહ વધે ખરો, અને સ્નેહના પ્રબળે પછી શું નથી થતું ?

અલબત ! હું માનું છું કે પાશ્ચાત્ય રાજ્યબળ આપણા ઉપર સર્વોપરીપણે સ્થપાયું ત્યારથી ઘણા લાભ આપણને મળ્યા છે. દેશનો કાલક્રમજ એવો આવેલો હતો કે બળથી યા કળથી પણ અંદર અંદર કલહમાં પડેલાં અનેક તત્વોને સંગ્રહી રાખનાર કોઇ ઉપરીની અપેક્ષા હતી, અને એવા અણીને પ્રસંગે પશ્ચિમનો પગ પૂર્વમાં પ્રવેશ્યો એ ઠીકજ થયું છે. એમના પ્રતાપે દેશમાં માલમિલકત અને જાનના રક્ષણમાં, કૈંક શિક્ષણ પદ્ધતિમાં, અને કાંઇક અંશે ન્યાયપદ્ધતિમાં પણ લાભ થયો છે. પણ જો ભૂલતો ન હોઉં તો આ લાભોને બદલે જે મૂલ્ય ભરવું પડે છે તે બહુ ભારે પડતું છે!—પ્રજાની પરિસ્થિતિ વિચારતાં ભારે પડતું છે! ઇતિહાસો તપાસતાં જણાય છે કે જમીન, આવક, હવા, અજવાળું, પાણી, દીવા, મીઠું એ વગેરે આવશ્યક વસ્તુઓ માટે તેમ

બીજી ઘણી મોજ શોખની વસ્તુઓ માટે ખુદ સરકારને અથવા તેમના પ્રતિનિધિ રૂપ સ્થાનિક મંડળોને કર આપવા પડતા નહુતા, બહુ તો કમાઇનો ષષ્ટાંશ ભાગ બાદશાહો લેતા.

બેશક, સરકારને આવશ્યક ખર્ચ લેવોજ પડે, પણ એ ટેક્સની રચના પાછી વિલાયતના લાભ ઉપર લક્ષ રાખીને, અને આ દેશના લાભ ઉપર બેતમા કરીને કરવામાં આવે એ વાત 'રામરાજ્ય' નામથી ખ્યાતિ પામેલા આપણા બ્રિટીશ ન્યાયને શોભાસ્પદ નજ હોય !........

લખો છો એ ખરૂં છે કે, મારા હાલના વિચારોને બહાર મૂકવા પડે છે એ ખરેખર–એક પ્રકારની માનસિક નિર્બળતાજ છે: અને દેશ–કાળને સમજી, તેને અધિન રહ્યા વિના બીજો માર્ગજ નથી એ માર્ગથી ઉલટા વર્તવું એ સાહસ નહિ પણ કદાચ ધૃષ્ટતા હશે. વર્તમાન રાજ્ય જેવું કોઈ રાજ્ય નથી થયું એ પણ ખરૂં: પણ આ બધું માન્ય રાખીને મ્હારે આટલું તો પૂછવું પડે છે કે રાજા પ્રજાની વચ્ચે અનેક વિષયોનાં સમાધાન કરવાનાં ન હોય? અનેક બાબતો વિષે માગવાનું, આપવાનું, લેવાનું વગેરે હોય એ સ્વભાવિક છે અને તેટલા અંશમાં હદમાં રહીને ઘટતી ચર્ચા કે વિવેચન ઉપસ્થિત કરવામાં આવે તો એ અપ્રાસંગિક છે? આપને આ ન ગમતું હોય તો હવે તેમ નહિજ વર્તું. બાકી ના. સરકાર પ્રત્યે મારી સાચી વફાદારીજ છે એ આપ સારી રીતે જાણો છો.

આપનો

પ્રવાસી.

× × × નગરઃ
શારદા મન્દિરઃ
સમીસાંજ.

વડીલ આત્મબન્ધુ !

પણ—આ સમ્બોધન હવે તમને ગમશે ? આપ તો હવે એજ્યુકેશનલ ઈન્સ્પેકટર થયા: જાણીને ઘણો ખુશી થયો છું, અને ' મુબારકબાદી ' નો વિવેક પણ સાથે સાથે દર્શાવું તો ? ....વારૂ; આ શુભ સમાચારના પત્ર ભેગું આપે કંઇક મોઘમ ઇનામ આપવાનું જણાવી મને આભારી બનાવ્યો છે. મોટાભાઈ ! મને એવું શું ઈનામ આપીને સંતોષશો ? કેવા ઇનામથી હું તૃપ્ત થઈશ ?

ઈનામ હું એવું માગું કે જે આપવા આપ સમર્થ હો: મ્હારા સ્વામી શ્રીયુત માસ્તર સાહેબ સાથે હમણાં થોડાજ વખત પર જે ઇનામ માટેની ચર્ચા ઉપસ્થિત થઇ હતી, તે આજ આપના સમક્ષ રજુ કરતાં આશાભર ઉત્સાહ અને ઉમંગથી અંગ રંગાય છે. કહું ? ઈનામ દાખલ એક વચન આપશો ? વચનની યાચના એટલે કાંઇ કોલ કરાર કે કશા ઠરાવ નહિ પણ એટલુંજ માત્ર કે હું જે સંકલ્પ કરવાનો કહું તે કરો અને પ્રસંગ મેળવી તે સંકલ્પ સિદ્ધ કરવાનું મને જણાવો—મ્હારા માટે આ ઈનામ પૂરતું

છેઃ અને એને સ્પષ્ટ શબ્દોમાં નિવેદન કરૂં તો એ સંકલ્પ એજ કે અપાતી હાલની કઢંગી કેળવણીમાં ઘટતો સુધારો વધારો કરીને આપણા દેશ કાળને અનુસરતું શિક્ષણ બનાવવા બનતી કોશિષ કરવીઃ આપ કેળવણી ખાતાના વડા છો અને ધારશો તો હવે બધું સુતર થશે; મહાશય! મ્હને સંતોષવાનો માર્ગ આ સિવાય અન્ય જવલ્લેજ આપને જડશે !!

માસ્તર સાહેબ આગળ પણ મ્હેં હમણાનો આ પ્રશ્નજ ધર્યો છેઃ બે વાતો આપના મ્હોં આગળ પણ લવી જાઉં તો, તે કદાચ આગળ પર પ્રસંગે આપને કૈંક ખપ લાગશે; પણ કહેવાનું હોય તે અગાઉ મ્હારે પ્રથમ એટલું તો કબુલ કરી નાખવું જોઇએ કે કેળવણી દ્વારા, દેશ, બહારની દુનિયામાં ડોકિયું કરતો થયો છે. અને એ સબબે આપણે નામદાર સરકારનો ઉપકારજ માનવો જોઇએ છેઃ ઉપકાર માન્યા પછી આપણે કેળવણીના સ્વરૂપને, અને તેના પરિણામને તપાસીએ તો અન્દરથી રસ વગરના કુચાજ માલમ પડે છે! કશુંજ નહિ, પણ કેવળ હલકા પગારે, ભારે કામના બોજાવાળા નીચી કોટિના નોકરોની મદદ મળવા પુરતી આજકાલ કેળવણી પમાય છે એમ કહીએ તો કાંઈ ખોટું છે? જોઇયે છે કે હૃદયને સ્થાને અરૂચિકર કેળવણીથી કેળવાયલાં મગજવાળા મહાનુભાવો, મહેતાજી, લહીઆ કે કારકુનો બનવાનું વધારે પસંદ કરે છે! અપવાદ દાખલ અમુક વર્ગ વિદ્વાનોની સંખ્યામાં ખપે છે, પણ એ પ્રતાપ હાલમાં અપાતી કેળવણીનો નહિ, તથાપિ એવા ચારિત્રમય પૂર્ણ સંસ્કારી હૃદયમાં રમી રહેલી આર્યત્વની પૂર્વ ભાવનાનોજ ગણાય.

મૉરલ ફિલૉસોફી કે લૉજીક જેવા વિષયોથી અભ્યાસીઓને કેળવવામાં આવે છે, તે કેમ ના કહેવાય? નજરે જોઇએ છીએ, તે વાત ખોટી કેમ કહેવાય? અને એ રીતે બીજું એ પણ નજરે જોઇએ છીએ કે ગણાવ્યા તેવા ઉપયોગી વિષયો, માત્ર પરીક્ષા વખતે પુરતા માર્ક મેળવાય, તેવા ઉદ્દેશથી ભણનારા ભણી જાય છે! જો કોઈ ભણનારનો દોષ કાઢે, તો તે મને દુસ્તર નથી લાગતો, કેમકે વિષયમાં રસિકતા લુપ્ત હોવાથીજ ભણનારાઓ "મગજમારી" કરવી મૂકી દે છે: મહાશય! છુપી ચર્ચા ધ્યાન દઇને સાંભળશો તો આપને પ્રતીતિ થશે કે અભ્યાસી વર્ગ કેવો પોકાર કરી રહેલો છે!

વિષયો શુષ્ક લાગવાનું પ્રયોજન કદાચ તે વિષયોની અપૂર્ણતા હોય,—જોઇએ તેટલા પ્રમાણમાં વિષયનો વિસ્તાર કરવામાં ન આવ્યો હોય—તો એ પણ માનવા જેવું છે અને બેશક, કોઈ કોઇ અમુક વિષયો પાછળ શોખ લાગવાથી મંડયા રહીને આગળ ધપે છે, કે 'ખાં' બને છે તો એમની વિદ્વતાનો અંત શંકાઓ ઉપસ્થિત કરવામાંજ આવેલો ઘણે ભાગે જોવાય છે! માત્ર શંકાઓનો જન્મજ!—શંકાઓ થાય એતો સારૂં, પણ સાથે સાથે સમાધાનનો માર્ગ પણ જોઇયે તે ક્યાંથી લાવવો. પેલા આજકાલના કહેવાતા ઉપયોગી વિષયોવાળાં પુસ્તકોમાંથી તો દીવો મુકે પણ જોનારને જડતો નથી.

મોટી મુસીબતો વટાવીને પણ સારૂં શિક્ષણ સંપાદન કરે, સુશિક્ષિત બને, અને દેવું કરીને પણ ડીગ્રી મેળવે આટલું થયા પછીયે પાછું લક્ષ્ય—કેન્દ્રસ્થાન—ક્યાં રહે છે? પરાધીન સ્થિતિ ભોગવતી—નશીબ બાંધી નાખતી, અને હૃદયનો વિકાસ નહિ થવા દેનારી નોકરી પરજ!

પણ આમાં યે આજકાલની કેળવણીજ આડે આવે છે! વ્યાપાર પર વૃત્તિ નહિ થવાનું કે નવા નવા હુન્નર શોધ તરફ દૃષ્ટિ નહિ દોરાવાનું પસંદ પડે છે એનું કારણ એક તો એ કહેવાય કે આજકાલનાં કેળવાયલાં મગજ (હૃદય નહિ) ટાપટીપ, એટીકેટ, અને પોઝીશનને જીવની પેઠે જાળવે છે. મનની–કે આત્માની ઉન્નતિ થવાનું જ્યાં શિક્ષણ ન મળ્યું હોય, ત્યાં બિચારા ભોળા ભણનારાઓને એનો ખ્યાલ નહિ આવતાં કેળવણી જેને નાજુક બનાવે છે એ શરીર તરફજ વધારે અને પ્રથમ ધ્યાન ખેંચે એમાં ભણતરનો દોષ કે ભણનારાઓનો? કદાચ અમુક વખત સુધી આ લખાણને આપ હસી કાઢશો! પણ અનુભવસિદ્ધ વાત છે કે "લવમેટર" "થેન્કયુ" અને "સોરી" જેવા શબ્દોભર્યું શિક્ષણ પામીને નાજુક બનેલા બિચારા ભલા અભ્યાસીઓ વ્હેપાર, હુન્નરકળામાંથી માંડા મળતા નફા પ્રત્યે વિશ્વાસ કે ધૈર્ય રાખી શકતા નથી, અને તેથી તેઓ નોકરીનો સુતર રસ્તો સ્વીકારી લે છે.

ઈન્સ્પેકટર સાહેબ! આપણે આપણાપણું ન ગુમાવીએ, ગમે ત્યાં જઇએ, ગમે તેવાના સંસર્ગીત બનીયે અને ગ્હાય તેવાં નકલી શિક્ષણ પમાય, તો પણ આપણા આર્યાવર્તની ખરી ભાવના હૃદય અને આત્મા સાથે જડાઇ રહે, તે માટે આપને આ કેળવણીનો સવાલ ઉપાડી લેવા જેવો છે–અને કહી, તે બાબતો ધ્યાનમાં રાખવા જેવી પણ છે. પત્રની વિસ્તતતા માટે ક્ષમાઃ વિશેષ શું આ પ્રકારની ઇનામની યાચના સત્કાર્યોના પત્રની રાહ જોતો.

આપનો ન્હાનો બંધુ,

પ્રવાસી.

× × × નગર.
ચૈત્ર—નવરાત્રિ.
સમીસાંજ.

પવિત્ર ભાઈ!

દિલગીર છું: આ કાગળ આપણામાંથી કોઇ બીજો વાચશે તે પણ દિલગીર થશે: પત્ર પરથી લાગે છે કે તમે પણ દિલગીર છો. અને ભાઈ! આપણે સૌ દિલગીર થઇને બેશી રહીશું? તેમ થાય તો આપણું મંડળ દિલગીરીનું મંડળ બનશે! તેમ થશે તો વખત વિતાવવો વસમો થઇ પડશે.

વાત આટલે દરજ્જે વંઠી જશે એમ હું નહુતો માનતો; પણ મારૂં માનવું મારી કને રહ્યું; તમે અને હું મ્હોં વિકાસી હવે જોયાં કરો! બીજો શો ઈલાજ! રાજ્યસત્તાજ સઘળી જ્ઞાતિના પંચાયતોના હાથમાં આવી રહી છે ત્યાં હવે બીજો શો ઇલાજ! એ-તે જ્ઞાતિના પંચાયતો, કે રામાયણના ઉત્તરકાંડમાં આવતી વિપ્ર અને કુતરાની ફરિયાદ જેવા કુતરા! રસ્તે જનાર પણ આજનો એમનો ઇન્સાફ સાંભળીને ન્યાય તોળશે કે તેઓ માનવદેહધારી હડકાયલાં શ્વાન છે-ટુકડા રોટલાના લાલચુઓને માટે મને અત્યારે બહુ તિરસ્કાર છૂટે છે, પણ તે તિરસ્કારનું સ્વરૂપ હું બદલું છું-ભાઇ! અને ત્હારી ભેળો ભળી “હવે શું કરવું” તેના વિચાર પર ઉતરૂં છું.

તડ, એકડા, પાસુ વગેરે નામથી સમસ્ત જ્ઞાતિના ભાગલા પડી ગયા છે, પડેલા ભિન્ન ભિન્ન ભાગલાઓ પ્રજાસત્તાક રાજ્ય પેઠે અમલ કરે છે. પ્રજાએ, તેમ જ્ઞાતિએ પસંદ કરી ચુંટી કહાડેલા આગેવાનો જ્ઞાતિના પટેલ ગણાય છે, તે પટેલને જ્ઞાતિમાં હમેશ સુલેહ જળવાય અને તેની ઉત્તરોત્તર ઉન્નતિ થાય તેવું કરવાનું હોય છે; તું જે તડમાં છે, તે તડના પટેલે પોતાની ઉપરોક્ત ફરજ સમજીને પણ બજાવી નથી, કામ તેથી ઉલટું જ કર્યું છે, અને મારી-મચરડીને તને 'પરદેશગમન' ના બ્હાને ચૂંથી નાખ્યો છે.

આનું કારણ ચૂંટાયલો જ્ઞાતિનો તડવી-આગેવાન, એ અનુભવી નથી, વિદ્વાન અને વિચારશીલ નથી, પ્રામાણિક નથી, અને ન્યાય કરતી વખતે ઇશ્વરને વચમાં સાક્ષીભૂત રાખવાને બદલે પૂર્વની ઇર્ષ્યા-કે મમતને વચમાં રાખનારો છે-ટુંકામાં વારસામાં ઉતરી આવેલી પટલાઇનું તે પુતળું છે. પટેલપણાને લાયક નથી એજ આ ઝગડાનું મૂળ છે તેવા પટેલ માટે પ્રથમથી તેં કાંઈ કર્યું નહિ, તેની શિક્ષા દાખલ ત્હારે બે હજારનો દંડ (પરદેશગમન બદલ) ભરવો પડયો છે-એક આ વિચાર.

સ્વધર્મને સાચવ્યા છતાં દેશાટનથી જ્ઞાતિએ તને વટલાયલોજ ગણ્યો, તો પછી બે હજાર રૂપિયા લઇ-રૂપિયા વડે-જ્ઞાતિ પાવન કરે છે એ પણ નવાઇ ! ઠરતો હોય તો પતિત આત્મા રૂપિયા વડે પાવન થાય એવો કયા ધર્મનો સિદ્ધાન્ત જ્ઞાતિએ લાગુ પાડયો તે પૂછ્યા-ગાછ્યા વિના તેં દંડભર્યો એ પણ નવાઇ. વળી, પ્રાયશ્ચિતજ આવા કામનું હોતું નથી, અજાણુથી થયલા કામ માટે તે હોય અને તેના પ્રાયશ્ચિત માટે અંતઃકરણના

ઉંડાણુમાંથી થતો પસ્તાવોજ બસ છે; પેટભરા લાડુભટોને દક્ષણા આપ્યે પ્રાયશ્ચિત ફળતું નથી—એક એ વિચાર.

પાપ અને પ્રાયશ્ચિતની વાતોને હાથમાં લેવાનો જ્ઞાતિને હક્ક નથી, તે વાત ધર્મની થઇ, રૂઢિની કે વ્યવહારની નહિ. વાસ્તે ધર્મની તકરારો જ્ઞાતિના ધર્મગુરૂઓજ નિવેડે. અને ધર્મ-ગુરૂઓજ પોતાના અધિકારની અને ફરજની વાત વિસારે પાડે, તો તે કહેવાતા ધર્મગુરૂઓને—ખાઈ પી અલમસ્ત થયલાઓનાં લશ્કરી તાલીમ આપવા તરીકેમાં નામ વેળાસર નંધાય તો સારૂં—એક આ વિચાર.

ભરાયલા દંડની જમણવાર થઈ—બે હજાર જેવી ભારે રકમનો ઉપયોગ એક દહાડો લાડવા જમવામાંજ થયો—જ્ઞાતિને બીજો કોઈ રસ્તો સુઝયોજ નહિ ! એક આ વિચાર.

'જાણી બુજીનેજ દંડ ભર્યો છે; જ્ઞાતિની વિરૂદ્ધ પડીને નહિ, પણ જ્ઞાતિ ભેળા ભળીનેજ જ્ઞાતિની આંખો ઉઘાડવી છે' એટલા વાસ્તે એકતરફી ઈન્સાફને માન આપી ત્હેં દંડ ભર્યાનું પત્રમાં જણાવ્યું છે, તો ભાઇ ! સુધારો શી રીતે કરવા ધારો છો તે લખશો, મારા જોગ મદદ માગશો, અને પરાપૂર્વથી ચાલ્યા આવેલ ગાડરીઆપ્રવાહી રીત રીવાજોમાંથી એકેયને વિસરશો મા.

મરેલા પ્રાણીનું માંસ વેચનાર કસાઇ કરતાં પણ બે ડગલાં આગળ ધપેલા વર—કે—કન્યાવિક્રયીને જ્ઞાતિ દંડતી નથી અને એથી ઉલટું, સંતાનનું લોહી વેચી—સટે—લીધેલા રૂપિયાની નાત જમવા સૌ કોઈ જાય છે; જમીને વાડીમાંથી પાછા ફરતાં, પહેરેલા પચીસના પીતાંબરની ગડીબંધ વાળેલી પાટલીને એક હાથે

પકડી, બીજા હાથે ઝરમર–સીલ્વરનો કાંબીવાળો લોટો પકડી, વળી શાલ ઓઢી, ઘરેણાં ગાંઠાં પહેરી કે પેટ પંપાળતા લોક કન્યાવિક્રયીની “ વાહ વાહ ’ ગાતાં, કલ્લોલ કરતા ઘેર જઈ પથારી ભેગા થાય છે. એવા ખાઉધરો કોક પરદેશગમન કરી આવનાર વિદ્વાનને નાહક કનડે છે–તે શા માટે ? પરદેશ જઈ આવી, પેલા કન્યાવિક્રયી પેઠે તેણે નાત ન જમાડી તેથી ? ભાઇ ! આ વાત રજુ કરવાની વિસરશો મા.

અકાળે જેમ માળી ખીલતી કળીઓને ચૂંટી તેને વિંધી નાખે છે, તેમ “ મરતે–જીવતે–” સંતાનને પરણાવેલાં જોવાનો ઑરિયો વિતાવવાની વાંચ્છનાવાળા પાલકો બાલકોનાં કાચી વયે લગ્ન કરી તેમની બાલ્યાવસ્થા સાથે જીવન ઉપર તરવારની ધાર જેવી ઘસીને છીણી મૂકી દેછે, એ વાત રજુ કરવાની વિસરશો મા.

હાથે કરી નિમિત્ત વ્હોરી લઈ સંતાનને બાલ વૈધવ્ય દઈ, તેમનાં છાનાં છીનાળવાં, પોતાનાં પાપી નેત્રોએ પાલકો જોયાં કરે છે, છતાં તેવાં વૈધવ્ય વેઠતાં બાલ સંતાનો કે જે ‘ લગ્ન ’ નો અર્થ સમજવાને પાકટજ જે કાળે થતાં હોય, તે **યોગ્ય અને અધિકાર**–યુક્ત કાળે તેમને માટે લગ્નની રામવેદી માંડવા સારૂ માબાપો સાફ મના કરી સંતોનોની કકળતી આંતરડીનો નિસાસો લે છે, ઈશ્વરના ગુન્હેગાર પણ થાય છે, છતાં જે કરવાયોગ્ય છે તે કરતા નથી, એ વાત, ભાઇ ! રજુ કરવાની વિસારશો મા.

‘ સાપ ગયા ને લીસોટા રહ્યા ’ જેવાં કહેવાતાં કુળને અંગે ભોળાં અને રાંક હૃદયનાં માનવી પાસેથી મ્હોં માગી પહેરામણીઓ લેતાં જે ડરતા નથી, અજુકતાં દાપાં, પલ્લાં, જાનખર્ચ, ચાંલ્લા, માંડવાખર્ચ અને બાપનાબાપની વખતથી ચાલતા આવેલા

રીતરીવાજનેજ વગર જાણ્યે અને વગર પ્રયોજને, વગર હુકકે અને વગર સ્થિતિયે વળગી રહી જેઓ કનડયા કરે છે, તેમની વાત રજુ કરવાની વિસરશો મા.

'વિવાહ પહેલી વરસી' પેઠે પ્રસૂતિકાળ પહેલાં જીવના જોખમનો ભય દાખવતો શીમંતનો પ્રસંગ અગાઉથી શા માટે ઉજવાય છે ? ભરબજાર વચ્ચે ખુલ્લી છાતીયે નિર્લજપણે રોવા કુટવાનું શા માટે કાયમ રખાયું છે, જુવાન-જમ જેવો છોકરો મરી જાય, ને કોઇનો નિર્વંશ જાય, તેનૂં કાયટું થાય, ને 'ઓઈયાં' કરતી નાત ખાસ્સી રીતે જમી આવે: આ બધું કયા શાસ્ત્રમાં લખ્યું છે ? ભાઇ ! આ વાત કરવી વિસરશો મા.

'બળિયાના બે ભાગ; રૂપિયા વાળો લાંચથી જીતે, અમારોજ કુકો ખરો: જે એકડામાં, જે તડમાં કે જ્ઞાતિના જે ભાગમાં આવી ભાવના ભરેલી છે, તે જ્ઞાતિના તેવા ભાગવાળાએ તડ કે એકડાનો પ્રતિબંધ રાખવો વાજબી નથી, એ પ્રકારનાં બંધારણ એ જ્ઞાતિબંધારણજ નથી, એવાં બંધારણથી જ્ઞાતિનો શળો વધ્યાં જાય છે, એ વાત ઠસાવવાની વિસરશો મા.

કુવામાંના દેડકાને દુનિયાંનું ભાન નથી, જાળ તોડી કરોળિયો બહાર નીકળે છે ત્યારેજ તે સૃષ્ટિના જ્ઞાનને પામે છે પ્રભાત થાય છે કે પશુ પંખી પણ જંગલ ભણી જાય છે તો ચરવાનું તે પામે છે, રત્નાકરનાં રત્નો રત્નાકરમાંજ રહ્યાં હત, તો તેને કોઇ ઓળખતે ય નહિ ને તે મૂલ્યવાન તરીકે અંકિત પણ ન થાત. પરદેશગમનની વાત આ'વી છે તે, તથા સ્વધર્મને સાચવી દેશાટન કરનારને આપણાં પવિત્ર શાસ્ત્રો છુટ આપી રહ્યાં છે તે વાત ઠસાવવાની વિસરશો મા.

ચારિત્રમય વિદ્વાન વ્યક્તિયો, પરદેશગમનના પ્રતિબંધથી બ્હી જઇને પોતાનાજ દેશમાં રહેલ હત, તો ભારતવર્ષ અત્યારે છે તે સ્થિતિ પણ ભાગ્યેજ ભોગવતો હત; બેકદર આર્યોએ આર્યત્વના સાચા હીરાની યોગ્ય કદર ન આંકી, તે વિદેશ ખાતે અંકાઈ છે. (ઘણાં નામથી તું જાણીતો છે.)* તે વાત કરવી વિસારશો મા.

જ્ઞાતિની દૃષ્ટિ વિસ્તૃત બનાવજે, જ્ઞાતિને હજુ પૂરૂં દેશનુંય ભાન નથી, તે ભાન કરાવજે, પછી કહે જે કે મોટી પરીક્ષાઓ પરદેશમાં થાય છે, તે પરીક્ષાઓ પાસ કરવાની જેને હિમ્મત હોય, તે પરદેશ જઇ, પાસ થઇ, અહીં મોટે હોદ્દે પહોંચી, મોટો પગાર મેળવશે, તે પગાર દેશમાંજ રહેશે: મોટા હોદ્દાવાળો દેશી કોઇ વાર કામનો છે. અરે ભણેલો અને સરકારે 'પાસ' કરેલો કામનો છે એમ જાણી એકલા પોતાના નહિ, તો દેશના હિતને ખાતર, તાઢ તાપ ને ઉજાગરા વેઠી, રૂધિરનું પાણી બનાવી, આયુષ્યને ક્ષીણ કરી, પરદેશગમન કરી આવનાર, વેપારીને કે વિદ્વાનને કનડવામાં હજારો પ્રાણીનું ખૂન કરવા જેવું પાતક લાગે છે તે વાત ઠસાવવાની વિસરશોમા.

આટલી બધી ખરી બાબતોથી પણ તેમનાં કઠોર કાળજાં ના પીગળે, તો તેમના કાન ફાટી જાય, તેમનાં હૃદય ભેદાઇ જાય, તેમના આત્માને ટકોર લાગે તેવો ભીષણનાદ તેમને સંભળાવજો કે, તમારી હૃદયની જડતા, તમારા અન્યાયો, તમારી મંદબુદ્ધિ, તમારાં અધમાચરણ, હવે પછીની તમારી પ્રજા (એટલે આપણેજ) સ્વીકારશું નહિ, તમારા તરફથી અમારે આવાં વર્તન નથી

* તાજું દૃષ્ટાંત ટાગોરનું લ્યો. કે. હ. શેઠ.

જોઇતાં: અમે જ્ઞાતિની સેવા કરવા તૈયાર છીએ, અમે જ્ઞાતિનો ન્યાય ઝીલવા હૃદયનો ખોળો પહોળો કર્યો છે, અમે સેવાને સ્થાને કાદવ ચુંથવાના નથી, ન્યાયને સ્થાને અન્યાય લેવાના નથી, ખુબ ધ્યાનમાં રાખજો કે એ નિષ્ઠુર હૃદયો! બુઠ્ઠી બુદ્ધિનાં પૂતળાંઓ! તમારી પાછળ તમારી પ્રજા તમને યોગ્ય ન્યાય આપવા તૈયાર થાય છે. તમારાં અધમાચરણની શિક્ષા, ઇશ્વર તમારીજ વિભૂતિ દ્વારા કરાવવા તમારી પ્રજાને ઉછેરે છે. માટે ઝાઝી તુમાખી રાખશોમા. તે સમય દૂર નથી, આઘેથી અજવાળાનો આભાસ જણાય છેજ. જીવતા હો તો ભવિષ્યવાણી અનુભવજો. ભાઇ! આટલાં આન્તરબાષ્પ નિતારવાનાં વિસરશો મા.

મને પણ વિસરશોમા—એમ ઇચ્છતો,

પ્રવાસી.

* * * નગર.
* * પોળ:
શરદ્‌પૂર્ણિમા.

સમ્બોધનની શી જરૂર ?

આર્યાવર્તને અવલોકન દૃષ્ટિમાં ઉતાર, એ દેશ સ્‍હામું જો, દેશના આર્યો સામું જો, આર્યોનો ભૂતકાળ જો, વર્તમાન તો ત્‍હારી આગળ મોજૂદ છે. વર્તમાનને અવલમ્બી, ભાવિને અંકિત કર, અને પછી જો કે તું કોણ છે ? પવિત્ર–આર્ય મહિલા !

ગૌરવથી કહેવા દ્યો કે તમ સૌ પૂજ્ય છો સબલ છો, હિતચિન્તક છો. સ્નેહનાં સરિત છો, અમીનો આગાર છો, હૃદય ત્‍હમારૂં રસાળ છે, વાણીમાં માધુર્ય છે, વર્તનમાં વિમલતા છે, ભાવોમાં આકર્ષણ છેઃ કહેશો–છે ?

પિતાને ત્યાં પુત્રી સ્વરૂપે, સ્વામીને ત્યાં પત્ની સ્વરૂપે, પુત્ર સહે જનની સ્વરૂપે સૌના જીવનનું તત્વ છો, જીવનનો આનન્દ છો, દુઃખ વખતનો દિલાસો છો, વ્યાકુળતા વખતની શાન્તિ છો, શુષ્ક હૈડાંનું નવચેતન છો, સંસારનું નવનિત છો– નરાતાર સ્વર્ગ છો: કહેશો–છો ?

ત્‍હમારા વડે આર્યો ઉજળા છે, ત્‍હમારા વડે આર્યો ગૌરવ-વન્તા છે, ત્‍હમારાં તેજે આર્યાવર્ત દેદિપ્યમાન છે, સૌન્દર્ય વડે

ત્હમે સમસ્ત વિશ્વને ઝાંખું પાડયું છે, સૌનાં જીવનની પ્રેરક વસ્તુ તમે છો, તમે પોષક છો, ઉદ્ધારક છો: કહેશો—છો ?

નવનીતમાંથી તવાઇ, ગળાયલું ઘી તે તમે છો; અમ અજ્ઞાત વર્ગ બેતમાથી તમારો દુરૂપયોગ કરીએ ને તેથી ત્હમે ગ્રથ છતાં વિષની ગરજ સારો તેમાં તમારો શો દોષ! દોષ અમારો, અમારા પ્રારબ્ધનો નહિ પણ અમારા કર્મનો—પ્રમાદનો, પુરૂષાર્થ-હિન શક્તિયોનો....ખરૂં છે ?

ખરૂં છે, કહ્યું તેમ ત્હમારામાં અપ્રતિમ શક્તિયો છે, સ્નેહ છે, રસ છે, લાગણી છે, ભાવો છે: અમે આ સૌના વિકાસ વાસ્તે કમર કસી નથી, પાંખ વિકાસી સ્વચ્છન્દે ઉડવા સારૂ પંખીને ઘટતી અનુકૂળતા અને છુટ દીધી નથી, ત્હમારા માટેની ઉચ્ચ ભાવના અને મત અમે પુસ્તકોનાં પાનાંમાં પરોવી રાખેલ છે, વાણીમાં કદિ કદિ વહેવરાવીએ છિયે, પણ ભલા! વર્તનમાં શુન્ય છે.

સૌ સમઝે છે, અનુભવે છે, ને કૂહે છે કે ભારતની ભાવિ પણ ભલી આશા, માતાઓ! ત્હમારા ધાવણમાં છે; પણ આ સારગ્રાહીની સંખ્યા નહિ કૂહેવામાંજ મઝા છે! શિવ! શિવ! સાધન શાં આપ્યાં છે, તૈયાર કેટલાંક કર્યાં છે કે માતાઓ સન્તાનોને પોષે, પાલે અને તે ભારતના કુલદિપક તરીકે તૈયાર થાય! હૃદયની કેળવણી, આત્મશિક્ષણ, અર્થશાસ્ત્ર, ગૃહજીવ-નની ગોઠવણીવાળી કલાઓ, સંસાર નિભાવનું શાસ્ત્ર, ગૃહ અને કુટુમ્બ પ્રત્યેની રહેણી કરણી, અવકાશના વખત કને સખ્ત કામ લેવા પુરતો તેનો સદુપયોગ આ બધા પાઠો 'જીવન એ શી વસ્તુ છે?' એના ઓળખાણ સાથે ક્યાં અપાતા હશે? ભારત-વર્ષમાં? નહિ, ભ્રમ છે.

પત્નીઓને ઉચ્ચતમ વિશેષણોથી વિભૂષિત કરનારા પતિયો! જીવનસખીને પૂછો કે પાડોશી કને બનાવ છે? જ્ઞાતિમંડળ ગમે છે? ગામની વસ્તી સાથે ગોઠે છે? આટલુંજઃ કેમકે, (અફ્સોસ) દેશને તો વિરલજ ઓળખે છે, ઓળખે છે તે પશ્ચિમના પવનમાં તણાયલાં છે, નહિ હોય તો વિદ્યાના નૂરમાં અન્યને આંજવા ફરનારાં છે—છે થોડાં સાધુહૃદય આદર્શ.

આટલી બધી ઉણપ શા સારૂ? પોષાકમાં, ઘરેણાંમાં શિરના સેંથામાં અને કંઠના સુરમાંજ સૌ શિક્ષણનો સમાવેશ થાય છે? "**यत्र नार्यस्तु पूज्यन्ते**" અને "**करणेषुदासी**" જેવાં સૂત્રોનો, લ્હાવ પતિયો! આટલા અને આ કોટિના શિક્ષણે ત્હમે ત્હમારી પત્નીઓ દ્વારા લઈ શકો છો? કહો કે નિરાશજ થાવ છો. આમજ "**पतिर्हि देवो नारीणां**" નું સ્મરણ પત્નીયોમાં છે? ન હોય તેમાં ખામી કોની છે? ખીલતી શક્તિયોને વિકાસ–ક્રમમાં નહિ આણવા દેતાં ત્હેને નિસ્પૃહાથી ઉલટે માર્ગે વાળનારની–એટલે પતિયોની–નહિ કે પત્નીઓની–અથવા પત્નીયોનાં માતાપિતાની–નહિ કે પતિના પ્રારબ્ધની.

પ્રાજ્ઞો પૂછે છે કે 'સીતા–રામ' અને 'રાધા–કૃષ્ણ' જેવાં યુગલ છે? અરે એકલા નામનુંજ અનુકરણ કરનારાં છે? નાઃ 'મીસીસ' શબ્દ અચ્છો છે! અનુકરણ આટલું છેજ કે પહેલું માન 'દેવી' ને દેવું–પણ એ 'દેવી' છે? માન દેનારા દેવો છે? કહેશો–છે?

પતિયો! જડ રૂઢિ હોય તેની જડ ઉખેડી દો, કઢંગી લજ્જાનો પડદો ખસેડી દો, પત્ની પ્રત્યેની ઉતરતી પંક્તિની

ધારણા હોય તો તેને તોડી નાખો. અને ત્હમારા ગૃહસંસારને આંગણે રામનાં વ્રતના સાથિયા પૂરો, તે કાળની યજ્ઞ વેદી આદરો, તેની ધુણિ ફેલાય તેટલે આઘે અને ઉંચે ફેલાવા દો: કેમકે કદાચ જગત્ ત્હમારૂં નહિ હોય, પણ પત્ની ત્હમારી છે, ત્હમે ત્હેના છો: ત્હમારે જગત્‌ને પણ પોતાનું કરવા સારૂ જગતના ખોટા અપવાદને પેલી યજ્ઞવેદીમાં હોમી દો અને વેદીમાં ભણુવાના મંત્રો આરમ્ભો-મંત્રો નવા નથી, જૂના છે, છાના નથી જાણીતા છે ને તે એજ કે:-પત્નીની લાગણીઓ દ્વારા રસલ્હાવ લેતા હો, તો તેની સાથે ત્હમે ત્હમારા પુરૂષાર્થના ભાવ એમને અક્ષતા જાવ, પત્નીનું હૃદય પામતા હો, તો ત્હમારી બુદ્ધિને તેમનામાં પ્રેરો, પત્નીના સ્નેહનું પાન કરીનેજ સંતુષ્ટ થનારા સ્વાર્થી છે! સ્હામું જ્ઞાન ન આપી કેવળ સ્નેહ પામનારા પતિયો, સ્નેહના ઘુંટડા ક્યાં સુધી ગળવાના હતા? એક બીજાની હુંફ સિવાય કોનું જીવન રસિક અને ઉન્નત થયું છે? ફિલ્સુફોની વાતને હમણાં ભૂલી જાવ, એમની સૃષ્ટિ તે ગૃહસ્થની સૃષ્ટિ નથી; ગૃહસ્થને ફિલ્સુફોના એટલાજ વિચારો લેવા ઘટે છે કે જેટલા એની ગૃહસ્થાઇને શોભાસ્પદ હોય, એના સંસારને અનુકૂળ હોય, પ્રભુના નિયમો અને પ્રભુનાં સત્યોની સીમામાં રહેનારા એને-પોતાના વાસ્તે-લાગતા હોય.

અનુભવીઓ શું કહે છે? કહે છે કે જગત્‌ની સીમા ગૃહ- અરે એમ નહિ, જગત્ ફરીને થાકેલાં, તપેલાંનો વિસામો સ્વગૃહ! અને ગૃહનો વિસામો ગૃહિણી છે, પણ તે ત્યારેજ કે જ્યારે ગૃહિણીમાં તેપણું હોય: ભલેને ગમે તેટલી ગ્લાની પામ્યા હો, છો ને ગમગિન હો, અરે સઘળી દિશાઓમાં ઘોર અન્ધારૂં

ક્યાં નથી પથરાયલું-પણ પત્નીનો પગરવ, તેના હૃદયઝરામાંથી ઝરવાના માર્ગરૂપ સ્મિત કરતા મુખના થોડાક શબ્દો અને નયનનું મૈત્રિક કોણ કહેશે કે નવું બળ નથી દેતું ? પણ આ સૌ જાદુઇ અસરોનું પરિણામ ગૃહિણી કે માતા છે, નામની પત્ની નથી. બેકન કહે છે એ સાચું છે કે " ગૃહિણી-કે માતા શબ્દોમાંજ ચમત્કૃતિ છે, એમાંજ ઉન્નતિ છે. " પણ અર્થનો અનર્થ ન થાય, અને તેનું રહસ્ય યથાર્થ કળી શકાય તોજ.

સુન્દરીને સુશીલ બનાવાય, પછી તેના અનુભવમાં અવાય, તો પ્રખ્યાત જેરેમી ટેલરના કહેવા પ્રમાણે પ્રતીતિ થાય કે પત્ની, એ પ્રભુ તરફથી છેલ્લી અને સર્વોત્કૃષ્ટ બક્ષીસ મળેલી છે.

કબુલો, કે પતિયો ! ત્હમે ધનુષ્ય છો, ને તીર ત્હમારી પત્ની છે: બેશક; ધનુષ્યને તીર નમાવશે, તો પણ તેની સેવા સટેજ, તેને ખેંચશે, તો પણ તેને અધિન રહીને, ધનુષ્ય અને તીર અભિન્ન છે; એક લેખકે પવિત્ર પાત્રના મુખે પતિ પ્રત્યે પત્નીને એવા શબ્દ ઉચરાવ્યા છે કે-" વ્હાલા ! અમે તો તમને બોલ બોલમાં જીતી લઈએ છીયે. " ભાવાર્થનો અનર્થ ન થાય, તો ધનુષ્ય અને તીરની ઉપમાનો માયનો અસ્થાને નથી. બોલ બોલમાં જીતનાર પત્ની પણ પતિની સ્નેહરાજ્ઞી છે, ને સ્નેહમાંજ જીતે છે-બીજા શામાં સંભવે ? ખોટો ખ્યાલ સરખો શા સારૂ થાય ?

પત્નીઓને કોરાણે કરી, કેવળ પતિયો પ્રત્યે આટલું શાનું કહેવાનું કે પત્નીમાં ઢંકાયલી ઇશ્વરદત્ત શક્તિયોરૂપ બીજને અનુકૂળ પોષણે વિકસિત કરવાનું પતિયોએ પોતાના ભાગની વ્હેં-

ચણીમાં સ્વીકાર્યું છે: અને જો માગણી પ્રમાણે વિકાસ થાય-સો શિક્ષકની ગરજ સારે તે પ્રકારની, માબાપો પોતાની પુત્રીને કે પતિ, પત્નીને તૈયાર કરે, તો પત્નીના ભાગમાં વ્હેંચાયલો અંશ જે-વિકસિત શક્તિયોનો સદુપયોગ અને ભોગ પતિ-પુત્રાદિને દેવાનો-છે તે વગર માગણીયે અર્પ્યાં જાય એ સ્વાભાવિક છે. કેમકે ચારિત્રમય પતિ જેમ પત્ની પ્રત્યે લેખારમ્ભની ભાવના ભણે છે, તેમ કેળવાયલાં હૃદયની પત્નીયો પણ પતિ પ્રત્યે એવીજ ભાવના ધરાવે છે કે પતિ અમારૂં પુણ્ય છે, છત્ર છે-અને ટુંકામાં કહીએ તો પ્રભુ છે: અને કહેશો ? આ ઉપમામાં શી વસ્તુનો સમાવેશ નથી થતો ?

ત્યારે વાચનાર ! આવો, આપણે ભાવનામાં ઉડી, પ્રભુની સાનિધ્ય પ્રાર્થીએ કે-ભારતવર્ષમાં લેખકોએ પુસ્તકોનાં પાનામાં ઉતારેલાં સરસ્વતીચન્દ્ર અને કુમુદ કે જયા અને જયન્ત જેવાં જોડકાં અમને ઝાંખી કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

હું છું
પ્રવાસી.

× × × નગર;
* * * મન્દિર.
વિયોગની રાત્રિ.

વ્હાલા હૃદય !

૧.

" સુનો સ્નેહી વિના "
લખી ત્હેં આ બીના:
અહો પ્રીતિભીના સુહૃદ મમ ! ઘેલાં નવ ઘટે;
સુના એ હૈડાની તુજ કલમથી પ્રેમ ટપકે !
તદપિ પ્રિય ! સુનો ક્યમ કથે ?
હૃદય નવ સુનાં ક્ષણ ટકે.

૨.

ચહે તું જેને, તે
નથી શું આ પત્રે ?
વળી ઉરે: નેત્રે: સ્મરણ પળ એકાદ ન મટે !
સટે પ્રીતિના જે અરપણ થયું તે ન પલટે:
તદપિ પ્રિય ! સુનો ક્યમ કથે ?
હૃદય ન શું ચાહી સહીં શકે ?

૩.

ભવે મીઠું લ્હાણું
" ચહી ને સ્હેવાનું; "
મઝાનું એ માણું, સુહૃદ ! તુજ વિયોગની સટે:
અને વિર્હાગ્નિમાં દહું કવચિત જે મોહ પ્રકટે:
અચુક તુજને એવુંજ ઘટે.
હૃદય બદલે કાં વપુ રટે ? !*—અહે પ્રાતિ.

---

* (નોટ નવીજ લખાય છે—ને તે વાચકની સરલતા સારૂ.) પ્રસ્તુત પત્રનો રાગ ખંડિત શિખરિણી છે. મળેલા સુહૃદના પત્રમાંથી આરમ્ભનું એક વાક્ય ઉપાડી, તેને વાળેલો જવાબ એજ આ પત્રની વસ્તુ.

(ચરણ ચોથું) અર્થાત્ ત્હારા શબ્દોમાં કહું તો ત્હારા સુના હૃદયથીજ લખાયલા પત્રમાં હું પ્રેમ નિતરતો નિહાળું છું. તો " પ્રીતિભીનો " એવો તું સુનો શાનો ? સિદ્ધાન્ત છે કે સાચું સુનું હૃદય ટકીજ ન શકે (જો તે હૃદયજ હોય તો.)

(કડી બીજી.) તાત્પર્ય કે તું મારો વિયોગ ગણે છે, પણ હું તારા હૃદયમાં, નયનમાં અને આ પત્રમાં તેમજ સર્વાંગે ચાલતા મ્હારા સતત્ સ્મરણે આત્મામાં મને તું નિહાળે છે (શ્રદ્ધા અને તન્મયતા) તારા પ્રેમના બદલામાં હું તને અર્પણ થયલો છું તે હવે મિથ્યા થનાર નથી તો વલોપાત શાને ?—વગેરે.

(કડી ત્રીજીના ચોથા ચરણથી) મતલબ કે વિયોગના વિરહનો તને જેમ આવો આજ મોહ થયો, તેવો કદાચ મને થાય છે, ત્યારે તે વિરહનાજ અગ્નિમાં વિયોગની વ્યાકુળતાના મોહની આહૂતિ આપું છું (હૃદય-લાગણીની નાહ) અને તને પણ આમજ કરવું છાજતું છે. ઈ.

કે. હ.

+ + + નગર.
બેસતું વર્ષ.
પ્રભાત.

મ્હારા વ્હાલા મિત્રો !

સૌનો એક–સામટો પણ અદ્વૈત, અક્ષયપાત્ર શો તમારો સ્નેહપત્ર મને મળ્યાની આ પહોંચ છે: એ પત્ર સ્નેહથી છલ્લોછલ ભરેલો છે, રસ–ઐક્યથી છલકાતો છે, તેના શબ્દે શબ્દે સૌન્દર્ય છે, વાક્યે વાક્યે નવીનતા છે, મીઠાશ છે, આનન્દ છે, દૈવનો ધ્વનિ છે, પ્રભુનાં દર્શન છે. એ તે પત્ર કે કાંઈ સાક્ષાત બુદ્ધપ્રેમનો અવતાર ! અહા !

વ્હાલાં ! લોક ભાખે છે કે હ્રદય મૂગું છે; પણ એવું ભાખનાર ભૂલે છે; પ્રતિનિધિરૂપ આ સ્નેહપત્રમાં તમ સૌનાં હ્રદય મને દિવ્ય સ્વરૂપે દર્શ દે છે, હું ચાહું છું તે, તે બક્ષે છે, બોલે છે, વાતો કરે છે, મને હસાવે છે, બોલાવે છે, પારાવાર પ્રમોદ નિધિમાં ડોલાવે છે, તન્મય બનાવે છે: મ્હારા આત્માની પાંખ જગાડી તે સ્વર્ગમાં વિહરાવે છે; એ તે પત્ર કે બ્રહ્માન્ડનો સાર ! અહા !

વ્હાલાં ! કહું ? પત્રનાં દર્શ થતાં તમે સૌ મ્હારાં લોચનમાં વસ્યા, પરબિડિયામાંથી તેને બહાર કહાડતાં તમે સૌ લોચન-

માંથી તે પત્રમાં મૂર્તિમંત થયા, પત્રને વાચતાં મ્હારા હૃદય મંદિરમાં ઉતર્યા–પત્રવાચનને અનુભવતાં તમે મ્હારામાં એક થયા, સૂક્ષ્મતત્વે તો જાણે એક છોજ પણ સ્થૂળ દૃષ્ટિયે ય એક થયા! પત્રને નીરખી રહેલાં મ્હારાં નયન, પત્રને વાચી રહેલુ મ્હારૂં વદન, પત્રને અનુભવી રહેલું મ્હારૂં હૃદય, અનુપમ પત્રને ઉપમા આપવાને, અમોલા પત્રનું મૂલ આંકવા મથી રહેલી મ્હારી બુદ્ધિ અને આ સૌ સ્નેહલીલા ટગર ટગર નિહાળી રહેલો મારો આત્મા–બધું સ્થિર થઈ ગયું, અવાક્ બની રહ્યું, તેમય બની ગયું–ખરેજ, એ જડ ગણાતા એક કાગળના ટુકડે તમારા આ ચેતનમિત્રને જડ બનાવી દીધો! જડમાં તમે ચેતન સિંચ્યું, તે ચેતન એવું જબરૂં કે હું હાર્યો ને તે જીત્યો! એ તે પત્ર કે જીવનનો જાદુ! અહો!

પત્ર! મ્હારા સ્નેહીઓના પત્ર! હૃદય નમન નમે છે ત્હને. અચૂક, તું જીવનનું માધુર્ય છે, પ્રાણનો પ્રકાશ છે, સ્વર્ગની સીમા છે, દર્દની દવા છે, એકલવાયાની ઓથ છે, દુઃખ વખતનો દિલાસો છે, વિયોગ વખતની શાન્તિ છે, પત્ર, ત્હારી બલિહારી ઑર છે, ખરેજ તું તે તુંજ!

ત્હને અનન્ત વન્દને વન્દતો.

પ્રવાસી.

× × × નગર.

* * * જયંતિ.

મંગલ.

બન્ધુગણ !

પ્રોત્સાહક પત્ર મળ્યું. આનન્દ થયો: લખતાં તમને જેટલો થયો હશે એથી વિશેષ મને થયો. મિત્રો ! પામો છો તેમ પ્રેરક તત્વો પામ્યાં જાવ: ભારતના ભાવિ જીવનની તમે ઉજળી આશા છો; તમને-એટલેજ તમારાં સદાચરણને-તમારા આરંભાયલા ઉત્સાહપૂર્ણ પ્રયત્નોને જોઈ હું મહા રળિયાત થાઉં છું. પ્રભુ તમારામાં અધિક નૂર ભરો. અને તમે સૌ કલ્યાણક બનો.

બીજું શું લખીશ ? આગ્રહ મારાથી છાનો નથી, પણ મિત્રો ! લખવાનું કંઈજ જડતું નથી, તમને મારે શું લખવાનું હોય ? જે છે તે તમે જાણો છો; અને એટલુંજ અત્યારે ઓછું નથી (જો થાય તો.)

મિત્રો ! અત્યારે તો સો વાતની આ એક વાત-આટલીજ કે, પ્રલોભનોથી લલચાશોના, મોહકતત્વોથી મ્હોશોમાં; મુશીબતોથી ડરશોના. આપણે આપણુંજ સંભાળવાનું છે, આપણામાં સૌ સમાશે. આપણા આત્મા સામું જુવો, એને આપણો આદર્શ બનાવો, ! એ આત્માથીજ ડરીને પગલાં ભરો, એ કહે તેમજ કરો.

મિત્રો ! એ શું કહે છે ? કહે છે કે અવકાશના વખતે બીઝીકને ચુંથશો મા. દેશ ડુબે છે, તે વખતે દેશના વર્તમાન સમાચાર વાચવાના વિસરી ઠેઠ અમેરિકાના એકાદ ખુણાની ખબર, પગ ઉપર પગ ચડાવી કરશોના. તેમાં તમારૂં કશુંજ સાર્થક નથી ! (આ વાક્યો તમારામાંથી જેને લાગુ પડે તે ઉપાડી લેશોઃ કેમકે કોઈને સમ્બોધીને નથી લખેલ.)

અને તમે તો મિત્રો ! કામ આરંભોઃ અને જીવન સહેતુક અર્થાત્ સાર્થક બનાવો. કેમકે તમારામાંથી કોઈકિનામાં મહર્ષિના ગુણ છે, કોઇ રાજર્ષિ છે, કોઇ મહાત્મા છે, કોઈ કર્મવીર છે, કોઇ નિષ્કામકર્મયોગી છે, કોઇ સાધુજન છે. શક્તિયોને વિકાસ ક્રમમાં મૂકો એટલીજ વાર, મૂકો અને યોગ્યતામાં પાસ થશો– મને ખાત્રી છે.

મિત્રો ! ભાવના અને શ્રદ્ધાનું સામ્ય, સાથે, સન્માર્ગે શક્તિયોના વિકાસના પ્રયત્ન કોને ધાર્યું પરિણામ નથી બક્ષતા ? કહેશો ? ગાર્ફિલ્ડ કોણ હતો ? લિંકનને પણ સાથે લ્યો, નેપોલિયનને આપબળે ધરણીને ધ્રૂજાવી હતી, અમેરિકાને કોલમ્બસે શ્રદ્ધા, ભાવના અને તેની સાથે અસ્ખલિત પ્રયત્ન વડેજ શોધી કહાડયો હતો. આપણે અહીંના પ્રલ્હાદની સત્ય તન્મયતા જુવો, ધ્રુવ બાળકનું ઓઠું પકડો. વિશ્વામિત્ર અને વાલ્મિકના ઇતિહાસ વાચો; તાજાં દૃષ્ટાન્ત પૈકી હરિશ્ચંદ્ર શા સત્યાગ્રહથી જાણીતા આપણા ગાંધી તમારાથી અજાણ્યા નથી. આત્મશ્રદ્ધાથી, શ્રદ્ધામય પવિત્ર ભાવનાથી અને તેને અંગે કર્તવ્ય પ્રત્યેની તત્પરાયણતાથી આપણે અંકિત લક્ષ્યે અડી શકીશું, મનુષ્યને અસાધ્ય કશુંજ નથી.

વિ. પૂછાવેલાં પુસ્તકોની યાદિ નીચે પ્રમાણે મોકલું છું કદાચ તે પૂર્ણ નહિ હોય: કેમકે યાદિ ઉપરથી સારો સંતોષ મને થયો નથી, વાસ્તે એના ઉપર બધોજ આધાર નહિ રાખશો. ટુંકામાં વસ્તુ સંગીન છે, પણ અવ્યવસ્થિત છે, વ્યવસ્થિત તમે કરશો: તેને મઠારી, ઓપાવી, શોભાવજો તમે.

—ભારતવર્ષને લગતો જેટલો જુનામાં જુનો ઇતિહાસ મળી શકે તે તમામ. કેમકે નવી રચનામાં જુનાની ગંધેય નથી; અને આપણે જે પામવું છે તે જુનામાં છે.

—એ જુના ઇતિહાસો ઉપરથી ઉપસ્થિત થયેલી ચર્ચાવાળાં તમામ ઇતિહાસની દૃષ્ટિથી લખાયલાં પુસ્તકો; કેમકો ભવિષ્યનો રસ્તો મોકળો કરવા વાસ્તે તે બહુ ઉપયોગી નહિ તો આધારભુત છે.

—ત્યાર પછી દિનચર્યા વાસ્તે, સર્વમાન્ય-સામાન્ય ધર્મ અને નીતિના પ્રસંગોથી ભરેલાં પુસ્તકો, જીવનવ્રત, ચારિત્ર અને 'જીવનના આદર્શ'ના યોગ્ય ટાયટલવાળાં પુસ્તકો: કેમકે વિકાસક્રમ માટે તેની ઓથ આવશ્યક છે.

—ચોથા વર્ગમાં જીવનના હેતુને લગતાં, કેન્દ્રસ્થાન અંકિત કરવાને લગતાં, જન્મ, જીવન અને મરણની સાચી માહિતી આપતાં પુસ્તકો: કેમકે શંકાઓથી હૈડાને હળવું કરવા માટે એ કામનાં છે.

—અનુભવજન્ય ઐતિહાસીક દૃષ્ટિએ મળતી આવતી વાતો, એ વાતોને વાસ્તવિક સ્વરૂપ આપવાયોગ્ય પુસ્તકો, કેમકે ઉપરના ધોરણને એ સ્હાયક છે.

—છઠ્ઠા વર્ગમાં, આધુનિક પદાર્થ વિજ્ઞાન તેમજ તર્કશાસ્ત્ર સંબંધી જે જ્ઞાન ટપકે છે, તે જ્ઞાન આપણે વ્યવહારમાં મૂકી, નિત્યના નિર્વાહરૂપ કરી શકીએ એવાં પુસ્તકો: કારણ સ્પષ્ટ છે.

—સાતમા વર્ગમાં સારાં, સાચાં અને સ્હાયક નાટય પુસ્તકો, તેવાંજ નવલ, સંવાદ, ને કાવ્યનાં: કેમકે અઘરા વાચનથી શ્રમિત થતાં બોધક વિસામો આમાં છે.

મિત્રો ! પુસ્તકોની યાદિ સાથે યાદિ આપનારનો ધર્મ છે કે સાથે સાથે અન્ય યાદિ પણ આપવી:—પુસ્તક ગમે એટલું દળદાર હોય, તેના પૂઠા પર સોનેરી શબ્દો હોય, પુસ્તકનો વિષય ગમે એટલો ઉત્તમ હોય, પણ તમે તમારી યોગ્યતા પ્રમાણે પસંદગી કરશો તો પુસ્તકનું મહત્વ અને તેની ગહનતા હજમ થશે, નહિ તો તે જીરવી શકાશે નહિ અને ઉલટું 'આગળ ધપીને પાછળ પડવા' જેવું બનશે.

આપણને યોગ્ય ગ્રંથ પસંદ કર્યા પછી તેને કેમ વાચવો એ પણ નજીવો પ્રશ્ન નથી. લખનાર લેખકનો ખરો હેતુ માર્યો ન જાય, અને બાબત બરાબર સમઝાય, એટલા સારૂ લેખની ભાષા, રચના, શબ્દપ્રયોગ અને બીજી બહારની ખુબીનો પડદો વિંધી તેની અંતરનો આત્મા ઓળખવા માટે, 'વસ્તુ'ની અંદર રહેલો ધ્વનિ, અધ્યાહાર, અન્યાર્થસૂચક ગભિર ભાવાર્થ, વાચકને વિચારવા વાસ્તે રહેવા દીધેલા અમુકાંશ, પ્રયોજન, પદ્ધતિ અને વસ્તુની આગળ પાછળનો સંબંધ તથા સંજોગ સૌ નીરિક્ષણશકિતથી જોવાનું છે—અને આ તો તમે જાણતા હશોજ.

બ્હેતર છે બહુ ગ્રંથો વાંચ્યા ન કહેવાય તો: બ્હેતર છે

મ્હોળી લાયબ્રેરીથી મકાન ન ખીલે તો. પણ જે વાચો, તે વાચો જ નહિ, પણ તે વસ્તુ તમારી કરો. મિત્રો! અભ્યાસ, મનન અને નિદિધ્યાસન પાછળ ઓછો કાળ નહિ જાય. અને કાળના મોટા ભોગે પણ તમે થોડાજ વિષય તમારા કરી શકશો. પણ માનશો કે જે વિષય તમારા થયા તે હમેશને માટે જ તમારા છે. તેટલા થોડા વડે પણ તમે ઘણાને તારશો, વાસ્તેજ ઘણાં તત્વોને તમારાં કરો. તેમ કરવા તમે તેમય બનો.

+ + + + આજ માસ્તર સાહેબનો પત્ર છે, તે હવે મને ત્યાં તેડે છે. દિવસ નક્કી કર્યે તમને પણ અગાઉથી જણાવીશ. હું ધારૂં છું કે અવધ આઘી નથી.

વિશેષ શું? ગ્રહણ ગયું છે, વાદળાં વિખરાવા લાગ્યાં છે; ઉજાસ ઉઘડે છે, ઉંડાણમાંથી, ઉંચેથી અને આઘેથી મંગલાનાદનાં વાદ્ય આત્માને પોષે છે. પ્રોત્સાહ દે છે અને પઢવે છે, કે જયી આપણે હતા, અને છીએ, તે સૌ જોશે.

એવું ભવિષ્ય જોવાને જીજ્ઞાસુ
પ્રવાસી.

" If we are to be indignant with Roman rule we ought to be still more indignant with our own rule in India. Political freedom and self—government are no more possessed by the Hindus than it was by the Provincials, and the Hindus are worse off in that there is no prospect open to them of rising to the high office or to viceroyalty: while the corresponding prospect is were open to the subjects of Rome. (Provincial system of Roman Administration.)"

W. T. ARNOLD.

"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी."

રા. કેશવલાલનાં છપાયલાં પુસ્તકો.

ચક્રવર્તી અશોકઃ—[છપાય છે.] અમદાવાદ જીવનલાલ અમરશી મહેતાને ત્યાંથી મળશે.

સા. શ્રી ગણપતરામ અનુપરામ ત્રવાડી, એમના જીવનની રૂપરેખાઃ—કર્તા કનેથી મળશે.

રત્નકણિકાઃ—[આદર્શભૂત નીતિનાં સિદ્ધાન્તોથી અલંકૃત, સંસ્કૃત, હિન્દી, બંગાળી તથા મરાઠી ભાષામાંથી એકત્ર કરેલાં નીતિનાં સૂત્રો.] અમદાવાદ જીવનલાલ અમરશી મહેતાને ત્યાંથી મળશે.

ભાનુકુમારઃ—[બુધિચાતુર્ય અને કલાનિપૂણભાવ પ્રદર્શિત કથા.] મુંબઇઃ એમ. એમ. ની કંપની તરફથી મળશે.

સરયૂઃ—[ભૂમિ પ્રત્યેનું ગૌરવ અને દેશાભિમાનનો સાચો પાઠ શીખવનાર, વીરરસ પ્રાધાન્ય-બંગાળી ભાષાદ્વારા અનુવાદિત ઉપન્યાસ.] (નથી.)

યુગલઃ—[એક સાંસારિક ચિત્ર.] (નથી.)

ગો૦ દેવકીનંદનનું જીવનસ્વરૂપઃ—[પુષ્ટિસમ્પ્રદાયના નેતા છતાં સર્વ પ્રિય મહાત્માના જીવનની ઝાંખી.] (નથી.)

પ્રવાસીના પત્રોઃ—[સામાજીક સેવા, સમાજ સુધારણા અને રાજકીય પ્રશ્નોને લગતા વિષયો ચર્ચાયલા છે.]